# પરબનાં પાણી

## (પ્રેરક પ્રસંગચિત્રો)




## - યોગેશ્વર

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

*

e-book

| | |
|---|---|
| Title | : Parab Na Pani |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 172 |
| Created | : May 1st, 2013. |

*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

## પ્રસ્તાવના

આ પુસ્તકમાં ભાગવત, રામાયણ જેવા ધર્મગ્રંથો તથા પ્રાતઃસ્મરણીય સંતો અથવા મહાપુરૂષોના જીવનમાંથી તૈયાર કરેલા કેટલાક પ્રેરણાત્મક પ્રસંગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રસંગોને બનતી રસમય અને સરળ રીતે રજૂ કરવાનો ખાસ ખ્યાલ રાખ્યો છે જેથી તેમને સહેલાઈથી સમજી શકાય તેમજ જીવનોપયોગી કશુંક ગ્રહણ પણ કરી શકાય. ચારિત્ર્ય ઘડતરમાં એવા પ્રસંગો બહુ મહત્વનો ભાગ ભજવતા હોય છે.

આ પુસ્તકમાં છપાયલા બધા જ પ્રસંગો રાજકોટના 'ફૂલછાબ' દૈનિકમાં ઈ.સ. ૧૯૬૨ થી માંડીને ક્રમે ક્રમે પ્રકટ થયેલા. વાચકોમાં તે સારો આદર પણ પામેલા. કેટલાક પ્રસંગો 'જન્મભૂમિ પ્રવાસી'માં પણ ઈ.સ.૧૯૬૩માં છપાયેલા.

**- યોગેશ્વર** (૧લી જૂન, ૧૯૬૬) મુંબઈ

જીવન એક ફૂલ.
એને સૌરભવંત કરીએ. બીજાને સૌરભ ધરીએ.
જીવન એક સરિતા.
એને સલિલવંત કરીએ બીજાને સલિલ ધરીએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીને બીજાને જ્યોતિ ધરીએ.
જીવન એક યાત્રા, વિચાર યાત્રા,
એવા યાત્રી બનીને બીજાને યાત્રા કરાવીએ

યોગેશ્વરના આશિષ

## અનુક્રમણિકા


૧. માનવીની અસીમ શક્તિ
૨. બ્રહ્મમયી દૃષ્ટિવાળા મહાપુરૂષ
૩. ઘી ગંગામાં વહાવી દઈએ છીએ
૪. રમણ મહર્ષિની શરીરત્યાગની સૂચન
૫. રમણાશ્રયની ગાય
૬. જલારામનો સમર્પણભાવ
૭. આનું નામ કેળવણી
૮. શ્રીધરસ્વામીની જીવનક્રાંતિ
૯. કર્તવ્યનો ત્યાગ બિનજરૂરી છે
૧૦. વાતોનું વેદાંત શા કામનું
૧૧. દધીચિનો ત્યાગ
૧૨. સાચું શ્રાદ્ધ
૧૩. ગાંધીજીનો સંદેશ
૧૪. મંત્રની કિંમત
૧૫. યોગની સાધનામાં હતાશ અભિનેત્રી
૧૬. દેવેન્દ્રનાથ સત્યાર્થીની નિરભિમાનીતા
૧૭. દુઃખનું મૂળ
૧૮. સળગતાં લાકડાંએ ઉપદેશ આપ્યો
૧૯. વિષપાન કરનાર શંકર
૨૦. મેં તો વિશ્વને પહેર્યું છે
૨૧. સેવાથી નહિ પરંતુ આસક્તિથી દુર્ગતિ
૨૨. જ્ઞાનીની શાંતિ
૨૩. બુરાઈનો બદલો
૨૪. વિવેકાનંદની શંકાસમાધાન કરવાની પદ્ધતિ
૨૫. જનાર્દનસ્વામીનો અનુગ્રહ
૨૬. માતાપિતાની સેવા વિના બધું વ્યર્થ છે.
૨૭. દેશને સેવાવીરોની જરૂર છે.
૨૮. આત્માનું અન્વેષણ.
૨૯. હું તમારી સેવામાં રહેવા માંગુ છું.
૩૦. મને પણ મારા ભગવાનનો ભય છે
૩૧. પરધનને મારી બરાબર માનીએ તો ?
૩૨. ઈશ્વરની સૂચના સફળ બની રહી
૩૩. સંસ્કારના દીવડા ઠરી ગયા નથી.
૩૪. સૌ કોઈ આવી દૃષ્ટિ કેળવે તો ?
૩૫. રામ રાખે તેને કોણ મારે ?
૩૬. મહર્ષિ દયાનંદની આંખમાં
૩૭. તેજસ્વી વિદુષી ભારતી
૩૮. ગાયત્રીએ એમની શંકા દૂર કરી
૩૯. તુકારામનો વૈરાગ્ય
૪૦. વિવેકભ્રષ્ટ માનવી
૪૧. ગાફેલ રહેવું ના પાલવે
૪૨. અધિકારનો જ આદર
૪૩. જ્ઞાની શુકદેવ
૪૪. ભાગવતની શક્તિ
૪૫. ભગવાનની કૃપાની ઘટના
૪૬. ગુરૂમાં અખૂટ પ્રેમ ને વિશ્વાસ
૪૭. એકાગ્રતાનો ઉપદેશ
૪૮. ઈશુની ઉદારતા
૪૯. આતંકકારીનો સામનો કરનારી સ્ત્રીશક્તિ
૫૦. કાલિકાદેવીની કથા
૫૧. કયામતને દિવસે કાંકરા પાછા આપજો.
૫૨. રત્નાકરમાંથી વાલ્મિકી
૫૩. બેનોએ પોતાની રક્ષા પોતે કરવાની છે.
૫૪. ગાંધીજીની અખૂટ આત્મશ્રદ્ધા
૫૫. નારદજીના પૂર્વજન્મની કથા
૫૬. જન્મમરણની ભૂલ
૫૭. શંકરાચાર્ય પર વ્યાસનો અનુગ્રહ
૫૮. વાલ્મિકીનો સંસ્કારવારસો

૫૯. યશોધરાની મહાનતા
૬૦. તુલસીદાસની પ્રેરક રત્નાવલી
૬૧. સિદ્ધબાબા સુંદરનાથજી
૬૨. રાજ્યલક્ષ્મી પર પ્રજાનો અધિકાર
૬૩. વિવેકાનંદની વીરતા
૬૪. સમર્થ યોગી હરીદાસજી
૬૫. પ્રેમ અને કર્તવ્ય સાથે રહેવાં જોઈએ
૬૬. રામચંદ્રજી ભગવાન શા માટે ?
૬૭. શઠ બળની જ ભાષા સમજે છે
૬૮. યોગી રામૈયાની મહાનતા
૬૯. વાસનાની તૃપ્તિ શક્ય નથી
૭૦. ખંડિત મૂર્તિ પૂજી શકાય ?
૭૧. પ્રલોભનનો પ્રસંગ
૭૨. સત્સંગનો પ્રભાવ
૭૩. ગણપતિએ પૂરી કરેલી પૃથ્વીની પ્રદક્ષિણા
૭૪. રામ હોય છે ત્યાં કામ નથી રહી શકતો
૭૫. બળની મૂર્તિ મહર્ષિ દયાનંદ
૭૬. હું તો ઊભેલો જ છું !
૭૭. કામ અને ક્રોધ પર શાસન
૭૮. જીવ ખોડરહિત ક્યારે બની શકે
૭૯. ઉત્તરાધિકારીની નિયુક્તિ
૮૦. સમર્થ સંતપુરૂષ અને સિકંદર
૮૧. પ્રહ્લાદના હૃદયની વિશાળતા અને પવિત્રતા
૮૨. મૃત્યુએ માર્ગ કાઢ્યો

* * * * *

# [૧] માનવની અસીમ શક્તિ

ભગવાન શ્રી રમણ મહર્ષિ એમના નામ અને કામને કોણ નથી જાણતું ?

ભારતમાં જ નહિ પણ ભારતની બહાર પણ એ મહાપુરૂષનો પ્રકાશ પથરાયેલો છે. દક્ષિણ ભારતના એક ખૂણામાં આવેલા તિરૂવણ્ણામલૈ ગામના નાનકડા આશ્રમમાં બેસીને એમણે કેટલાય આધ્યાત્મિક જિજ્ઞાસુઓને પ્રેરણા પૂરી પાડી ને કેટલાયને શાંતિ આપી. ભારતમાં છેલ્લાં દોઢસો વરસોમાં જે પરમ પ્રતાપી, અસાધારણ સામર્થ્યશાળી મહાપુરૂષોનો આવિર્ભાવ થયો, તેમણે ભારતીય સાધનાને, સંસ્કૃતિને એક પ્રકારનો અભિનવ પ્રકાશ પૂરો પાડ્યો. ભારતીય સાધના કે સંસ્કૃતિ એમને લીધે અનુપ્રાણિત કે નવપલ્લવિત થઈ એમ કહીએ તો ચાલે. ભગવાન શ્રી રમણ મહર્ષિ એમનામાંના એક અદ્‌ભૂત શક્તિસંપન્ન મહાપુરૂષ હતા. એમના પ્રત્યેના પરમાદરથી પ્રેરાઈને જ ભક્તો તેમને ભગવાન રમણ મહર્ષિ કહેતા.

ઈ.સ. ૧૯૪૪માં સૌથી પ્રથમ મેં એમના આશ્રમમાં પ્રવેશ કર્યો ત્યારે, ત્યાંના શાંત વાતાવરણની અસર મારા પર સ્વાભાવિક રીતે જ ઘણી સારી થઈ. આશ્રમ અતિશય નાનો હોવા છતાં સુંદર હતો. અરૂણાચલ પર્વતની ગોદમાં વસેલો હોવાથી, એ વધારે નયનમનોહર લાગતો હતો. સ્વચ્છતા તથા સાદાઈના પ્રતીકરૂપ આશ્રમને જોઈને મારું હૈયું હરખાઈ રહ્યું.

**દર્શનની અભિલાષા**

ઊંડા આત્મસંતોષ સાથે મેં આશ્રમના અધિષ્ઠાતા દેવતા ભગવાન શ્રી રમણ મહર્ષિના દર્શનની અભિલાષાથી હોલમાં પ્રવેશ કર્યો.

હોલમાં મહર્ષિ એક કોચ પર બેઠા હતા. એમની આગળ અગરબત્તી સળગતી હતી. મહર્ષિ કશુંક વાંચતા હતા. એમણે કેવળ લંગોટી પહેરી હતી. વૃદ્ધાવસ્થાની અસર એમના ચહેરા પરથી દેખાઈ આવતી હતી. કોઈ પણ પ્રકારનો દંભ નહિ, ઘમંડ નહિ, અહંભાવ નહિ, શિશુસહજ સરળતા, શુચિતા ને નમ્રતા. સામે જમીન પર દર્શનાર્થી સ્ત્રીપુરૂષો શાંતિપૂર્વક બેઠેલાં. કોઈ મહર્ષિ તરફ જોતાં'તાં તો કોઈ ધ્યાન કે પ્રાર્થનામગ્ન બનેલાં. થોડાંક વિદેશી ભાઈ-બહેનો પણ હતાં. બધાનું લક્ષ મહર્ષિ પર કેન્દ્રિત થયેલું.

મેં પણ મારી બેઠક લીધી.

કેવા છે આ મહાપુરૂષ ? એમનામાં કોઈ અસાધારણતા છે એવું કોઈ પ્રથમ નજરે તો કહી જ ન શકે. કોઈ અદ્‌ભૂત આકર્ષણયુક્ત મુખાકૃતિ, અદૃષ્ટપૂર્વ વ્યક્તિત્વ કે દિલ ને દિમાગને આંજી નાખતા દમામથી એ સંપન્ન નથી. કોઈ વિશેષ પ્રતિભા પણ એમનામાં નથી દેખાતી. રસ્તે મળ્યા હોય, અને કોઈ આપણને કહે કે આ રમણ મહર્ષિ, તો મન માને નહિ, ને સામે પૂછે કે આવા મહર્ષિ ? તમે ભૂલતા તો નથી ને ? આ તો કોઈક બીજા માણસ લાગે છે ! એવા અત્યંત સીધાસાદા, કોઈ આશ્રમવાસી સાધારણ સાધુ જેવા દેખાય છે. એ પોતાની તરફ કોઈ જુએ છે, પોતાને નમે છે કે પુષ્પો ચઢાવે છે અથવા તો પોતાની કોઈ પ્રશસ્તિ કરે છે કે નિંદા, એની પણ એમને નથી પડી. અરે, એ તરફ એમનું ધ્યાન જ નથી ને ! એવા છે એ જીવનમુક્ત, આત્મદર્શી મહાપુરૂષ. પ્રથમ દૃષ્ટિએ એમનું મૂલ્યાંકન કરવામાં ભૂલથાપ ખાઈ જવાનો પૂરતો સંભવ છે. હા, જો માણસ સપાટીને જ અને એ પણ ઉપર ઉપરથી જોતો હોય, અને ઊંડાણને ન ઓળખી શકતો હોય તો.

એમને પ્રકાશમાં લાવનાર પરદેશી યાત્રી પોલ બ્રન્ટનનું પણ એવું જ થયેલું ને ? પહેલી મુલાકાતના પરિણામરૂપે એને નિરાશા જ મળેલી. બીજી વારની મુલાકાત પછીના આશ્રમના લાંબા વસવાટ દરમિયાન જ એ એમનો શિષ્ય થયેલો. બહારના દેખાવ પરથી કોઈને માટે મહાનતાના માર્કસ થોડા જ મૂકી શકાય છે ? મહાપુરૂષને માટે તો નહિ જ.

**જિજ્ઞાસા**

પરંતુ.....મહર્ષિ હવે વાંચવાનું પૂરું ક્યારે કરશે ? જિજ્ઞાસુઓને એમની સાથે પ્રશ્નોત્તરી કરવી હોય તો પણ કેવી રીતે કરી શકે ? એ સામે જુએ ત્યારે ને ? આ તે વળી કેવા મહાત્મા છે ? મારે પણ એમની સાથે વાર્તાલાપ કરવો છે. મારી ઈચ્છા જો મહર્ષિ પોતે અનુજ્ઞા આપે તો બે ત્રણ વરસ અહીં રહીને જ સાધના કરવાની છે. હિમાલયના પ્રદેશમાં લાંબા વખત લગી વાસ કર્યા પછી હવે એમ થાય છે કે અહીં મહર્ષિના સાનિધ્યમાં રહીને વિકાસ કરું. પરંતુ મહર્ષિ સામું જુએ તો જ એમની સાથે વાત પણ કરી શકું ને ? એ તો વાંચવામાં જ મશગૂલ છે !

ત્યાં જ મહર્ષિએ છાપું મૂકી દીધું.

મારા વિચારો એમને પહોંચી ચૂક્યા કે શું ? શક્ય છે કે પહોંચ્યા હોય.

એમણે હોલમાં બધે દૃષ્ટિ ફેરવવા માંડી.

જેટલા દર્શનાર્થી બેઠા હતા તે સૌના પર ક્રમે ક્રમે એમની દૃષ્ટિ ફરી અને છેવટે મારા પર આવીને સ્થિર થઈ. મહર્ષિ આટલું બધું ભાગ્યે જ કોઈના સામું જોતા હતા. મારી તરફ એ ટકટકી લગાવીને જોઈ રહ્યા. એ જોવાનું કોઈ સામાન્ય જોવાનું થોડું જ હતું ? મહર્ષિ એ દ્વારા મારા મનને જાણી લઈને મારામાં વિચાર સંક્રમણ કરી રહ્યા હતા એ એમની લાક્ષણિકતા હતી. સમાધિ પરના સંપૂર્ણ કાબૂ દ્વારા એમણે એ શક્તિ હાંસલ કરી હતી. એ મને કહી રહ્યા, 'તમારે અહીં રહીને શું કરવું છે ? તમારે માટે હિમાલયનો પ્રદેશ જ બરાબર છે. તમે ત્યાં જ રહો ને સાધના કરો. તમને શાંતિ, સિદ્ધિ કે સર્વોત્તમ દશાની પ્રાપ્તિ થશે. '

ઉપરાઉપરી આ સંદેશ આપ્યા પછી એમણે જાણે કે મને પૂછ્યું કે સમજાયું ?

મેં કહ્યું કે હા.

એટલે એમણે દૃષ્ટિ ફેરવી લીધી. કોચ પર આડા પડીને એ પત્રોના જવાબ માટે જરૂરી સૂચનાઓ આપવા લાગ્યા. મારા મનનું એ મૂક વાર્તાલાપથી સંપૂર્ણ સમાધાન થયું.

**અલૌકિક શક્તિ**

પરંતુ આટલા અવિસ્મરણીય પ્રસંગ પછી મહર્ષિ કેટલા અસાધારણ છે. અને કેટલી બધી અલૌકિક શક્તિથી સંપન્ન છે તેની પ્રતીતિ મને થઈ ચૂકી. આત્મદર્શી પુરૂષની દૈવી દૃષ્ટિ ઉપદેશો કે પ્રવચનો કરતા પણ વધારે ક્રાંતિકારી હોય છે તેની મને ખાતરી થઈ. ગુરૂ મૌનરૂપી વ્યાખ્યા કરે છે, ને શિષ્યોના સંશય છેદાઈ જાય છે. गुरोस्तु मौन व्याख्या, शिष्यास्तु छिन्न संशया । એ અનુભવવચન મને યાદ આવ્યું અને મસ્તક નહિ પરંતુ મન એમના ચરણમાં નમી પડ્યું.

રમણાશ્રમનો મારો ફેરો સફળ થયો. યૌગિક વિકાસથી માનવીની શક્તિ કેટલી બધી અસીમ બની શકે છે એની અપરોક્ષાનુભૂતિ મહર્ષિના સંસર્ગમાં આવેલા અનેકને થઈ હશે. આ તો એનો આભાસ માત્ર છે. આછોપાતળો આભાસ.

* * * * *

# [૨] બ્રહ્મમયી દૃષ્ટિવાળા મહાપુરૂષ

ઈષ્ટદેવતા અને ઉપાસકની વચ્ચેનો સંબંધ કેવો હોય છે ?

ઉપાસક જ્યારે પોતાના ઈષ્ટદેવતાની ઉપાસનામાં ડૂબી જાય છે અથવા તો પોતાના પ્રેમાસ્પદના પ્રેમરંગથી સંપૂર્ણપણે રંગાઈ જાય છે ત્યારે ભક્તિમાર્ગમાં આચાર્યોના કહેવા પ્રમાણે એની દશા અનેરી થઈ જાય છે. એનું આંતરિક સ્વરૂપ તો બદલાઈ જાય છે જ, પરંતુ એના બાહ્ય રૂપરંગમાં પણ ફેરફાર થાય છે. એના તન, મન અને અંતર તથા એની દૃષ્ટિ, વાણી અને એના વ્યવહારમાં એક પ્રકારનું અસાધારણ પરિવર્તન જોઈ શકાય છે. પોતાના આરાધ્યદેવની સાથે એ જ્ઞાત અથવા તો અજ્ઞાત અવસ્થામાં એકરૂપતા અનુભવે છે. પોતાના આરાધ્યદેવની એ એક નાની સરખી, સુધારાવધારા સાથેની આવૃત્તિ બની જાય છે એમ કહીએ તો ચાલે. બદરીનાથના પુણ્યધામમાં એ સંતપુરૂષના દર્શનનો લાભ મળવાથી મને એ વાતની પ્રતીતિ થઈ. એ વાતની પ્રતીતિ માટે જ એ સંતપુરૂષ જાણે કે મળી ગયા.

એ સંતપુરૂષ હનુમાનજીના ઉપાસક હતા કે સાક્ષાત હનુમાનજી હતા તે આજે પણ હું નક્કી નથી કરી શક્યો. બદરીનાથની પુણ્યભૂમિમાં અનેક પ્રકારના તપસ્વી યોગી, સંત, ને સિદ્ધ પુરૂષો આવતા હોય છે. એવી રીતે દેવતાઓ પણ આવતા હોય તો નવાઈ નહિ. એ અદ્‌ભૂત સંતપુરૂષને જોઈને એમ જ લાગ્યું કે સાક્ષાત હનુમાનજી જ આ પૃથ્વી પટ પર પ્રકટ થયા છે. હનુમાનજીના જેવી જ એમની ચાલ હતી. એમના જેવી જ મુખાકૃતિ. એવા જ રૂપરંગ અને એવું જ એમનું ગૌરવ હતું. કોઈ એમને જોઈને હનુમાનજી માનીને જ વંદન કરે, પૂજે, અને હનુમાન ચાલીસા જેવા સ્તોત્રો બોલીને એમની સ્તુતિ કરવા માંડે એવું એમનું સ્વરૂપ હતું. એમનું આખુંયે શરીર કેશરી રંગવાળુ હતું. તેમનાં વસ્ત્રો પણ લાલ હતા. કમરમાંથી સહેજ વાંકા વળેલા એ સંતપુરૂષ ધીમી ગતિએ ડોલતા હોય એવી રીતે આવતા, ત્યારે અંતર એમના માટેના આદરભાવથી ઉભરાઈ જતું અને એમના શ્રીચરણમાં નમી પડતું. હનુમાનજીના દર્શન કરવાથી જેટલો આનંદ થાય તેટલો જ આનંદ અને સંતોષ એમને જોવાથી થઈ રહેતો.

સૌથી પહેલાં મને એમના દર્શનનો લાભ મળ્યો ત્યારે બદરીનાથના મંદિરની બાજુના મકાનમાં હું પ્રસિદ્ધ સંત શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીની પાસે બેઠો હતો. એ સંતપુરૂષે અમારા ખંડમાં એકાએક પ્રવેશ કર્યો ત્યારે પ્રભુદત્તજી એમને જોઈને બે હાથ જોડીને નમસ્કાર કર્યા વિના રહી શક્યા નહિ. ઉત્તરમાં એ સંતપુરૂષે હઠયોગમાં વર્ણવેલાં વિવિધ આસનો કરતાં હોય તેમ વિવિધ રીતે અભિનય કરીને પ્રણામ કર્યાં, ત્યારે પ્રભુદત્તજી હનુમાન સ્તુતિનો પેલો પ્રસિદ્ધ શ્લોક બોલવાં માંડ્યાં.

मनोजवं मारूत तुल्यवेगं । जीतेन्द्रियं बुद्धिमतां वरिष्ठम् ॥
वातात्मजं वानरयुथ मुख्यं । श्रीरामदूतं शरणं प्रपद्ये ॥

એ શ્લોક સાંભળીને પ્રસન્ન થતા હોય તેમ એ સંતપુરૂષ વધારે ને વધારે ડોલવા લાગ્યા. વજ્રાસનમાં નીચે બેસીને એમણે પ્રભુદત્તને આશીર્વાદ આપ્યો, અને પછી એમની તરફ મીઠી નજરે જોવા લાગ્યાં. લાંબા

વખત લગી એવી રીતે બેસીને જ્યારે એ વિદાય થયા ત્યારે પણ પ્રભુદત્તજીએ એ જ શ્લોક બોલીને એમને વિદાય આપી.

બદરીનાથમાં એ મહાપુરૂષના દર્શનનો લાભ એવી રીતે મને અવારનવર મળતો રહ્યો. પરંતુ એમની સાથે કોઈ પ્રકારનો વાર્તાલાપ ના થઈ શક્યો કારણ કે તે મૌનવ્રત રાખતા હતા. છતાં પણ એમની મધુમયી મંગલ મૂર્તિ મારા મનમાં કોરાઈ તો રહી જ. મને થયું કે તેઓ કોઈ અસાધારણ ભૂમિકાની પ્રાપ્તિ કરી ચૂકેલા મહાત્મા પુરૂષ છે.

એ વાતને બે વરસ વહી ગયા ત્યારે એક દિવસ બપોરે હું દેવપ્રયાગના મારા આશ્રમ તરફ આવી રહ્યો હતો. રસ્તામાં મોટર સ્ટેન્ડ આવતું હતું. ત્યાં મારી દૃષ્ટિ પડી તો મને આનંદ અને આશ્ચર્ય બંને થયા. હનુમાનજી જેવા સ્વરૂપવાળા પેલા સંતપુરૂષ મોટરમાંથી ઊતરીને મારી તરફ આવી રહ્યા હતા ! મેં એમને જોઈને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા એટલે એમણે રસ્તાની વચ્ચે યોગનાં વિવિધ આસનો કરતા હોય તેવી રીતે મને પ્રણામ કરવા માંડ્યા. પછી મારો હાથ પકડીને મને એ મોટરમાં લઈ ગયા. અને મને પોતાની પાસે બેસાડ્યો. એ દિવસોમાં મારે પણ મૌન વ્રત હતું એટલે બોલવાની શક્યતા તો હતી નહિ. એ મહાપુરૂષે મારી દશાને સમજી લઈને સ્લેટ કાઢી. મેં એના પર લખ્યું, આપકે દર્શનસે મુઝે બડા હી આનંદ હુઆ.'

એમણે લખ્યું. 'મુઝે ભી અભૂતપૂર્વ આનંદ હુઆ'

'કહાં જાતે હૈં ?' મેં લખ્યું.

'બદરીનાથ.' એમણે ઉત્તર આપ્યો,

આપ તો સાક્ષાત હનુમાનજી હૈં.' મેં લખ્યું.

'આપ કોન હૈં, જાનતે હો ? સાક્ષાત રામચંદ્રજી. આપ મેરે રામચંદ્રજી હૈં, એમણે લખ્યું.

' મેં રામચંદ્રજી કૈસે હો સકતા હું ? મેં ફરી લખ્યું.

'અપનેકો છિપાઓ મત.' એમણે લખ્યું, આપ મેરે ઈષ્ટદેવ રામ હી હૈ,'

વધારે લખવાનું બંધ રાખીને હું એ મહાપુરૂષ તરફ ભાવપૂર્વક જોઈ રહ્યો બ્રહ્મમયી વૃત્તિ ને દૃષ્ટિ તે આ જ ને ? ભક્ત પોતાના ઈષ્ટદેવની સાથે એવો તો એકરૂપ થઈ જાય છે કે બધે એને જ જુએ છે. એના વિના કાંઈ જોતા જ નથી. એ મહાપુરૂષની અવસ્થા એવી ઊંચી હતી. મોટર ઉપડી ને એમણે મને નમસ્કાર કર્યા ત્યારે મારું હૃદય ગદ્‌ગદ્ બની ગયું. હું પણ એમને પ્રણામ કેમ ના કરું ? આજે પણ કરું છું.

* * * * *

# [3] ઘી ગંગામાં વહાવી દઈએ છીએ

હિમાલયમાં ઉત્તરાખંડના ચાર ધામ ગણાય છે. બદરીનાથ, કેદારનાથ, જમનોત્રી, ને ગંગોત્રી. ચારે ધામ સુંદર છે, આનંદદાયક છે અને પોતપોતાનું વિશેષ મહત્વ ધરાવે છે. કેટલાક યાત્રીઓ એ ચારે ધામની યાત્રા કરે છે. બદરીનાથમાં અલકનંદા નદી અને નરનારાયણનું મંદિર છે. કેદારનાથમાં મંદાકિની નદી તથા શંકર ભગવાનનું મંદિર છે તથા ભાગીરથી નદી છે અને જમનોત્રીમાં આપણી દૃષ્ટિ સામે જ બરફની ઉત્તુંગ પર્વતમાળામાંથી જમના નદીનો ઉદ્‌ગમ થાય છે. તેમ જ જમનાજીનું મંદિર છે. ચારે ધામ કુદરતી સૌંદર્યથી સંપન્ન છે. એમાં ગંગોત્રીનું પોતાનું આગવું સ્થાન છે. ચીડ, દેવદાર ને ચિનાર વૃક્ષોથી તથા તુષારાચ્છાદિત પર્વતમાળાઓથી વીંટળાએલું ગંગોત્રી જોતાંવેંત જ અંતરને આનંદ આપે છે.

એ સૌંદર્ય ભરપૂર તીર્થસ્થાનમાં પહોંચતા વેંત જ અમારું અંતર આનંદથી ઉભરાઈ રહ્યું.

પરંતુ તીર્થનો સાચો આનંદ ત્યાં વસનારા સજીવ દેવતા જેવા સંતપુરૂષોના દર્શન, સમાગમ કે સંગમાં રહેલો છે. અલબત્ત, જો એવા સંતપુરૂષો તીર્થમાં રહેતા હોય તો. તપાસ કરવાથી અમને માહિતી મળી કે ગંગોત્રીથી એકાદ માઈલ જેટલી દૂર, ભાગીરથી ગંગાના તટપ્રદેશ પરની એક પ્રાકૃતિક ગુફામાં, સો વરસ જેટલી ઉમ્મરના એક મહાન સંતપુરૂષ નિવાસ કરે છે. એ પુરૂષ દર્શનીય છે એમ લાગવાથી અમે એમનું દર્શન કરવા ગયા.

ગંગોત્રીથી ગોમુખ તરફનો માર્ગ વિકટ છે. વિકટ હોવા ઉપરાંત સાંકડો પણ છે. એક બાજુ ખીણમાં નદીનાં નિર્મળ નીર વહ્યે જાય છે, અને બીજી બાજુ આકાશને અડવાની હરીફાઈ કરતા પર્વતના પેટાળમાં કોરી કાઢેલી પગદંડી છે. એના પરથી પસાર થતા અમે પેલી પર્વતીય ગુફા પાસે આવી પહોંચ્યા. ગુફાનું સ્થાન પ્રમાણમાં વિશાળ અને એકદમ શાંત હતું. બહાર બેસવા માટે નાનો સરખો ચોક બનાવ્યો હતો. આજુબાજુ વિશાળકાય પર્વતો અને વચ્ચે ગુફા ! દૃશ્ય એટલું બધું હૃદયંગમ અને આનંદદાયક લાગતું હતું કે વાત નહિ.

એ આનંદમાં અભિવૃદ્ધિ, કરતા પેલા પ્રતાપી સંતપુરૂષ થોડીવારમાં જ બહાર આવ્યા. એમનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હતું. ઊંચું પડછંદ શરીર, સફેદ દાઢી, મૂછથી સુશોભિત શાંત મુખાકૃતિ, એવાં જ શાંતિમય તથા તેજસ્વી નેત્રો, કાષાય વસ્ત્રો, હાથમાં માળા અને મુખમાંથી નીકળતા 'જય જગદીશ, જય જગદીશ' ના મધુમય જપ શબ્દો. દર્શક જનો પર એ તરત જ પ્રભાવ પાડતું હતું. અમારું અંતર એ વયોવૃદ્ધ, સંતપુરૂષને માટેના આદરભાવથી ભરાઈ ગયું. અમે એમને પ્રણામ કર્યા. એ બહાર ચોકમાં અમારી સામે જ બેસી ગયા.

વાત કરવાને ખાતર અમે એમને પૂછ્યું. 'જીવન કે કલ્યાણકા ઔર પરમ શાંતિકો પાનેકા માર્ગ કયા ?'

એમણે સ્મિત સાથે ઉત્તર આપ્યોઃ 'ઈશ્વરકા નામસ્મરણ ઔર સબમેં ઈશ્વર કા દર્શન કરકે સબકી યથાશક્તિ સેવા. કલિયુગમેં યે દો સાધન હી મુખ્ય હૈ.'

આપકો ઈસ જંગલમેં ભય નહિ લગતા ?'

'ભય કિસ બાતકા ?' એમણે ફરી કહ્યું : 'ઈશ્વર સભી જગહ વ્યાપ્ત હૈ. ઉસકી વ્યાપકતાકા જો અનુભવ કરતે હૈં ઉનકો ભય કૈસા ? વહ તો સદાકે લીયે નિર્ભય હૈ.'

અત્યંત આગ્રહ કરીને એમણે અમારી અનિચ્છા છતાં અમને જમવા બેસાડ્યા. જે આવે તે સૌને જમાડવાનો કે પ્રસાદ આપવાનો એમનો નિયમ રહેતો. એ પોતે ફળાહારી હતા અને દિવસમાં એકવાર અંધારું થયા પછી કોઈ યાત્રીને આવવાની આશા ના રહેતાં જમતા. વરસોથી એમનો એવો નિયમ હતો. એમના ત્રણેક શિષ્યો રોજ સવારથી રસોઈ બનાવવાના અને મુલાકાતીઓને પીરસવાના કામમાં રહેતાં,

અમે એમને થોડી ઘણી ભેટ આપવાની ઈચ્છા વ્યક્ત કરી તો એમણે ના પાડીને કહ્યું : 'કાલી કમલીકી સંસ્થાવાલેકો જો દેના હો સો દે દેના. વહાંસે મેરી ઔર દૂસરે સાધુસંતોકી સેવા હોતી હૈ. મેં કુછ નહિ લેતા.

સંતપુરૂષનો ખર્ચ દેખીતી રીતે જ ઘણો ભારે હતો. ઘીનો વપરાશ પણ ઘણો હતો. અમે એ વિશે કુતૂહુલ વ્યક્ત કર્યું તો તેમણે સ્પષ્ટીકરણ કર્યું : जगदीश की कृपा से कोई तकलीफ नहीं पडती । काम उसीका है और वही सम्हालते है । जब कभी घी खतम होता है तो गंगाजी से टीनको भर लेते है । वह घी का काम करता है । फिर घी के टिन आ जाते है तो गंगाजी से लिया हुआ घी उसमें बहा देते है । एसा कई बार करना पडता है ।

(જગદીશકી કૃપાસે કોઈ તકલીફ નહિ પડતી. કામ ઉસીકા હૈ ઔર વહી સમ્હાલતે હૈ. જબ કભી ઘી ખતમ હોતા હૈ તો ગંગાજીસે ટીનકો ભર લેતે હૈં. વહ ઘીકા કામ કરતા હૈ. ફિર ઘી કે ટીન આ જાતે હૈ તો ગંગાજીસે લિયા હુઆ ઘી ઉસમે બહા દેતે હૈ.' ઐસા કંઈ બાર કરના પડતા હૈ.)

કેટલી બધી આશ્ચર્યજનક હકીકત ? છતાં પણ સંતપુરૂષ એને સહજ રીતે જ કહી રહ્યા હતા.

અંધારું થવા આવ્યું તે પહેલાં અમે એમની વિદાય લીધી. એમની મૂર્તિ અમારા અંતરમાં અંકિત થઈ ગઈ. આજે પણ એ એવી જ કાયમ છે.

એમનું દર્શન આજે શક્ય નથી કેમ કે થોડા વરસ પહેલાં એમણે શરીર છોડી દીધું છે. પરંતુ ઈશ્વર સ્મરણ ને સેવાનો એમનો સંદેશ એવો જ તાજો છે. એ સંદેશના સાકાર સ્વરૂપ હોવાને લીધે જ એ મહાન હતા, શાંતિદાયક થતા હતા અને એમાં જ એમનું મૂલ્ય સમાયેલું હતું. એ સંદેશને સૌ કોઈ આજે પણ ઝીલી શકે છે.

* * * * *

# [૪] રમણ મહર્ષિની શરીરત્યાગની સૂચના

મૃત્યુની માહિતી મનુષ્યને પહેલાંથી મળી શકે છે ખરી ? સાધારણ મનુષ્યને એવી માહિતી ભાગ્યે જ, કોઈક વિરલ સંજોગોમાં મળતી હોય છે. પરંતુ પોતાનો વ્યક્તિગત વિકાસ કરીને આત્મોન્નતિની ઉચ્ચોચ્ચ અવસ્થા પર પહોંચી ચૂકેલા મહામાનવોને એની પ્રતીતિ પહેલેથી જ થઈ રહે છે. ઉત્તમ કક્ષાના યોગીપુરૂષો પોતાની વિશેષ શક્તિ દ્વારા એ માહિતી પહેલેથી જ મેળવી લે છે. એ મૃત્યુંજય હોય છે એવું યોગગ્રંથોમાં કહેવામાં આવ્યું છે. એટલે એમની ઈચ્છા વિના મૃત્યુ એમના શરીરને સ્પર્શ નથી કરી શકતું.

એ વાત સાચી છે ? અવશ્ય સાચી છે.

ભારતમાં અતીતકાળમાં જ નહિ, પરંતુ તાજેતરના ભૂતકાળમાં જ એવા યોગીપુરૂષો થઈ ગયા છે. એમની અંદર અસાધારણ યોગશક્તિનો પ્રકાશ પથરાયેલો હતો. ફક્ત મોટા ભાગના માણસોને તેની ખબર નથી એટલું જ. એવા અસાધારણ શક્તિસંપન્ન મહામાનવોના સંપર્કમાં ઈશ્વરની કૃપાથી મારે અનેકવાર આવવાનું થયું છે. પોતાનો વિશેષ પ્રેમ પણ એમણે મારા પર વરસાવ્યો છે અને એથી મને મોટો લાભ થયો છે. ભારતીય સાધના અને એ સાધનાના પ્રતીક જેવા અનુભવી મહાપુરૂષોમાં મારી શ્રદ્ધા વધી અને મજબૂત બની છે.

એવા જ એક અસાધારણ મહાપુરૂષના અનુભવાત્મક પ્રસંગનો અહીં ઉલ્લેખ કરી રહ્યો છું. જે નથી જાણતા એ જાણે અને ભારતના યોગીપુરૂષો તથા તેમણે મેળવેલી યોગની વિરાટ શક્તિમાં પોતાની શ્રદ્ધાને દૃઢ કરી શકે એટલા માટે, એ જ હેતુથી પ્રેરાઈને.

ઈ.સ. ૧૯૪૯ માં હિમાલયના દેવપ્રયાગ ધામમાં મને ટાઈફોઈડ થયો ત્યારે મારી સ્થિતિ ઘણી નાજુક બની ગઈ હતી. લાગલગાટ એકવીસ દિવસ સુધી તાવ તેમ જ બીજી તકલીફ રહેવાથી મારી નબળાઈનો પાર નહોતો. દેવપ્રયાગના એક ભાઈ મને તે દિવસોમાં સારવાર માટે પોતાને ત્યાં લઈ ગયા હતા. મારાથી ઊઠી કે બેસી શકાતું નહિ, ને આખો વખત હું ખાટલા પર જ પડ્યો રહેતો. માતાજી તથા દેવપ્રયાગના થોડા ભાવિક ભાઈઓ મારી સુશ્રૂષા કર્યા કરતાં.

તે દિવસોમાં પણ મારું મન ઈશ્વરમાં જ લાગેલું રહેતું. ખાટલામાં સૂતાં સૂતાં હું ઈશ્વરસ્મરણ જ કર્યા કરતો. તેથી શારીરિક રીતે તકલીફ હોવા છતાં, મને માનસિક રીતે ખૂબ જ શાંતિ રહેતી. વખત વ્યથાનો હોવા છતાં, સારી પેઠે વીતી જતો.

એ બિમારીના દિવસોમાં ભાતભાતના આધ્યાત્મિક અનુભવો પણ થતા રહેતા. એક વાર મધ્યરાત્રી પછી હું પ્રાર્થના કરતો પડ્યો હતો. છેલ્લા કેટલાય દિવસથી દિવસે કે રાતે ઊંઘ નહોતી આવતી, એટલે ઊંઘ આવે તો સારું એવો વિચાર કરતો હતો ત્યાં તો ભગવાન શ્રી રમણ મહર્ષિ એકાએક મારી સામે પ્રકટ થયા ને મને કહેવા માંડ્યા, હવે હું શરીર છોડી દેવાનો છું. મારા શરીરત્યાગનો સમય આવી ગયો છે.

મેં પૂછ્યું, 'ક્યારે ?'

તેમણે ઉત્તર આપ્યો: 'બસ. હવે થોડો વખત જ બાકી છે. છ મહિના. આજથી બરાબર છ મહિને હું શરીર છોડી દઈશ, ને જ્યારે શરીર છોડીશ ત્યારે સાંજના છ વાગ્યા પછી જ છોડીશ.'

મહર્ષિના દર્શનાનુભવો મને આ પહેલાં અનેકવાર થયાં હતાં. દૂર તિરૂવણ્ણામલૈ ગામના પોતાના આશ્રમમાં રહીને, પોતાની અલૌકિક શક્તિથી એ હિમાલયમાં મારી સાથે કોણ જાણે કેમ પણ, સંબંધ રાખતા હતા. એટલે મારે માટે આ અનુભવ નવો ન હતો, છતાં પણ એની માહિતી નવી હતી.

મેં મહર્ષિને કહ્યું : 'તમારા જેવા મહાપુરૂષ હજી થોડો વધારે વખત રહે તો લોકોને લાભ થાય. કેટલાય લોકોને માર્ગદર્શન મળે.'

તે હસીને બોલ્યા: 'બરાબર છે. પરંતુ મારો શરીરત્યાગનો સમય આવી ગયો છે, ને હું તમને તે કહેવા જ આવ્યો છું.'

અને એ અદૃશ્ય થઈ ગયા.

સવારે એ આખો પ્રસંગ મેં માતાજીને કહી સંભળાવ્યો; અને દેવપ્રયાગના જ્યોતિષાચાર્ય શ્રી ચક્રધર જોશીને પણ બધી વાત કહી બતાવી. તે એમના આશ્રમમાં જઈ આવ્યા હતા.

પછી તો મારું સ્વાસ્થ્ય સુધરી ગયું ને મારે મુંબઈ આવવાનું થયું તે વખતે પણ મહર્ષિએ મને દર્શન આપીને મને કહ્યું કે હવે મારે શરીર છોડવાનો બરાબર એક મહિનો બાકી છે.

જેમને ત્યાં હું ઊતર્યો હતો તે ભાઈઓને તથા બીજા કેટલાક સત્સંગીઓને મેં એ વાત કહી બતાવી, ને મહર્ષિ જેવા વિરલ મહાપુરૂષનાં દર્શન માટે જવાનું સૂચવ્યું. પરંતુ કોઈને અવકાશ જ ક્યાં હતો ?

એ પછી બરાબર એક મહિને એટલે કે ચૌદમી એપ્રિલે મહર્ષિએ શરીર છોડી દીધું, અને તે પણ તેમના કહ્યા પ્રમાણે સાંજના છ વાગ્યા પછી, એટલે કે સાંજના આઠને ચાલીસ મિનિટે. એ સમાચાર અમે હરદ્વારમાં સાંભળ્યા.

કેટલી બધી અનંત શક્તિ ? આજે પણ એ પ્રસંગનું સ્મરણ કરીને મારું હૃદય ભાવવિભોર ને ગદ્‌ગદ્ બની જાય છે. રમણ મહર્ષિ એવી લોકોત્તર અસીમ શક્તિથી સંપન્ન હતા. સૂક્ષ્મ મન પર એમનો પૂર્ણ કાબૂ હોવાથી એ ગમે ત્યાં જઈ શકતા ને ગમે તેને દર્શન આપતા. મને થયેલા લોકોત્તર અનુભવોના આધાર પર જ હું એ વસ્તુ સમજી શક્યો છું.

* * * * *

# [૫] રમણાશ્રમની ગાય

આત્મદર્શી મહાપુરૂષો મનુષ્યો પર તો પ્રીતિ રાખે જ છે, પરંતુ મનુષ્યેતર પ્રાણીઓમાં પણ પરમાત્માનું દર્શન કરી, તેમના પ્રત્યે પ્રેમભાવનો પવિત્ર પ્રવાહ વહેતો કરે છે. એ વાતની પ્રતીતિ આપણને મહાપુરૂષોના જીવન પરથી સહેજે થઈ રહે છે.

શ્રી રમણ મહર્ષિ એવા જ એક આપ્તકામ, અસાધારણ પ્રેમભાવથી અલંકૃત, મહાપુરૂષ હતા. એમના જીવનથી જે સુપરિચિત છે તેમને તેની ખબર છે.

શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં લક્ષ્મી કરીને એક ગાય હતી. મહર્ષિ એ ગાયનું જ દૂધ પીતા. લક્ષ્મી, લક્ષ્મી, એવી બૂમ સાંભળતા એ ગાય, ગમે ત્યાંથી, મહર્ષિની પાસે આવી ને ઊભી રહેતી. મહર્ષિ એના પર વિશેષ પ્રેમ રાખતા. કોઈ એકનિષ્ઠ ભગવદ્‌પરાયણ ભક્તની જેમ, લક્ષ્મી રોજ નિયમિત રીતે આશ્રમના હોલના પ્રવેશદ્વાર આગળ આવીને ઊભી રહેતી અને જ્યાં સુધી મહર્ષિ એને શરીરે હાથ ના ફેરવતા ત્યાં સુધી હઠતી જ નહિ. ગમે તેટલો વખત થાય તો પણ તે પ્રવેશદ્વારની પાસે જ ઊભી રહેતી. મહર્ષિ ગમે તેવું કામ મૂકીને પણ હાથ ફેરવતા એટલે કૃતકૃત્ય બની હોય એવી રીતે, આભારસૂચક આંખે એ આગળ વધતી. આશ્રમમાં કોઈ એને બાંધતું નહિ. મહર્ષિ પોતાને હાથે તૈયાર કરેલાં ફળ તથા બીજી વસ્તુઓ એને ખવડાવતા. એટલે એને અપાર સંતોષ થતો.

ભક્તો અને આશ્રમવાસીઓ એ બધું જોઈને નવાઈ પામતા. લક્ષ્મીના ભાગ્યની પ્રશંસા કરતા.

એકવાર એક ભક્તે, મહર્ષિ લક્ષ્મી પર આટલો બધો ભાવ શા માટે રાખે છે એવો ખુલાસો માગ્યો. ત્યારે મહર્ષિએ કહ્યું : 'લક્ષ્મી કોઈ સાધારણ ગાય નથી. પૂર્વજન્મમાં એ મારી ભક્ત હતી. એનું નામ લક્ષ્મીબાઈ હતું. હું જ્યારે આશ્રમની સ્થાપના પહેલાં, અરૂણાચલ પર્વત પર આવેલી વિરૂપાક્ષી ગુફામાં તપશ્ચર્યા કરતો'તો ત્યારે એ મારે માટે અત્યંત પ્રેમપૂર્વક ભોજન લાવતી ને મને ખવડાવતી. એની સ્થિતિ સામાન્ય હોવા છતાં, એનો ભાવ અત્યંત અસાધારણ હતો. મૃત્યુ પછી તે ગાય બની છે. એ આશ્રમમાં આવી ત્યારથી જ મેં એને ઓળખી કાઢી છે. અને હું એને લક્ષ્મી કહીને બોલાવું છું.'

લક્ષ્મીનું સૌભાગ્ય ઘણું મોટું હતું. મહર્ષિએ એની સેવાને યાદ રાખીને તેને કૃતાર્થ કરી હતી.

એ વાર્તાલાપ પરથી મહર્ષિની દૈવી શક્તિ કે દૃષ્ટિનો સૌને પરિચય થયો.

પરંતુ...કાળ દરેકને માથે ભમે છે તેમ, એક દિવસ લક્ષ્મીનો કાળ પણ આવી પહોંચ્યો. લક્ષ્મીનું મૃત્યુ થયું.

મહર્ષિએ લક્ષ્મીના મૃત્યુને સામાન્ય મૃત્યુ ના માન્યું. બીજા આશ્રમવાસીઓની પેઠે, લક્ષ્મી પણ આશ્રમની સદસ્યા હતી. ઉપરાંત, મહર્ષિની વિશેષ કૃપાપાત્ર હતી. એટલે મહર્ષિની સૂચનાનુસાર, એની પાછળ વિધિપૂર્વક મરણોત્તર ક્રિયા કરવામાં આવી. બ્રહ્મભોજન વગેરે પણ કરાવવામાં આવ્યું.

મહર્ષિનો સામાન્ય જેવા દેખાતા જીવો માટેનો એવો અગાધ પ્રેમ જોઈને આશ્રમવાસીઓ અને દર્શનાર્થીઓ દિગ્મૂઢ બની ગયા.

કેટલો બધો પ્રેમભાવ ! સૌના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યા.

પછી તો લક્ષ્મીની સ્મૃતિમાં એક નાની સરખી છતાં સુંદર સમાધિ બનાવવામાં આવી. એ સમાધિમાં લક્ષ્મીના પ્રતીકરૂપે એક ગાયને ઘડીને બેસાડવામાં આવી. અને એના ઉપર તામિલમાં યથોચિત્ અંજલિના અક્ષરો લખવામાં આવ્યા. તારીખ ૧૮-૬-૧૯૪૮ને દિવસે લક્ષ્મીએ દેહત્યાગ કર્યો એ હકીકત પણ પથ્થર પર કોતરી લેવામાં આવી. હકીકતમાં ખાસ નોંધવામાં આવ્યું કે લક્ષ્મી નામની આ ગાય રમણ ભગવાનને ઘણી પ્રિય હતી.

અને લક્ષ્મીની સમાધિની રચના પણ ક્યાં કરવામાં આવી તે જાણો છો ? રમણ મહર્ષિ જે હોલ કે વિશાળખંડમાં રહેતા તે હોલની બરાબર પાછળના ભાગમાં, ભોજનશાળાની બહારના ભાગમાં. એક બાજુ અરૂણાચલ પહાડ, બીજી બાજુ રમણ મહર્ષિની બેઠક, ને વચ્ચે લક્ષ્મીની સમાધિ. મહર્ષિની નજર એ સમાધિ પર ઈચ્છાનુસાર પડી શકે એવી રીતે. જીવો પ્રત્યેના મહાપુરૂષોના પ્રેમ અને સદભાવનું મૂંગુ છતાં પણ કેટલું બધું સજીવ સ્મારક ?

આજે પણ એ સ્મારકનું દર્શન કરીને આપણને આનંદ થાય છે, અને આપણું હૃદય ભાવવિભોર ને ગદ્‌ગદ્ બની જાય છે. સ્મારક આપણને શીખવે છે, કે જેમને આપણે મૂંગા જીવો કહીએ છીએ તે પણ આપણા સ્નેહ, આપણી સહાનુભૂતિ, સુશ્રુષા, અને સહૃદયતાપૂર્વકનાં વ્યવહારનાં અધિકારી છે. એ જીવોનું બાહ્ય સ્વરૂપ ગમે તેવું દેખાતું હોય તો પણ આત્માનો પ્રકાશ તો એમની અંદર પણ પથરાયેલો છે. શરીરો બદલાય છે પરંતુ આત્મા નથી બદલાતો. સંસ્કારોના સમુચ્ચયને સાથે લઈને ભવાટવીમાં એ ભમ્યા જ કરે છે. એ આત્માના અસ્તિત્વનો અનુભવ કરીને, સૌની સાથે સમભાવથી વર્તવાનો આપણો સ્વભાવ થઈ જવો જોઈએ. કોણ જાણે કયો જીવ આપણી સાથે કેવી રીતે સંકળાયેલો હશે, અને કયા સંસ્કારથી આપણા સમાગમમાં આવતો હશે ! આપણને એની ખબર નથી. પરંતુ એની પ્રત્યે સ્નેહભાવ રાખીને, આપણે એની સેવા તો કરી શકીએ જ. કુસેવા તો ન જ કરીએ.

* * * * *

# [૬] જલારામનો સમર્પણભાવ

સમર્પણભાવનો મહિમા શાસ્ત્રોમાં ઠેરઠેર ગાવામાં આવ્યો છે. સંતોએ પણ એનાં ઓછાં વખાણ નથી કર્યાં. તન, મન, ધન, પ્રભુને સમર્પણ, એવું લોકોકિતમાં પણ કહેવામાં આવ્યું છે. કથાકારો એના રહસ્યને કહી બતાવે છે. પરંતુ કહી બતાવવું એ એક વાત છે અને કરી બતાવવું એ જૂદી જ. કોઈપણ શાસ્ત્રવિધાન, સંદેશ કે ઉપદેશના રહસ્યને જ્યારે જીવનમાં ચરિતાર્થ કરવાનો આવે છે, ત્યારે જ માણસની સાચી કિંમત સમજી શકાય છે, અને તે નિર્બળ છે કે સબળ અને વાકપટુ છે કે વ્યવહારપટુ, તે પણ ત્યારે જ જણાય છે. મહાપુરૂષોની મહાનતા એમાં રહેલી છે કે તેમની વાણી તથા તેમના વ્યવહારની વચ્ચે એક પ્રકારની અનેરી એકવાક્યતા હોય છે. જીવનમાં જે ચમક આવે છે, શાંતિ મળે છે કે સિદ્ધિ સાંપડે છે તેનું કારણ પણ એવી એકવાક્યતા જ હોય છે. સૌરાષ્ટ્રમાં એવા મહાપુરૂષો અનેક થયાં છે. ખરી રીતે જોતાં આ વીરો ને ભક્તોની ભૂમિ છે. એમની જીવનસુવાસ અહીં સારી રીતે ફેલાયેલી છે. એ સુવાસની થોડીક સામગ્રીનો સ્વાદ લેવા માટે, ઘડી બે ઘડીને માટે કલ્પનાની પાંખ પર ઊડીને, આપણે વીરપુરની વીર ભૂમિ પર પહોંચી જઈએ.

આજે તો વીરપુર વિખ્યાત બની ગયું છે, અને ત્યાંના જલા સો અલા' કહેવાતા સંતશિરોમણી જલારામના નામથી પણ બધા પરિચિત છે. પરંતુ જલારામની મહાનતાની મહેક જ્યારે આટલા બધા વિશાળ પ્રમાણમાં નહોતી ફેલાઈ, તે વખતની એક કથા છે. જલારામ ત્યારે રામનામના અખંડ જાપ કરતા. ને ભૂખ્યાને ભગવાનના પ્રતિનિધિ માનીને ભોજન આપતા. એને લીધે એમની પાસે કેટલાય ભક્તો ને સંતો ખેંચાઈ આવતા. જલારામ એમને સર્વપ્રકારે સંતુષ્ટ કરીને પાછા વાળતા. વીરપુરની અંદર આવેલું જલારામનું સ્થાન એ રીતે યાત્રાનું ધામ બની ગયેલું. જલારામ ત્યારે સૌની સેવા કરતા અને કોઈને કોઈ પ્રકારે નિરાશ ન થવા દેતા.

એ ધામમાં એક વાર એક વૃદ્ધ સાધુ આવી પહોંચ્યાં. સાધુની અવસ્થા ઘણી મોટી અને શરીરે નિર્બળ, એટલે લાકડીને ટેકે ચાલતા ચાલતા આગળ આવ્યા ને બોલ્યા :

'વીરપુરનો જલિયો ક્યાં છે ?'

જલારામે એમનું અભિવાદન કરીને એમનું સ્વાગત કર્યું ને પછી ભોજન કરવા માટે આગ્રહ કર્યો.

પરંતુ સાધુએ એ આગ્રહને પાછો ઠેલ્યો. એટલે જલારામે કોઈ બીજી જાતની સેવા બતાવવાનો આગ્રહ કર્યો.

સાધુપુરૂષે કહ્યું, તારાથી મારી સેવા નહિ થઈ શકે. માટે ભલો થઈને આગ્રહ કરવાનો રહેવા દે. હું હવે વિદાય થઉં છું. તને મળ્યો એટલે બસ.

પરંતુ જલારામ એમ શેના માને ? માને તો તે સંતોના સેવક જલારામ કહેવાય જ નહિ. સંતોમાં પરમાત્મા છે, એમ માનીને તેમને સંપૂર્ણપણે સંતોષ આપવો એ તો તેમનું વ્રત હતું સાધુને એમણે અવારનવાર વિનવણી કરી ને કહ્યું કે મારે ત્યાંથી તમે ખાલી હાથે પાછા ફરો તે સારું નહિ. માટે ભોજન ન કરવું હોય તો બીજી ગમે તે વસ્તુ માગો, પણ કાંઈપણ માગ્યા વિના એમ ને એમ તો નહિ જ જવા દઉં.

આખરે થોડીક રકઝક પછી સાધુએ કહ્યું કે, જો જલા, મારી ઉંમર હવે મોટી થઈ. મારું શરીર હવે કામ નથી કરતું અને રહે છે પણ નબળું. એટલે મારી સેવા માટે મારે કોઈની જરૂર છે. તું મોટો ભગત છે, અને આટલો બધો આગ્રહ કરે છે, તો તારી સ્ત્રીને મારી સેવામાં સોંપી દે. ભગવાન તારૂં ભલું કરશે.

સાંભળનારાને માથે જાણે વીજળી પડી- પરંતુ જલારામ તો જરાય ના હલ્યા. એવા જ અડગ રહ્યા ને બોલ્યા : 'તમારી આજ્ઞા હું માથે ચઢાવું છું. તમારી ઈચ્છા જરૂર પૂરી કરીશ.'

વીરબાઈને બોલાવીને જલારામે બધી વાત કહી સંભળાવી. વીરબાઈ પતિને બધી રીતે મદદરૂપ થતાં કે અનુસરતાં. સાધુ સાથે જવા એ તૈયાર થયાં. વિદાય વેળાએ લોકોએ ભગતને ભોળો, વેદિયો કે વિવેક વગરનો કહી ગણગણાટ કર્યો. પણ ભગત એવા જ અચળ ને પ્રસન્ન રહ્યાં. વીરબાઈને ઉદ્દેશીને એમણે કહ્યું કે સાધુને પિતાતુલ્ય માની એમની સેવા કરજે.

ત્યાગના ઈતિહાસમાં સમર્પણનું આવું જ્વાજ્વલ્યમાન તેજસ્વી ઉદાહરણ જગતે બીજું નથી જોયું. જોયું હોય તો આપણને ખબર નથી. જે લોકો સંત-સેવાની વાતો કરે છે, તે પણ જરૂર પડ્યે આવો મોટો ભોગ આપી શકે કે કેમ એ શંકા છે. એ આવા ભોગને અતિમાં ખપાવે તો નવાઈ નહિ.

વીરબાઈ અને જલારામે એ ભોગને ચરિતાર્થ કરી દેખાડ્યો. ચાલતાં ચાલતાં વીરબાઈને વૃદ્ધ સાધુ ગામથી થોડો દૂર નીકળી ગયાં એટલે પાણીનું સ્થળ જોઈને સાધુએ કહ્યું : તું અહીં બેસ ! હું શૌચ જઈ આવું અને તુંબડીમાં પાણી લઈને એ ચાલી નીકળ્યા.

પરંતુ સાધુપુરૂષ પાછા આવ્યા જ નહિ. અંધારું થયું એટલે વીરબાઈ મુંઝાયાં ને રડવા લાગ્યાં. સાધુને જોવા માટે એ અધીર બની ગયાં. ત્યારે આકાશવાણી થઈ કે વીરબાઈ તમે તમારો ધર્મ સાચવ્યો છે હવે તમારી પરીક્ષા થઈ ચૂકી. તમે ઘેર જાવ ને જેમ કરો છો તેમ રામ મંત્રમાં મન લગાડીને સાધુ-સેવા કરો-કરતા રહો. મારા આશીર્વાદ છે. મારી ઝોળી ને લાકડી પ્રસાદ તરીકે લઈ જજો.

વીરબાઈ ઝોળી ને લાકડી લઈને પાછાં ફર્યાં. ગામલોકોએ આ અજબ ઘટના જાણી ત્યારે આશ્ચર્ય અને આનંદમાં ડૂબી ગયાં.

વીરપુરની સંત જલારામની જગ્યામાં સાધુપુરૂષની એ ઝોળી ને લાકડી આજે પણ એ અલૌકિક ઘટનાની સોનેરી સ્મૃતિરૂપે વિદ્યમાન છે. ભાવિકો એના દર્શન દ્વારા ધન્યતા અનુભવે છે, કૃતાર્થ થાય છે. કોઈ વાર વીરપુર જવાનું થાય તો એ સ્મૃતિ-ચિહ્નોનું દર્શન કરજો. એ ભક્ત શિરોમણી જલારામ ને વીર નારી વીરબાઈના સંત સમર્પણનાં સાક્ષી છે, પ્રભુપ્રેમના પરિણામે ને તેને કારણે પ્રાપ્ત થયેલી પ્રભુ-પ્રસાદીનાં પ્રતીક છે. એ પ્રતીક યાત્રીને આજે પણ કહી રહ્યાં છે કે ભાઈ પ્રવાસી, દર્શનાર્થી ! જીવનના કલ્યાણની કામના હોય તો સંતસેવા કર. કેમ કે સંતસેવા કરતાં કરતાં જ કોઈ વાર સંતકૃપા અને સંતોના સ્વામી ઈશ્વરની કૃપા થવાથી જીવન કૃતાર્થ બની જાય છે. કહ્યું છે ને કે 'ના જાને કીસ રૂપ મેં નારાયણ મિલ જાય !' એ જ માર્ગ છે અને તે અકસીર માર્ગ છે. સંતોને નારાયણ માનીને અને વધારે વિશાળતાથી કહીએ તો, જીવમાત્રને નારાયણ માનીને, એમની સેવા.

* * * * *

# [૭] આનું નામ કેળવણી

આ કેળવણી આજે આપણને કોઈપણ રીતે કેળવે છે ખરી ?

અલબત્ત, એનો આશ્રય લેનારને એ કેટલીક માહિતી પૂરી પાડે છે, અને કેટલીકવાર સંગ્રહસ્થાનમાં પણ ફેરવી નાખે છે, પરંતુ એ જ્ઞાન જીવનના સંગ્રામમાંથી સફળતા સહિત પાર ઉતરવામાં કેટલે અંશે કામ લાગે છે, એ માનવને કેટલા પ્રમાણમાં સાત્વિક, સ્વાશ્રયી, અથવા સદ્‌ગુણ, સદ્‌બુદ્ધિ, તથા સત્કર્મથી સંપન્ન બનાવે છે, તે પ્રશ્ન જ છે. કેળવણીનું મુખ્ય કામ માનવને કેળવવાનું છે. એની બુરાઈઓને દૂર કરીને એને શુભ પ્રત્યે પ્રેરિત કરવાનું છે. માટે જ એને કેવળ શિક્ષણ નહિ, પરંતુ કેળવણી કહેવામાં આવે છે. છતાં પણ અફસોસની વાત છે કે આજના કેળવાયેલા કહેવાતા મોટા ભાગના ડીગ્રીધરોમાં જે નમ્રતા, નિયમિતતા, સાત્વિકતા ને સ્વાશ્રયનું દર્શન થવું જોઈએ તે નથી થતું. તેને બદલે તેમનામાં ઉદ્દંડતા, અભિમાન, અવ્યવસ્થા, પ્રમાદ તથા પરાવલંબન દેખાય છે. વરસો પહેલાં શિક્ષિત વર્ગને ઉદ્દેશીને વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે તમારા કરતાં તો તમારા દેશના મજૂરો, ફેરિયાઓ અને પટાવાળાઓમાં પણ વધારે નમ્રતા તથા સરળતા ને પુરૂષાર્થતા દેખાય છે; તે શબ્દો આજે પણ ખોટા ઠર્યા છે એમ નહિ કહી શકાય.

છતાં પણ, શિક્ષિત વર્ગમાં આજે પણ કોઈ કોઈ એવા સરળ માનવોનો મેળાપ થતો રહે છે જેમને જોઈને આપણને આનંદ થાય, અથવા તો આપણા હૃદયમાં એમને માટે માનની લાગણી પેદા થઈ જાય. એમને જોઈને આપણને લાગે કે આનું નામ કેળવણી. એમને કેળવાયલા કહેવા અથવા સુસંસ્કૃત કહેવા માટે આપણું અંતર તૈયાર થઈ જાય.

આમ તો મસૂરીમાં છેલ્લા કેટલાય વખતથી હું ભણેલાં ગણેલાં અંગ્રેજ સ્ત્રીપુરૂષોને જોઉં છું. જેમની પાછળ મજૂરો દોડાદોડ કરે છે, પરંતુ તેમની પરવા કર્યા વિના જે પાંચથી સાત શેર જેટલા સામાનને પોતાને હાથે જ ઉપાડીને, પગપાળા ચાલતા દૂરદૂરના તેમનાં પર્વતીય નિવાસસ્થાનોમાં પહોંચી જાય છે. તેમની વાતને હું ઓછી અગત્યની નથી માનતો કેમ કે એમની જ સાથે સાથે મને એવાં ઉદાહરણો પણ જોવા મળે છે, અને ઘણી મોટી સંખ્યામાં જોવા મળે છે, જેમાં સ્વસ્થ શરીરનાં શિક્ષિત ભારતીય સ્ત્રીપુરૂષો પોતાને હાથે પોતાના સામાનની થેલી ઉપાડતાં પણ અચકાય છે, સંકોચ પામે છે, ને શરમ અનુભવે છે. એથી એમની એટિકેટમાં ખામી આવે છે એમ એમને લાગે છે. ત્યારે મને થાય છે કે આ તે કયી જાતની કેળવણી? અને આને કેળવણી કહેવી કે બીજું કાંઈ ?

પરંતુ ગયે વરસે ઈ.સ. ૧૯૬૩ માં મસૂરીમાં મને જે જોવા મળ્યું તે મારી કેળવણીની કલ્પનાને સાર્થક કરે એવું હતું. એથી એનો ઉલ્લેખ આજે અત્યંત આનંદપૂર્વક કરી રહ્યો છું.

મસૂરીમાં ગયે વરસે મારાં પ્રવચનો ચાલતાં હતાં. ત્યાંની નવનિર્મિત ગાંધી નિવાસ સોસાયટીમાં. તે પ્રવચનોનો ઘણાં સ્ત્રીપુરૂષો લાભ લેતાં.

તે વખતે મસૂરીમાં ઉત્તર પ્રદેશના ખેતીવાડી વિભાગના નિવૃત્ત કમિશ્નર શ્રી દુબેજી પણ હવાફેર માટે આવેલા. મારાં પ્રવચનોમાં તે પણ આવવા લાગ્યા.

પ્રવચનોના યોજકોએ બેસનારાઓને માટે ખુરશીઓની વ્યવસ્થા કરી હતી, અને નીચે બેસનારાઓને માટે જાજમ બિછાવી હતી.

પહેલાં બે દિવસ તો દુબેજી ખુરશી પર બેઠા. પરંતુ પછી તેમને નીચે બેસવાની ઈચ્છા થઈ.

એટલે તેમણે પોતાનો વેશ જ બદલી નાખ્યો.

એ જોઈને બધાને અત્યંત આશ્ચર્ય થયું. મને પણ જરા નવાઈ લાગી.

દુબેજીએ સાદું ખમીસ અને ધોતિયું પહેર્યું હતું.

મેં કહ્યું : 'તમે તો તમારો વેશ જ બદલી નાખ્યો ! કોટ, પાટલૂન, નેકટાઈ, બધું જ છોડી દીધું ! કપડાં ધોવા માટે આપ્યાં છે કે શું ?'

તેમણે શાંતીથી હસતાં હસતાં કહેવા માંડ્યું : 'સૂટ તો બીજાં ઘણાં છે એટલે ધોવા આપવાનો કોઈ પ્રશ્ન નથી. પરંતુ ધોતિયું પહેરીને હું સારી રીતે નીચે બેસી શકું એટલા માટે જ ધોતિયું પહેર્યું છે. પાટલૂન પહેર્યું હોય એટલે નીચે બેસતાં જરા ઓછું ફાવે.'

'તમને ધોતિયું ફાવે છે ?' મેં કુતૂહલ બતાવ્યું.

'શા માટે ના ફાવે ? તે તરત બોલી ઊઠ્યાં : જે વખતે જેવી જરૂર હોય તેવી રીતે વર્તવા હું ટેવાયેલો છું. મને પહેલેથી જ એવી કેળવણી મળી છે. અમેરિકામાં મેં અભ્યાસ કર્યો છે અને અમેરિકામાં વરસો રહ્યો છું. તો પણ ભારતીય જીવનપદ્ધતિ મને ગમે છે.'

દુબેજી જેટલા દિવસ મારા પ્રવચનો ચાલ્યાં તેટલા દિવસ ધોતિયામાં તથા ખમીસના પોશાકમાં આવ્યા. તે જોઈને હું એમને શાબાશી આપ્યા વિના રહી શક્યો નહિ. મને થયું કે આનું નામ કેળવણી. ધન્ય આ કેળવણી !

* * * * *

## [૮] શ્રીધર સ્વામીની જીવનક્રાંતિ

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને કહ્યું છે કે,

अनन्याश्चितयंतो मां ये जनाः पर्युपासते ।

तेषां नित्यभियुक्तानां योगक्षेमं वहाम्यमं ॥

'એટલે કે જે મનુષ્યો મનને મારી અંદર જોડીને મને અનન્ય ભાવથી ભજે છે, તેવા મન બુદ્ધિને મારામાં જોડનારા મનુષ્યોના યોગક્ષેમને હું વહન કરું છું.'

પરંતુ એવી શ્રદ્ધા માણસમાં રહે છે ક્યાં ? સાધારણ માણસોની વાત જવા દઈએ તો પણ, મોટા મોટા વિદ્વાનો, શાસ્ત્રીઓ, પંડિતો અને ઉપદેશકોની અંદર પણ એ શ્રદ્ધાનો અભાવ દેખાય છે. અથવા તો જોઈએ તેવો ને તેટલો વિકાસ નથી દેખાતો. ઈશ્વર જેવી કોઈ વસ્તુ છે એ વાતમાં શ્રદ્ધા રાખનારા માણસો એક તો ઓછા મળે છે. ત્યારે ઈશ્વર છે, અને ભક્તોના જીવનના સર્વસત્તાધીશ અથવા તો સૂત્રધાર બનીને એમનું બધી રીતે રક્ષણ કરે છે, અથવા તો એમનો યોગક્ષેત્ર ચલાવે છે, એ વાતમાં વિશ્વાસ રાખનારા અથવા તો એના જીવતા જાગતા પ્રતીક જેવા માણસો તો મળે જ કેટલા ? છતાં પણ એ વાત સાચી છે એવી પ્રતીતિ લાંબા વખતના અનુભવ પરથી થઈ રહે છે.

શ્રીધર સ્વામીને પણ એવી પ્રતીતિ ઘણે લાંબે વખતે થઈ.

શ્રીધર સ્વામી કોઈ સામાન્ય માણસ ન હતા, પરંતુ એક કુશાગ્ર બુદ્ધિવાન મેધાવી પંડીત હતા, મહાપંડિત. સંસ્કૃત ધર્મશાસ્ત્રો પરનું એમનું પ્રભુત્વ ઘણું મોટું હતું. એ વિધુર થયા ત્યારથી એમનું મન સંસાર પરથી ઊઠી ગયું હતું. સંસારમાં એમને કાંઈ રસ લાગતો નહોતો. સંસારનો ત્યાગ કરીને એકાંતમાં રહીને ઈશ્વરસ્મરણમાં ઓતપ્રોત બની જવાની, અને ઈશ્વરનું દર્શન કરીને ધન્ય થઈ જવાની, એમની ઈચ્છા હતી. જીવનનો બાકી રહેલો બધો જ વખત એ આધ્યાત્મિક સાધના માટેના પ્રખર પુરૂષાર્થમાં વિતાવવા માગતા હતા. જીવનમાં કૃતાર્થતાને માટે બીજું કાંઈ કરવા જેવું એમને લાગતું ન હતું. એક માત્ર આત્મકલ્યાણને માર્ગે આગળ વધવાની તીવ્ર તરસ એમને લાગી ગઈ હતી. એ માટે ઘરનો ત્યાગ કરવાના ઘાટ પણ એ ઘડી રહ્યા હતા પરંતુ...

પરંતુ એમના જીવનમાં એક સમસ્યા હતી.

કહો કે મુશ્કેલી હતી. મહામુશ્કેલી. એમને પાંચેક વરસનો એક નાનો પુત્ર હતો. એ પુત્રની ચિંતા એમને કોરી ખાતી હતી. પોતે ઘરનો ત્યાગ કરીને બહાર નીકળી જાય તો પોતાનું આત્મકલ્યાણ થાય એ વાત તો સાચી પરંતુ આ નાના બાળકનું શું ? એની સંભાળ કોણ રાખે ? એનો ઉછેર કોણ કરે ? ઘરમાં બીજું કોઈ તો છે નહિ. સગાંસંબંધી જો કે ઘણાં છે પરંતુ એમની સાથે તો બરાબર સબંધ પણ નથી. એટલે એના તરફથી કોઈપણ પ્રકારની સહાયતાની આશા વ્યર્થ છે. આ દશામાં ઈશ્વર પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને પોતે ઘરત્યાગ કરે તો બાળકની દશા કફોડી બની જાય. બાળકની આજીવિકાનું શું ? એની આજીવિકાનો વિચાર એક પિતા તરીકે પોતે કરવો જ જોઈએ ને ? પોતે ના કરે તો બીજું કોણ કરે ? સંતાનની સંભાળ રાખવી એ

માતાપિતાનો ધર્મ છે. ધર્મનો ત્યાગ કેવી રીતે કરી શકાય ? અને એવા ત્યાગમાં બુદ્ધિમાની પણ કેવી રીતે કહી શકાય ?

તો પછી કરવું શું ? ઈશ્વરના દર્શનને માટેની જે ઉત્કટ ઈચ્છા મારા દિલમાં પ્રજ્વલિત બનીને પ્રકટી ઊઠી છે તે ઈશ્વરની પૂર્તિ કરવાનું સૌભાગ્ય શું નહીં મળે ? એ ઈચ્છાનો અમલ શું નહીં થઈ શકે ? જીવનનો મોટા ભાગનો વખત તો વીતી ગયો છે અને જે શેષ છે તે વીતી રહ્યો છે. એમ કરતાં સમસ્ત જીવન સમાપ્ત થશે. અને મનની મનમાં જ રહી જશે કે શું ?

શ્રીધર સ્વામીના દિવસો એવા એવા વિચારોમાં પસાર થઈ રહ્યા હતા ત્યાં તો એક દિવસ સવારે એક યાદગાર બનાવ બન્યો.

શ્રીધર સ્વામી રોજના નિયમ પ્રમાણે ઘરના આંગણામાં દાંતણ કરવા બેઠેલા. એમને થતું હતું કે ઘર છોડી દઉં તો પછી આ બાળકનું પોષણ કોણ કરે ? બરાબર એ જ વખતે ઘરના છાપરા પરથી એક ગરોળીનું બચ્ચું તાજું ઈંડું ફાટવાથી નીચે પડ્યું. ઈંડાની સાથે જમીન પર પડેલા એ ગરોળીના બચ્ચાંને શ્રીધર સ્વામી એકીટસે જોઈ રહ્યા. એમને થયું કે આ બચ્ચાંનું પોષણ કોણ કરશે ! જરા જોઈએ તો ખરા !

ગરોળીનું બચ્ચું કોઈ ભક્ષ્યની ઈચ્છાથી મોઢું ફાડી રહ્યું હતું. ત્યાં જ એની પાસે એક માખી આવી પહોંચી. ઈંડાનાં રસ પર એ માખી આવીને બેઠી કે તરત જ ચોંટી ગઈ. એ ત્યાંથી હઠી જ ના શકી. પછી તો ગરોળીના બચ્ચાંએ એ માખીને પકડી લીધી. આંખને મીંચીને ઉઘાડીએ એટલી વારમાં આ બનાવ બની ગયો. પરંતુ એને પરિણામે શ્રીધર સ્વામીને નવો પ્રકાશ મળ્યો. નવીન પ્રેરણા ને અભિનવ શ્રદ્ધાથી એમનું અંતર ઉભરાઈ રહ્યું. એમને થયું કે ઈશ્વરે આ ગરોળીના બચ્ચાંની જરૂરત પૂરી પાડી તો પછી મારા પુત્રની જરૂરત પૂરી નહીં કરે ? મારા પુત્રની સંભાળ શું એ નહીં રાખે ? કીડીને કણ ને હાથીને મણ. ઈશ્વર સૌના જીવનને નભાવે છે, એટલે મારે નકામી ચિંતા કરવાની જરૂર નથી. ભક્તોના યોગક્ષેમનું વહન કરવાનું ઈશ્વરનું વ્રત છે. એ વ્રતને એ પાળશે જ.

પછી તો દૃઢ નિશ્ચય કરીને એમણે ઘરનો ત્યાગ કર્યો. આશ્ચર્યની વાત તો એ બની કે જે સગાં એમની સાથે સારો સંબંધ નહોતા રાખતા તે એમના ઘરત્યાગ પછી બાળકને પોતાને ત્યાં લઈ ગયાં, અને એને મોટો કરવા લાગ્યાં. બાળકને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડી.

એક સાધારણ જેવી દેખાતી ઘટનાએ આ રીતે શ્રીધર સ્વામીના જીવન પ્રવાહને પલટાવી દીધો. એમના જીવનમાં ક્રાંતિ કરી દીધી.

* * * * *

## [૯] કર્તવ્યનો ત્યાગ બિનજરૂરી છે

મધ્યયુગનો જમાનો.

બીજી ભાષામાં કહેવું હોય તો કહી શકાય કે ભારતના લગભગ બધા ભાગોમાં ભક્તો, સંતો, અથવા તો આચાર્યોનો જમાનો. સંતો, ભક્તો અને ભાવિકોની દેશમાં એ વખતે ભરમાર હતી. સંતો તથા વિદ્વાનોની વિપુલતાનો એવો સુવર્ણકાળ દેશે લાંબા વખત લગી જોયો ન હતો. વિદ્વાનો પણ કેવા ? એકેકથી ચઢિયાતા.

કાશી એ વખતે દિગ્ગજ પંડિતો અને વિદ્વાનોની નગરી ગણાય.

ત્યાં રામાનંદ કરીને એક મહાત્મા નિવાસ કરે. અદ્‌ભુત બૌદ્ધિક પ્રતિભા, નિર્મળ ચારિત્ર્ય, લાંબા વખતની તીવ્ર તપસ્યા અને જાહ્નવી જેવી સ્વચ્છ જીવનચર્યા, રામાનંદની આગવી વિશેષતા હતી. એ વિશેષતાને લીધે કાશીનગરીના પ્રસિદ્ધ સંતોમાં એમનું સ્થાન આગવું તરી આવતું. તારામંડળની વચ્ચે જેમ ચંદ્ર શોભે, તેમ એ એક અસાધારણ, અજોડ, કે વિરલ બનીને વિદ્વાનોની વચ્ચે શોભી ઊઠતા. એ વખતના ભારતવર્ષના બહુશ્રુત અને બહુમાન્ય જ્ઞાની પુરૂષોમાં એમની ગણના થતી.

ધન્ય ભારત વર્ષ ! તારે ખોળે આવા કેટકેટલા વિદ્વાનો, સંતો, ભક્તો, અને સાક્ષાત્કારી પુરૂષોએ જન્મ લીધો, અને કેટલા બધા લોકોત્તર પ્રતિભાથી સંપન્ન મહાપુરૂષોએ તારા અંતરને આલોકિત કર્યું ? માટે જ તું વિશ્વવંદનીય છે, એક અને અજોડ છે.

વહેલી સવારે એ રામાનંદ સ્વામીના ચરણોમાં એક યુવાને નમસ્કાર કર્યા.

'કોણ ?' રામાનંદે પૂછ્યું.

'હું' આગંતુકે ઉત્તર આપ્યો: 'હું તમારું નામ સાંભળીને તમારી પાસે સંન્યાસ લેવાની ઈચ્છાથી આવી પહોંચ્યો છું.'

'લગ્ન થયું છે કે નહિ ?'

'લગ્ન થયેલું પરંતુ હમણાં જ વિધુર થયો છું.'

'સંતાન ?'

'સંતાનમાં કોઈ જ નથી. એકલો જ છું. કોઈ જાતની જવાબદારી નથી. વૈરાગ્યની તીવ્રતા થવાથી ઘરનો ત્યાગ કરીને મેં તમારું શરણ લીધું છે. મારો અંગીકાર કરો તો હું તમારો ઋણી રહીશ.'

રામાનંદે એને આશ્રમમાં રહેવાની રજા આપી, અને થોડા દિવસો પછી સંન્યાસની વિધિપૂર્વક દીક્ષા પણ પૂરી પાડી.

યુવકને આનંદ થયો. એની અભિલાષા પૂર્ણ થઈ.

વખતને વીતતાં કાંઈ વાર લાગે છે ? જોતજોતામાં તો લાંબો વખત વીતી ગયો, અને એક દિવસ દક્ષિણ ભારતનાં તીર્થોની યાત્રા કરીને તીર્થશિરોમણી રામેશ્વરનું દર્શન કરવાની ઈચ્છાથી, રામાનંદ સ્વામી આશ્રમ છોડીને નીકળી પડ્યા.

ફરતા ફરતા એ દૈવયોગે એકવાર મહારાષ્ટ્રનાં આલંદી ગામમાં આવી પહોંચ્યાં. ગામના મંદિરમાં એમણે ઉતારો કર્યો.

લોકોના ટોળેટોળાં એમનું દર્શન કરવા માટે આવવા લાગ્યાં. દર્શનાર્થી લોકોમાં એક સ્ત્રી પણ હતી.

રામાનંદને એ પગે લાગી એટલે રામાનંદ એને આશીર્વાદ આપ્યો: પુત્રવતી ભવ.

આશીર્વાદ સાંભળીને સ્ત્રી તો રડવા માંડી.

રામાનંદને મહાન આશ્ચર્ય થયું.

એમણે કહ્યું : 'બેન, તું કેમ રડવા માંડી ? મેં કાંઈ ખોટું કહ્યું ?'

સ્ત્રીએ કહ્યું : ભગવન ! તમે મને પુત્રવતી થવાનો આશીર્વાદ આપ્યો છે, પરંતુ હું તો એકલી છું. અને મારા પતિ મારો ત્યાગ કરીને ક્યારનાય ચાલી નીકળ્યા છે. આ સંજોગોમાં તમારો આશીર્વાદ કેવી રીતે ફળી શકવાનો છે ?

રામાનંદ વિચારમાં પડ્યા. છતાં પણ બોલ્યા: 'બેન, મારા મુખમાંથી જે નીકળ્યું છે તે સાચું પડશે જ.'

એ પછી કેટલીક વાતો થઈ એના પરથી એમને કાશીના આશ્રમમાં સંન્યાસ લેવા આવેલા પેલા યુવાન પર શંકા આવી. પરિણામે દક્ષિણની યાત્રાને સ્થગિત કરીને, પેલી સ્ત્રી તથા તેના ભાઈની સાથે એ કાશી તરફ પાછા ફર્યા.

કાશીના આશ્રમમાં આવીને એમણે પેલા નવયુવાન સંન્યાસીને બોલાવ્યો. પોતાની પત્ની તથા પોતાના સાળાને જોઈને સંન્યાસી મહારાજ નવાઈ તો પામ્યા, પરંતુ હવે એમનું સાચું સ્વરૂપ ખુલ્લું થઈ ગયું. સ્ત્રીનો ત્યાગ કરીને એ ચોરીછૂપીથી કાશી આવ્યા હતા એ હકીકત છૂપી ના રહી.

પછી તો રામાનંદ સ્વામીએ એ યુવાનને ફરી ગૃહસ્થાશ્રમ કરવાની આજ્ઞા કરી. એ પ્રમાણે યુવાને ભગવાં વસ્ત્રોનો ત્યાગ કર્યો, અને આલંદી આવીને પૂર્વવત્ જીવન જીવવા લાગ્યા.

એ યુવાનનું નામ વિઠ્ઠલ પંત હતું. પોતાના સ્વધર્મ પ્રત્યે આંખમિચામણાં કરીને એમણે જે અપરાધ કર્યો હતો, તેનું રામાનંદ સ્વામીએ આ રીતે પ્રાયશ્ચિત કરાવ્યું. દુનિયાના આધ્યાત્મિક ઈતિહાસમાં સંન્યાસીએ ફરીવાર ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા હોય એવાં ઉદાહરણ અતિવિરલ છે, છતાં પણ દુનિયાને તો એ પરિવર્તનથી લાભ જ થયો. જગતમાં જેમનો જોટો ના જડે એવા જ્ઞાનેશ્વર, નિવૃત્તિનાથ, સોપાન ને મુક્તાબાઈના દર્શનનો લાભ મળ્યો. જગતને માટે એમનું અવતરણ આશીર્વાદરૂપે થયું.

ફરજનો ત્યાગ કરીને, ક્ષણિક વૈરાગ્યના આવેગનો આધાર લઈને, માણસ કર્તવ્યવિમુખ બની જાય તો સંસારની વ્યવસ્થા ચાલે નહિ. એવા માણસો જરૂરી યોગ્યતાના અભાવને લીધે, યોગ કે સંન્યાસને તો શોભાવી જ ના શકે. એ વિશાળ સંદર્ભમાં જોઈએ તો આ ઘટનામાંથી ઘણું શીખવાનું છે.

* * * * *

# [૧૦] વાતોનું વેદાંત શા કામનું ?

એ વખતે સ્વામી વિવેકાનંદ એટલા બધા પ્રખ્યાત ન હતા.

એ વેદાંતકેસરી તો હતા જ, પરંતુ વેદાંતકેસરી તરીકે વખણાયા ન હતા.

હજુ તો એ અમેરિકાના ચિકાગો શહેરમાં ભરાયેલી સુપ્રસિદ્ધ અને ઐતિહાસિક સર્વધર્મ પરિષદમાં ભાગ લેવા માટે નહોતા ગયા.

એ દિવસોમાં એ ભારતવર્ષનું પરિભ્રમણ કરતા હતા.

હા, એમના ગુરૂ શ્રી રામકૃષ્ણ પરમહંસની મહાસમાધિ પછી એ દેશમાં વિચરણ કરવા નીકળી પડેલા.

એ વિચરણ, પ્રવાસ કે પર્યટનની પાછળ કોઈ જુદા જુદા પ્રદેશોને નિહાળવાની લાલસા, પરંપરાગત ભાવના કે શાસ્ત્રોની આમન્યા કામ નહોતી કરતી, કોઈ જડ રૂઢિનું પાલન પણ નહોતું થઈ રહ્યું. એની પાછળ તો દેશના પ્રત્યક્ષ દર્શનની ભાવના કામ કરી રહી હતી. વિવેકાનંદને પોતાના દેવદુર્લભ વિશાળ દેશની સંસ્કૃતિનું દર્શન કરવું હતું. દેશને ખૂણેખૂણે ફરીને દેશમાં વસતી પ્રજાનો પરિચય મેળવવો હતો. એમનાં સુખ, સ્મિત, એમને નજરે જોવાં હતાં. માનવસંસ્કૃતિની સર્વોચ્ચ સીમાએ પહોંચેલી સંસ્કૃતિના સૂત્રધારસમી એ પ્રજાની પરિસ્થિતિ આજે કેવી છે, એનું એમને અધ્યયન કરવું હતું. એવું અધ્યયન કરીને દેશના અભ્યુદય માટેનાં સમુચિત સાધનો શોધવાની એમની આકાંક્ષા હતી.

એટલા માટે જ એ દેશનો પુણ્યપ્રવાસ કરી રહ્યા હતા.

એ પુણ્યપ્રવાસ એક નહિ, બે નહિ, ત્રણ નહિ, પરંતુ છ વરસ જેટલા લાંબા ગાળા લગી ચાલ્યો અને વિવેકાનંદને એમાંથી ઘણું જાણવાનું મળ્યું.

એમની દૃષ્ટિ વધારે વિશદ બની.

એ માનતા કે જેને દેશની સેવા કરવી હોય તેણે દેશનું દર્શન પણ કરવું જોઈએ. દેશના પ્રત્યક્ષ દર્શન દ્વારા દેશની પ્રજાની નાડને ઓળખી શકાય અને એને સુધારવાના માર્ગો પણ શોધી શકાય.

એ દિવસો દરમિયાન એક વાર સ્વામી વિવેકાનંદ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. એમની પાસે બે ચાર જિજ્ઞાસુ જેવા યુવાનો બેઠા હતા. સ્વામીજીને જોઈને તે હિમાલયના સંતો વિશે વાતો કરવા લાગ્યા. જ્ઞાન, વિજ્ઞાન તથા તત્વજ્ઞાનની ભાતભાતની ચર્ચાઓ કરતાં કરતાં એ યુવાનોએ સ્વામીજીને પૂછ્યું કે, 'હિમાલયમાં હજારો વરસની ઉંમરના સાધુ સંતો નિવાસ કરે છે ખરા ?'

સ્વામીજીએ ઉત્તર આપ્યો કે, 'નિવાસ કરે છે.'

'એમનામાં અનેક પ્રકારની સિદ્ધિઓ હોય છે એ સાચું છે ?' યુવાનોએ ફરી પ્રશ્ન કર્યો.

'એ પણ સાચું છે.'

ચર્ચા ખૂબ લાંબી ચાલી.

એ દરમિયાન વચ્ચે વચ્ચે સ્ટેશનો આવતાં પેલા યુવાનોએ ભોજન કર્યું ને કેટલીય વાર પાણી પીધું, પંરતુ વિવેકાનંદને ખાવા પીવાનો ભાવ ના પૂછ્યો.

લાંબા વખત સુધી તો વિવેકાનંદ એમની પ્રવૃત્તિ જોઈ રહ્યા અને એમના પ્રશ્નોના ઉત્તર પણ સંપૂર્ણ શાંતિપૂર્વક આપતા રહ્યા. પરંતુ પાછળથી ના રહેવાતા એમને બોધપાઠ આપવાના ઉદ્દેશથી કહેવા માંડ્યા : 'તમારા જેવા શિક્ષિત યુવાનો કેવળ વાતોના તડાકા જ માર્યા કરે છે. પરંતુ એ વાતોને જીવનમાં વણી લેવા તરફ કે પોતાની ટેવોને સુધારવા તરફ ધ્યાન નથી આપતા એ ખરેખર દુઃખદ છે.'

યુવાનો શરમિંદા બની ગયા ને બોલ્યા : 'કેમ ?'

'તમે કલાકોથી મારી સાથે એક જ ટ્રેનમાં બેઠા છો ને કેટલીય વાર ખાવ છો ને પાણી પીઓ છો તથા મારી સાથે ધર્મની વાતો કરો છો, પણ એક પડોશી કે સાથી તરીકે તમારો મારા પ્રત્યેનો જે ધર્મ છે તેને નથી સમજતા. તમને એટલો વિચાર પણ નથી આવતો કે તમારી જેમ મને પણ ભૂખ-તરસ લાગતી હશે. તેને તૃપ્ત કરવાની તમારી કશીક ફરજ છે ? છતાં પણ એ વિચારનો અમલ કરીને તમે થોડી ઘણી માણસાઈ પણ નથી બતાવી શકતા. આવું વાતોનું વેદાંત શા કામનું ?'

યુવાનો પોતાની ભૂલ સમજીને વિવેકાનંદની ક્ષમા માગવા માંડ્યા. એ પછી એમણે વિવેકાનંદની સેવા કરી. એમને સમજાયું કે જે ધર્મ કે તત્વજ્ઞાન મનુષ્ય તરીકેના સામાન્ય ધર્મને પણ ના શીખવે ને શક્તિ હોવા છતાં બીજા સેવા ના કરી શકે તે ધર્મ કે તત્વજ્ઞાન જીવનનું પ્રેરક બળ નથી બની શકતું; આશીર્વાદરૂપ પણ નથી થઈ શકતું. એમને નવી દૃષ્ટિ મળી.

* * * * *

# [૧૧] દધીચિનો ત્યાગ

શ્રીમદ્ ભાગવત આટલું બધું લોકપ્રિય કેમ છે, તેનાં કેટલાંય કારણો છે. એમાંનુ એક અગત્યનું કારણ એ પણ છે કે એમાં ઉચ્ચ જીવનના આદર્શોને સમાવી લેતી કથાઓ અત્યંત આકર્ષક અને આહ્લાદક રીતે અંકિત કરવામાં આવી છે. એ કથાઓ માનવહૃદયને સ્પર્શે છે, જાગ્રત કરે છે, અને પ્રેરણાથી ભરી દે છે. પ્રેરણાની એ શક્તિ સનાતન હોવાથી આજે વરસો થયાં તો પણ ભાગવતની અસરકારકતા એવી જ અક્ષય અને એકધારી રહી છે.

આવો, એ કથાઓમાંની એક કથાનું રસપાન કરવા ભાગવતના છઠ્ઠા સ્કંધમાં પહોંચી જઈએ અને એના અંતભાગનું ઊડતું નિરીક્ષણ કરીએ.

દેવતાઓના ઉપર એમના ગુરૂ બૃહસ્પતિની કૃપા હતી ત્યાં સુધી એમની શક્તિ સર્વોચ્ચ રહી, પરંતુ ગુરૂની અવકૃપા થતાં એ અશક્ત બન્યા અને એમને દાનવોએ જીતી લીધા. ગુરૂની અવકૃપા થવાનું કારણ સ્પષ્ટ હતું. એક વાર ગુરૂ બૃહસ્પતિ દેવતાઓની સભામાં આવ્યા ત્યારે ઈન્દ્રાણી સાથે સિંહાસન પર બેઠેલા ઈન્દ્રે ઉભા થઈને એમનું સન્માન કર્યું. બૃહસ્પતિ ત્યાંથી કાંઈ પણ બોલ્યા વિના વિદાય થયા. ઈન્દ્રને પોતાના એવા વર્તન માટે પાછળથી પશ્ચાતાપ થયો પરંતુ એ પ્રસંગ પછી એમની શક્તિનો નાશ થતો ગયો, અને છેવટે પોતાના ગુરૂ શુક્રાચાર્યની મદદથી દાનવોએ એમના પર વિજય મેળવ્યો.

પરંતુ દેવતાઓ એમ કાંઈ હિંમત હારે ખરા કે ? એમણે બ્રહ્માના કહેવાથી વિશ્વરૂપને ગુરૂ કર્યા અને એમના માર્ગદર્શન પ્રમાણે ચાલીને દાનવો પર ફરી વિજય મેળવ્યો. પણ વાત એટલેથી જ ના અટકી. વિશ્વરૂપના પિતા ત્વષ્ટાએ દેવતાઓનો મદ ઉતારવા તથા એમને કાબૂમાં રાખવા યજ્ઞકુંડમાં આહુતિ આપીને એક અસુરની ઉત્પત્તિ કરી. એ અસુરનું નામ વૃત્રાસુર પાડ્યું.

વૃત્રાસુરનો દેખાવ અતિશય ભયંકર હતો. તેમ જ એનું સામર્થ્ય પણ અત્યંત વિશાળ હતું. દેવતાઓ એની સામે ટકી ન શક્યા એટલે ઈન્દ્રે બ્રહ્માનું શરણ લીધું. બ્રહ્માએ પ્રસન્ન થઈને ઈન્દ્રને ઉપાય બતાવ્યો કે દધીચિ ઋષિના શરીરના હાડકાનું જો વજ્ર બનાવવામાં આવે તો તે વજ્રથી વૃત્રાસરનો નાશ થઈ શકશે. બીજી કોઈયે રીતે વૃત્રાસરનો નાશ નથી થઈ શકવાનો. તમે દધીચિ ઋષિને જઈને પ્રાર્થના કરો તો તમારી પ્રાર્થનાને લક્ષમાં લઈને લોકકલ્યાણને માટે તમારી માગણી તે જરૂર મંજૂર રાખશે.

દેવતાઓ વિચારમાં પડ્યા.

દધીચિ ઋષિ પોતાના શરીરનું સમર્પણ કરવા તૈયાર થશે ખરા ?

એમને શંકા થઈ.

છતાં પણ એ દધીચિ મુનિ પાસે જઈ પહોંચ્યા.

પહોંચ્યા વિના છૂટકો જ ક્યાં હતો ?

દધીચિ ઋષિએ ઈન્દ્રની વાત સાંભળીને સામેથી પૂછ્યું કે 'બ્રહ્માંડમાં એવું કોણ છે જેને પોતાનું શરીર પ્રિય ન હોય ? એવા પ્રિય શરીરનો ત્યાગ કરવાની તૈયારી કોણ બતાવી શકે ?'

ઈન્દ્રે નમ્રતાપૂર્વક કહ્યું : 'પ્રત્યેક શરીરધારીને પોતાનું શરીર પ્રિય છે. એમ કહો કે સૌથી વધારે પ્રિય છે. તો પણ બીજાના હિતને માટે જો કરવો પડે તો એનો ત્યાગ તમારા જેવા કોઈક વિરલ મહાપુરૂષો જ કરી શકે.'

દધીચિ ઋષિએ કહ્યું: 'હું તો તમારા મનોભાવો જાણવા માગતો હતો. બાકી ઈશ્વરની ઈચ્છાનું ઉલ્લંઘન મારાથી નહિ જ કરી શકાય. એમણે ધાર્યું જ છે તો શરીરનો ત્યાગ કરવા હું સસ્મિત તૈયાર છું. તમે મારા મરણધર્મ શરીરનો ઉપયોગ કરીને વૃત્રાસરનો નાશ કરી શકો છો.'

દધીચિ ઋષિએ સમાધિમાં પ્રવેશ કરીને, સાપ જેવી રીતે કાંચળીનો ત્યાગ કરે તેવી સહજ રીતે, પોતાના શરીરનો ત્યાગ કર્યો.

દેવતાઓ અત્યંત હર્ષ પામ્યા.

ઋષિના મૃત શરીરમાંથી એમણે વજ્ર બનાવ્યું. એ વજ્રથી છેવટે ઈન્દ્રે વૃત્રાસરનો નાશ કર્યો.

લોકકલ્યાણને માટેના સ્વાત્મ સમર્પણની કેટલી બધી સુંદર સારગર્ભિત અને અદ્‌ભુત કથા શ્રીમદ્ ભાગવતે રજૂ કરી છે ? લોકહિતના પરમ કલ્યાણકારક ભાવથી પ્રેરાઈને, વ્યક્તિએ સમષ્ટિને માટે બુદ્ધિ, વિદ્યા, બળ ને ધન અર્પણ કરવા તો તૈયાર થવું જ જોઈએ, પરંતુ એથી આગળ વધીને જરૂર પડ્યે શરીરનું બલિદાન દેવા પણ તત્પર રહેવું જોઈએ, એ સનાતન સંદેશ આ કથામાં સમાયેલો છે. આ અવનીમાંથી આસુરી તત્વોનો અંત આણવા માટે દૈવી પ્રકૃતિવાળાં તત્વોએ એક થવાનું છે અને પોતાનું સર્વસમર્પણ કરવાનું છે. સંક્ષેપમાં કહીએ તો સૌએ પવિત્ર કર્તવ્યરત, ત્યાગમૂર્તિ દધીચિ બનવાનું છે. તો સંસારની કાયાપલટ થતા ને સંસારને સ્વર્ગીય બનતાં વાર નહિ લાગે.

* * * * *

# [૧૨] સાચું શ્રાદ્ધ

હિમાલયના નૈસર્ગિક સૌન્દર્યથી મંડિત પવિત્ર પર્વતીય પ્રદેશનું આકર્ષણ લગભગ બધા જ મહાપુરૂષોએ અનુભવ્યું છે. મહાપુરૂષો જ નહિ પરંતુ સાધારણ માણસો પણ એ આકર્ષણથી ભાગ્યે જ અછૂત રહ્યા હશે. એ પ્રદેશનો પ્રભાવ જ એવો પ્રખર છે. પ્રત્યેક ભારતવાસીના દિલમાં એ પુણ્યભૂમિના દર્શનની ભાવના ભરી હોય છે. કોઈને ત્યાં જવાનો સુયોગ મળે છે, તો કોઈને નથી મળતો પરંતુ એ પ્રદેશના પુણ્યપ્રવાસનું સ્વપ્નું તો સૌ પોતાના મનમાં સંઘરી જ રાખે છે.

એ પ્રદેશના આકર્ષણનું મુખ્ય કેન્દ્ર ગંગા છે. હજારો વરસોથી, કહો કે અનંતકાળથી, ગંગા, ભારતીય સાધના, શાસ્ત્રવિદ્યા ને સંસ્કૃતિની, વિહાર ભૂમિ બનીને જનગણમનને સાંસ્કૃતિક પ્રેરણા આપી રહી છે. એના નામનું શ્રવણ-મનન જ લોકોના અંતરમાં એક પ્રકારની અનેરી અથવા તો અવર્ણનીય ભાવોર્મિ પેદા કરે છે.

શીખ ધર્મના સ્થાપક ગુરૂ નાનકદેવ પણ એ આકર્ષણથી કેવી રીતે અલિપ્ત રહી શકે ? ભારતના પુણ્યપ્રવાસના અવસર દરમિયાન ફરતાં-ફરતાં એ હિમાલયની પુરાણપ્રસિદ્ધ ભૂમિમાં આવી પહોંચ્યા અને એમણે હરિદ્વારમાં મુકામ કર્યો.

હરિદ્વારની પ્રાકૃતિક સુંદરતા ને શાંતિ જોઈને એમનું મન અત્યંત પ્રસન્ન થયું. ગંગાના એકાંત તટપ્રદેશ પર બેસીને ઘડી બે ઘડી એ ઈશ્વરના ગુણાનુવાદ ગાતા પોતાની અંદરની દુનિયામાં ડૂબી ગયા. એ વખતે તેમને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થઈ.

બીજે દિવસે સવારે ગુરૂ નાનક ગંગાતટ પર પહોંચી ગયા. ગંગાના ઘાટ પર ભાત ભાતના ભાવિક લોકો ભેગા થયા હતા. જાણે કે માનવ મહેરામણ ઊમટ્યો ના હોય ! કોઈ સ્નાન કરતા, કોઈ સ્તવન બોલતા, કોઈ કિનારે બેસીને જપ કે ધ્યાન કરતા, તો કોઈ વળી એવું કશું જ ના કરતાં, મુગ્ધ બનીને કુદરતની અકળ કળાનું દર્શન કરતા હોય તેમ, ગંગાના પાવન પ્રવાહ તરફ મીટ માંડીને બેસી રહેતા.

નાનકદેવ એ સૌનું નિરીક્ષણ કરતાં ફરી રહ્યા હતા, ત્યાં તો એમની નજર બે ચાર યાત્રીઓ પર પડી.

ગંગાતટ પર ભેગા થયેલા વિશાળ જનસમુદાયમાં એ યાત્રીઓ ગોર મહારાજની સૂચના પ્રમાણે શ્રાદ્ધ કરી રહ્યા હતા. ગોર મહારાજ એમની પાસે વિધિપૂર્વક ક્રિયા કરાવતા અને એ ક્રિયાને એ અનુસરતા.

એ જોઈને નાનકદેવ ગંગાના પ્રવાહમાં ઊભા રહ્યા અને પાણીની અંજલિ લઈને બીજી દિશામાં નાખવા લાગ્યા.

ગોર મહારાજ અને યાત્રીઓ એ જોઈને હસ્યા ને બોલ્યા કે આ શું કરો છો ?

નાનકદેવે કહ્યું કે પાણી પહોંચાડું છું.

'ક્યાં પહોંચાડો છો ?'

'પંજાબમાં આવેલા મારા કરતારપુર ગામના ખેતરમાં, ત્યાં પાક થયો છે પણ થોડુંક પાણી પાવું પડે તેમ છે, તેથી આ પાણી રેડી રહ્યો છું'

'અહીં રેડેલું પાણી શું પંજાબના તમારા ગામના ખેતરમાં પહોંચી શકશે ?'

'નહિ કેમ પહોંચી શકે ?' નાનકદેવે ઉત્તર આપ્યો: 'આ તમારું શ્રાદ્ધ છેક પિતૃલોક સુધી પહોંચી શકે છે તો મારું પંજાબનું ખેતર તો એથી પાસે છે. ત્યાં સુધી શું આટલું પાણી નહિ પહોંચી શકે ?'

નાનકદેવના શબ્દો સાંભળીને બધા શાંત થઈ ગયા. શું જવાબ આપવો તે તેમને સૂઝ્યું નહિ.

ત્યારે નાનકદેવે કહ્યું : 'જે ક્રિયા કરવામાં આવે તે સમજીને વિવેકપુરઃસર કરવી જોઈએ. તમારી શ્રાદ્ધ ક્રિયાનો હું ઉપહાસ નથી કરતો, પરંતુ એને આંખ મીંચીને જડની જેમ કરવા કરતાં તમે તેનો મર્મ સમજો કે સમજવાનો પ્રયત્ન કરો એ વધારે જરૂરી છે ! બાકી તો સત્કર્મોનું શ્રાદ્ધ એ જ સાચું શ્રાદ્ધ છે. એવા શ્રાદ્ધથી આલોક અને પરલોક બંને સુખી બને છે. તમારા પિતૃઓને ઉત્તમ કર્મોની અંજલિ આપો તો તે વધારે પ્રસન્ન થશે.'

ગોર મહારાજ તથા યાત્રીઓને નાનકદેવની લોકોત્તરતાને ઓળખતાં વાર ના લાગી.

એમનો સમાગમ કરીને એમણે જીવનોપયોગી જરૂરી જ્ઞાન મેળવ્યું. એમને નવી દૃષ્ટિની પ્રાપ્તિ થઈ.

* * * * *

# [૧૩] ગાંધીજીનો સંદેશ

મારાં જીવનનાં શરૂઆતનાં કેટલાંક વરસો મેં મુંબઈની એક સંસ્થામાં પસાર કર્યાં હતાં.

સંસ્થા ઘણી સુંદર અને વ્યવસ્થિત હતી.

ત્યાં રહેનારાં વિદ્યાર્થીઓને ઘણી સારી તાલીમ અપાતી.

વિદ્યાર્થીઓની સંખ્યા પણ કાંઈ ઓછી નહોતી. એકસો પચીસ જેટલી હતી.

રહેવાની, જમવાની તથા બીજી વ્યવસ્થા સંસ્થામાં જ હતી અને ભણવા માટે બહાર જવું પડતું.

અહીં જે વાત કરી રહ્યો છું તે ઈ.સ. ૧૯૩૨ ની છે.

તે વખતે દેશની પરિસ્થિતિ જુદી જ હતી. મહાત્મા ગાંધીજીની અસાધારણ અસરથી આખાયે દેશમાં જાગૃતિની એક જોરદાર નવી લહરી ફરી વળી હતી. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણમાં બધે જ દેશને માટે કાંઈક કરી છૂટવાની અને ગુલામીનાં વરસો જૂનાં બંધનોમાંથી દેશને મુક્ત કરવાની ભાવના જોર પકડતી જતી હતી. આખા દેશની કાયાપલટ થઈ રહેલી એમ કહીએ તો ચાલે. નવજાગૃતિની એક ખાસ નોંધપાત્ર વિશેષતા એ હતી કે સ્ત્રીઓ તથા બાળકો પણ એની અસરથી અલિપ્ત નહોતાં રહી શક્યાં. દેશને માટે કાંઈક કરી છૂટવાની કે મરી ફિટવાની તમન્ના નાનાં મોટાં સૌની અંદર પેદા થઈ હતી.

એની પાછળ ગાંધીજીના જાદુઈ વ્યક્તિત્વનો પ્રભાવ હતો.

એ દિવસોમાં ગાંધીજી અમારી સંસ્થામાં સવારની પ્રાર્થના કરવા આવતા.

સંસ્થાનું વિશાળ મેદાન એમને ખૂબ જ પસંદ પડ્યું હોવાથી પ્રાર્થના માટે એ એનો ઉપયોગ કરતા.

એમની પ્રાર્થનામાં માણસો પણ ઘણી સારી સંખ્યામાં ભેગા થતાં. અમારે મન ગાંધીજીનું જીવન આશ્ચર્યમય હતું. એમના વિચારો તથા સિદ્ધાંતોને અમે કિશોરાવસ્થામાં હોવાથી બરાબર સમજી તો ન શક્યા પરંતુ એ દેશવાસીઓનું હિત કરવાની ઈચ્છા રાખે છે એમ માનીને એમના તરફ આદરભાવથી તો જોતાં જ.

એકવાર અમારી સંસ્થાના ગૃહપતિએ એમને સંસ્થામાં બધે ફેરવ્યા, અને પછી સંસ્થાનાં બાળકોને માટે એમની પાસે સંદેશો માગ્યો. ગાંધીજી તો મહાન કર્મયોગી. જીવનને અને જીવનની બધી જ પ્રવૃત્તિઓને કર્મયોગની દૃષ્ટિથી જ જોનારા કે મૂલવનારા. એમણે શાંતિપૂર્વક કલમ ઉપાડીને લખ્યું,

'આ સંસ્થાનાં બાળકો જેઓ લોકમદદથી શિક્ષણ મેળવે છે તે આ વાત યાદ રાખી મોટાં થતાં તે ઉપકારનો બદલો લોકસેવા કરી વાપરશે, એવી મારી ઉમેદ છે.'

- મોહનદાસ ગાંધી (૩-૧-'૩૨)

ગાંધીજીના લખાણ પાછળની ભાવના અત્યંત ઉદાત્ત હતી. બાળકો એ ભાવનાને ભૂલે નહિ અને આગળ જતાં લોકસેવાની દૃષ્ટિને કેળવીને પોતાના જીવનને યજ્ઞમય બનાવે એવી એમની ઈચ્છા હતી. સંસ્થાના સંચાલકોએ એ લખાણને કાચની ફ્રેમમાં મઢી લીધું ને ઓફિસ ખંડમાં લટકાવીને અમર રાખ્યું. સંસ્થાની મુલાકાત લેનારા એ લખાણને વાંચતા તથા પ્રસન્ન થતાં તેવી રીતે આજે પણ પ્રસન્ન થાય છે. પરંતુ એ લખાણના મર્મનો વિચાર કરી એને જીવનમાં ઉતારનારા, આત્મસાત્ કરનારા, કે હજમ કરનારા કેટલા નીકળ્યા ? બાળકોમાંના કેટલાકે તો એ લખાણને વાંચ્યું પણ નહિ હોય. સંસ્થાના સંચાલકોએ એને

વંચાવ્યું પણ નહિ હોય. પછી બાળકો એનો જીવનમાં અનુવાદ કરીને એનો અમલ કેવી રીતે કરી શકે ? એવી આશા પણ એમની પાસે કેવી રીતે રાખી શકાય ? મહાન પુરૂષો પાસેથી લેવાતાં આપણા મોટા ભાગના સંદેશાઓ કે હસ્તાક્ષરોનું એવું જ થાય છે. તે લેવાને ખાતર લેવામાં આવે છે, એક સ્મૃતિ તરીકે કે બીજાને બતાવવા માટે સાચવી રાખવામાં આવે છે, પરંતુ જીવન ઘડતર માટે તેમનો ઉપયોગ ભાગ્યે જ થતો હોવાથી, પ્રેરણાપદ નથી બની શકતા. તે ફેશનરૂપ બની જાય છે પણ જરૂરી નથી બનતા. નહિ તો એ સંદેશા કેટલા બધા ઉપયોગી થઈ શકે ?

મહાત્મા ગાંધીએ આપેલો એ સંદેશો સૌને માટે કામનો છે. આ વિશ્વ એક વિશાળ સંસ્થા છે. તેમાં સૌ એકમેકની મદદથી જીવી રહ્યાં છે. તેના બદલામાં એકમેકને મદદરૂપ થવા તત્પર રહેવું એ સૌનું કર્તવ્ય છે. એટલી વાત જો સારી પેઠે સમજાઈ જાય તો ? લોકોને કેટલો લાભ થાય, અને સમાજની સૂરત કેટલી બધી બદલાઈ જાય ? ગાંધીજીના સંદેશને એવી વિશાળ દૃષ્ટિથી વિચારવાની જરૂર છે.

* * * * *

# [૧૪] મંત્રની કિંમત

ભારતના જ્ઞાની અથવા તો યોગી પુરૂષોને મળવાની ઈચ્છાથી પ્રેરાઈને કેટલાય પરદેશી જિજ્ઞાસુ તથા સાધકો આ દેશની મુલાકાત લે છે. એમાં કેટલાક ઊંચી કોટિના સંસ્કારી આત્માઓ પણ હોય છે. તો કેટલાક સાધનાના પથ પર પ્રયાણ કરનારા, તો કેટલાક કેવળ કુતૂહલપ્રધાન આત્માઓ પણ આવતા હોય છે. દેશમાં વિચરણ કરીને અને વિવિધ પ્રકારના સાધક, યોગી કે સંતમહાત્માને મળીને એ એમનો યથાવકાશ, યથાશક્તિ લાભ લે છે અને એમના અનુભવ પરથી ભારતની, વર્તમાન આધ્યાત્મિક અવસ્થા વિશે અભિપ્રાય બાંધે છે. એ અભિપ્રાય દરેક વખતે સાચા જ હોય છે એવું નથી હોતું. કેટલીક વાર તો સત્યથી વેગળા જ હોય છે. છતાં પણ વિચારણીય કે નોંધપાત્ર હોય છે એમાં શંકા નહિ.

ઈ. સ. ૧૯૬૧ ની શરદઋતુના દિવસોમાં એક મદ્રાસી સંન્યાસી, એવા જ એક અમેરિકન જિજ્ઞાસુ ભાઈને લઈને મારી પાસે આવી પહોંચ્યા. તે ભારતમાં યોગીઓની શોધમાં આવ્યા હતા ને ભારતની મુસાફરી પણ સારા પ્રમાણમાં કરી ચૂકેલા.

એ વખતે હું હિમાલયના પ્રસિદ્ધ સ્થાન ઋષિકેશમાં રહેતો હતો.

એ અમેરિકન ભાઈ મને નિયમિત રીતે લગભગ રોજ મળવા લાગ્યા.

દિવસે દિવસે એમનો પ્રેમ વધતો ગયો અને એમની સરળતા, નમ્રતા, ને જિજ્ઞાસા જોઈને મને પણ એમને માટે ભાવ થયો.

પોતાની શંકાઓનું સમાધાન કરાવવાના ઉદ્દેશથી એ મારી પાસે લાંબા વખત લગી બેસી રહેતા.

મને પણ એમને એક યા બીજી રીતે મદદરૂપ થવાનો સંતોષ મળતો.

એક દિવસ એમણે મને એકાએક પ્રશ્ન કર્યો. 'તમે મને મંત્ર આપી શકશો ?'

મેં પૂછ્યું, 'કેમ ? તમારે મંત્રની જરૂર છે ?'

'હા,' એમણે ઉત્તર આપ્યો: 'તમારી પાસેથી મળે તો મને શાંતિની પ્રાપ્તિ થઈ શકે એવો મારો વિશ્વાસ છે.'

'હું વિચાર કરીને કહીશ.' મેં ઉત્તર આપ્યો.

બીજે દિવસે મેં એમને કહ્યું કે તમારે લાયક મંત્રની પસંદગી કરી આપવામાં હું તમને મદદરૂપ થઈ શકીશ.

મારા શબ્દો સાંભળીને એમને આનંદ તો થયો જ પરંતુ એમણે તરત જ પૂછ્યું : 'મંત્રની કિંમત શી બેસશે ?'

મેં કહ્યું: 'મંત્રની કિંમત તે વળી હોય ? તમારો પ્રશ્ન મને બહુ વિચિત્ર લાગે છે !'

'એમાં કશું જ વિચિત્ર નથી.' એમણે સ્પષ્ટીકરણ કરતાં કહેવા માંડ્યું : 'એની પાછળ મારા જીવનનો અનુભવ કામ કરી રહ્યો છે.'

'કેવી રીતે ?'

અમેરિકામાં એક ભારતીય સંતપુરૂષના સંપર્કમાં આવવાથી એમના પ્રત્યે આકર્ષણ થયું અને એમને માટે પ્રેમ પેદા થયો. એમણે કહ્યું કે મારી પાસેથી મંત્ર લો તો છ મહિનામાં શાંતિ મળશે. મેં પૂછ્યું કે મંત્રની કિંમત ? એમણે કહ્યું કે કિંમત વધારે નથી. ફક્ત પાંચ હજાર રૂપિયા. મેં પાંચ હજાર જેટલી રકમ આપીને મંત્ર લીધો. એનો જપ કરતાં છ મહિનાને બદલે બાર મહિના થઈ ગયા પરંતુ શાંતિ ના મળી. સંતપુરૂષને ફરિયાદ કરી તો તેમણે ઉત્તર આપ્યો કે હું શું કરું ? મેં તો મારું કર્તવ્ય પૂરું કર્યું. હવે તમારું કામ તમે જાણો. ભારતમાં આવ્યા પછી એક બીજા યોગીનો મેળાપ થયો. તેમની આજ્ઞા પ્રમાણે તેમની સેવામાં મેં બીજા પાંચેક હજાર ખર્ચ્યા, પરંતુ શાંતિ ના મળી. છેવટે એક ત્રીજા સંત મળ્યા. એમણે પણ મને મંત્ર આપવાની ઈચ્છા બતાવી. મેં કહ્યું કે મંત્રની શી કિંમત થશે ? એમણે કહ્યું કે છ હજાર રૂપિયા. મેં એમને મારી પૂર્વ હકીકત કહી સંભળાવી તો એમણે કહ્યું કે અડધી રકમ એડવાન્સમાં આપો ને અડધી પાછળથી આપજો. પરંતુ મેં એમની પાસેથી મંત્ર ના લીધો. હવે તમારી પાસેથી લેવો છે એટલે એની કિંમત વિશે પૂછી રહ્યો છું. 'ભારતના સંતો મફત મંત્રો નથી આપતા.'

મેં કહ્યું: 'તમે જેવું સમજો છો તેવું ભારત નથી. સાચું ભારત જુદું છે. મંત્રની કિંમત રૂપિયામાં નથી થતી એની કિંમત શ્રદ્ધા અને સબૂરી છે.'

એ બોલ્યા: 'આવું તો તમે એકલાએ જ કહ્યું.'

મેં કહ્યું: 'ભારતીય સંસ્કૃતિ, ધર્મ ને સાધનાનું કહેવું એ જ છે. કોઈ બે-ચાર કે વધારે પુરૂષો જુદું કહે એટલે એમની દ્વારા આખું ભારત બોલી રહ્યું છે એવું ના માનશો. નહિ તો ભારતને અન્યાય કરી બેસશો.'

એ આનંદ પામ્યા.

તકવાદી સાધુઓ પોતાના દેશના ગૌરવનો વિચાર કરશે ખરા ?

* * * * *

# [૧૫] યોગની સાધનામાં હતાશ અભિનેત્રી

અમેરિકાના સિનેમાજગતની એક જાણીતી લોકપ્રિય અભિનેત્રી.

એનું નામ જાણવાની તમને સૌને જિજ્ઞાસા થશે તે જાણું છું.

જિજ્ઞાસા થાય એ બરાબર છે.

છતાં પણ એ જિજ્ઞાસા ના સંતોષુ અથવા એનું નામ ના આપું એ જ બરાબર છે.

તમારે નામ સાથે નહિ પરંતુ એની કથા સાથે જ કામ છે ને ?

ઈ.સ. ૧૯૬૦ ની આસપાસ એ સુપ્રસિદ્ધ અમેરિકન અભિનેત્રી ભારતમાં આવી પહોંચી.

શા માટે ખબર છે ?

યોગસાધના કરવાની ઈચ્છાથી અને એ સાધનાનું અનુષ્ઠાન કરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરીને પરમશાંતિની પ્રાપ્તિ કરવાની ભાવનાથી.

ભાવના ઘણી ઉત્તમ હતી પરંતુ એની પૂર્તિ કેવી રીતે થાય ?

એ ભાવનાથી પ્રેરાઈને ભારતમાં એ ઠેકઠેકાણે ફરી, કેટલાય સંત પુરૂષોના સંપર્કમાં આવી, અને કેટલાક યોગગ્રંથોનો પરિચય કરી ચૂકી. છતાં પણ એને ચોક્કસ દિશા ના મળી. ફરતી ફરતી એ હિમાલયની ઋષિમુનિસેવિત પુરાણપ્રસિદ્ધ ભૂમિમાં આવી પહોંચી. અને થયું કે હિમાલયની ભૂમિ તો તપસ્વીઓ, યોગીઓ અને જ્ઞાની મહાત્માઓની વિહાર ભૂમિ છે. ત્યાં તો મારી યાતના પૂરી થશે જ. કોઈ ઈશ્વરદર્શી મહાપુરૂષની છત્રછાયામાં બેસીને મારા જીવનનું સાર્થક્ય હું જરૂર કરી શકીશ.

ઋષિકેશમાં સ્વર્ગાશ્રમના સુંદર શાંત પ્રદેશમાં ત્યારે એક સંતપુરૂષ નિવાસ કરતા. એ હિમાલયનાં અંદરનાં સ્થળોમાં સાધના કરીને થોડા જ વખતથી ઋષિકેશ આવેલા. યોગની રહસ્યમયી ગૂઢ સાધનામાં એ નિષ્ણાત મનાતા. અમેરિકન અભિનેત્રી એમને જોઈને પ્રભાવિત થઈ અને એમના સહવાસમાં અવારનવાર રહેવા લાગી.

એક ધન્ય દિવસે એણે સંતપુરૂષને યોગસાધનાની દીક્ષા આપવા માટે પ્રાર્થના કરી તો સંતપુરૂષે તરત જ ઉત્તર આપ્યો કે દીક્ષા લેતાં પહેલાં તારે કેટલીક વિશેષ પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડશે. તું અમેરિકન છે અને સિનેમાલાઈનમાં કામ કરી ચૂકી છે માટે સૌથી પહેલાં તો તારા સંસ્કારોની શુદ્ધિને માટે મારે અનુષ્ઠાન તથા હવન કરવો પડશે. અનુષ્ઠાન કરતાં બે મહિના લાગશે અને આઠથી દસ હજારનો ખર્ચ થશે.

સંતપુરૂષને થયું કે પૈસા કઢાવવાનો આવો અનુકૂળ અવસર ફરી ફરી આવવાનો નથી, અને પેલી અભિનેત્રીને થયું કે આટલો સ્થૂલ ભોગ આપીને પણ હું યોગસાધના માટે લાયક થઈ શકું તો સારું એટલે એણે દસેક હજારની રકમ પેલા સંતને અર્પણ કરી તથા અનુષ્ઠાન કરવાની સંમતિ આપી.

બે મહિના પૂરા થયા એટલે દીક્ષા આપવાને બદલે સંતપુરૂષે કહ્યું કે, 'મારા ઈષ્ટદેવ તું પરદેશી હોવાથી તને દીક્ષા આપવાની અનુજ્ઞા નથી આપતાં. છતાં પણ તું થોડો વધારે ખર્ચ કરે તો મારા ઈષ્ટદેવને પ્રસન્ન કરવાની કોશિશ કરી શકું.'

પેલી સ્ત્રી હતાશ થઈ. વધારે ખરચવાનું એને નિરર્થક લાગ્યું.

સંતપુરૂષ એને બૌદ્ધિક રીતે સંતોષવાના કામમાં પણ નિષ્ફળ ગયા.

ભારતના યોગીઓ વિશેની એની કલ્પનામાં ઘણો ફેર પડી ગયો.

એના એક અમેરિકન મિત્રે મારી આગળ એ બધી વાતનું વર્ણન કરીને કહ્યું 'એ સ્ત્રીને જો તમારો મેળાપ થયો હોત તો એને ઘણો લાભ થાત. પરંતુ તમે અહીં આવ્યા છો અને એ ઋષિકેશની આ ભૂમિ છોડીને બર્મા તરફ વિદાય થઈ છે.'

પરદેશથી આવતાં આવાં સ્ત્રી-પુરૂષો સાથે વ્યવહાર કરતી વખતે આપણા સંતપુરૂષો વ્યાપારી બુદ્ધિ રાખવાને બદલે માનવતા ભરેલો ને પોતાના દેશની શાન વધારનારો નિઃસ્વાર્થ વ્યવહાર રાખે એ ઈચ્છવા યોગ્ય છે. સંતપુરૂષોને એના સાચા વર્તાવને માટે ભલામણ કરવી પડે છે એ પણ સમયની બલિહારી છે !

* * * * *

# [૧૬] દેવેન્દ્રનાથ સત્યાર્થીની નિરાભિમાનીતા

કેટલાક પ્રસંગો એવા હોય છે જે કાળજામાં કાયમને કાજે જડાઈ જાય છે. જીવનમાં એ જુદી જ ભાત પાડે છે, અને પોતાની સુમધુર સુવાસ વરસોનાં વરસો સુધી મૂકી જાય છે. એ સુવાસ અક્ષય હોય છે એમ કહીએ તો ચાલે. એમાં કશી જ અતિશયોક્તિ નથી થતી.

એ પ્રસંગોની સ્મૃતિ પણ ભારે આનંદ આપનારી સાબિત થાય છે. એટલું જ નહિ, પ્રેરક પણ થઈ પડતી હોય છે, જ્યારે જ્યારે એમનું સ્મરણ કરવામાં આવે છે. ત્યારે ત્યારે એ એક પ્રકારનો અસાધારણ, અવિસ્મરણીય શક્તિસંચાર કરે છે, અને ચિત્તને તાજગીથી ભરે છે.

જે પ્રસંગનો અહીં ઉલ્લેખ કરી રહ્યો છું એ એક એવો જ અનેરો અને અવિસ્મરણીય પ્રસંગ છે. જૂનો ને વરસો પહેલાંનો પરંતુ વરસોથી એ એવો ને એવો જ અકબંધ રહીને અથવા તો અસાધારણ બનીને મારા મગજમાં રમી રહ્યો છે. વરસોથી મારા અંતરાત્માએ એને વાગોળ્યા કર્યો છે, અને એને આદર્શ માનીને પોતાના સનાતન સંગ્રહસ્થાનમાં સાચવી રાખ્યો છે. આજે પણ મને એ પ્રસંગ એવો જ અનેરો અથવા તો પ્રેરણાસ્પદ લાગે છે, અને એની સાથે સંકળાયલી વ્યક્તિ વિશે મનમાં માન જાગે છે.

મેં તો મારા જીવનમાં જાણ્યું છે કે સંસારની નાની કે મોટી, સાધારણ કે અસાધારણ, પ્રત્યેક વસ્તુ કે વ્યક્તિ દ્વારા કાંઈ ને કાંઈ શીખી શકાય છે. ઉત્તમ જીવન જીવવાનો મંત્ર એક યા બીજી રીતે બધાં જ પૂરો પાડતાં હોય છે. ફક્ત તે મંત્રને ઝીલી લેવાની શક્તિ માણસમાં હોવી જોઈએ. ભાગવતમાં દત્તાત્રેયના ચોવીસ ગુરૂઓની કથા આવે છે તે શું કહી બતાવે છે. તેમનો મધ્યવર્તી વિચાર શો છે ? એ જ કે ભક્ત માણસની અંતરની આંખ જો ઉઘાડી હોય તો તે સંસારમાં ડગલે ને પગલે સદુપદેશથી ભરેલા સદ્‌ગ્રંથો જોઈ શકે. સંસાર એને માટે એક મહામૂલ્યવાન યુનિવર્સિટી બની જાય છે. એવી રીતે જીવનમાં જો આંખ ઉઘાડી રાખીને ચાલીએ તો કેટલીય અવનવી જીવનોપયોગી, સામગ્રી મેળવી શકીએ એમાં સંદેહ નહિ.

હું જે પ્રસંગનું વર્ણન કરી રહ્યો છું તે પ્રસંગ આજથી પચીસેક વરસ પહેલાં બનેલો છે.

તે વખતે હું વિદ્યાભ્યાસના વખત દરમિયાન એક સંસ્થામાં રહીને જીવન નિર્ગમન કરતો હતો.

એ સંસ્થા મુંબઈમાં ચોપાટી પરના લત્તામાં આવેલી હતી.

સંસ્થાનું મકાન એટલું બધું વિશાળ અને સુંદર હતું કે જાણે રાજમહેલ જ જોઈ લો.

એમાં રહેનારા વિદ્યાર્થીઓ વાર્ષિકોત્સવ કરતા, અને એ વખતે જુદા જુદા વિદ્વાન તથા નામાંકિત માણસોને નિમંત્રણ આપતા. એમની પાસે પ્રવચનો કરાવતા, ગીત ગવરાવતા, અને એવી રીતે એમના અનુભવજ્ઞાનનો લાભ લેતા.

એ વાર્ષિકોત્સવમાં નાટક, સમૂહગીત, સંગીત કાર્યક્રમ તથા વ્યાયામના ચિત્તાકર્ષક જુદા જુદા પ્રયોગો થતા, અને હું પણ એમાં ભાગ લેતો. એ બધો કાર્યક્રમ એકંદરે ઘણો જ આનંદદાયક થઈ પડતો.

એ વરસે મુંબઈમાં શ્રી દેવેન્દ્રનાથ સત્યાર્થી આવેલા. તેમને ભારતનાં લોકગીતોનો ખૂબ જ શોખ હતો. એ શોખથી પ્રેરાઈને એ ભારતના ભિન્ન ભિન્ન પ્રાંતોમાં પ્રવાસ કરતા ને તેમના લોકગીતોનો અભ્યાસ કરતા. એમનો જન્મ બંગાળમાં થયો હતો અને શાંતિનિકેતનમાં રહીને એમણે અભ્યાસ કર્યો હતો. અમારા

ગૃહપતિએ એમને આમંત્રણ આપ્યું તે જાણીને અમને અત્યંત આનંદ થયો. સંસ્થાના વાર્ષિકોત્સવમાં એમનો લોકગીતોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સામાન્ય રીતે એવું બનતું કે કોઈ અતિથિવિશેષ અથવા આમંત્રિત મહાનુભાવ આવતા ત્યારે સંસ્થાના પ્રવેશદ્વાર પાસે ઊભેલા બેન્ડવાળાઓ બેન્ડના સૂરો વગાડીને તેમનું સ્વાગત કરતા. પરંતુ દેવેન્દ્રનાથ સત્યાર્થ એ દિવસે મોડા પડ્યા. બેન્ડવાળાઓએ ઓળખ્યા નહિ, એટલે એમનું સ્વાગત પણ ના થયું. અને વધુમાં, કાર્યક્રમની શરૂઆતનો સમય થઈ ગયો હોવાથી, કાર્યક્રમ શરૂ થયો, અને ગૃહપતિ પણ પોતાની ખુરસી પર જઈને બેસી ગયા.

દેવેન્દ્રનાથ સત્યાર્થી આવ્યા તો ખરા, પરંતુ મોડા આવ્યા, અને એ વખતે બીજો કાર્યક્રમ ચાલતો હોવાથી, દર્શકોના વિશાળ સમુદાયમાં જઈને કોઈનું ધ્યાન ના ખેંચાય એવી રીતે ચૂપચાપ બેસી ગયા. કાળી ભમ્મર લાંબી દાઢી પરથી એ આગળ તરી આવે એવા તો હતા જ, પરંતુ કોઈ એમને ઓળખી ના શક્યું. એટલે એ શાંતિપૂર્વક બેસી રહ્યા.

પરંતુ...એમને માટે એવી રીતે અજ્ઞાતરૂપે બેસી રહેવાનું બહુ લાંબા વખતને માટે નહોતું લખાયું.

થોડોક વખત વીતી ગયા પછી અમારા ગૃહપતિની નજર એમના પર પડી. પોતાની ક્ષતિને માટે એમને અફસોસ થયો. એ જલદી જલદી ઊભા થયા. એ વિદ્વાન પુરૂષ પાસે પહોંચી ગયા, ને એમને આમંત્રિતોને બેસવા માટેની આગલી હરોળમાં લઈ આવ્યા.

નિયત સમયે એમનો લોકગીતોનો કાર્યક્રમ શરૂ થયો.

લોકોને એ કાર્યક્રમ ખૂબ પસંદ પડ્યો.

કાર્યક્રમની પરિસમાપ્તિ પછી અમે એ નમ્રતાની મૂર્તિ જેવા મહાપુરૂષની પાસે પહોંચી ગયા.

કોઈએ એમને પૂછ્યું : 'તમને કોઈ ઓળખતા નહિ તો આવી અજ્ઞાત રીતે ક્યાં લગી બેસી રહેત ?'

'કેમ ? તેમણે હસતે મુખે કહેવા માંડ્યું : 'બધો કાર્યક્રમ પૂરો થાત ત્યાં સુધી. બધા વિદાય થાત એટલે હું પણ એમની સાથે વિદાય થાત.'

'પણ તમારે કોઈનું ધ્યાન તો ખેંચવું તું ?'

'એથી બધાની નજર મારા પર પડત ને જે કાર્યક્રમ ચાલતો'તો તેમાં ભંગ પડત'

કેટલી બધી નિરાભિમાનીતા, નમ્રતા, ને કેટલી બધી આત્મજાગૃતિ. બીજાને માટે એ પ્રસંગ પદાર્થપાઠરૂપ છે. આજે પણ હું એને નથી ભૂલી શક્યો. નહિ ભૂલી શકું.

* * * * *

# [૧૭] પરિગ્રહ, લાલસા તથા માલિકીપણાની ભાવના દુઃખનું મૂળ

શ્રીમદ્ ભાગવતમાં દત્તાત્રેયના ચોવીસ ગુરૂની વાત આવે છે. એમાં એમણે સમડીને પણ ગુરૂ કરી છે.

ગુરૂ એટલે શું ?

ગુરૂ શબ્દના અર્થ બીજા અનેક કરવામાં આવતા હોય અને આવે છે, પરંતુ એનો મુખ્ય અર્થ તો માર્ગદર્શક થાય છે. માર્ગદર્શક અથવા પથદર્શક.

જીવનમાં જે આત્મવિકાસ અથવા તો પ્રગતિના સાચા પંથનું દર્શન કરાવે, તે પંથે પ્રયાણ કરવાની શક્તિ આપે કે પ્રેરણા પૂરી પાડે અને અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને જે જ્ઞાનનો પરમ પાવન પ્રકાશ જીવનમાં પાથરી દે, તે ગુરૂ કહેવાય. એ ગુરૂ કોઈ જીવંત મનુષ્ય જ હોવો જોઈએ એવું નથી. જેની પાસેથી એવી જીવનોપયોગી મહત્વની મદદ મળે તે ગુરૂ. એવી વિશાળ દૃષ્ટિને નજર સમક્ષ રાખીને જ્ઞાનની પ્રાપ્તિમાં અને એ દ્વારા જીવનવિકાસમાં મદદરૂપ થનાર સૌ કોઈને દત્તાત્રેયે ગુરૂ માન્યા છે અને ગુરૂના પૂજ્યભાવથી પ્રણામ કર્યાં છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ જેવા પંચ મહાભૂતોને તો એમણે ગુરૂ કર્યાં જ છે, પરંતુ સમડી જેવાં પક્ષીને પણ ગુરૂ કર્યા છે.

સમડીને પણ દત્તાત્રેયે ગુરૂ કરી ?

હા. સમડીને જોઈને પણ એમણે બોધપાઠ મેળવ્યો અને એને ગુરૂ કરી.

કેવી રીતે તે જોઈએ.

એક વાર દત્તાત્રેય ફરતા ફરતા એક ઠેકાણેથી બીજે ઠેકાણે જઈ રહ્યા હતા.

ત્યાં એમની નજર અચાનક એક સમડી પર પડી.

તે સમડી બેચેન બનીને આકાશ તરફ ત્વરાથી ઊડતી હતી અને બીજી અસંખ્ય સમડીઓએ એનો પીછો પકડ્યો હતો. એવું લાગતું'તું કે એ બધી સમડીઓ પેલી સમડીને હમણાં જ પકડી પાડશે.

સમડી ગભરાઈ ગઈ હોવાથી જાણે કાંઈ સૂઝતું ન હોય એમ, આમતેમ ઉપરાઉપરી ચક્કર મારતી'તી.

આખરે એ થાકી.

બીજી સમડીઓ એની પાસે સિફતથી દોડી આવીને એને ચાંચ મારવા લાગી એટલે પોતાનું રક્ષણ પોતે નહિ કરી શકે એવી પ્રતીતિ થવાથી એ એક ઝાડ પર જઈને બેસી ગઈ.

એ વખતે પોતાના મોઢામાંનો માંસનો ટુકડો એણે નીચે નાખી દીધો.

માંસનો ટુકડો નીચે પડ્યો એટલે પાછળ પડેલી બધી જ સમડીઓ એ સમડીને છોડી દઈને એ ટુકડા તરફ ધસી ગઈ.

સમડી હવે નિર્ભય બની.

દત્તાત્રેયને એ સમડીની બેચેની અથવા અશાંતિનું રહસ્ય હવે જ સમજાયું.

જ્યાં સુધી મોઢામાં માંસનો લોચો હતો ત્યાં સુધી એના પર બીજી સમડીઓની દૃષ્ટિ હતી અને એને આપત્તિ હતી. પરંતુ માંસનો ટુકડો મૂકી દેતાં એ આપત્તિ હવે દૂર થઈ. એ બધું નિરીક્ષણ કરી રહેલા અવધૂત

દત્તાત્રેયે સમડીને સદ્‌ગુરૂ માનીને મનોમન પ્રાણામ કર્યા ને કહ્યું : 'તું મારી ગુરૂ. તારી પાસેથી મને આજે જાણવા મળ્યું કે પરિગ્રહ જીવને દુઃખી કરે છે અને અપરિગ્રહ સુખનું કારણ થઈ પડે છે. એટલા માટે જેણે સુખશાંતિની પ્રાપ્તિ કરવી હોય તેણે પરિગ્રહવૃત્તિનો ત્યાગ કરવો.'

પરિગ્રહવૃત્તિ, માલિકીપણાની ભાવના, દુન્યવી પદાર્થોની લાલસા કે વાસના દુઃખદાયક છે એ સાચું છે. એથી પ્રેરાઈને જે ભાતભાતનાં ને જાતજાતનાં કર્મો કરવામાં આવે છે તે માનવને શુભાશુભ ફળબંધનથી બાંધે છે અને અશાંત બનાવે છે. એટલે જીવનમાં જેને શાંતિ મેળવવાની ઈચ્છા હોય તેણે પદાર્થોમાંથી માલિકીપણાની ભાવનાને કાઢી નાંખવી, દુન્યવી પદાર્થોની લાલસા, વાસના કે તૃષ્ણાને ટાળવી, પરિગ્રહવૃત્તિને દૂર કરવી ને બહારની દુનિયામાંથી મનને પાછું વાળીને પોતાની અંદરની દુનિયામાં અથવા તો આત્મામાં એને સ્થિર કરવું. એ જ શાંતિનો માર્ગ છે, સુખનો રસ્તો છે.

દત્તાત્રેયે સમડીને ગુરૂ કરીને ગ્રહણ કરેલો એ ઉપદેશ સમસ્ત સંસારને માટે કામનો છે. એ દૃષ્ટિએ જોતાં એની મહત્તા ધારવા કે માનવા કરતાં ઘણી મોટી છે. એને ઝીલીએ તો લાભ થાય.

* * * * *

# [૧૮] સળગતાં લાકડાંએ ઉપદેશ આપ્યો

શીખ ધર્મના સંસ્થાપક ગુરૂ નાનકદેવ એક મહાન પ્રતિભાશાળી પુરૂષ હતા. એમણે એમના જીવનકાળ દરમિયાન કેટલાયના જીવનમાં ક્રાંતિ કરી, પ્રકાશ અને પ્રેરણાની નવી સામગ્રી ભરી. એટલું જ નહિ, કેટલાય અસાધારણ સંસ્કારવાળા આત્માઓને પોતાના તરફ આકર્ષ્યા પણ ખરા.

કરતારપુરમાં નાનકદેવના સુધામય વચનો સાંભળવા માટે શીખો સારી સંખ્યામાં ભેગા થતાં. એમાં એક સાત વરસનો છોકરો પણ લગભગ રોજ આવતો. નાનકદેવનો સદુપદેશ એ ધ્યાનપૂર્વક સાંભળતો.

નાનકદેવે એક દિવસ એને નિયમિત રીતે સત્સંગમાં આવવાનું કારણ પૂછ્યું તો એણે ખુલાસો કરતાં કહેવા માંડ્યું કે મારી માતાએ એક દિવસ મને ચૂલો સળગાવવાની આજ્ઞા કરી. તે પ્રમાણે મેં ચૂલો સળગાવ્યો તો ખરો, પરંતુ તે વખતે ઝીણવટથી જોયું તો ખબર પડી કે નાની લાકડીઓ જલદી સળગવા લાગી. એ જોઈને મને વિચાર આવ્યો કે હું પણ નાનો છું એટલે કાળરૂપી અગ્નિ મને પણ વહેલી તકે સળગાવી દેશે. મારે પણ વહેલું મરવું પડશે એટલે મરણ પહેલાંની જરૂરી તૈયારી માટે અત્યારથી જ તમારી પાસે આવતો રહું છું.

નાનકદેવ એના શબ્દો સાંભળીને પ્રસન્ન થયા, ને બોલ્યા કે તારી સમજશક્તિ તો વૃદ્ધોને પણ શરમાવે તેવી છે. તારા શબ્દો સાંભળીને મને બહુ આનંદ થાય છે. તારૂં નામ હવેથી ભાઈ બુધો રહેશે.

મોટો થતાં ભાઈ બુધો શીખ ધર્મના ઈતિહાસમાં અમર બની ગયો. એણે પોતાનું જીવન બીજાની સેવા માટે ખરચી નાખ્યું.

સળગતાં લાકડાંને તો સૌ કોઈ જુએ છે પરંતુ એના પરથી આવી જાતની જીવનોપયોગી શિક્ષા કેટલાક ગ્રહણ કરે છે ?

* * * * *

# [૧૯] વિષપાન કરનાર શંકર

પુરાણોમાં એક સુંદર અને સારભરેલી કથા છે.

કથા શંકર ભગવાન સાથે સંબંધ રાખે છે.

એમાં ભગવાન શંકરની વિશાળતા, ઉદારતા તથા પરહિતપરતાનું આપણને દર્શન થાય છે.

એમણે વિશ્વની સુરક્ષા અને વિશ્વના મંગલને માટે શું કર્યું તેની માહિતી એમાંથી સહેલાઈથી મળી રહે છે.

શ્રીમદ્ ભાગવતની જેમ મહાભારતમાં પણ એનો ઉલ્લેખ કરવામાં આવેલો છે.

એ કથા સમુદ્રમંથનની છે.

એ કથા પ્રમાણે પૂર્વકાળમાં દેવતાઓ અને દાનવોએ, અમૃતની પ્રાપ્તિ માટે, સમુદ્રનું મંથન શરૂ કર્યું.

એ માટે એમણે મંદરાચલ પર્વતનો રવૈયો કર્યો તથા વાસુકી નાગનું દોરડું બનાવ્યું.

મંદરાચલ પર્વતની મદદથી સમુદ્રનું મંથન કરતી વખતે હજારો વાદળોની ગર્જના સમાન ઘોર ગર્જના થવા લાગી, સેંકડો જલચર જંતુ દબાઈ ગયાં તથા બીજા કેટલાંય પ્રાણીઓનો નાશ થઈ ગયો.

દેવતાઓએ પ્રખર પરિશ્રમ કર્યો તો પણ અમૃતની ઉપલબ્ધિ ના થઈ, ત્યારે તે નિરાશ થયા ને બ્રહ્માની પાસે જઈને કહેવા લાગ્યા : 'દેવાધિદેવ, અમે બધા શ્રમિત થઈ ગયા છીએ. સમુદ્રના મંથનનો આરંભ કર્યે લાંબો વખત વીતી ગયો છે તો પણ હજુ અમારો પરિશ્રમ સફળ નથી થયો. તેનું કારણ અમને નથી સમજાતું. તમે અમને શુભાશિષ આપો જેથી અમે દાનવો સાથે સહયોગ કરીને અમારા કામમાં સફળ થઈએ.'

બ્રહ્માએ એમને આશીર્વાદ આપ્યો અને એમને બળ પ્રદાન કરવા માટે પરમાત્માને પ્રાર્થના કરી.

ભગવાન વિષ્ણુએ કહ્યું કે જે લોકો આ મહાન કાર્યની સિદ્ધિ માટે મહેનત કરી રહ્યા છે એમનામાં હું શક્તિસંચાર કરું છું. એ પોતાની સમગ્ર શક્તિથી પરિશ્રમ કરશે તો એમનો પરિશ્રમ જરૂર સફળ થશે.

દેવતા તથા દાનવોની શક્તિ ભગવાનની કૃપાથી વધી ગઈ. એમનો વિશ્વાસ પણ વધી ગયો. અનંતગણા ઉત્સાહથી સંપન્ન થઈને એમણે ફરીથી સમુદ્રમંથન કરવા માંડ્યુ.

એમના મંથનથી સમુદ્ર ક્ષુબ્ધ બની ગયો.

પછી તો એ મહાસાગરમાંથી અનંત કિરણોવાળા સૂર્યસમાન તેજસ્વી છતાં શીતળ પ્રકાશથી યુક્ત, શ્વેતવર્ણ પ્રસન્ન, ચંદ્રમા પ્રગટ થયો.

પછી એમાંથી લક્ષ્મીદેવી, સુરાદેવી શ્વેત અશ્વ, દિવ્ય કૌસ્તુભ મણિ, પારિજાત વૃક્ષ તથા સુરભિ ગાયનો આવિર્ભાવ થયો. પછી દિવ્ય શરીરધારી ધન્વંતરી દેવ પ્રકટ થયા.

એમના હાથમાં શ્વેત કળશ હતો અને એમાં અમૃત ભર્યું હતું.

એ અદ્ભુત, અદૃષ્ટપૂર્વ, દૃશ્ય જોઈને બધે કોલાહલ મચી ગયો. બધા અમૃતને માટે આતુર બની ગયા.

પરંતુ એટલામાં તો એક બીજી વિલક્ષણ ઘટના બની ગઈ.

સમુદ્રને વધારે મથવાથી કાલકુટ નામનું વિષ ઉત્પન્ન થયું.

એ વિષ ચરાચર જગતને ઘેરવા લાગ્યું. એનો પ્રભાવ એવો તો ભયંકર હતો કે એને સૂંઘનારાં બધાં જ પ્રાણી મૂર્છિત બની ગયા.

એ વિષનું પાન કોણ કરે ? જો એનું પાન કોઈયે ના કરે તો જગતનો નાશ થઈ જાય.

છેવટે બ્રહ્માજીએ ભગવાન શંકરને પ્રાર્થના કરી એટલે વિશ્વને ઉગારવાના એકમાત્ર ઉદ્દેશથી પ્રેરાઈને, એમણે એ વિષનું પાન કરી લીધું.

વિષને એમણે પોતાના મહાન યોગ સામર્થ્યથી પોતાના કંઠમાં ધારણ કરી લીધું. ત્યારથી એ નીલકંઠ કહેવાયા.

શંકર ભગવાનની કૃપાથી એવી રીતે બ્રહ્માંડની રક્ષા થઈ ગઈ.

આ પ્રસંગ શું સૂચવે છે ? એ જ કે જીવનના ક્ષીરસાગરમાંથી બીજા મૂલ્યવાન રત્નોની જેમ એકલું અમૃત જ નથી નીકળતું, પરંતુ વિષ પણ નીકળે છે. જીવનમાં જેમ સુખ છે તેમ દુઃખ પણ છે. હર્ષ છે તો શોક પણ છે. સંપત્તિ છે તેવી રીતે વિપત્તિ પણ છે. અને શાંતિની જેમ અશાંતિ અથવા અનુકૂળતાની પેઠે પ્રતિકૂળતા પણ છે. તેને દેખીને ડરવાનું કે ડગવાનું નથી, પરંતુ કલ્યાણસ્વરૂપ શંકર બનીને તેની સામે સ્મિત કરવાનું છે તથા તેનું પાન કરવા તૈયાર રહેવાનું છે. આપણી આજુબાજુના જગતમાં ઝેર હશે તો ભલે, આપણી અંદર અમૃત હોય એ આવશ્યક છે. તો ઝેર આપણને જલાવી નહિ શકે; એના પ્રતિકૂળ પ્રભાવમાંથી આપણે આપણને તથા બીજાને મુક્ત રાખી શકીશું અને જીવનને ઉત્સવમય કરીશું.

* * * * *

# [૨૦] મેં તો વિશ્વને પહેર્યું છે.

ઈ.સ. ૧૯૫૦ ની વાત છે. ગુજરાતનો પ્રવાસ પૂરો કરીને હું હિમાલયના પવિત્ર તીર્થધામ દેવપ્રયાગમાં આવી પહોંચ્યો. એ વખતે ઉનાળાનો આરંભ થયેલો.

હિમાલયની ભૂમિ આમ જ સિદ્ધ કોટિના મહાત્મા પુરૂષોની વિહારભૂમિ છે. એ ભૂમિનાં પરમાણુ આજે પણ એમની તપશ્ચર્યાના પ્રભાવથી અલૌકિક અને પાવન લાગે છે.

એ ભૂમિને વંદન કર્યા. મોટરમાંથી ઊતરીને મોટરસ્ટેન્ડની પાસે આવેલી દુકાનમાં જવા માટે હું પગથિયાં ઊતરતો હતો ત્યાં જ મારી નજર બાજુના મકાનની દીવાલ પાસે બેઠેલા એક સાધુપુરૂષ પર પડી. તે ચલમ પીતાં પીતાં કોઈ પડોશીની સાથે વાતચીત કરતા હતા. એમને જોતાંવેંત જ મારા પ્રાણમાં પડઘો પડ્યો કે આ કોઈ અસાધારણ કક્ષાએ પહોંચેલા મહાપુરૂષ છે. ઉપરથી એમનો વેશ સાધારણ લાગે છે, પરંતુ એમની આત્મિક અવસ્થા અત્યંત ઊંચી અને અનેરી છે.

સાધનાની અમુક અવસ્થાએ પહોંચ્યા પછી, કોઈ પણ ઊંચી કોટિની વ્યક્તિને ઓળખવાનું કામ સહેલું બને છે. એમની યોગ્યતા વિશે હૃદય એમને જોતાંવેંત જ બોલી ઊઠે છે. આ વાત સૌના સંબંધમાં સાચી હોય કે નહિ, પરંતુ મારા સંબંધમાં સાચી ઠરી હતી. અને એવી રીતે મેં કેટલાય છૂપા રતન જેવા મહાપુરૂષોને દૃષ્ટિ પડતાંવેંત જ ઓળખી કાઢેલા. આ મહાપુરૂષના સંબંધમાં પણ એવું જ બન્યું.

દેવપ્રયાગના પંડા મારી પાસે આવ્યા એટલે મેં પૂછ્યું : 'આ મહાપુરૂષ અહીં ક્યારથી આવ્યા છે ?'

'લગભગ મહિનાથી આવ્યા છે.' એમણે કહ્યું, 'અને ગંગા કિનારે સંગમ પરની ગુફામાં પડ્યા રહે છે.'

મેં કહ્યું : 'આ તો સમર્થ મહાપુરૂષ છે. એમને હું પાછો આવું ત્યાં સુધી બેસાડી રાખજો.'

પાછા આવીને મેં જોયું તો એ મહાત્મા પુરૂષ હાથમાં મૃગચર્મ લઈને તથા કામળો ઓઢીને મારા આશ્રમ પર આવવા તૈયાર થઈ ગયા હતા.

આશ્રમ ઘોર જંગલમાં, મોટર સ્ટેન્ડથી થોડે દૂર હતો.

ત્યાં આવ્યા પછી એ મહાપુરૂષે મૃગચર્મ નીચે પાથર્યું, ને કામળો બાજુ પર મૂકીને, બહાર ચોકમાં, પદ્માસન વાળીને બેસી ગયા. એમનું સાચું સ્વરૂપ ત્યાં જ જોવા મળ્યું.

શરીર તો એમનું કાળું હતું, પરંતુ આંખમાં એક પ્રકારની અસાધારણ આભા ભરેલી હતી. એમનાં લોચન ચમકતાં'તા એમ કહીએ તો ચાલે. માથા પર જટા, નાની સરખી દાઢી, અને સામે ત્રિશૂળ !

મેં પૂછ્યું : 'આપ કિસ તરફસે આતે હૈ?'

'કેદારનાથ સે' એમણે ઉત્તર આપ્યો, 'વહાં એક બડા મહાત્મા રહતા હૈ, ઉસે મિલને ગયા થા. લેકિન ઉસકે દિલમેં ધનકી લાલસા ઔર લોકેષણા હૈ. માયાકે ગઢકો તોડના કોઈ સહજ બાત થોડી હૈ ? કોઈ કહાં આકર રૂકતા હૈ, ઔર કોઈ કહાં આકર.'

ફરી પાછી શાંતિ.

એ સમસ્ત સમય દરમ્યાન એ મહાપુરૂષની આંખનું પોપચું પણ નહોતું પડતું. લગભગ કલાક વીતી ગયો. એ પદ્માસનમાં જ રહ્યા. અને એમની આંખનું મટકું પણ ના પડ્યું. ત્રાટક અથવા તો સમાધિની

સિદ્ધિવાળા યોગીની આંખ એ ધારે તો અનિમેષ રહે છે એવું મેં યોગ ગ્રંથોમાં વાંચેલું, તે એમને જોઈને સાચું પડ્યું.

ચાલતી વખતે એમની લંગોટી નીકળી પડી. પંડાજી એ લઈને એમની પાછળ ગયા.

હૃષીકેશ જતી મોટરમાં બેઠેલા પેલા મહાપુરૂષની પાસે જઈને એમણે કહ્યું : 'આપકી લંગોટી રહ ગઈ હૈ.

'કિસકી લંગોટી ?' એમણે કહ્યું : મેરી લંગોટી તો હૈ હી નહિ. તો પડી કૈસે ?'

પંડાએ લંગોટી બતાવી તો એમણે કહ્યું : 'બેટા, તૂ પહેન લેના. મૈં લંગોટી કે બિના નહિ બૈઠા. મૈંને તો સારે વિશ્વકો પહન રક્ખા હૈ. જા, શાંતિકી ઈચ્છા કરતા હૈ ઔર કલ્યાણ ચાહતા હૈ, તો આશ્રમમેં રહનેવાલે યોગીકી સેવા કર. ઉસે તૂ અભી નહિ પહચાનતા.' અને મોટર ઉપડી.

પંડાજી આશ્રમ પર પાછા આવ્યા ત્યારે એમની વાત સાંભળીને અમે સ્તબ્ધ થઈ ગયા. આવા મહાપુરૂષો ખરેખર ઈશ્વરની કૃપા હોય તો, અને જવલ્લે જ મળે છે. એવી પ્રતીતિ સાથે અમે છૂટા પડ્યા.

આજે પણ એ મહાપુરૂષની સ્મૃતિ એવી જ તાજી છે. એ જ્યાં હોય ત્યાં એમને મારા પ્રણામ ! પ્રેમપૂર્વક પ્રણામ !

એમના કથન પ્રમાણે એ ફરી નથી મળ્યા.

* * * * *

# [૨૧] સેવાથી નહિ પરંતુ આસક્તિથી દુર્ગતિ

અઢાર પુરાણોની અંદર જેનો સમાવેશ થાય છે તે મહાપુરાણ શ્રીમદ્ ભાગવતના પાંચમાં સ્કંધમાં રાજા ભરતનું ચરિત્ર વર્ણવેલું છે. તે ઋષભદેવજીના પુત્ર હતા. મોટી ઉંમરે તેમણે રાજપાટનો ત્યાગ કર્યો તથા પુલહ ઋષિના આશ્રમમાં એટલે કે હરિક્ષેત્રમાં વાસ કર્યો.

ત્યાં ગંડકી નદી વહી રહી હતી.

સંસારના વિષયોમાંથી પોતાના મનને પાછું વાળી ચૂકેલા ભરતજી હંમેશાં પરમાત્માના ધ્યાનમાં મગ્ન રહેતા ને શાંતિનો અનુભવ કરતાં જીવનને વ્યતીત કરતા.

તપ, ત્યાગ, સંયમ ને જ્ઞાનને લીધે એમની મુખમુદ્રા કાંતિમય બની હતી.

એકવાર ગંડકી નદીના તટ પર એ પ્રણવમંત્રના જપ કરતાં બેઠા હતા. એવામાં એક બનાવ બન્યો.

એક હરિણી પાણી પીવાની ઈચ્છાથી તે નદી પાસે આવી ત્યાં તો બાજુમાંથી સિંહની ગર્જના સંભળાઈ. એથી ભયભીત બનેલી હરિણીએ નદી પાર કરવા કૂદકો માર્યો. પરંતુ તે ગર્ભિણી હોવાથી તેનો ગર્ભ નદીમાં પડી ગયો, ને પોતે પણ તરત જ મરણ પામી.

તે હરિણીનું બચ્ચું નદીના પ્રવાહમાં અસહાય બનીને તણાવા લાગ્યું, તે જોઈને ભરત મુનિને દયા આવી, અને એ દયાથી પ્રેરાઈને એમણે એને પોતાના આશ્રમમાં આણ્યું.

હરણના બચ્ચાંને ભરતજીએ બચાવ્યું તે તો ઘણું સારું થયું, પરંતુ એના પર પ્રીતિ થવાથી દિનપ્રતિદિન એમનો ઈશ્વર સ્મરણ તથા યોગસાધનાનો અભ્યાસ ઓછો થવા લાગ્યો.

મોટેભાગે એ હરણના બચ્ચાંની પાસે જ બેસી રહેવા લાગ્યા.

વનમાં ફળ, ફૂલ, દર્ભ, તથા સમિધા લેવા જતી વખતે પણ એને એ પોતાની સાથે જ લઈ જતાં.

સેવાપૂજામાં સ્વસ્થતાપૂર્વક લાગેલું એમનું મન મૃગના બચ્ચા પ્રત્યેની એ મમતાને લીધે ચંચળ કે વિક્ષિપ્ત બની ગયું, અને પરિણામે એ જપતપ બધું જ ભૂલી ગયાં.

એ બચ્ચાનું ભવિષ્ય શું થશે, પોતાના શરીરત્યાગ પછી એ સુખી થઈ શકશે કે કેમ, અને થશે તો એની સંભાળ કોણ રાખશે, એ ચિંતા એમને કોરી ખાવા લાગી.

એમ કરતાં કરતાં ભરતજીનો મૃત્યુ કાળ પાસે આવ્યો.

એ વખતે એમને વધારે ચિંતા થઈ.

અંતકાળે પ્રણવમંત્રમાં મન સ્થાપી, પ્રણવમંત્રનો ઉચ્ચાર કરી વાસના કે, કામનારહિત થઈને, શરીર છોડીને મુક્તિ પદને મેળવવાનો મનોરથ કરી ચૂકેલા મુનિ ભરત મૃગની ચિંતામાંથી પોતાના મનને મુક્ત ના કરી શક્યા.

શરીર છૂટતી વખતે પણ એમનું મન મૃગમાં જ રહ્યું. એમને મૃગની જ વાસના રહી ગઈ, અને પરિણામે એમને મૃગની યોનિમાં જન્મ લેવો પડ્યો. અંતકાળે જેવી મતિ તેવી ગતિ થાય છે. જેવી વાસના, કામના કે ભાવના હોય છે તેવો જન્મ આવી મળે છે. એ વાત તો જાણીતી જ છે.

મૃગયોનિમાં જન્મેલા ભરતજીની પૂર્વજન્મની સ્મૃતિ એમના સત્કર્મોના પ્રભાવથી એવી જ કાયમ રહી.

પોતાની ભૂલ સમજાવાથી એમને પ્રશ્ચાતાપ થયો. કાલંજર પર્વતનો ત્યાગ કરીને એ ફરી પાછા હરિક્ષેત્રમાં આવ્યા ને સમય પસાર કરવા લાગ્યા.

છેવટે મૃત્યુકાળ આવી પહોંચતાં એમનું મૃગશરીર છૂટી ગયું.

શ્રીમદ્ ભાગવતની આ કથા શું બતાવે છે ? એમાં શો સંદેશ સમાયેલો છે ? મોટા ભાગના લોકો આ કથાના સાચા રહસ્યને નથી સમજતાં ને ભળતી જ વાત સમજી બેઠા છે. તેથી કહ્યા કરે છે કે, ભરતજીએ દયા બતાવી ને સેવા કરી તો તેમને ફરી જન્મવું પડ્યું માટે દયા ના રાખવી ને કોઈની સેવા પણ ના કરવી. પરંતુ આ કથાનો સાર એવો નથી. ભરતજીએ દયા રાખીને સેવા કરી માટે એમની દુર્ગતિ થઈ એમ માનવું ભૂલભરેલું છે. દયા, સ્નેહ કે, સેવાથી કોઈની દુર્ગતિ થઈ નથી. એટલે તો બધા જ ધર્મો દયા, સ્નેહ ને સેવાનો સંદેશ આપે છે. દુર્ગતિ કરાવનારી વસ્તુ તો રાગદ્વેષ, મમતા અને આસક્તિ છે. ભરતજી દયા બતાવી તથા સેવા કરીને અટક્યા હોત તો તો હરકત ન હતી, પરંતુ એથી આગળ વધીને એ મૃગમાં આસક્ત થયા ને ધર્મ, કર્મ, કે લક્ષ્યને ભૂલી ગયા. એ જ એમની ભૂલ હતી. એ ભૂલ જ એમની દુર્ગતિ કરાવનારી થઈ પડી. એટલે એમના જીવનમાંથી પદાર્થપાઠ શીખીને આપણે દયા તથા સેવા ધર્મમાં તો પ્રવૃત્ત થઈએ જ, પરંતુ કશામાં આસક્ત થઈને જીવનના મૂળ ધ્યેયને ભૂલી ના જઈએ એ ખાસ યાદ રાખવાનું છે.

* * * * *

# [૨૨] જ્ઞાનીની શાંતિ

મૃગની યોનિ પૂરી થયા પછી ભરતજીને મનુષ્યયોનિની પ્રાપ્તિ થઈ અને એમનો જડભરત તરીકેનો વ્યવહાર શરૂ થયો. એ બ્રાહ્મણ કુળમાં જન્મ્યા અને પૂર્વજન્મોની સ્મૃતિ ચાલુ રહેવાથી જડની જેમ જીવવા લાગ્યા. સંસારમાં ફરીવાર આસક્તિ ના થાય તેનું ધ્યાન રાખતા. તે આત્મવિચારમાં હંમેશ મગ્ન રહેતા હતા.

એક વખતની વાત છે.

સિંધુ તથા સૌવીર દેશનો રાજા રહૂગણ તત્વને જાણવાની ઈચ્છાથી પ્રેરાઈને મહર્ષિ કપિલના આશ્રમ તરફ જવા નીકળ્યો. રસ્તામાં ઈક્ષુમતી નદીને કિનારે તેને પાલખી ઉપાડનારા એક સુદૃઢ માણસની જરૂર પડી. અધિકારીઓએ જડભરતને હૃષ્ટપૃષ્ટ, યુવાન ને મજબૂત અંગવાળા જોઈને, તેમને પાલખી ઉપાડવા યોગ્ય માનીને પકડી આણ્યા. જડભરત જો કે પાલખી ઉપાડવાનું જાણતા નહિ છતાં પણ પાલખી ઉપાડીને આગળ વધ્યા.

જડભરતની ચાલ બીજા બધા પાલખી ઉપાડનારાથી જુદી પડતી તેથી પાલખી વાંકીચૂંકી થઈ જતી.

એ જોઈને રાજા રહૂગણને રોષ ચઢ્યો.

એણે જડભરતની મશ્કરી કરતાં કહેવા માંડ્યું: 'મને લાગે છે કે તું થાકી ગયો છે. કેમ કે તેં એકલે હાથે જ પાલખી ઉપાડી છે. તારૂં શરીર નબળું છે, વૃદ્ધાવસ્થા તને ઘેરી વળી છે તથા તારા સોબતીઓ પણ તારા જેવા તો નથી જ.'

રાજાએ એવી રીતે મશ્કરી કરી તો પણ જડભરત તો શાંત જ રહ્યા.

પરંતુ પાલખી ફરી ઊંચીનીચી ને વાંકીચૂંકી થવા લાગી એટલે રાજા અતિશય કોપાયમાન બનીને બોલી ઊઠ્યો: 'અરે તું શું કરે છે ? જીવતાં જ મરેલો છે કે શું ? મારો અનાદર કરીને મારી આજ્ઞા નથી માનતો ? યમદેવ સર્વે મનુષ્યોને શિક્ષા કરે છે તેમ હું પણ તને પ્રમાદીને શિક્ષા કરીશ ત્યારે જ તું સીધો થઈશ.'

રાજા રહૂગણનાં એવાં અનેકવિધ અસંબદ્ધ વચનો સાંભળીને જડભરતજીએ છેવટે મુખ ઉઘાડ્યું ને કહેવા માંડ્યું: 'રાજા ! તેં જે કહ્યું તે સાચું છે. તેં મારી મશ્કરી કરી છે એમ હું નથી માનતો. ભાર નામે કોઈ પદાર્થ હોય, તેને ઉપાડનારા શરીર સાથે તેને કોઈ સંબંધ હોય, અને એ શરીર સાથે મને સંબંધ હોય, તો તેં જે કહ્યું છે તે મારી મશ્કરીરૂપે કહ્યું છે એમ હું માની શકું, પરંતુ ખરેખર તેવું નથી. વળી તું કહે છે કે હું પુષ્ટ નથી તે પણ બરાબર છે કેમકે જ્ઞાનીઓ આત્માને પુષ્ટ કહેતા નથી. જે અજ્ઞાની હોય છે એ જ એવું કહેતા હોય છે. પુષ્ટ તો શરીર છે, હું નથી. આત્મામાં સેવક તથા સ્વામી ભાવનો અભાવ છે. એટલે એને આજ્ઞા કરવાનું કે આજ્ઞાનુસાર ચાલવાનું કશું જ નથી રહેતું. સ્વામી અને સેવકના ભેદ વ્યવહાર પૂરતા જ મર્યાદિત છે. વાસ્તવિક રીતે જોઈએ તો એવા કોઈ ભેદની હયાતિ જ નથી. છતાં પણ તને જો રાજા તરીકેનું અભિમાન હોય તો તું આજ્ઞા કરી શકે છે. હું જડ કે ઉદ્ધત જેવો લાગું છું પરંતુ સ્વરૂપનો સાક્ષાત્કાર કરી ચૂક્યો છું. મને શિક્ષા કરવાથી કશો જ હેતુ નહિ સરે.'

એ પ્રમાણે બોલી જડભરતે ફરી પાલખી ઉપાડવા માંડી.

પરંતુ એમના શાસ્ત્રસંમત, જ્ઞાનયુક્ત વચનોએ રાજાની આંખ ઉઘાડી નાખી, એનો અહંકાર ઓગાળી નાખ્યો, અને એનું હૃદય પરિવર્તન કરાવી દીધું. એને ખાતરી થઈ કે આ તો કોઈ અસામાન્ય પ્રજ્ઞાવાન, અનુભવસિદ્ધ મહાપૂરૂષ છે.

પાલખી પરથી નીચે ઊતરીને એ જડભરતનાં ચરણોમાં પડ્યો.

'મારા ઉદ્ધતાઈભર્યા વર્તનને માટે ક્ષમા માગું છું.' એણે કહ્યું: 'તમે આટલા બધા મહાન હશો તેની મને ખબર નહિ. તમે કોણ છો ? તમે જનોઈ ધારણ કરો છો માટે બ્રાહ્મણ તો છો જ. તમે શું દત્તાત્રેય છો, કપિલ મુનિ છો, કે કોઈ સિદ્ધ છો ? હું મહર્ષિ કપિલની પાસે જ જીવનના શ્રેયનું સાધન જાણવા માટે જઈ રહ્યો છું. તમારા જેવા અનુભવી મહાપુરૂષ મને માર્ગમાં જ મળી ગયા તેને મારું સદ્‌ભાગ્ય સમજું છું. મને જીજ્ઞાસુ જાણીને ઉપદેશ આપવાની વિનંતિ કરું છું.'

રાજાએ અજ્ઞાત અવસ્થામાં જડભરતની જે અવગણના કરી તેથી જડભરતજી ગુસ્સે ના થયા. કારણ કે એ સાચા જ્ઞાની હતા. સાચા જ્ઞાનીઓ બધી દશામાં આત્માની નિષ્ઠા જાળવી રાખીને શાંત કે સ્વસ્થ રહેતા હોય છે. બીજો બોધપાઠ આ પ્રસંગમાંથી એ લેવાનો છે કે કોઈને નીચ, અધમ કે હલકટ માનીને કોઈની કદી અવગણના ના કરવી. સૌની સાથે નમ્રતા ભરેલો, પ્રેમમય વ્યવહાર રાખવો.

જડભરતે એ પછી રહૂગણને ઉપદેશ આપ્યો.

* * * * *

# [૨૩] બુરાઈનો બદલો

દયાનંદ સરસ્વતીના બોલવાથી એમનો રસોઈયો એમની આગળ આવી ઊભો રહ્યો.

એના દિલમાં આશંકા અને આકુલતા હતી. પહેલાં જેવી પ્રસન્નતા ન હતી.

'બોલ ભાઈ ! તેં મને ઝેર આપ્યું છે ને ? આજે પાછું ઝેર આપ્યું છે ને ?'

રસોઈયો ધ્રૂજવા લાગ્યો. અને થયું કે સ્વામીજી બધું જાણી ગયા અને હવે આવી બન્યું.

ત્યાં તો મહર્ષિ દયાનંદ ફરી બોલ્યા.

'તેં મને કોના કહેવાથી ઝેર આપ્યું ? પેલી વેશ્યાના કહેવાથીને ?'

રસોઈયાએ સંમતિસૂચક માથું હલાવ્યું.

'શું આપવાનું કહેલું ?'

'સો રૂપિયા'

એટલી નાનકડી રકમને માટે તેં કેટલો મોટો અપરાધ કર્યો તે તું જાણે છે ? ઘણો ભયંકર અપરાધ. તેં ભારતીય સંસ્કૃતિની, સમસ્ત દેશની તથા માનવતાની ભારે કુસેવા કરી. હજુ હું જીવતો રહેત તો લોકોને ઘણો લાભ થાત. પરંતુ હવે મારું આયુષ્ય પૂરું થયું લાગે છે. મારો જીવનદીપ ઓલવવાની હવે તૈયારી છે. તું તેમાં નિમિત્ત બની ગયો. આ વખતે હું નહિ બચી શકું એવું મને સ્પષ્ટ દેખાય છે. તારે હાથે ભારે અમંગલ કામ થઈ ગયું.'

રસોઈયો શરમ તથા દુઃખનો માર્યો નીચે જોઈ રહ્યો.

એને પશ્ચાતાપ થયો. પોતે આ શું કર્યું ?

એક વાર તો પેલી વેશ્યાના કહેવાથી પોતે સ્વામીજીને ભોજનમાં ઝેર આપ્યું હતું. તે વખતે દૈવયોગથી સ્વામીજી બચી ગયા'તા. એ પછી એવું હલકટ કામ કરવા બદલ પોતાના દિલમાં ડંખ પણ થયેલો, અને એ બધું ભૂલી જઈને આવું અધમ કામ પાછું કેવી રીતે કરી શકાયું. હવે શું થશે, કેવું કરૂણ પરિણામ આવશે ?

એના મનમાં વિચારોનાં મોજાં પેદા થવા લાગ્યાં.

એટલામાં તો સ્વામીજી બોલ્યા : 'ભાઈ ! આ વખત હવે વિચાર કરીને બેસી રહેવાનો નથી. મારું તો જે થવાનું હતું તે થઈ ગયું. તેનો તો કોઈ ઉપાય નથી. પણ હવે તું તારૂં સંભાળી લે. તારા જીવનને બચાવી લે. સવાર પડતાં, મારા શરીરનો અંત આવ્યાના સમાચાર મળતાં, મારા ભક્તો તથા પ્રશંસકો અહીં ભેગા થશે, અને તને જીવતો નહિ છોડે. એટલા માટે લે આ ચાવી, પેલી પેટીને ઉઘાડીને એમાં જે રકમ છે તે લઈ લે. તેમજ તારાથી જેટલે પણ દૂર જઈ શકાય એટલે દૂર તું અત્યારે ને અત્યારે જ ચાલ્યો જા. વિલંબ ના કર.'

એટલું કહીને એમણે રસોઈયા તરફ પેટીની ચાવી ફેંકી.

રસોઈયાની આંખમાંથી આંસુનો વરસાદ વરસવા લાગ્યો.

એને થયું કે વરસો સુધી સાથે રહ્યો તો પણ પોતે આવા મહાન સંતશિરોમણિને ઓળખી ના શક્યો. પોતે કેટલો મોટો અપરાધ કરી બેઠો છે. છતાં પણ આ મહાપુરૂષ તેને કેટલી બધી શાંતિપૂર્વક ક્ષમા આપી રહ્યાં છે ! એટલું જ નહિ પણ એને કોઈ જાતની હાનિ ના પહોંચે એ માટેની કોશિશ પણ કરી રહ્યા છે! કેટલી બધી મહાનતા, ઉદારતા ને ઉદાત્તતા !

પરંતુ આ વખત વિચાર કરવાનો નથી એમ સમજીને રસોઈયાએ પેટી ખોલી. એમાંથી રકમ કાઢી, અને મહર્ષિ દયાનંદના ચરણમાં પ્રણિપાત કરીને ફરીવાર પશ્ચાતાપ કરતો ચાલી નીકળ્યો.

એ કયી બાજુ ગયો તે ઈશ્વર જાણે, પરંતુ એ કોઈને મળ્યો તો નહિ જ.

એ જ રાતે મહર્ષિ દયાનંદે પ્રણવનો ઉચ્ચાર કરતાં શરીરત્યાગ કર્યો.

મહાપુરૂષોના દિલમાં પોતાનું બૂરૂં કરનારને માટે પણ ભલાઈની કેવી ભાવના હોય છે તેનો આ પ્રસંગમાં સુંદર પડઘો પડે છે. ઈશુ તથા સોક્રેટિસ અને ગાંધીજીએ પોતાને નુકસાન પહોંચાડનારને માટે પણ જેવી રીતે પ્રેમ ને ક્ષમાનો પવિત્ર ભાવ ધારણ કર્યો તેવી રીતે મહર્ષિ દયાનંદે પણ રસોઈયાનું સારું જ ચાહ્યું. સારું ચાહ્યું એટલું જ નહિ પણ સારું કર્યું પણ ખરૂં. વેર વેરથી નથી શમતું પરંતુ પ્રેમથી શમે છે, અને બુરાઈ બુરાઈથી નથી મટતી પરંતુ ભલાઈથી મટે છે એ સંદેશ સનાતન છે. એ સંદેશને એ માનવજાતિના મંગલને માટે મૂકી ગયા છે. માનવજાતિ એ સંદેશ પ્રમાણે ચાલે એટલી જ વાર છે.

* * * * *

# [૨૪] વિવેકાનંદની શંકા સમાધાન કરવાની પદ્ધતિ

વેદાંતકેસરી વીર સ્વામી વિવેકાનંદની ઉપદેશ આપવાની પદ્ધતિ અત્યંત વિલક્ષણ હતી.

ઉપદેશ આપવા માટે કોઈ કોઈવાર એ એવી વિશેષ પદ્ધતિ અખત્યાર કરતા જે સામેની વ્યક્તિને અથવા તો શ્રોતાવર્ગને અચૂક અસર કરતી.

એની અસર નીચે આવીને માણસો મંત્રમુગ્ધ જેવા બની જતા.

વિવેકાનંદના પ્રભાવનું એ પણ એક કારણ હતું.

એને લીધે અસંખ્ય લોકો એમની તરફ આકર્ષાતા અને એમના માર્ગદર્શનને માટે એમની આજુબાજુ ટોળે વળતા.

આવો, સ્વામી વિવેકાનંદની ઉપદેશ આપવાની એ અસાધારણ પદ્ધતિની જરાક ઝાંખી કરી લઈએ.

અમેરિકામાં એકવાર સ્વામી વિવેકાનંદજી પ્રવચન કરી રહ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણને માટે ગોપીઓના હૃદયમાં જે પરમપ્રેમનો અણર્વ ઉછાળા મારી રહ્યો હતો તેનું વર્ણન કરતા પ્રસંગો એમની આગળ બેઠેલા શ્રોતાજનોને સંભળાવી રહ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણ મથુરા જઈ રહ્યા છે ત્યારે ગોપીઓ પ્રેમના પારાવાર ડૂબી ગઈ છે. એમનો પ્રેમ એટલો બધો પ્રબળ છે કે એની કલ્પના પણ ના કરી શકાય. કોઈ ગોપી કૃષ્ણ ભગવાનના રથના પૈંડાને પકડીને ઊભી રહી છે, કોઈ એમને ના જવા માટે વિનવી રહી છે, તો કોઈ આળોટી કે આક્રંદ કરી રહી છે. પ્રેમના એ અનેકવિધ પ્રદર્શન વચ્ચે ભગવાન શ્રીકૃષ્ણ તટસ્થરૂપે શાંતિપૂર્વક ઊભા રહ્યા છે. કેટલું સુંદર દૃશ્ય છે અને છતાં પણ કેટલું બધું કરૂણ ?

સ્વામી વિવેકાનંદ કૃષ્ણ ને ગોપીઓના એવા પવિત્રતમ પ્રખર પ્રેમનું વર્ણન કરી રહ્યા હતા, અને પ્રેમને ચિત્રિત કરતા કેટલાક પૌરાણિક પ્રસંગો વર્ણવી રહ્યા હતા, ત્યારે શ્રોતાજનોમાંના કેટલાકે પ્રશ્ન કર્યો કે સ્વામીજી, આવો ઉત્કટ પ્રેમ શું માનવહૃદયમાં પ્રકટ થઈ શકે ખરો ? આ તો શાસ્ત્રોની વાતો છે. એટલે સાંભળવી ઘણી સારી લાગે છે. પરંતુ એમની વાસ્તવિકતામાં સંદેહ થાય છે.

સ્વામીજી તે દિવસે તો એ વિષય પર ખાસ કાંઈ બોલ્યા નહિ.

એમણે માત્ર એટલું જ કહ્યું કે ઉચિત અવસર આવશે ત્યારે મારી મેળે જ હું આ વિષય સમજાવીશ.

એ વાતને કેટલાક દિવસ વીતી ગયા. પછી એક વખત સ્વામી વિવેકાનંદજી પોતાના નિત્યક્રમ પ્રમાણે પ્રવચન કરી રહ્યા હતા ત્યારે પ્રવચનને અધવચ્ચે જ પડતું મૂકીને એ હોલની બહાર દોડી ગયા. પ્રવચનમાં બરાબર રંગ જામ્યો'તો તે જ વખતે વિવેકાનંદજી જતા રહ્યા એટલે શ્રોતાજનો વિહ્વળ બની ગયા, બેચેન બની ઊઠ્યા, અને નિરાશ થયા. વિવેકાનંદને દોડતા જોઈને તે પણ દોડવા લાગ્યા, ને વિવેકાનંદની પાસે આવીને હોલની બહાર ઊભા રહ્યા.

વિવેકાનંદે પૂછ્યું: 'તમે મારી પાછળ પાછળ કેમ દોડી આવ્યા ?'

'તમારા પ્રેમ તથા જ્ઞાનથી પ્રેરાઈને અમે દોડી આવ્યા. તમારી પાછળ ખેંચાયા વિના અમે રહી શક્યા જ નહિ.' શ્રોતાજનોએ જવાબ આપ્યો.

'મારા પ્રેમમાં કે જ્ઞાનમાં એવું શું છે ?'

'તે તો અમે જ જાણીએ છીએ, એ અનુભવવાની વસ્તુ છે, બોલી બતાવવાની નથી. વાણી એનું પૂરેપૂરું વર્ણન નહિ કરી શકે. તમે હોલમાંથી વિષયને અધૂરો મૂકીને બહાર નીકળ્યા એટલે અમારાથી અંદર રહી શકાયું જ નહિ. અમે દોડી આવ્યા વિના રહી જ ના શક્યા.'

વિવેકાનંદે કહ્યું : 'મારા પ્રેમ અને જ્ઞાનની અસર તમારા પર આટલી બધી ભારે થઈ છે પરંતુ એ પ્રેમ અને જ્ઞાન તો છેક સાધારણ છે. મારા કરતાં ભગવાન શ્રીકૃષ્ણનો પ્રેમ તથા જ્ઞાનભંડાર તો ખૂબ જ વધારે હતો. તે તો જ્ઞાન તથા પ્રેમની મૂર્તિ હતા. આવા શ્રીકૃષ્ણનો વિરહ ગોપીઓ કેવી રીતે સહી શકે ? ગોપીઓ તો એમને સાચા દિલથી ભજતી હતી. માટે જ શ્રીકૃષ્ણને મથુરા જતા અટકાવવા માટે એમણે પોતાના પ્રેમનું વિવિધ પ્રકારે પ્રદર્શન કરવા માંડ્યું. એમાં ના સમજાય તેવું, અતિશયોક્તિ ભર્યું કે શંકાસ્પદ શું છે ?'

શ્રોતાજનો શાંત ચિત્તે સાંભળી રહ્યા.

એમના મનનું સમાધાન થયું.

વિવેકાનંદે ઉપસંહાર કરતાં કહ્યું, તે દિવસે ગોપી પ્રેમ વિશેના મારા પ્રવચન દરમિયાન તમે જે શંકા કરેલી તેનો મેં આજે ઉત્તર આપ્યો. તમારી શંકા ટળી ગઈ જાણીને મને આનંદ થાય છે.'

શંકાસમાધાનની કેટલી બધી શાંત, સરસ છતાં સચોટ પદ્ધતિ ?

* * * * *

# [૨૫] જનાર્દન સ્વામીનો અનુગ્રહ

ઈશ્વરના પૂર્ણ કૃપાપાત્ર સંતપુરૂષની સહાયતાથી બીજા કોઈને ઈશ્વરનું દર્શન થઈ શકે ખરૂં ?

જરૂર થઈ શકે.

ઈશ્વરની પરિપૂર્ણ કૃપાપ્રસાદની પ્રાપ્તિ કરી ચૂકેલા, કોઈ વિરલ સમર્થ સંતપુરૂષ પોતાની કૃપાથી બીજાને પણ ઈશ્વરદર્શન કરાવી શકે છે, એ વાત ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં સુપ્રસિદ્ધ છે. ભારતનો છેલ્લા શતકના સમય જેટલો જ આધ્યાત્મિક ઈતિહાસ જોઈએ તો પણ, એ વાતની પ્રતીતિ થયા વિના નથી રહેતી. એ ઈતિહાસમાં એક એવા જ ઉજ્જવળ ઉદાહરણનો પરિચય થાય છે.

એ ઉદાહરણ છે મહાપુરૂષ શ્રી રામકૃષ્ણ પરમહંસદેવનું.

શ્રી રામકૃષ્ણ પરમહંસદેવે પોતાના વિશેષ અનુગ્રહથી સ્વામી વિવેકાનંદને જગદંબાનું સાક્ષાત દર્શન કરાવ્યું હતું. એટલે જ નહિ પરંતુ જગદંબાની સાથે વાર્તાલાપ કરવાનો લાભ પણ આપ્યો હતો. એ હકીકતનો સ્વામી વિવેકાનંદ જેવા પ્રખર બૌધિક પ્રતિભાવાળા પુરૂષે પોતાના શ્રીમુખે સ્વીકાર કર્યો છે. કલકત્તામાં દક્ષિણેશ્વરનાં ગંગાતટ પરના સુંદર સ્થાનમાં બનેલો એ પ્રસંગ ભારતના ભૂતકાલિન આધ્યાત્મિક ઈતિહાસનો એક મહામૂલ્યવાન, ગૌરવપ્રદ, અમર અને પ્રેરણાદાયક પ્રસંગ છે.

એવા અસાધારણ, પ્રાણવાન પ્રસંગો ઈતિહાસના પાનાં પર બહુ ઓછા નોંધાયા છે એ સાચું છે, અને એમાં કાંઈ વિસ્મય પામવા જેવું પણ નથી, કારણ કે એક તો સાચી આધ્યાત્મિક વૃત્તિથી વિભૂષિત માનવો જ ઓછા મળે છે. તેમાં વળી એ વૃત્તિને સુરક્ષિત રાખીને ને સુદૃઢ કરીને આગળ વધનારા માનવો તો એથી પણ ઓછા મળે છે. એવા અલ્પસંખ્યક મનુષ્યોમાં પણ ઈશ્વરદર્શનનો આનંદ મેળવનારા કવચિત્ જ હોય છે. અને ઈશ્વરદર્શી મહાપુરૂષોમાં પણ બીજાને ઈશ્વરનું દર્શન કરાવી શકે એવા પુરૂષવિશેષ કોઈક વિરલ જ હોય છે. તે મળે અથવા મળે તો પણ પરિસ્થિતિ એવી હોવાથી, એવા મહાપુરૂષોએ કોઈ બીજાને દર્શન કરાવ્યાના પ્રસંગો પણ કોઈક વિરલ જ છે.

પોતાને માટે ઈશ્વરદર્શન કરવાનું જ જ્યાં મુશ્કેલ હોય, ત્યાં બીજાને ઈશ્વરદર્શનનો લાભ આપવાનું તો સહેલું ક્યાંથી જ હોય ?

એવો જ એક બીજો પ્રસંગ ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાયલો છે. તે પ્રસંગ મહારાષ્ટ્રના મહાન સંત એકનાથ અને એમના મહાસમર્થ ગુરૂદેવ શ્રી જનાર્દન સ્વામીનો છે.

જનાર્દન સ્વામીએ પણ પોતાની વિશેષ કૃપાથી એકનાથજીને ઈશ્વરદર્શનનો આનંદ આપ્યો હતો.

એ પ્રસંગ પણ ભારે કીંમતી ને પ્રેરણાસ્પદ હોવાથી વિચારવા જેવો છે.

એકનાથજીના જીવન ચરિત્ર દ્વારા જાણવા મળે છે કે એકનાથજીએ છ છ વરસના લાંબા વખત લગી એમના ગુરૂ જનાર્દન સ્વામીની તનમનથી દિનરાત સેવા કરી. સેવાને જ પરમ સાધન સમજનારા એકનાથે સેવા કરતાં પાછું વાળીને ના જોયું.

એવી સતત નિષ્ઠાપૂર્વકની સેવાથી જનાર્દન સ્વામી છેવટે પ્રસન્ન થયા, અને એકનાથને કહેવા માંડ્યા, 'એકનાથ ? તેં મારી તનમનથી મુક્ત રીતે સેવા કરી છે. તારી સેવાથી હું પ્રસન્ન થયો છું. તને મારા ઈષ્ટદેવનું દર્શન કરાવું.'

ગુરૂના શબ્દો સાંભળીને એકનાથના આનંદનો પાર ન રહ્યો.

કાંઈ પણ બોલ્યા વિના ભાવવિભોર બનીને એ શાંતિથી ઊભા રહ્યા.

ત્યાં તો ગુરૂએ ફરી કહ્યું : 'કાલે સાંજે મારા નિત્યનિયમ પ્રમાણે હું મારી ઉપાસનાના ઓરડામાં બેસું ત્યારે તું ત્યાં આવી પહોંચજે. હું તને ભગવાન દત્તનું દર્શન કરાવીશ.

એકાએક થયેલી એ ગુરૂકૃપાથી એકનાથનું અંતર ઉછાળા મારી રહ્યું.

બીજે દિવસે સાંજના સમયે એકનાથ પોતાના ગુરૂ જનાર્દન સ્વામીની પાસે પહોંચ્યા, તો એમણે શું જોયું ? પોતાના ગુરૂ શાંતિપૂર્વક ઉપાસનામાં મગ્ન બનીને બેઠા હતા, ત્યાં થોડા જ વખતમાં દત્તાત્રેય ભગવાન એમની આગળ પ્રગટ થયા. દત્તાત્રેય ભગવાનના દર્શનથી એકનાથને અનેરો આનંદ મળ્યો.

એમની સાથે એક ગાય પણ હતી.

પોતાના હાથમાંનું કમંડલ એમણે ગાયની નજીક મૂક્યું તો તે દૂધથી આપોઆપ ભરાઈ ગયું.

દત્તાત્રેય ભગવાને એ દૂધનું પાન કર્યું અને પ્રસાદ તરીકે બીજું દૂધ જનાર્દન સ્વામીને આપ્યું.

પછી શેષ રહેલા દૂધનો આસ્વાદ લેવા માટે એકનાથને પણ પોતાની પાસે બોલાવ્યા.

એકનાથે અમૃતમય દૂધનો પ્રસાદ લીધો. એથી એમને પરમ શાંતિ મળી.

દત્તાત્રેય ભગવાને એના મસ્તક પર હાથ મૂક્યો તો એમને દિવ્યદર્શનની પ્રાપ્તિ થઈ.

એમને દત્તાત્રેય ભગવાન, જનાર્દન સ્વામી અને પોતાની અંદર જે ભેદભાવ દેખાતો હતો તે ભેદભાવ દૂર થયો, ને ત્રણેમાં એક જ સ્વરૂપનું દર્શન થયું. ત્રણે જાણે અંદરથી તથા બહારથી એક જ હતા. કેટલું ધન્ય હતું એ દર્શન ?

દત્તાત્રેય ભગવાને એકનાથને અનેરો આશીર્વાદ આપ્યો. અને પછી એ સસ્મિત ત્યાંને ત્યાં જ અદૃશ્ય થઈ ગયા.

એકનાથના જીવનમાં એક અવનવા પ્રેરણા પ્રકરણનો પ્રારંભ થયો. એમને અલૌકિક શાંતિ તો મળી જ, પરંતુ એમની આખી દૃષ્ટિ જ ફરી ગઈ. જે ગુરૂના પ્રતાપથી આવો અલૌકિક અનુભવ શક્ય બન્યો હતો તે સદ્‌ગુરૂના અમુલખ અનુગ્રહને એ કેવી રીતે ભૂલી શકે ? તુલસીદાસના શબ્દોમાં કહીએ તો એ ગુરૂ એમને માટે કોઈ સામાન્ય કે અસામાન્ય માનવ નહોતા રહ્યા, કિન્તુ કૃપાસિંધુ નરરૂપ હરિ થઈ ચૂક્યા હતા. એ ગુરૂને એમણે કૃતજ્ઞતાના ભાવથી ભરાઈને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં.

ગુરૂ જનાર્દન સ્વામીએ એમને પ્રસન્નતાપૂર્વક આલિંગન આપ્યું ત્યારે એમના જેવો કૃતાર્થ ને સુખી આત્મા સંસારમાં બીજો કોઈ ન હતો.

* * * * *

# [૨૬] માતાપિતાની સેવા વિના બધું વ્યર્થ છે

કેટલાય વન, ગામડાં તથા નગરમાંથી પસાર થતો તપસ્વી કૌશિક છેવટે લાંબા વખતના પ્રવાસ પછી, મિથિલા નગરમાં આવી પહોંચ્યો.

મિથિલા નગરમાં રાજા જનકનું રાજ્ય હતું.

એ નગરી અતિશય સુંદર હતી. એમાં ધર્મપરાયણ મનુષ્યો વાસ કરતા ને ઠેર ઠેર ધર્મ સંબંધી મોટા મોટા મંગલ ઉત્સવો થતા.

ધર્મવ્યાધની માહિતી મેળવીને એ એમના સ્થાન પર પહોંચ્યો તો એને ભારે નવાઈ લાગી.

એને પોતાની કલ્પના કરતા જુદું જ ચિત્ર જોવા મળ્યું.

એ નક્કી ન કરી શક્યો કે, ધર્મવ્યાધ આજ હશે કે બીજા ? પેલી પતિવ્રતા સ્ત્રીએ આમની જ એક મહાપુરૂષ તરીકે આટલી બધી પ્રશસ્તિ કરી હશે ?

એમનું બાહ્ય સ્વરૂપ જરા ભ્રાંતિજનક હતું, છતાં પણ ધર્મવ્યાધ તો એ જ હતા. કસાઈખાનામાં બેસી એ માંસ વેચી રહ્યા હતા.

કૌશિક મનમાં ભાતભાતની ને જાતજાતની શંકાકુશંકા સાથે એક તરફ એકાંતમાં બેસી ગયો.

એના આગમનનું પ્રયોજન જાણીને ધર્મવ્યાધે તરત જ એની પાસે આવીને વિનયપૂર્વક કહેવા માંડ્યું: 'ભગવાન ? હું તમારું સ્વાગત કરું છું. તમારા ચરણમાં મારા પ્રણામ છે. તમે જેની શોધમાં આટલે સુધી આવવાનું કષ્ટ કર્યુ છે તે ધર્મવ્યાધ હું જ છું. તમારું મંગલ હો. હું તમારી શી સેવા કરું તેને માટે મને આજ્ઞા આપો. તમે અહીં શા માટે આવ્યા છો તે હું જાણું છું. પેલી પતિવ્રતા, ધર્મપરાયણ સ્ત્રીએ જ તમને અહિં મોકલ્યા છે તેની પણ મને ખબર છે.'

ધર્મવ્યાધના વચન સાંભળીને બ્રાહ્મણ કૌશિક ભારે વિસ્મયમાં પડ્યો. એને થયું કે આ બીજી નવાઈની વાત કહેવાય. ધર્મવ્યાધ પણ પેલી સ્ત્રીની જેમ જ દૈવી દૃષ્ટિથી સંપન્ન છે, એ વાતની આ પ્રસંગ પરથી પ્રતિતી થાય છે. એમનો પરિચય કરાવવા બદલ પોતે ઈશ્વરનો ઉપકાર માન્યો ને પોતાની જાતને બડભાગી માની.

ધર્મવ્યાધે કૌશિકને પોતાને ઘેર લઈ જઈને સમુચિત સત્કાર કર્યો. એના ચરણ ધોયા અને એને ઉત્તમ આસન આપ્યું.

આસન પર બિરાજમાન થઈને પોતાના મનની શંકાને રજૂ કરતાં કૌશિકે કહ્યું કે માંસ વેચવાનું ઘોર કર્મ તમારે ન કરવું જોઈએ. એ કામ જોઈને મને ભારે દુઃખ થઈ રહ્યું છે. ત્યારે ધર્મવ્યાધે એનું સ્પષ્ટીકરણ કરતાં કહેવા માંડ્યુ કે આ કામ મેં મારી મરજીથી શરૂ નથી કર્યું. હું પોતે ધર્મથી વિરૂદ્ધનું કોઈ કામ નથી કરતો. પરંતુ આ ધંધો મારા કુટુંબમાં મારા બાપદાદાના વખતથી ચાલ્યો આવે છે. આ કામ કરવા છતાં પણ હું મારા વૃદ્ધ માતાપિતાની સેવા કરું છું, સાચું બોલું છું, મારા ગજા પ્રમાણે દાન આપું છું, કોઈની નિંદા નથી કરતો, તથા દેવતા, અતિથિ અને સેવકોને જમાડીને જે કાંઈ બચે છે તેનાથી મારું જીવન ચલાવું છું. જનક રાજાના આખા રાજ્યમાં કોઈ ધર્મથી વિરૂદ્ધ આચરણ નથી કરતું. બધા પોતપોતાના ધર્મનું પાલન કર્યા કરે

છે. ધર્મથી વિરૂદ્ધ ચાલનાર જો પોતાનો પુત્ર હોય તો તેને પણ રાજા જનક કઠોર દંડ દે છે, એટલે અધર્મના આચરણ માટે અહિં અવકાશ જ નથી રહેતો. હું પોતે કોઈ જીવની હિંસા નથી કરતો. બીજાએ મારેલા પ્રાણીઓનું માંસ વેચું છું, પરંતુ હું પોતે કદી પણ માંસ નથી ખાતો. સ્ત્રીસંસર્ગ પણ ઋતુકાળ દરમ્યાન જ કરું છું. દિવસે ઉપવાસ કરું છું તથા રાત્રે ભોજન. કોઈ મારી પ્રસંશા કરે છે, કોઈ નિંદા કરે છે, પરંતુ હું તો સૌની સાથે સારો વ્યવહાર કરીને સૌને પ્રસન્ન રાખું છું. ધર્મમાં દૃઢતા રાખવી, દ્વંદ્વોને સહન કરવા અને સૌ કોઈનું તેમની યોગ્યતાનુસાર સન્માન કરવું, એ મનુષ્યોચિત ગુણો ત્યાગ વિના નથી આવી શકતા.

કૌશિકને ધર્મવ્યાધનાં શાસ્ત્રસંમત ને વિવેકયુક્ત વચનો સાંભળીને ઘણો જ સંતોષ થયો. એ પછી કૌશિકે ધર્મવ્યાધને ધર્મ, તત્વજ્ઞાન તથા લૌકિક વ્યવહાર વિષે કેટલાક પ્રશ્નો પૂછ્યા. મૃત્યુ પછીની જીવની ગતિ વિષે પણ પૂછી જોયું. સત્વ, રજ ને તમ- ત્રણે ગુણોના સ્વરૂપ વિષે પણ પૂછી જોયું અને એના પરિણામ રૂપે કૌશિકને જ્યારે સંપૂર્ણ સંતોષ થયો ત્યારે ધર્મવ્યાધે કહ્યું કે જેની કૃપાથી મને સિદ્ધિ ને શાંતિ મળી છે તે મારાં માતાપિતા ઘરમાં છે. ચાલો, તેમના પણ દર્શન કરાવું.'

કૌશિક બ્રાહ્મણે ધર્મવ્યાધની સાથે ઘરમાં પ્રવેશ કર્યો તો ચાર ખંડવાળું, તાજો ચુનો લગાડેલું ઘર જોઈને તે મુગ્ધ બની ગયો. ઘરમાં દેવોની સુંદર મુર્તિઓ પણ હતી. ધૂપ તથા કેસરની સુવાસ ફેલાઈ રહી હતી. એક સુંદર આસન પર શ્વેત વસ્ત્રધારી, ધર્મવ્યાધના માતાપિતા ભોજનથી નિવૃત્ત થઈને બેઠા હતા. ચંદન તથા પુષ્પોથી એમની પૂજા કરવામાં આવી હતી.

ધર્મવ્યાધે તેમના ચરણ પર મસ્તક મૂકીને દંડવત પ્રણામ કર્યા. એમણે એને આશીર્વાદ આપ્યા.

તે પછી ધર્મવ્યાધે પોતાના માતાપિતાને કૌશિકનો પરિચય કરાવ્યો. એમણે પણ કૌશિકનું સન્માન કર્યું, તથા કૌશિકના ખબરઅંતર પૂછ્યા.

ધર્મવ્યાધે કહ્યું : આ માતા પિતા જ મારા મુખ્ય દેવતા છે. એમને માટે હું બનતું બધું જ કરું છું. મારે માટે ચાર વેદ તથા યજ્ઞ બધું મારાં માતાપિતા જ છે. સ્ત્રી તથા સંતાનો સાથે હું એમની સેવા કરું છું. એમની જ કૃપાથી મારું જીવન સુખી છે ને મારા પર ઈશ્વરની કૃપા છે. તમે વેદોનો સ્વાધ્યાય કરવા માટે તમારા માતાપિતાની આજ્ઞા વિના જ ઘરનો ત્યાગ કર્યો છે, તે ઘણું અનુચિત થયું છે. તમારા વિયોગથી તે વૃદ્ધ માબાપ આંધળા બની ગયા છે. માટે ઘેર જઈને તેમને પ્રસન્ન કરો. તમે તપસ્વી, મહાત્મા ને ધર્માનુરાગી છો, છતાં માતાપિતાની સેવા વિના બધું વ્યર્થ છે. માતાપિતાની સેવા જેવો કોઈ મોટો ધર્મ નથી. એ વાતમાં વિશ્વાસ રાખો.'

કૌશિકની આંખ ઉઘડી ગઈ. એણે કહ્યું : 'મારું સૌભાગ્ય છે કે હું અહીં આવ્યો ને મને તમારો સત્સંગ સાંપડ્યો. તમારા જેવા ધર્મપરાયણ પુરૂષો સંસારમાં સાચે જ વિરલ છે. તમે મારો ઉદ્ધાર કર્યો છે. હવે હું તમારી સૂચના પ્રમાણે મારાં માતાપિતાની સેવા જરૂર કરીશ. અત્યાર સુધી હું મારા સાચા કર્તવ્યધર્મથી ભ્રષ્ટ થયો હતો.'

કૌશિકે ધર્મવ્યાધની પ્રદક્ષિણા કરી અને ત્યાંથી પ્રસ્થાન કર્યું.

ઘેર જઈને એણે પોતાના વૃદ્ધ માતાપિતાની સેવા કરી.

માતાપિતા એથી પ્રસન્ન થયાં ને કૌશિકને શાંતિ મળી.

મહાભારતમાં માર્કંડેય મુનિએ યુધિષ્ઠિરને કહેલા આ આખ્યાનનો સાર એટલો જ છે કે તપ, ત્યાગ, ભક્તિ, યોગ કે લોકસેવાના નામે માણસે પોતાના સ્વભાવિક રીતે પ્રાપ્ત થયેલા કર્તવ્યથી વિમુખ નથી થવાનું. સિદ્ધિ જરૂરી કર્મના કે ફરજોના ત્યાગમાં નથી સમાઈ, પરંતુ એમના અનુષ્ઠાનમાં સમાયેલી છે. આપણી ધર્માનુરાગી પ્રજા આ વાતને યાદ રાખશે ખરી ? એ વાતને યાદ રાખવાથી માણસને પોતાને તો લાભ થશે જ, પરંતુ બીજાને પણ મદદ મળશે. આપણાં ઘર, કુટુંબ તથા સમાજ જીવનને ધર્મ કે ત્યાગને નામે કથળતું બચાવી શકાશે. કૌશિક જેવા સ્ત્રીપુરૂષો આ વાતને ખાસ યાદ રાખે.

* * * * *

# [૨૭] દેશને સેવાવીરોની જરૂર છે

સંત વિનોબાના જીવનનો એક પ્રસંગ છે.

એ પ્રસંગ બિહારમાં આવેલા વૈદ્યનાથ ધામમાં બનેલો.

વૈદ્યનાથ ધામ ભારતનું સુપ્રસિદ્ધ તીર્થધામ છે. વિનોબાના જીવનમાં બનેલી ઘટનાને લીધે એ વધારે મહત્વનું બની ગયું.

વિનોબા ભૂદાનપ્રવૃત્તિના ઉપલક્ષમાં ફરતા ફરતા જ્યારે વૈદ્યનાથ પહોંચ્યા ત્યારે ત્યાંના લોકોએ એમનું સ્વાગત કર્યું. વૈદ્યનાથ મંદિરના મહંતે એમને આમંત્રણ આપ્યું એથી તો વિનોબાને ઘણો જ આનંદ થયો. એમણે એ આમંત્રણનો સ્વીકાર કરતાં કહ્યું કે જો મંદિરમાં હરિજનોને પ્રવેશ કરવાની છૂટ આપાય તો પોતે મંદિરમાં જરૂર આવે. ઈશ્વરના દરબારમાં જાતિનો ભેદભાવ ન હોવો જોઈએ. ઈશ્વરના મંદિરના દ્વાર સૌને માટે ખુલ્લાં રહેવા જોઈએ. ઈશ્વરના દર્શનનો અધિકાર સૌને છે.

મંદિરના મહંત વિનોબાના વિચારો સાથે સંમત થયા.

બીજે દિવસે હરિજનોને સાથે લઈને વિનોબા મંદિરમાં દર્શન માટે ઉપડ્યા.

એ વખતે સાયંકાળ હતો.

હરિજનોની સાથે આવી પહોંચેલા વિનોબાનો મહંતે સત્કાર કર્યો.

વિનોબા સંતોષ પામ્યા. બીજા દર્શનાર્થીઓ પણ સંતોષ પામ્યા. પરંતુ એ સંતોષ અસ્થાયી નિવડ્યો.

કારણ ?

કારણ એ જ કે હરિજનોની સાથે વિનોબા મંદિરનાં ગણ્યાં ગાઠ્યાં પગથિયા ચઢ્યા ત્યાં તો પંડાઓ ને બીજા લોકો એમની મંડળી પર લાઠી સાથે તૂટી પડ્યા. પછી તો એની સાથે ગાળોનો વરસાદ વરસાવવા માંડ્યો, અને 'ધર્મકી જય હો, અધર્મકા નાશ હો' જેવો સુત્રોચ્ચાર પણ થવા લાગ્યો.

બધે શોરબકોર મચી રહ્યો.

મંડળીના સભ્યોએ વિનોબાજીને ઘેરી લીધા છતાં પણ એમને થોડીઘણી ઈજા તો થઈ જ. સભ્યો પણ ઘાયલ થયા. હિંસાએ માઝા મૂકી.

મંદિરમાં દર્શન માટે પ્રવેશવાનો વિચાર પડતો મૂકીને, 'હે પ્રભુ ! તમારા આ પ્રસાદનો હું સહર્ષ સ્વીકાર કરું છું' એમ કહીને વિનોબાજી ત્યાંથી જ પાછા ફર્યા.

બીજે દિવસે હુમલાખોરોને સજા કરાવવાની માગણી કરવામાં આવી ત્યારે એમણે કહ્યું કે હુમલાખોર જો સાચી વાત સમજતા હોત તો આવું કરત જ નહિ. એ અજ્ઞાની હતા, માટે એમને ક્ષમા કરવી જોઈએ. હુમલો કરવામાં આવ્યો ત્યારે પણ મારા સાથીદારો શાંત રહ્યા એ જોઈને મને પ્રસન્નતા થઈ છે. ઈશ્વરની એટલી કૃપા છે.

વિનોબા વિના આવા શબ્દો બીજું કોણ કહી શકે ? આ શબ્દો એમના મહાન આત્માની પ્રતીતિ કરાવે છે. બીજા કોઈ સામાન્ય માણસે આટલી સહનશક્તિ ભાગ્યે જ બતાવી હોત, આટલી શાંતિ પણ ભાગ્યે જ

રાખી હોત અને અપમાન તથા પ્રહારને ઈશ્વરના પ્રસાદરૂપે સ્વીકારવાની મનોવૃત્તિ પણ ભાગ્યે જ દાખવી હોત. વિનોબાની એ વિશેષતા હતી.

એક બીજી વાતનો ઉલ્લેખ પણ કરવા જેવો છે. સેવાના ક્ષેત્રમાં કેટકેટલી મુસીબતોનો સામનો કરવો પડે છે, એ વાતનો નિર્દેશ પણ આ પ્રસંગ પરથી સહેજે મળી રહે છે. સેવાધર્મ જેટલો ધારવામાં આવે છે તેટલો સહેલો નથી. એ તો પરમ ગહન કે રહસ્યમય છે, અને યોગીઓને માટે પણ મુશ્કેલ છે. એમાં દરેક વખતે સન્માન જ મળે છે એવું નથી. એમાં જો ગુલાબ છે તો કાંટા પણ છે, કમળ છે તો કાદવ પણ છે. ભયસ્થાનો તથા જુદી જુદી જાતનાં પ્રલોભનો પણ છે. એમાં સદા સાવધાન ને જાગ્રત રહેવું પડે છે, ને ભળતી ભાવનાના શિકાર ન થવાય એ માટે નિરંતર આત્મનિરીક્ષણ કરવું રહે છે. માન-અપમાન, નિંદા-સ્તુતિ, લાભ-હાનિ, અને અંગત પ્રાપ્તિ-અપ્રાપ્તિ કે સ્વાર્થની ગણતરીને છોડી દઈને, એને ગૌણ ગણીને, એની વચ્ચેથી પણ જે તટસ્થતાપૂર્વક આગળ વધે છે તે જ સેવાધર્મનો સાચો ને સફળ વ્રતધારી બની શકે છે. દેશમાં એવા સાચા સેવાવીરોની જરૂર છે. દેશ ત્યારે જ બેઠો થઈ શકશે.

* * * * *

# [૨૮] આત્માનું અન્વેષણ

બૃહદારણ્યક ઉપનિષદમાં એક નાનકડી છતાં સુંદર ને બોધદાયક કથા છે.

કથા કોના જીવનને લગતી છે તે જાણો છો ?

યાજ્ઞવલ્ક્યના જીવનને લગતી.

યાજ્ઞવલ્ક્ય એ જમાનાના સર્વોત્તમ જ્ઞાની પુરૂષ હતા.

એમનું શાસ્ત્રજ્ઞાન ઘણું ઊંચી કોટિનું હતું.

ત્યાગી તથા વિરક્ત પુરૂષો પણ એમની સુતિક્ષ્ણ, તર્કપટુ બુદ્ધિથી પ્રભાવિત થઈને એમનો આદર કરતા.

એ ગૃહસ્થાશ્રમી હતા, એમને કાત્યાયની તથા મૈત્રેયી નામની બે સ્ત્રીઓ હતી.

વિશાળ શાસ્ત્રજ્ઞાન તથા તર્કપટુ બુદ્ધિ હોવા છતાં પણ એમને પોતાના જીવનમાં કાંઈક ઉણપ લાગી અને એ ઉણપને પૂરવા માટે એમણે વનમાં જઈને તપશ્ચર્યા કરવાની તૈયારી કરી.

પોતાનો વિચાર એમણે કાત્યાયની તથા મૈત્રેયીને કહી બતાવ્યો.

કાત્યાયનીમાં આધ્યાત્મિક સંસ્કાર ન હતા. એ મોટે ભાગે લૌકિક વ્યવસાયોમાં જ રત રહેતી. એટલે યાજ્ઞવલ્કયનો વિચાર સાંભળીને એ તો અપ્રસન્ન થઈ પરંતુ મૈત્રેયી આત્માનુરાગી અથવા આધ્યાત્મિક સંસ્કારોથી સંપન્ન હતી. એથી તરત બોલી ઉઠી, 'વનમાં તમે શા માટે જવા માગો છો ?'

'આત્માને ઓળખવા અને શાંતિ મેળવવા,' યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યો: 'પરંતુ મારા ગૃહત્યાગ પછી તમે લડી મરો નહિ એટલા માટે મારું એકઠું કરેલું ધન હું તમારી વચ્ચે વહેંચી આપવા માગું છું.'

'ધનથી શાંતિ મળશે ?'

'ના ધનથી શાંતિ નહિ મળે.'

'ત્યારે ધનની મદદથી બંધનોમાંથી મુક્તિ મળશે કે અમૃતપદની પ્રાપ્તિ થઈ શકશે ?'

'ના. સમસ્ત સંસારનું ધન કે ઐશ્વર્ય મળે તો પણ મુક્તિ કે અમૃતપદની પ્રાપ્તિ ના થઈ શકે. ધનની શક્તિ મર્યાદિત છે. તેને મેળવીને ભોગપદાર્થોની પ્રાપ્તિ થાય ને સુખપૂર્વક જીવી શકાય ખરું પરંતુ ધનથી કોઈ મૃત્યુંજય ના બની શકે. આત્માને ઓળખી પણ ના શકે. સંપૂર્ણ સુખ ને શાંતિની પ્રાપ્તિ પણ ના કરી શકે. ધન, વૈભવ અથવા તો અમરાપુરી જેવા ઐશ્વર્યથી જન્મ મરણના રહસ્યને ઉકેલી તથા જીવનને કૃતાર્થ પણ ના કરી શકાય. એને માટે તો અંતર્મુખ થઈને લાંબા વખત લગી તપશ્ચર્યા કરવી જોઈએ અને એટલા માટે જ હું વનમાં જાઉં છું.'

મૈત્રેયીનો સંસ્કારી આત્મા સળવળી ઉઠ્યો. યાજ્ઞવલ્કયના શબ્દો સાંભળીને એનું હૈયું હાલી ઉઠ્યું. એ પછી પોતાના હૃદયની લાગણીને વાચા આપતાં એણે જે કહ્યું તે આજે પણ અમર છે. એ કથન એકલી મૈત્રેયીનું નથી પરંતુ ભારતની સમસ્ત આધ્યાત્મિક સાધનાનું અથવા તો ભારતના આત્માનું છે. એમાં ભારતનો પ્રાણ ટપકે છે, ભારતના હૃદયની રજુઆત થાય છે અથવા તો ભારતીય સંસ્કૃતિનો પ્રતિધ્વનિ પડે છે. ભારત શાને માટે જીવે છે અને એ અતીત કાળમાં પણ કયા ધ્યેયને નજર સામે રાખીને જીવતું હતું તેનો

એ કથન પરથી ખ્યાલ આવે છે, ને ભારતની વિશેષતા સમજાતાં એને માટે આપણા અંતરમાં આદરભાવ ઉત્પન્ન થાય છે.

મૈત્રેયીનું એ કથન કેવું હતું તે જાણો છો ? એણે કહ્યું કે, જેનાથી મારા જીવનનું કલ્યાણ ના થાય અથવા હું અમૃતમય ના બનું તેને લઈને શું કરું ? એ વસ્તુ મારું પરિત્રાણ કેવી રીતે કરી શકે ? હું પણ તમારી સાથે જ તપશ્ચર્યા કરવા માટે આવવા માગું છું.

મૈત્રેયીના એ કથનથી યાજ્ઞવલ્ક્ય પ્રસન્ન થયા અને સદુપદેશ આપવા માંડ્યા. એ સદુપદેશ બૃહદારણ્યક ઉપનિષદનું એક અગત્યનું અંગ છે. એની ચર્ચામાં આપણે નહિ પડીએ. આપણે તો મૈત્રેયીના એ કથન તરફ સૌનું ધ્યાન ખેંચીશું ને કહીશું કે, ભારતની સાધના ને સંસ્કૃતિ એટલા માટે જ અમર છે કે, આરંભથી જ એણે અમર આત્માનું અન્વેષણ શરૂ કર્યું છે. શાંતિ, મુક્તિ કે સુખની ઈચ્છાવાળા માનવો એ અમર આત્માની પ્રાપ્તિ કરી શકે છે એ એનો અનાદિકાળનો ધ્વનિ રહ્યો છે. એને ઝીલીને આપણે એ પ્રમાણે ચાલવાનું જ બાકી છે.

* * * * *

# [૨૯] હું તમારી સેવામાં રહેવા માગું છું !

મુંબઈમાં મારાં પ્રવચનો ચાલતાં હતાં, ત્યારે કેટલાંય જિજ્ઞાસુ સ્ત્રીપુરૂષો એનો લાભ લેતાં. એક પાતળાં શરીરની, ગૌર વર્ણની, શ્યામ નેત્રોવાળી યુવાન સ્ત્રી પણ એમાં આવતી.

એક દિવસ પ્રવચન પૂરું થયા પછી એ સ્ત્રીએ મને કહ્યું, 'મારે તમને તમારા ઉતારા પર એકાંતમાં થોડીક શંકાઓના સમાધાન માટે મળવું છે. તો ટાઈમ આપો.'

મેં તેને મારી અનુકૂળતા પ્રમાણેનો ટાઈમ આપ્યો.

તે ટાઈમે તે આવી પહોંચી.

તે બેનની બે ત્રણ શંકાઓનું મેં મારી રીતે સમાધાન કર્યું. તેથી તેને સંતોષ થયો.

મેં કહ્યું : 'હવે તમારે બીજું કાંઈ પૂછવાનું ના હોય તો જઈ શકો છો.'

તેણે મંદમંદ સ્મિત કરતાં કહ્યું : 'હું તો જરૂરી કપડાંની થેલી લઈને તમારી સાથે રહેવા આવી છું.'

'મારી સાથે ?' મેં આશ્ચર્યોદગાર કાઢ્યો.

'હા. તમારી સાથે,' તે સહેજ પણ સંકોચ વિના બોલી: 'હું ઘેરથી નક્કી કરીને જ આવી છું. તમારી સાથે ખાઈશ, સુઈ રહીશ, ને તમારી બધી રીતે સેવા કરીશ.'

'બધી રીતે એટલે ?'

'તમે ના સમજ્યા ? અમે સ્ત્રીઓ બીજી કઈ રીતે તમારા જેવા સુંદર પુરૂષની સેવા કરી શકીએ તેમ છીએ ? અમારી પાસે યુવાની ને શરીર વિના બીજું છે જ શું ? તે અર્પણ કરી શકીએ. આ યુવાની ને શરીર બીજા શા કામમાં આવે તેમ છે ? એનાથી મેં આજ લગી કેટલાય સંતમહંતોને આનંદ આપ્યો છે. હવે હું તમારી સેવામાં રહેવા માગું છું.'

મને એ સ્ત્રીની ભયંકરતાનું ભાન થયું.

મેં જરા ગંભીરતાથી કહ્યું: 'મારે કોઈની સેવાની જરૂર નથી. તમારો આશય ખરાબ છે. તમે સંત મહંત પાસે જઈને એવું ફૃત્સિત કામ કરો છો તે ભારે શરમજનક છે. તમારું જીવન વ્યર્થ વહી રહ્યું છે, બરબાદ બની રહ્યું છે. આટલા વરસોના સત્સંગની તમારા પર કાંઈ જ અસર નથી થઈ. ચેતો ને સુધરો, નહિ તો મનુષ્ય જીવનને આમ જ ખોઈ નાખશો. અહીં તમને ખાવાનું કે રહેવાનું કશું જ નહીં મળી શકે. વળી હું જ બીજાનો મહેમાન છું અને ના હોઉં તો પણ બીજાને રાખી શકું તેમ નથી. ચાલો હવે તમારું કામ પૂરું થયું. હવે વિદાય થાવ નહિ તો દરવાજા પરના ચોકીદારને બોલાવીને ઘટતું કરવું પડશે.'

ચોકીદારનું નામ સાંભળીને એ સ્ત્રી ઉઠી. જતાં જતાં બોલી: 'તમને જીવનના આનંદની ખબર નથી એટલે જ આ તક ખોઈ રહ્યા છો. છતાં પણ હરકત નહિ. સત્સંગમાં હું રોજ આવું છું. પાછળથી જો વિચાર બદલાય ને ઈચ્છા થાય તો કહેજો. સેવામાં હાજર થઈશ.'

મેં ઊભા થતાં ઉત્તર આપ્યો, 'મારી પાસેથી એવી ઈચ્છા કદી પણ ના રાખશો, અને ઈચ્છું છું કે બીજા કોઈની પાસેથી પણ એવી આશા ના રાખો.'

એ યુવાન સ્ત્રી થેલી લઈને વિદાય થઈ.

મને થયું કે આ સ્ત્રીની હિંમત કેટલી ? એને તો હિંમત કરતાં નફ્ફટાઈ કહીએ તો તે વધારે યોગ્ય થશે. કાચા મનના યુવાન ને વૃદ્ધ સાધકો ને સંતોને માટે આવી સ્ત્રીઓ મોટામાં મોટા જોખમરૂપ છે. એવી સ્ત્રીઓથી એમણે, અને વાસના ભૂખ્યા પુરૂષોથી સાધક સ્ત્રીઓએ, સદાય સાવધાન રહેવાની જરૂર છે. પછી તો બુરા ભાવો ઉઠશે જ નહિ એટલે સાવધાની સ્વાભાવિક બની જશે. હરિનો મારગ છે શૂરાનો - એ સાચું છે. એ શૂરવીરતા બહારની નહિ પણ અંદરની છે.

થોડા દિવસ મારાં પ્રવચનો ચાલુ રહ્યાં ત્યાં સુધી પેલી યુવતી રોજ મળતી. પ્રવચનમાં એ આગલી હરોળમાં બેસતી પણ પછી તેણે સેવાની વાત યાદ ના કરી. કદાચ તે સમજી ગઈ હતી કે, વાત કરવાથી કશું નહિ વળે. મને તુલસીદાસની પેલી પંક્તિ યાદ આવતી હતી:

ज्ञानपंथ कृपाण के धारा पडत अगेश होहि नही वारा ।

જ્ઞાનપંથ તલવારની ધાર જેવો છે. એના પરથી પડતાં ગાફેલ હોય તેને વાર નથી લાગતી.

* * * * *

# [૩૦] મને પણ મારા ભગવાનનો ભય છે

મધ્યયુગનો જમાનો એટલે બાહ્ય રીતે જોતાં આટલો બધો પ્રગતિશીલ જમાનો નહીં. સામાજીક સુધારણાનું ક્ષેત્ર જેવું અને જેટલા પ્રમાણમાં આજે છે તેવું અને તેટલા પ્રમાણમાં તે જમાનામાં વિકસેલું ન હતું. તેમાં વળી રાજસ્થાનનો પ્રદેશ એટલે સામાજિક રીતરિવાજોના પાલનની બાબતમાં ભારે આગ્રહશીલ અથવા તો ચુસ્ત પ્રદેશ. સ્ત્રીઓની બાબતમાં તો ખાસ.

સ્ત્રીઓ એ વખતે આજની જેમ ઈચ્છાનુસાર છૂટથી હરીફરી ન શકતી. ઘરની બહારના વ્યવસાયો પણ ના કરતી. ઘર તથા કુટુંબ જ એમનું કર્તવ્યક્ષેત્ર રહેતું. કેળવણીનો વિકાસ પણ આટલો બધો નહોતો. એટલે કેળવણીની દૃષ્ટિએ પણ સ્ત્રીઓ પછાત હતી.

એમાં મીરાંબાઈ એટલે તો રાજકુટુંબની સ્ત્રી. ભારે મર્યાદામાં રહેનારી અને નિયમો પાળનારી.

મહેલને મૂકીને એ વૃંદાવનવાસ કરવા નીકળી પડી. એના પરથી કલ્પના તો કરો કે એનું હૃદય કેટલું બધું અનેરું, અસાધારણ, અથવા તો જુદી જાતની સામગ્રીમાંથી બનેલું હશે ? એનો વૈરાગ્ય કેટલો દૃઢ હશે, એની સમજશક્તિ કેટલી બધી ઉંચી કોટિની હશે, અને ઈશ્વરને માટેનો એનો પ્રેમ પણ કેટલી બધી પરાકાષ્ઠાએ પહોંચ્યો હશે ! મીરાંબાઈ વૃદ્ધાવસ્થાએ પહોંચેલી ન હતી પરંતુ યુવાનીના ઉંબર ઉપર ઉભેલી યુવતી હતી. સંસારના વિષયોમાં એને તલમાત્ર પણ રસ નહોતો રહ્યો. કેવળ ગિરધર ગોપાલમાં જ એનું મન લાગેલું હતું. મોહનના મુખડાંની માયા એને લાગી ચૂકી હતી. એ મોહનને સાક્ષાત્ કરવા કે મળવા માટે એનું અંતર તલપાપડ બનીને આક્રંદ કરી રહ્યું હતું. ઘરમાં પ્રતિકૂળતા હતી એટલે એનું મન એકદમ ઉપરામ બની ગયું હતું. એટલા માટે તો સાંઢવાળા સાંઢે શણગારજે રે મારે જાવું સો સો રે કોસ' કહીને એ રાજભવનને છોડીને નીકળી પડી.

મીરાંબાઈની લોકાપવાદ તરફની ઉદાસીનતા, નિર્ભયતા અને હિંમતનો એ પ્રસંગ પરથી ખ્યાલ આવે છે, અને એ ભક્તિમતી સ્ત્રીને માટે આપણા મનમાં માન ઉત્પન્ન થાય છે.

પુરૂષને માટે ત્યાગ કરવાનું અને ત્યાગને નિભાવવાનું કામ કદાચ સહેલું હશે. પરંતુ સ્ત્રીને માટે પ્રમાણમાં મુશ્કેલ છે. એને માટે પોતાની સુરક્ષાનો સવાલ પણ મહત્વનો હોય છે. ત્યાગ કર્યા પછી પણ એના જીવનમાં પાર વિનાના પ્રતિકૂળ પ્રસંગો તથા ભયસ્થાનો આવે છે, અને એમાંથી એણે પસાર થવું પડે છે. એમાંથી પાર ઉતરવા માટે સતત સાવધાની અથવા તો અનવરત આત્મનિરીક્ષણની આવશ્યકતા હોય છે. એવી સાધનાની અને આત્મનિરીક્ષણ વૃત્તિનો અભાવ હોવાથી કેટલાય સ્ત્રીપુરૂષોને મુસીબતમાં મુકાવું પડે છે. તેમાંય જો વૈરાગ્યની ભાવના જ મંદ હોય તો થઈ રહ્યું. જીવનને બરબાદ બનતા કે ભળતા માર્ગે વળી જતાં વાર ના લાગે. એમાં યે વળી મીરાંબાઈ જેવી યુવાન ને સુંદર સ્ત્રીને તો કેટલું બધું સંભાળવું પડે ? એ તો હજારો ને લાખો આંખોનું આકર્ષણ થઈ પડે. લાખો લોકો એના અનુકૂળ દ્રષ્ટિપાતને માટે પડાપડી કરે.

પરંતુ મીરાંબાઈનું ઘડતર જુદું જ હતું. એ કોઈ જુદી જ માટીમાંથી બનેલી હતી.

એ તો પરમાત્માના પરમ ને પ્રખર પ્રેમની તથા પરમાત્માની પ્રતિમા હતી.

એના સંસર્ગમાં આવનારની કાયાપલટ થઈ જતી.

એ ઈશ્વરી પ્રેમનો અનુભવ કરતા કે આસ્વાદ મેળવતા.

તો પણ બધા જ માણસોનાં મન કાંઈ એકસરખાં હોય છે ?

માણસે માણસે મતિ પણ ભિન્ન ભિન્ન હોય છે એવું કહેલું છે, તે સાચું છે.

વાત એમ બની કે મીરાંબાઈના રૂપ પર એક માણસ મુગ્ધ કે મોહિત બની ગયો, ને મીરાંબાઈની પાસે આવીને કહેવા માંડ્યો કે તમારું રૂપ જોઈને હું વારી ગયો છું. મારે તમારા શરીરનો ઉપભોગ કરવો છે.

મીરાંએ કહ્યું કે રૂપ તો ચંચલ છે, તથા શરીર પણ ક્ષણભંગુર છે. એમાં મોહિત થવા જેવું છે જ શું ?

છતાં પણ તે માણસ ના માન્યો. તેણે હઠ કરી. ત્યારે મીરાંએ વિચાર કર્યો કે આ માણસ આમ સહેલાઈથી નહિ માને. એને બીજી રીતે સમજાવવો પડશે. કામી માણસ વિવેકની દ્રષ્ટિએ આંધળો હોય છે. એની આંખ અને એના અંતરાત્માની આગળ અજ્ઞાનનું આવરણ છવાઈ જાય છે. એ આવરણ દૂર ના જાય ત્યાં સુધી એ સાચી વાતને વિચારી કે સમજી જ નથી શકતો.

મીરાંબાઈએ એ માણસની આંખ ખોલવા માટે એક બીજો ઉપાય અજમાવવાનો વિચાર કર્યો.

એ કામી માણસને એણે સૂચના કરી કે અમુક દિવસે તું જરૂર આવજે તથા તારી ઈચ્છા પૂરી કરજે.

કામી માણસને તો એટલું જ જોઈતું હતું. એના આનંદનો પાર ના રહ્યો. એ ખુશખુશાલ બની ગયો. એને પોતાનાં પૂર્વનાં પુણ્યો ફળ્યાં લાગ્યાં. મીરાંબાઈનો આભાર માનીને એ વિદાય થયો.

નક્કી કરેલા દિવસે, નક્કી કરેલા સમય પર, એ અત્યંત ઉત્સાહમાં આવી જઈને મીરાંબાઈની પાસે આવી પહોંચ્યો. મીરાંબાઈ એ વખતે કેટલાક લોકો સાથે સત્સંગ કરી રહી હતી.

સત્સંગનો કાર્યક્રમ પૂરો થયા પછી મીરાંએ પેલા માણસને પોતાની મનોકામના પૂરી કરી લેવા કહ્યું, ત્યારે પેલા માણસે ઉત્તર આપ્યો કે અહિં તો બધા લોકો બેઠા છે. તેમની હાજરીમાં આવું કામ થોડું જ થઈ શકે ?

મીરાંએ ગંભીરતાથી કહ્યું કે ભાઈ ! તું આ લોકોથી ડરે છે તો મને પણ મારા ભગવાનનો ભય છે. તે હમેશાં મારી પાસે કે સાથે રહે છે ને મને હરેક ક્ષણે જુએ છે, કે હું તેને વરેલી છું. તો તું વિચાર કર કે તેની હાજરીમાં પણ મારાથી કોઈ કુકર્મ કેવી રીતે થઈ શકે ?

કામી માણસની આંખ ઉઘડી ગઈ. એનો અજ્ઞાન પડદો ખસી ગયો. મોહ મટી ગયો.

મીરાંને પગે પડીને એણે માફી માગી.

સાચા દિલથી બોલાતા શ્રદ્ધાપૂર્વકના સરળ શબ્દો કેટલીય વાર કેવું જાદું કરી દે છે તેનો આ પ્રસંગ એક મહાન દસ્તાવેજી પૂરાવો છે. મીરાંની પાર વિનાની પવિત્રતાનો પડઘો તો તેમાં પડે જ છે. પરંતુ સાથે સાથે ભગવાન પોતાના ભક્ત કે શરણાગતની કેવી સરસ રીતે રક્ષા કરે છે તેનો પરિચય પણ તેમાંથી થઈ રહે છે. પવિત્રતાની રક્ષા અથવા તો ચારિત્ર્યની સાચવણી ઉચ્ચ જીવન જીવવા માટે કેટલી બધી મહત્વની છે તે પાઠ પણ આ નાનાસરખા છતાં કિંમતી અને અસરકારક પ્રસંગમાંથી શીખી શકાય છે.

* * * * *

# [૩૧] પરધનને માટી બરાબર માનીએ તો ?

રાંકા અને બાંકાનું નામ તો સાંભળ્યું જ હશે.

રાંકાની પત્નીનું નામ બાંકા.

બન્ને ભગવાનના અનન્ય ભક્ત. શ્રદ્ધાભક્તિથી સંપન્ન ને વિશ્વાસુ.

બન્ને આદર્શ ગૃહસ્થાશ્રમી તરીકે જીવન ગાળે.

સાથે મળીને ભક્તિ કરે, જંગલમાંથી લાકડાં કાપીને વેચે, અને એવી રીતે પોતાની આજીવિકા ચલાવે.

બન્નેને એકમેક પ્રત્યે પ્રેમ પણ ઘણો.

પ્રામાણિક, પવિત્ર ને નીતિમાન પણ એવાં કે, લાકડાં કાપીને જે મેળવે તે સિવાયનું બીજું બધું જ એમને મન માટી બરાબર.

એકવાર ભગવાને જાણે કે એમની કસોટી કરવાનો વિચાર કર્યો.

જંગલમાં લાકડાં કાપીને રાંકા અને બાંકા બંને પાછાં આવતાં હતાં ત્યારે રાંકાની નજર અચાનક રસ્તા પર પડેલી સોનામહોરોની થેલી પર પડી. એને થયું કે બાંકાની નજર આ સોનામહોરો પર પડશે તો એને લાલચ થશે, માટે એ હજી જરા પાછળ છે ત્યાં સુધી સોનામહોરોને ઢાંકી દઉં.

એવા વિચારથી પ્રેરાઈને એણે સોનામહોરોની થેલી ધૂળથી ઢાંકી દીધી.

પરંતુ બાંકા એ જોઈ ગઈ, એટલે તરત બોલી: 'નીચે નમીને શું કર્યું ?'

રાંકાએ ન છુટકે બધો ખુલાસો કર્યો.

બાંકાએ નિરાશ થઈને કહેવા માંડ્યું હું તો એમ માનતી હતી કે તમારું જ્ઞાન ઉત્તમ હશે અને તમારો અભેદભાવ પણ ઉચ્ચોચ્ચ કક્ષાએ પહોંચેલો હશે, પરંતુ હજુ તો તમારામાં આ સોનું છે અને માટી છે એવો ભેદભાવ છે માટે તો તમે સોનામહોરોને માટીથી ઢાંકી દીધી. હું તો સોનાને માટી બરાબર જ માનું છું પછી તેને માટીથી ઢાંકવાનું રહે છે જ ક્યાં ?

રાંકાને બાંકાની મહાનતા જોઈને એને માટે માનની લાગણી થઈ. બાંકાને માટે સોનામહોરો પરધન હોવાથી માટી બરાબર હતી. એવી રીતે સૌ કોઈ પરસેવાના પ્રમાણિક પૈસાને જ સોના બરાબર સમજે અને હક્ક વગરના બધા જ પરધનને માટી બરાબર માનવાની સમજ કેળવે તો ? સંસારનું સ્વરૂપ કેટલું બધું ફરી જાય, સુખદ બને અને આદર્શ થાય ?

* * * * *

# [૩૨] ઈશ્વરની સૂચના સફળ બની રહી

ઈશ્વરની અદભુત, અચિંત્ય, મહામહિમામયી શક્તિ કેવી રીતે કામ કરે છે ? તર્કવિતર્ક કે વાદવિવાદના ક્ષેત્રમાં ઉતરવાથી એ પ્રશ્નનું રહસ્યજ્ઞાન અથવા તો સુખદ સમાધાન નહિ થઈ શકે. તર્ક એને સમજવામાં થોડીઘણી સહાયતા જરૂર કરી શકશે, પરંતુ એનું સંપૂર્ણ સ્પષ્ટીકરણ તો કેવળ સ્વાનુભવથી જ થઈ શકશે. એ શક્તિ કામ કરે છે એ સાચું છે એટલું જ નહિ પરંતુ ઈશ્વરનું સાચા દિલથી શરણ લેનાર અને ઈશ્વરમય જીવન જીવનારના જીવનમાં તો ડગલે ને પગલે કામ કરે છે એ વાત નિર્વિવાદ છે. છતાં પણ એની પ્રતીતિ લાંબે વખતે અને કોઈ વિરલ ક્ષણે કોઈ વિરલ પુરૂષને જ થતી હોય છે.

સન ૧૯૪૫માં દેવપ્રયાગના મારા હિમાલયના નિવાસ સ્થાનમાં મને ધ્યાનની દશા દરમિયાન સૂચના મળી કે મારે નવરાત્રીના દિવસો દરમિયાન કલકત્તામાં આવેલ શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના પ્રખ્યાત સ્મૃતિસ્થાન દક્ષિણેશ્વરમાં રહીને સાધના કરવી. કલકત્તા મારે માટે તદ્દન નવું હતું. અત્યાર સુધીના મારા જીવનમાં મેં એની મુલાકાત નહોતી લીધી. છતાં પણ ઈશ્વરની આજ્ઞા મળી એટલે મેં ત્યાં જવાનો નિર્ણય કર્યો. એ નિર્ણય જરા જોખમકારક તો હતો જ કારણ કે કલકત્તામાં મારે કોઈ નાની કે મોટી એળખાણ ન હતી. વળી દક્ષિણેશ્વરમાં રહેવાની વ્યવસ્થા થાય કે કેમ તેની ખબર પણ મને ન હતી. આટલે દૂરથી જઉં ને ત્યાં કોઈ રહેવાની અનુકૂળ વ્યવસ્થા ના થઈ શકે તો ? તો મારે આટલે દૂર પાછું આવવું પડે. મારો નિર્ણય એ રીતે વિચારતા સાહસથી ભરેલો તો હતો જ. પરંતુ બીજો કોઈ વિકલ્પ પણ નહોતો. મારા જીવનમાં ઈશ્વરની સુચના, પ્રેરણા કે આજ્ઞાનુસાર જ હું ચાલતો આવ્યો હોવાથી, આ વખતે પણ સંપૂર્ણપણે શંકારહિત થઈને મારે એ સર્વશક્તિમાનની ઈચ્છાને અનુસરવાનું જ હતું.

એટલે નિઃશંક ને નિર્ભય બનીને એક મંગલમય શુભ દિવસે મેં દક્ષિણેશ્વરના દૈવી સ્થાનમાં જવા માટે દેવપ્રયાગની પુણ્યભૂમિમાંથી પ્રસ્થાન કર્યું.

કલકત્તાનો લાંબો પ્રવાસ પૂરો કરીને છેવટે હું દક્ષિણેશ્વર આવી પહોંચ્યો.

મારું અંતર એ દૈવી, સુંદર, શાંત સ્થળને જોઈને આનંદમાં ઉછળવા લાગ્યું, રોમેરોમ રસથી રંગાઈ ગયું અને અંગેઅંગ અવનવા ઉમંગથી આલોકિત થયું. એ અલૌકિક સ્થાનના દર્શનની ઈચ્છા પૂરી થતાં પ્રાણે એક પ્રકારની ઉંડી તૃપ્તિનો અનુભવ કર્યો.

પરંતુ એ આનંદ, ઉમંગ અથવા તૃપ્તિ લાંબો વખત ના ટકી. દક્ષિણેશ્વરમાં રહેવા માટે મંદિરના ટ્રસ્ટીઓની મંજૂરી મેળવવી અનિવાર્ય હતી. તે પ્રમાણે મેં મંજૂરી મેળવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ટ્રસ્ટીએ માન્યું નહિ, ને મંજૂરી ના મળી.

મારે માટે ખરેખરી વિકટ પરિસ્થિતિ ઉભી થઈ. હવે મારે શું કરવું અને ક્યાં જવું ? સમય પૂરેપૂરી કસોટીનો હતો.

મારી આંખમાં આંસુ આવ્યાં.

મેં અંતરના ઉંડાણમાંથી પ્રાર્થના કરવા માંડી : હે પ્રભુ ! તમે મને આટલે દૂર લાવ્યા અને હવે આ શું કર્યું ? તમારી સૂચના જો સાચી હોય તો અને એ પ્રમાણે મારે અહિં રહેવાનું જ હોય તો તમારે આ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવો જોઈએ. નહિ તો તમારી જ લાજ જશે.

ત્યાં તો...રામકૃષ્ણદેવના એ ઓરડામાં એક ભાઈ મારી પાસે આવી પહોંચ્યા.

એમણે મારી હકીકત સાંભળીને મને હિંમત આપી.

એ જ વખતે સાયકલ પર એક બીજા સદ્‌ગૃહસ્થ આવી પહોંચ્યા.

બધી વાત શાંતિપૂર્વક સાંભળ્યા પછી તેમણે કહ્યું : તમે ચિંતા ના કરશો. ટ્રસ્ટીઓનો સ્વાભાવ એવો જ છે. તેમની મંજુરી મેળવવાની કશી જ આવશ્યકતા નથી. તમે અહીં ઈચ્છા પ્રમાણે શાંતિથી રહેજો. હું મંદિરના કર્મચારીઓને કહી દઉં છું. તે તમને અહિં રહેવા દેશે. તમે અહિં રામકૃષ્ણદેવની ઈચ્છાથી આવ્યા છો તો વ્યવસ્થા પણ તે જ કરશે. હું તો નિમિત્ત રૂપ છું.

જોતજોતામાં તો બધી વ્યવસ્થા થઈ ગઈ. ઈશ્વરની સૂચના સફળ થઈ.

એ મહામહિમામયી પરમ શક્તિએ પોતાની પૂર્વયોજીત પદ્ધતિ પ્રમાણે સમગ્ર કામ કરી દીધું. કોઈનુંય કામ કરવા અથવા કોઈને પણ મદદ કરવા એ હંમેશા તૈયાર છે. પરંતુ માણસ એને માને, એનું શરણ લે અને શ્રદ્ધાશીલ બનીને એની ઈચ્છા પ્રમાણે ચાલવા તત્પર બને ત્યારે ને ? જીવનનો સાચો સ્વાદ એવી વિનમ્ર શરણાગતિને પરિણામે જ મળી શકે !

* * * * *

## [૩૩] સંસ્કારના દિવડા ઠરી ગયા નથી !

ઈ.સ. ૧૯૬૩ની મારી મદ્રાસયાત્રાનો એ સુમધુર પ્રસંગ આજે પણ મારા સ્મૃતિપટ પરથી નથી ભૂંસાયો. એ એવો ને એવો જ યાદ છે અને અવારનવાર યાદ આવતો રહે છે. જ્યારે જ્યારે એ યાદ આવે છે ત્યારે ત્યારે અંતરમાં એક પ્રકારનો અવર્ણનીય વિલક્ષણ ભાવ ઉત્પન્ન થાય છે.

મૂળ ગુજરાતના, અને એમાં પણ સૌરાષ્ટ્રના, પરંતુ લાંબા વખતથી મદ્રાસમાં વસેલા કે સ્થાયી થઈ ગયેલા એ વકીલ મહાશયની શાંત અને જ્ઞાનગંભીર મૂર્તિ મારી આંખ આગળ હાજર થાય છે. મદ્રાસમાં એ મારા પ્રવચનોમાં આવતા. અને પછી તો એકવાર અત્યંત આગ્રહ કરીને એ મને પોતાને ત્યાં પણ લઈ ગયેલા.

તે પોતે એક મહાન દેવીભક્ત ને વેદાંતી હતા. તેમનામાં પ્રવચનનો કરવાની કુદરતી શક્તિ પણ હતી. એ શક્તિથી પ્રભાવિત થઈને એમની આજુબાજુ અસંખ્ય લોકો એકઠાં થતાં. અંગ્રેજીમાં પ્રવચન કરવા ઉપરાંત સંસ્કૃતમાં પણ એ એકધારું બોલી શકતા. લોકો એથી મંત્રમુગ્ધ બનતા.

એવી બધી વિશેષ યોગ્યતા હોવા છતાં પણ એ અત્યંત વિનમ્ર હતા.

મારાં પ્રવચનોની પૂર્ણાહૂતિ થઈ ત્યારે એ વકીલ મહાશયને આભારવિધિ કરવાનું કહેવામાં આવ્યું.

એમણે ઉપસંહાર કરતાં કહેવા માંડ્યું, 'આજે મને આભારવિધિ કરવાનું કહેવામાં આવ્યું, અને એ પ્રમાણે હું આભારવિધિ કરી રહ્યો છું. એને મારું સૌભાગ્ય સમજું છું. તમને બધાને થશે કે હું પણ પ્રવચનો કરું છું ને, મારે પણ કેટલાય પ્રશંસકો તથા પ્રેમીઓ છે. તો પણ હું આટલા બધા પ્રેમ અને આદરભાવથી આભાર માનવા માટે કેમ તૈયાર થયો ? પરંતુ વસ્તુસ્થિતિ એ છે કે મારી દશા એક ગધેડા જેવી છે. ગધેડાની પીઠ પર સુખડનો ગમે તેટલો ભાર લાદવામાં આવે તો પણ ગધેડાને તેની વાસ ના મળે, તેવી રીતે મારામાં જે જ્ઞાન છે એનો આસ્વાદ મને નથી મળી શક્યો. એને લીધે મને પરમશાંતિની પ્રાપ્તિ પણ નથી થઈ. વાસના ને વિકારથી મારું મન ઘેરાયેલું છે.'

શ્રોતાજનો એમની સાદી, સરળ, નિખાલસ, છતાં સારગર્ભિત વાણી સાંભળીને સ્તબ્ધ થઈ ગયા.

સૌને થયું કે વકીલ મહાશય આ શું બોલી રહ્યા છે ! કેટલાક લોકો તો ગણગણાટ કરવા માંડ્યા.

ભરસભામાં આવી રીતે બોલવું, અને એ પણ પોતાને માટે એ કંઈ જેવી તેવી વાત ન હતી.

આભારવિધિ પૂરી થઈ ને બધાં બહાર નીકળ્યાં એટલે મેં કહ્યું : 'વકીલ મહાશય, તમે આજે ઘણું જ વિચિત્ર ને યાદગાર ભાષણ કરી બતાવ્યું.'

'એમાં વિચિત્ર જેવું કશું જ નથી. મને જે યોગ્ય લાગ્યું ને જે સાચું હતું તે જ મેં કહી બતાવ્યું. આજે હું સત્સંગમાં આવ્યો તે પહેલાં શું કરીને આવ્યો છું, તે ખબર છે ? એક માણસે ખૂન કર્યું છે. તેના પર કેસ થયો છે. હું જાણું છું કે તે ખૂની છે. છતાં પણ તેની સ્ત્રીની વિનંતીથી હું તેને માટે વકીલાત કરવા તૈયાર થયો છું. તેને બચાવવા માટેની ખોટી દલીલોનો વિચાર કરીને જ થોડા વખત પહેલાં હું બહાર નીકળ્યો છું. હવે તમે જ કહો કે હું ગધેડા જેવો છું કે નહિ ? જે જ્ઞાન ફક્ત મગજમાં જ રહે છે અને જીવનમાં નથી ઉતરતું અથવા

તે જીવનમાં ઉતારવાનું જોમ પણ પૂરું નથી પાડતું તે જ્ઞાન પ્રાપ્ત કર્યું તો પણ શું ને પ્રાપ્ત ન કર્યું તો પણ શું ? એ જ્ઞાનથી જીવનનું પરિત્રાણ કેવી રીતે થઈ શકે?'

'પરંતુ આટલા બધા વિશાળ જનસમુદાયમાં તમારે માટે તમે એવા આલોચનાત્મક શબ્દો વાપર્યા તે શું બરાબર હતું ?'

'બરાબર જ હતું. બીજાના સાંભળતાં એવા શબ્દો બોલી બતાવું તો બીજા પણ મારી યોગ્યતાને સમજી શકે ને ? નહિ તો બીજાને શી ખબર પડે ? બીજા તો મને મોટો જ્ઞાની તથા તત્વવેતા જ માને ને ?'

એમની નમ્રતા ને નિખાલસતા જોઈને મને એમની પ્રત્યે આદરભાવ ઉત્પન્ન થયો. માણસ પોતાને સાચી રીતે સમજતો હોય ને પોતાની ત્રુટિને ઓળખતો હોય તો કોઈક વાર પણ એને માટે સુધરવાનો કે આગળ વધવાનો અવકાશ રહે છે. એવો માણસ આજે અથવા કાલે પણ જાગીને પોતાની ત્રુટિને દૂર કરીને, પોતાનો વિકાસ સાધી શકે છે. આત્મજાગૃતિ અને આત્મનિરીક્ષણ જીવનવિકાસની બહુ મોટી શરત છે. વકીલ મહાશયના જીવનમાં એ શરતનું પાલન થયેલું જોઈને મને આનંદ થયો ને લાગ્યું કે માનવતા હજી મરી નથી ગઈ. ઉત્તમ કોટિના સમજુ ને સંસ્કારી માણસો જગતમાં ભલે થોડી સંખ્યામાં પણ જીવે છે ખરા.

* * * * *

# [૩૪] સૌ કોઈ આવી દૃષ્ટિ કેળવે તો

કેટલાક પ્રસંગો બહારથી જોતાં ઘણા નાના હોય છે, પરંતુ અંદરથી જોતા એમના આત્માનો વિચાર કરતાં, ઘણા મોટા. એવા જ એક તાજેતરમાં બનેલા પ્રસંગને અહીં ટપકાવી રહ્યો છું.

આ વખતે અમદાવાદથી દહેરાદૂન આવતી વખતે દિલ્હી સ્ટેશને ગાડી બદલવાની હોવાથી, લગભગ ત્રણેક કલાકનો વચગાળાનો વખત રહેતો હતો. એટલે સ્વાભાવિક રીતે જ, સ્ટેશન પર મને મળવા માટે આવેલ મૂળ ગુજરાતી પરંતુ વરસોથી દિલ્હીવાસી બની ગયેલા ભાઈ ગોવિંદલાલની ઈચ્છાને માન આપીને હું નવી દિલ્હીના એમના નિવાસસ્થાન પર ગયો. એમની ઘરની મોટર હતી એટલે જતાં વાર ના લાગી.

ગોવિંદલાલે ખૂબ પ્રેમથી સ્વાગત કર્યું.

થોડીક વાતો કરી, ભોજનવિધિથી પરવારીને, અમે મસૂરી એક્સપ્રેસમાં બેસવા માટે ફરી સ્ટેશને આવ્યા ત્યારે મજૂરની પાસે મારો સામાન મૂકાવ્યા પછી તેને પૈસા ચૂકવવા માટે બંડીના અંદરના ગજવામાં હાથ ઘાલ્યો તો તેમને ભારે નવાઈ લાગી.

તે તરત જ બોલી ઊઠ્યા : 'જોયું ? બંડીનું ખીસ્સું કપાઈ ગયું છે. કોઈ ગઠિયાએ ટ્રેનના ડબામાં ચઢતી વખતે, હજી હમણાં જ ખીસ્સું કાપી નાખ્યું છે. ડબાના પ્રવેશદ્વાર પાસે બનાવટી ભીડનો દેખાવ કરીને ધક્કામુક્કી કરતો એક ગઠિયો ઉભેલો. તેને જોતાં જ મને થયેલું કે આ ફર્સ્ટ કલાસનો પેસેન્જર નથી. એણે જ આ કામ કરેલું છે. પરંતુ ઈશ્વરની કૃપા તો જુઓ. એ કેટલો કૃપાળુ છે કે ખિસ્સું કપાયું છે છતાં પૈસા એમને એમ જ રહ્યા છે. નોટો નીચે નથી પડી. બધી જ નોટો બચી ગઈ છે. ઈશ્વર જેને બચાવવા ધારે છે તેને કેવું અજબ રીતે બચાવે છે !'

મજૂરને આપવા માટે એમણે બંડીના ખીસ્સામાંથી નોટો કાઢી, પરંતુ બધી જ નોટો કપાયેલી હતી. દરેક નોટ ઉપર અને નીચે થઈ ને ચાર ઠેકાણે કપાયેલી. હવે શું થાય ?

મજૂરને મેં પૈસા ચૂકવી આપ્યા ને પછી ગોવિંદલાલને ઉદ્દેશીને કહ્યું : 'નોટો તો બધી કપાઈ ગઈ છે. આ નોટો કામ લાગશે ?'

તેમણે તરત કહ્યું : 'કામ તો લાગશે જ. અને ધારો કે કામ ના લાગે તો પણ શું ? ઈશ્વર પૂરતા પૈસા આપે છે. પૈસાની કશી જ ચિંતા જ નથી. આમાં પણ હું તો ઈશ્વરની કૃપાનું દર્શન જ કરું છું. જીવનમાં મને પૈસાની ભૂખ નથી. શાંતિની-ઈશ્વરની કૃપાની જ ભૂખ છે. નોટો કપાઈ છે તો પણ પૂરી નથી કપાઈ, થોડીક જ કપાઈ છે. હજી પણ ચાલે તેમ છે, એ પણ ઈશ્વરની છે ને ?'

મને એમની સમજ માટે માન ઉપજ્યું.

ટ્રેન ઉપડી અને અમે છૂટા પડાયા.

મારી અને એમની આ પહેલી જ મુલાકાત હતી પણ તે યાદગાર બની ગઈ.

મને થયું કે જીવનના પ્રત્યેક પ્રસંગમાં ઈશ્વરકૃપાનું દર્શન કરવાની આવી જીવનદૃષ્ટિ જો સૌ કોઈ કેળવે તો કેટલી ચિંતા શમી જાય ? કેટલાં દુઃખો ટળી જાય, ને કેટલો લાભ થાય ? સંસારના વિરોધાભાસી અટપટી, વાતાવરણમાં રહીને પણ જો માણસ આવી વૃત્તિ કેળવે તો ઘણું કામ થઈ જાય. એવી દૃષ્ટિ ને વૃત્તિ

કેળવી શકાય છે એની ના નહીં. તો જીવનમાં દ્વંદ્વો માણસને હેરાન ના કરી શકે. એ કદી પણ અને કોઈયે સંજોગોમાં વિચલિત ન બને.

એ દૃષ્ટિએ જોતાં આ પ્રસંગની મહત્તા ઘણી મોટી છે.

* * * * *

# [૩૫] રામ રાખે તેને કોણ મારે

ઉત્તરાખંડમાં પ્રસિદ્ધ તીર્થસ્થાન ઋષિકેશથી નરેન્દ્રનગર જવાનો મોટર રસ્તો છે. ખંડની વચ્ચે લગભગ દસેક માઈલનું અંતર છે. ઋષિકેશ પર્વતની તળેટીમાં છે તો નરેન્દ્રનગર છેક પર્વત પર વસેલું છે. રોજ રોજ નરેન્દ્રનગરની ઝગમગતી બત્તીઓ ઠેઠ ઋષિકેશના બજારમાંથી જોઈ શકાય છે. ત્યારે નરેન્દ્રનગર અત્યંત રળિયામણું લાગે છે.

થોડાંક વરસો પહેલાં ઋષિકેશ અને નરેન્દ્રનગરના એ પર્વતીય મોટર માર્ગ પર એક અજબ પ્રકારનો યાદગાર બનાવ બનેલો. એ બનાવ મારી આંખ આગળ તાજો થાય છે.

વાત એમ બની કે ઋષિકેશથી મુસાફરોને લઈને એક મોટરબસ વહેલી સવારે નરેન્દ્રનગર જવા ઉપડી. ઋષિકેશથી ઉપડેલી એ બસ લગભગ પોણે રસ્તે પહોંચી ત્યાં ડ્રાઈવર તથા પેસેન્જરોની નજર થોડેક દૂર પર્વતની ખીણમાં પડી.

ત્યાં એક વાછરડી લીલુંછમ ઘાસ ચરી રહી હતી, એ તો જાણે ઠીક, પણ એનાથી થોડેક છેટે, ઉપરના ભાગમાં, એક વાઘ એની ઉપર તરાપ મારવાની તૈયારી કરતો'તો.

ડ્રાઈવરે એ અસાધારણ, અદ્‌ભૂત અનુકંપા ભરેલું દૃશ્ય જોઈને મોટર ઉભી રાખી.

મુસાફરો નીચે ઉતરી ગયા અને આખુંયે દૃશ્ય જોવા લાગ્યાં.

વાઘ થોડેક દૂર હતો છતાં પણ પર્વતના માર્ગ પરથી એ આખુંયે દૃશ્ય બરાબર જોઈ શકાતું હતું.

એટલામાં તો વાઘે વાછરડી પર તરાપ મારી, પરંતુ વાછરડીને વાઘની ખબર ના હોવા છતાં, કોઈક કુદરતી પ્રેરણાથી બરાબર એ જ વખતે એ નીચે બેસી ગઈ, એને લીધે વાઘ પોતાનું માપ ચૂકી ગયો, શરીરનો સંયમ ખોઈ બેઠો, ને વાછરડીના શરીરના ઉપરના ભાગમાંથી જ પસાર થઈને એકદમ નીચે, ઠેઠ ખીણમાં નાના સરખા તળાવ જેવું હતું તેમાં ભરાઈ પડ્યો.

વાછરડીએ વાઘને પોતાના શરીર પરથી એકાએક ફૂદકો મારીને પસાર થતો જોયો એથી એ તો સડક જ બની ગઈ ને ગભરાઈ ગઈ.

ગભરાટમાં ને ગભરાટમાં એ પોતાના ઘર તરફ ચાલી નીકળી.

વાઘે પાણીમાંથી બહાર નીકળવાના બનતા બધા જ પ્રયાસો કરી જોયા, પરંતુ એ ફાવ્યો નહિ. પાણી થોડું ઊંડું હતું ને પથ્થર પણ ચીકણાં હોવાથી એ બહાર ના નીકળી શક્યો. થોડોક વખત વ્યર્થ પરિશ્રમ કર્યા પછી એણે બહાર નીકળવાની આશા પણ છોડી દીધી.

મોટરના ડ્રાઈવર નરેન્દ્રનગર જઈને પોલીસને વાઘની માહિતી આપી, તે પ્રમાણે વાઘને પકડવા માટે નરેન્દ્રનગરથી કેટલાક પોલીસો આવી પહોંચ્યા.

વાઘ પણ કાંઈ ઓછો ચતુર હતો ? પોલીસને જોઈને એણે પોતાને મરી ગયેલા બતાવવા માટે આંખ મીંચી દીધી.

પરંતુ પોલીસ પણ ક્યાં પાછા પડે તેવા હતા ? પરિસ્થિતિને પામી જઈને એમણે પાણીમાં ઉપરા ઉપરી પથ્થર નાંખ્યા. એથી વાઘે આંખ ઉઘાડી. એની હિંમત પકડાઈ ગઈ.

પછી તો પોલીસે નીચે પડેલા વાઘને ગોળીઓથી વીંધી નાખ્યો, અને મજબૂત દોરડાથી બાંધેલા ખાટલામાં નીચે ઉતરીને વાઘને ઉપર આણ્યો.

નરેન્દ્રનગર લઈ જઈને એની ચામડી ઉતારવામાં આવી.

નિર્દોષ વાછરડી બચી ગઈ ને એનો નાશ કરવાનો પ્રયાસ કરનાર વાઘ પોતે જ નાશ પામ્યો.

રામ રાખે તેને કોણ મારી શકે ? એ વાત એ પ્રસંગ પરથી સાચી ઠરી. નિર્બળનું બળ રામ છે એ સાચું છે. એ રામ સૌની રક્ષા કરે છે. કદાચ થોડા વખતને માટે ભક્ષક સફળ થાય તો પણ આખરે તો તેનો નાશ જ થાય છે. એ વાતને સમજીને જે ઈશ્વરનું શરણ લેશે ને ન્યાય તથા નીતિના પંથે પ્રયાણ કરશે તેને આરંભમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તો પણ, છેવટે તો તેનો વિજય જ થશે એમાં સંદેહ નથી.

* * * * *

## [૩૬] અને મહર્ષિ દયાનંદની આંખમાં આંસુ આવી ગયાં !

મહર્ષિ દયાનંદ સરસ્વતીમાં તીક્ષ્ણ બુદ્ધિ તો હતી જ, પરંતુ એ કેવળ બુદ્ધિપ્રતિભાથી સંપન્ન હતા એવું જ ન હતું. એમની પાસે ઉત્તમ પ્રકારનું નિર્મળ, સંવેદનશીલ દિલ પણ હતું. એ દિલમાંથી લાગણીના જે ફૂવારા ઊડતા તે અત્યંત અવનવા હોવાથી જોનારને મુગ્ધ કરતા.

જનતાનાં દુઃખદર્દ જોઈને એ પીગળી જતા, રડી ઊઠતા, અને એમને દૂર કરવા માટે ભરચક કોશિશ કરતા. જનતાને દુઃખમુક્ત કરવા તથા જડતાથી રહિત કરીને પ્રાણવાન બનાવવા માટે તો એમની પ્રવૃત્તિ હતી. એ દૃષ્ટિએ જોતાં એમનું અંતર માખણ જેવું મુલાયમ અથવા કુસુમ જેવું કોમળ હતું. કેવળ કોમળ જ નહીં પરંતુ સુકોમળ. એ સુકોમળ સંવેદનશીલ અંતરની ઝાંખી કરવા જેવી છે.

લોકોની સેવા માટે ભારતવર્ષમાં ફરીને એમણે પ્રચંડ પુરુષાર્થ આદર્યો.

તે પહેલાં એકવાર એ મહાપુરૂષે એક કરુણ દૃશ્ય જોયું.

નદીના તટ પર એ શાંતિથી બેઠા હતા. ત્યાં એક વિધવા સ્ત્રી આવી. તેના બાળકનું મરણ થયેલું, પરંતુ તે બાળકના મૃત શરીર પર વીંટવા માટે તેની પાસે વસ્ત્રનો ટુકડો નહોતો. એ લાચાર હતી.

એ સ્ત્રીની કંગાલિયત અને અસહાય અવસ્થા જોઈને મહર્ષિ દયાનંદની આંખમાં આંસુ આવ્યાં. એમનું કાળજું કંપવા લાગ્યું. એમને થયું કે દેશ કેટલો બધો દુઃખી છે ? દેશમાં કેટલી બધી અછત છે ? આવી કંગાળ કરૂણ સ્ત્રીઓ તો કોણ જાણે દેશમાં કેટલીય છે ! એમના દુઃખનિવારણને માટે પ્રામાણિક અને પ્રખર પ્રયાસ કરવો જોઈએ.

મહર્ષિએ આંખ લૂછી અને દેશની સેવા કરવાના સંકલ્પને બળવાન બનાવ્યો.

સ્ત્રી જાતિની ઉન્નતિ માટેની યોજનાઓના નિર્માણમાં એ પ્રસંગે એમને પ્રેરણા પૂરી પાડી. એ પ્રસંગ એમને માટે ચિરસ્મરણીય બની રહ્યો.

એ પ્રસંગનું સ્મરણ આજે એટલા માટે કરી રહ્યા છીએ કે મહર્ષિ દયાનંદ તો ભારતમાંથી વિદાય થયા છે. પરંતુ એમના અંતરને આર્ત અથવા સંવેદનશીલ બનાવનાર અને સતત રીતે નિઃસ્વાર્થ સેવા ધર્મમાં પ્રેરનાર કંગાલિયત, અછત અને દીનતા હજી દેશમાંથી નથી મટી.

પરંતુ એનો અંત આવે કેવી રીતે ?

એનો અંત આણવા માટે સૌએ સંવેદનશીલ બનીને બનતા બધા જ પ્રયાસો કરવાની જરૂર છે. મહર્ષિ દયાનંદની જેમ પરદુઃખે દુઃખી થનારા અને એ દુઃખની દવા કરનારા સ્નેહ, સહાનુભૂતિ તથા સેવાભાવથી સુવાસિત અનેકાએક આત્માઓની આપણે આવશ્યકતા છે, જે પોતાની શક્તિ કે સાધનસામગ્રીનો ઉપયોગ બીજાને માટે કરવા તૈયાર થાય. જે કેવળ પોતાની જ મુક્તિ અને પોતાના જ સ્વર્ગને માટે ચિંતા, મનોરથ કે મહેનત ના કરે, પરંતુ બીજાને દુઃખ, બંધન તથા કલેશથી મુક્ત કરવામાં ને બીજાના જીવનમાંથી નરકની નિશાનીઓ દૂર કરી સુખશાંતિ ને સમૃદ્ધિના સ્વર્ગનું સર્જન કરવામાં ગૌરવ ગણે.

* * * * *

# [૩૭] તેજસ્વી વિદુષી - ભારતી

માહિષ્મતી નગરીમાં પ્રવેશ કરતાંવેંત જ શંકરાચાર્યને ત્યાંની સ્ત્રીઓની વિદ્વતાનો પરિચય થયો.

છતાં પણ શંકરાચાર્ય કાંઈ ડગે એવા ન હતા. ડગે તો તે શંકરાચાર્ય શેના ?

શંકરાચાર્ય કાંઈ સાધારણ વિદ્વાન પુરૂષ હતા કે ? એ તો અસાધારણ વિદ્વતાથી સંપન્ન, મેધાવી મહાપુરૂષ હતા. લોકોત્તર મહાપુરૂષ. યુગોમાં કોઈક જ વાર એવા પ્રતાપી મહાપુરૂષ આ અવની પટ પર અવતરતા હોય છે. લોકહિતને માટે જ એમનું શરીરધારણ હતું. અને એ હેતુને લક્ષમાં લઈને જ, એની પૂર્તિ માટે, એ ભારતવર્ષમાં વિચરણ કરતા હતા.

ભારતવર્ષને ધન્યવાદ છે, કે એની ભૂમિ પર આવા આપ્તકામ ધર્મધુરંધરો પેદા થાય છે. આવા અલૌકિક શક્તિસંપન્ન અવતારી પુરૂષો આવિર્ભાવ પામે છે. આધ્યાત્મિક સંસ્કૃતિના આવા જ્વલંત જ્યોતિર્ધરો જાગ્રત થાય છે. અને પોતાની જ્ઞાનજ્યોતિના પાવન પ્રકાશથી આખીયે અવનીને આલોકિત કરે છે. શંકરાચાર્ય પ્રકટ થયેલા ભારતમાં પરંતુ એ ભારતીય હોવા છતાં, ભારતના નહિ, પરંતુ સમસ્ત સંસારના હતા. એમનું જ્ઞાન સમસ્ત માનવજાતિને માટે પ્રેરણારૂપ હતું.

સ્ત્રીઓની વિદ્વતાને દેખીને એ ડગે જ કેવી રીતે ?

વેદાંત દર્શનના વિચારોમાં સ્નાન કરતા એ આગળ વધ્યા.

માહિષ્મતી નગરીની પનિહારીઓને માટે એમને માન ઉત્પન્ન થયું. પનિહારીઓ પણ કેટલી બધી પાણીવાળી છે ?

થોડીવારમાં તો મંડનમિશ્ર પંડિતનું ઘર આવી પહોંચ્યુ.

ઘરની બહાર, પનિહારીઓના કહ્યા પ્રમાણે પિંજરમાં બેઠેલાં મેનાપોપટ, શુદ્ધ સંસ્કૃત ભાષામાં શાસ્ત્રાર્થ કરતાં હતાં. કેટલો કર્ણમધુર શાસ્ત્રાર્થ !

મંડનમિશ્ર પંડિત એ વખતે શું કરતા હતા તે ખબર છે ?

ઘરનાં દ્વાર બંધ કરીને, ઘરની અંદર યજ્ઞ કરતા હતા.

શંકરાચાર્યને થયું કે ઘર તો બંધ છે. હવે અંદર કેવી રીતે જવું ? બહાર પરિચારક કે બીજું કોઈ તો હતું નહિ. છેવટે યોગવિદ્યાનો આધાર લઈને, પોતાના શરીરને સૂક્ષ્માતિસૂક્ષ્મ કરીને, એમણે ઘરમાં પ્રવેશ કર્યો. શંકરાચાર્ય કેવળ અદ્વૈતવાદી કોરાધાકોર, જ્ઞાની જ ન હતા, પરંતુ સમર્થ યોગી પણ હતા. યોગવિદ્યા પર એમનો સંપૂર્ણ કાબૂ હતો. એ વિદ્યાના પ્રયોગથી, પોતાના શરીરને હલકું ને લઘુ કરીને, ખુલ્લી બારી દ્વારા એમણે ઘરમાં પ્રવેશ કર્યો અને મંડનમિશ્ર પોતાની સ્ત્રી ભારતી સાથે યજ્ઞ કરતા'તા ત્યાં, એમની સામે પાટલા પર આવીને ઊભા રહ્યા. પાટલા પર પાદુકાનો ધ્વનિ થયો એટલે મંડનમિશ્ર ચમક્યા. શંકરાચાર્યને નિહાળીને આશ્ચર્યચકિત બનીને એમણે પૂછ્યું,

કો, મુંડિ ? એટલે કે હે સંન્યાસી, તું કોણ છે ?

શંકરાચાર્યે વ્યંગ કરતાં કહ્યું કે 'આગલાત મુંડિ:'

હે મંડનમિશ્ર ! હું તો ગળાથી માંડીને મસ્તકપર્યંત બધે જ મુંડન કરાવેલો છું.

એ પછી પોતે પોતાના આગમનનું પ્રયોજન કહી બતાવ્યું.

મંડનમિશ્ર પણ કાંઈ શાસ્ત્રાર્થના પ્રસ્તાવથી ડરે તેવા નહોતા. ભારતના એ વખતના પ્રકાંડ પંડિતોમાં એમની ગણના થતી. ભારતભરમાં એ વખણાતા અને એમના હજારો શિષ્યો હતા. શંકરાચાર્યની અને એમની વિચારસરણીમાં ભેદ હતો એટલું જ. શાસ્ત્રાર્થ કરવાની એમણે સંમતિ આપી.

બંનેએ નક્કી કર્યું કે જો શંકરાચાર્યનો શાસ્ત્રાર્થમાં પરાજય થાય, તો શંકરાચાર્યે મંડનમિશ્રના શિષ્ય થઈ ગૃહસ્થાશ્રમ સ્વીકારવો, ને જો મંડનમિશ્ર હારે તો, મંડનમિશ્રે ગૃહત્યાગ કરી શંકરાચાર્યના શિષ્ય થવું.

પરંતુ હારજીતનો નિર્ણય કોણ કરે ? કોઈ મધ્યસ્થી તો જોઈએ ને ?

આખરે મંડનમિશ્રની સ્ત્રી ભારતીએ મધ્યસ્થી થવાનું સ્વીકાર્યું.

ભારતીએ બંનેના ગળામાં માળા પહોરાવીને કહ્યું કે જેની માળા સૌથી પહેલી કરમાઈ જશે તે હારેલો ગણાશે.

શાસ્ત્રાર્થ દિવસો સુધી ચાલ્યો, અને મંડનમિશ્રના કંઠની માળા છેવટે કરમાઈ ગઈ.

મંડનમિશ્રનો પરાજય થયો એમ શંકરાચાર્યે કહ્યું.

પરંતુ ભારતી બોલી : 'સ્ત્રી પુરૂષની અર્ધાંગિની કહેવાય છે. માટે મંડનમિશ્ર હજુ પૂરેપૂરા નથી હાર્યા. મારી સાથે શાસ્ત્રાર્થ કરીને મને પણ હરાવો ત્યારે જ એ હારેલા ગણાશે.'

શંકરાચાર્યે એ વાતનો સ્વીકાર કર્યો.

પછી તો ભારતીએ કામશાસ્ત્રનો વિષય કાઢીને શંકરાચાર્યને છ મહિનાની મુદત માગવા માટે બાધ્ય કર્યા. છેવટે એ જીત્યા, પણ ભારતીની વિદ્વતા એમને યાદ રહી ગઈ.

ધન્ય નારી ! ભારતમાં જન્મીને તેં કયા ક્ષેત્રમાં તારો વિજય ડંકો નથી વગાડ્યો ? તું નારાયણી છે એ સાચું છે. દેશમાં તારું એ રીતે જ સન્માન થતું. તું પછાત ન હતી. ભારતીય સંસ્કૃતિએ તારું જે રીતે સન્માન કર્યું છે, તે રીતે દુનિયાની બીજી કોઈ સંસ્કૃતિએ નથી કર્યું. વચ્ચે એ વાત ભુલાઈ ગઈ. આજે ફરી જ્યોતિર્મયી થવા માટે જાગ્રત થઈ છે. એ એક શુભ નિશાની છે. તું તારી ફરજ, ને તારા મહામહિમાવાન સ્થાનને પ્રાપ્ત કર, એ જ ઈચ્છું છું. દેશ તારી સેવાની ઈચ્છા રાખે છે. તું તે પૂરી કર.

* * * * *

# [૩૮] ગાયત્રીએ એમની શંકા દૂર કરી

વિદ્યારણ્ય મુનિ.

ભારતના સુપ્રસિદ્ધ દર્શનકાર, પ્રતાપી મહાપુરૂષ અને સંત શિરોમણી.

એમના જીવનની એક કથા છે.

કથા ભારે પ્રેરણાદાયક છે.

ગૃહસ્થાશ્રમમાં કહે છે કે, ધનપ્રાપ્તિની ઈચ્છાથી પ્રેરાઈને, એમણે કોઈ સંતપુરૂષની સંગતિ કરી.

સંતપુરૂષે ગાયત્રીદેવીનું અનુષ્ઠાન કરવાની સલાહ આપી, ને કહ્યું કે ગાયત્રી દેવીની કૃપા થવાથી ધનલાભ સહેલાઈથી થઈ રહેશે.

વિદ્યારણ્ય મુનિએ અત્યંત ઉત્સાહપૂર્વક, ગુરૂદેવના કહ્યા પ્રમાણે, ગાયત્રીનું વિધિપૂર્વક અનુષ્ઠાન કર્યું.

અનુષ્ઠાનને માટેના બધા જ નિયમો એમણે વિશ્વાસ તથા પ્રેમપૂર્વક પાળ્યા પણ ખરા. પરંતુ દેવીનું દર્શન ન થયું એટલે જરા હતોત્સાહ બની ગયા.

છતાં પણ ગુરૂની સૂચનાનુસાર બીજું અનુષ્ઠાન કર્યું.

ત્રીજું કર્યું. પાંચમું કર્યું.

એમ ઉપરાઉપરી એકવીસ અનુષ્ઠાન કર્યાં.

એકેક અનુષ્ઠાન કેટલો બધો શ્રમ માગી લે છે, અને કેટલું બધું મજબૂત મનોબળ, તે તો જેને અનુષ્ઠાનનો અનુભવ હોય તે જ સમજી શકે. અદમ્ય ઉત્સાહથી આટલાં બધાં અનુષ્ઠાનો કર્યા પછી પણ ધારેલી સફળતા ન મળવાથી, મન પર પ્રતિક્રિયા કેટલી બધી ભારે ને પ્રતિકૂળ થાય, એનું અનુમાન પણ એ જ કરી શકે.

વિદ્યારણ્ય મુનિ નિરાશ થઈ ગયા, ભગ્નહૃદય બન્યા ને સાધનામાં શ્રદ્ધા ખોઈ બેઠા.

એમને થયું કે ગાયત્રીદેવી છે જ નહિ. જો હોય તો આટલો બધો સતત પરિશ્રમ કરવા છતાં મને દર્શન ન આપે ? અને ધનપ્રાપ્તિની મારી ઈચ્છા પરિપૂર્ણ પણ ન કરે ?

ગાયત્રી, ગાયત્રીનું અનુષ્ઠાન, ઘર, ધન ને સંસાર બધા પરથી એમનું મન ઊઠી ગયું. છેવટે, જીવનનું સાર્થક્ય કરવાની એકમાત્ર કામનાથી, એમણે સંન્યાસની દીક્ષા લીધી.

હવે એમને કાંઈક સંતોષ થયો.

સંન્યાસ લઈને એ અદ્વૈત જ્ઞાનના સિદ્ધાંતોની સાથે એકરૂપ થવાની કોશીષ કરવા લાગ્યા.

એ દિવસોમાં એકવાર એ કોઈ ગામમાં ભિક્ષા લેવા માટે જતા હતા. માર્ગમાં ખેતરોની વચ્ચેનો સાંકડો રસ્તો આવતો હતો, તેને વટાવીને એ આગળ વધવા માંડ્યા. એ જ વખતે એ રસ્તે એક કુમારિકાએ એમને પૂછ્યું : મહારાજ, ક્યાં ચાલ્યા ?

વિદ્યારણ્ય મુનિએ ઉત્તર આપ્યો: ભિક્ષા લેવા.

કુમારિકાએ કહ્યું : મારામાંથી તમે શ્રદ્ધા છોડી દીધી, પરંતુ હું તમને દર્શન આપવા આવી છું. હું ગાયત્રીદેવી છું.

અને કુમારિકાના શરીરમાંથી પ્રકાશનાં કિરણો ફાટવા લાગ્યાં.

વિદ્યારણ્ય મુનિ એ જોઈને તાજુબ્બ થઈ ગયા.

કુમારિકાને એમણે નમસ્કાર કર્યાં.

કુમારિકાએ કહ્યું: જે માગવું હોય તે માગી લો.

વિદ્યારણ્યે કહ્યું : દેવી ! હવે હું શું માંગું ? હવે તો હું સંન્યાસી થયો છું. તમારી કૃપા વિના હવે બીજી કોઈ જ કામના નથી.

દેવીએ સ્મિત કરીને કહેવા માંડ્યું : મારું દર્શન કદી વ્યર્થ નથી જતું. મારો આશીર્વાદ છે કે તમને અલૌકિક આત્મજ્ઞાનની પ્રાપ્તિ થશે.

'પરંતુ દેવી !' વિદ્યારણ્ય મુનિએ ફરી કહ્યું : 'મને એક શંકા છે. મેં જ્યારે તમારા દર્શનની કામનાથી એકવીસ જેટલા અનુષ્ઠાન કર્યા, ત્યારે તમારું દર્શન ના થયું. અને હવે એકે અનુષ્ઠાન નથી કર્યું ત્યારે તમારું દર્શન કરવાનું ભાગ્ય મળ્યું, તેનું કારણ ?'

દેવીએ કહ્યું : 'તમારા પૂર્વજન્મમાં તમે એકવીસ મહાપાપ કરેલાં. એકેક અનુષ્ઠાનથી એ પાપનો નાશ થયો. હવે હું રાહ જોતી'તી કે એક વધારે અનુષ્ઠાન થાય, તો હું દર્શન આપું. પરંતુ તમને તો મારા પર જ વૈરાગ્ય થયો. હવે તમે વિધિપૂર્વક સંન્યાસ લઈને સર્વસમર્પણ કર્યું. એટલે તમારા પુણ્યભંડારમાં વધારો થયો, ને મેં દર્શન આપ્યું.'

દેવી પછી અંતર્ધાન થઈ ગયાં.

સાધકોએ આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. જે કર્મ કરવામાં આવે છે તે તરત ના ફળે, તો એમ ના સમજવું કે તે નકામું ગયું છે. જ્યાં સુધી ઈષ્ટ પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી સાધના ચાલુ જ રાખવી. કોઈપણ સંજોગોમાં નાહિંમત બનીને બેસી ના રહેવું કે સાધનાના વિશ્વાસને ખોઈ પણ ના નાખવો. જીવનના શ્રેયને માટે આ વાત અત્યંત આવશ્યક છે.

* * * * *

# [૩૯] સંત તુકારામનો વૈરાગ્ય

સંત તુકારામ અથવા તો વધારે સારા શબ્દોમાં, એ મહાપુરૂષને માન આપવા માટે, કહેવું હોય તો કહી શકાય, કે સંત શિરોમણી તુકારામ.

મહારાષ્ટ્રના આધ્યાત્મિક આકાશને આલોકિત કરનારા ચાર મહાપ્રતાપી નક્ષત્રગણો : જ્ઞાનેશ્વર, એકનાથ, સમર્થ રામદાસ અને તુકારામ. એમાંના એક શાંત, દાંત, છતાં અત્યંત તેજસ્વી નક્ષત્રગણ ભક્તિમાર્ગના પ્રવાસી, ભાવાવતાર, મહાપુરૂષ.

એમના જીવનમાં પ્રેમનો પરમાર્ણવ પ્રકટી ઊઠ્યો એ પહેલાંની ઘટના છે. એમના જન્મસ્થાન દેહુ ગામમાં આવેલા મંદિરમાં એ રોજ રાતે કીર્તન કરવા જતા. કીર્તન એટલું બધું આકર્ષક થતું કે વાત નહિ. લોકોની મેદની એનો આસ્વાદ લેવા માટે એકઠી થતી. લોકો એ કીર્તનને શાંત ચિત્તે મંત્રમુગ્ધ થઈને સાંભળતા, અને તુકારામનાં વખાણ કરતા.

તુકારામને એ પ્રશસ્તિ ગમતી. લોકોને પ્રસન્ન કરવા માટે એ નવાં નવાં ગીતોની રચના કરતા, નવાં નવાં ઉપદેશવચનો સંભળાવતા અને નવી નવી કથા વાર્તાને વહેતી કરતા. લોકો કહેતા કે વાહ ! તુકારામ મહારાજ જેવા કથા કરનાર બીજા કોઈ જ નથી જોયા. શું એમની છટા છે, વાગ્ધારા છે અને શી એમની ગૂઢાતિગૂઢ ભાવોની અભિવ્યક્તિ કરનારી વિદ્વતા છે ! લોકો એમને સન્માનવા ને એમની પૂજા કરવા લાગ્યા. તુકારામ એના કેફમાં તણાયા પણ ખરાં.

પરંતુ..

તુકારામના અંતરાત્માએ એક ધન્ય દિવસે બળવો કર્યો. એમને થયું કે લોકોનું રંજન કરવા માટે હું કથા કીર્તન કરું છું, પરંતુ ઈશ્વરનું રંજન હજુ નથી કરી શક્યો. ઈશ્વરનું દર્શન કરવું જોઈએ, એ વિના જીવનની સફળતા નથી અને જીવનમાં શાંતિ પણ નહિ મળી શકે. એવી એવી ઉપદેશવાણી હું શ્રોતાજનોને સંભળાવ્યા કરું છું, પરંતુ હું જ એ ઉપદેશવાણીનો અમલ નથી કરી શક્યો. હજુ હું પોતે જ ઈશ્વરના સાક્ષાત્કારથી, અને એને પરિણામે પ્રાપ્ત થનારી પ્રશાંતિથી વંચિત છું. મને ધિક્કાર છે કે લોકોનું રંજન કરનારો એક પ્રશસ્તિપ્રિય કથાકાર બનીને જ હું બેસી રહ્યો છું, અને મારા જ્ઞાનનો સદુપયોગ કરીને, હું ઈશ્વરનો સાચો ભક્ત બનીને, મારા જીવનનું સાર્થક્ય નથી કરતો !

બસ, પછી તો શું ?

તુકારામને ઘણું દુઃખ થયું. વેદના થઈ. આટલાં વરસો વ્યર્થ રીતે વેડફી દીધાં એનો અફસોસ થયો. પશ્ચાતાપના પાવકથી એમનો પ્રાણ પ્રજ્વલિત અને પીડિત બન્યો.

મંદિરમાં સંકીર્તન અને સદુપદેશના કાર્યક્રમને તિલાંજલિ આપીને, એ ભંડારા પર્વત પર પહોંચી ગયા. ભંડારા પર્વત દેહુ ગામની પાસે જ હતો. આજે પણ છે.

ભક્તનું હૃદય તો એમની પાસે હતું જ. વૈરાગ્ય પણ હતો. વૈરાગ્યને ભાવથી ભરેલું હૃદય હવે સર્વ સમર્પણ કરવા તૈયાર થયું. એમણે પરમાત્મા પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી ઈશ્વરનું દર્શન નહિ થાય ત્યાં સુધી હું પર્વત નીચે નહિ ઊતરું અને અન્નજળ નહિ લઉં !

વૈરાગ્ય, પ્રેમ અને સર્વસમર્પણની એ અવસ્થામાં બાર દિવસે તુકારામને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો. ઈશ્વરના દર્શનથી તુકારામ આનંદમાં આવી ગયા. એમને શાંતિ મળી.

ઈશ્વરનાં ચરણોમાં પ્રણિપાત કરીને એમણે ગદ્‌ગદ્ કંઠે, ભાવવિભોર બનીને સ્તુતિ કરી.

એ પછી ઈશ્વરની આજ્ઞાનુસાર, પર્વત પરથી ઊતરીને એ ગામમાં આવ્યા અને લોકોને પહેલાંની પેઠે ઉપદેશ કરવા લાગ્યા. પરંતુ એ ધર્મોપદેશ અનેરો જ હતો. એ એક પ્રશાંતિપ્રાપ્ત, અનુભવી મહાપુરૂષની વાણી હતી. લોકોને એ અત્યંત અસરકારક લાગી.

આજે બીજાને ઉપદેશ આપવાની પ્રવૃત્તિ વધી પડી છે, ત્યારે તુકારામનો આ પ્રસંગ ખાસ યાદ રાખવા જેવો છે. બીજાને ઉપદેશ આપવાની પ્રવૃત્તિ ખોટી નથી, પરંતુ બીજાને ઉપદેશ આપવા માટે જ જીવવું અને પોતે કાંઈ જ ન કરવું એ બરાબર નથી. જીવનના શ્રેયને માટે એવી પ્રવૃત્તિ બાધક છે. માણસે પોતે સદુપદેશની મૂર્તિરૂપ બનવાની જરૂર છે. ત્યારે જ શાંતિ મળી શકશે.

એક બીજી વાત પણ છે. લોકો પૂછે છે કે ઈશ્વર છે કે નહિ ? અને હોય તો તેમનું દર્શન કેમ નથી થતું ? એમને આપણે કહીએ છીએ કે ઈશ્વર તો છે જ; ક્યાંય ગયા નથી; પરંતુ તુકારામ જેવા વૈરાગ્ય, પ્રેમ, કે સમર્પણભાવ છે ? એવા સમર્પણભાવનો સૂર્યોદય થશે ત્યારે ઈશ્વર તમને જરૂર દેખાશે; ત્યાં સુધી દૂર ને દૂર જ રહેશે, માટે નકામી શંકા ન કરતા અને નિરાશ પણ ન બનતા. યોગ્યતાને તૈયાર કરો એટલે ઈશ્વર તમને આપોઆપ મળશે.

* * * * *

# [૪૦] વિવેકભ્રષ્ટ માનવી

શુકદેવે જેમને ઉદ્દેશીને શ્રીમદ્ ભાગવતની કથા કહી છે, તે રાજા પરીક્ષિત મહાપ્રતાપી હતા. તેમને સંબોધાયેલી ભાગવતની કથા ઘેરેઘેરે જાણીતી છે. વરસો વીતી ગયાં તો પણ, હજુ તેનાં પારાયણ ચાલુ જ છે. રસિકોએ તેને રસનું આલય અથવા તો આશ્રયસ્થાન કહ્યું છે તે સાચું છે. તેના પ્રસંગોમાં તથા તેમની રજૂઆતમાં એવો તો અગાધ અને અખૂટ રસ ટપકે છે કે વાત નહિ. એનો આસ્વાદ લઈને માનવ ધન્ય બને છે. અનંત વરસો વીતી ગયાં તો પણ, એ રસ એવો જ તાજો છે. ભાગવતની લોકપ્રિયતા તથા સનાતનતાનું એ એક મોટું કારણ છે. એના રચયિતા મહર્ષિ વ્યાસે એની રચનામાં પોતાનું હૃદય રેડી દીધું છે.

એના આરંભમાં જ એક અગત્યની વાત છે.

રાજા પરીક્ષિત મૃગયા રમવા માટે વનમાં નીકળ્યા છે. વનમાં ફરતાં ફરતાં એમને તૃષા લાગી. એટલે કોઈ આશ્રયસ્થાનનની શોધ કરતાં કરતાં એ વનમાં સમીપમાં આવેલા એક શાંત અને એકાંત આશ્રમમાં આવી પહોંચ્યા.

એ આશ્રમ શમિક મુનિનો હતો.

પરીક્ષિત રાજા પોતાના આશ્રમમાં આવે ત્યારે મુનિ એમનો આદર સત્કાર કરે. મુનિ એવા માયાળુ, નમ્ર, ને ધર્મપરાયણ હતા. અતિથિને દેવતાતુલ્ય માનીને સત્કારવાની ને સેવવાની એમને ટેવ હતી. પરંતુ અત્યારે એ ઈશ્વરના સ્મરણમનનમાં તલ્લીન બનીને બેઠા હતા એટલે કે ધ્યાનસ્થ હતા. એટલે રાજાનો સત્કાર કેવી રીતે કરી શકે ? રાજાના આગમનનો એમને ખ્યાલ પણ ન હતો.

પરીક્ષિત રાજા આ પરિસ્થિતિનો વિચાર કરવાને બદલે, રોષે ભરાયા, ને ધ્યાનમગ્ન મુનિના ગળામાં મરેલા સાપને વીંટીને ચાલી નીકળ્યાં. એમણે વિચાર પણ ન કર્યો કે રાજા તરીકે આવું અન્યાય મૂલક, અવહેલનાભર્યું અને અહંકારયુક્ત આચરણ કરવું અત્યંત અમંગલ, અઘટિત અને અસ્થાને છે. એટલા સાધારણ વિવેકને પણ એ જાગ્રત ન રાખી શક્યા. એક રાજા તરીકે આ બધું એકદમ અન્યાયી કે અયુક્ત હતું.

શમિક મુનિના પુત્ર શ્રુંગીને જ્યારે પોતાના પિતાની સાથે રાજાએ કરેલા આ દુર્વ્યવહારની ખબર પડી ત્યારે એ અત્યંત ક્રોધે ભરાયો. એને થયું કે એક રાજાને આટલો બધો ઘમંડ ? પ્રજાનું પાલન કરનારો રાજા પ્રજાના પ્રતિષ્ઠિત વર્ગની આવી અવજ્ઞા કરે તે કેવી રીતે સહી શકાય ? હસ્તિનાપુરની ગાદી પર શું આવો અધર્મી રાજા શોભી શકે છે ? આવા દુરાચારી રાજાને દંડ દેવો જ જોઈએ.

હાથમાં પાણીની અંજલિ લઈને શ્રુંગીએ સંકલ્પ કર્યો કે જે રાજાએ આવું ઘોર કર્મ કર્યું છે તે રાજા પરીક્ષિત, આજથી સાતમેં દિવસે તક્ષક નાગના કરડવાથી મૃત્યુ પામજો. એણે સત્વર શાપ આપ્યો.

એક સાધારણ જેવી દેખાતી વસ્તુએ કેવું અસાધારણ સ્વરૂપ ધારણ કર્યું ? બ્રાહ્મણનો શાપ કોઈ દિવસ મિથ્યા થાય નહિ એવો નિયમ હતો.

પરંતુ....

શમિક મુનિ પરમ શાંત ને દયાળુ હતા. એમણે જ્યારે શાપની વાત સાંભળી ત્યારે એમને દુઃખ થયું. શ્રુંગીને એમણે કહ્યું કે આપણે બ્રાહ્મણ છીએ, ઋષિ છીએ, ને વનમાં તપ કરવા માટે રહીએ છીએ. એટલે આપણને આવો ક્રોધ કરવો ના ઘટે. પરીક્ષિતે ગમે તેવું અવિચારી કૃત્ય કર્યું તો પણ એ રાજા છે, ને એનું કલ્યાણ કરવાનો આપણો ધર્મ છે. તેને બદલે તું તો શાપ આપી બેઠો. આ કામ તારે માટે જરાય સારું ન કહેવાય.

પરંતુ સારું કે ખરાબ, જે થઈ ગયું તેનું શું થાય ? એ કાંઈ થોડું જ અન્યથા થવાનું છે ? શાપ હવે મળી ચૂક્યો હતો એટલે પોતાનું કામ કરવાનો જ. પરીક્ષિત રાજાને જ્યારે ખબર પડી ત્યારે તેમને દુઃખ તો થયું જ, પરંતુ શાપનો તેમણે શાંતિપૂર્વક સ્વીકાર કર્યો. તે જ્ઞાની હતા. ફક્ત ક્ષણિક ઉશ્કેરાટમાં આવીને જ એક પ્રકારનું અધમ કર્મ કરી બેઠેલા. એને માટે પાછળથી એમને પશ્ચાતાપ થયો જ હતો. મુનિ કે મુનિના પુત્ર પર ક્રોધ કરીને વેર વાળવાનો વિચાર કરવાને બદલે, શેષ રહેલા જીવન દરમિયાન શાંતિ મળે, જીવનનું શ્રેય સાધી શકાય, ને મુક્તિ મળે, તે માટે પ્રયત્નશીલ થવાનો એમણે સંકલ્પ કર્યો. અને એ સંકલ્પને સિદ્ધ કરવા માટે એમણે મહાપુરૂષોની મુલાકાત લેવાનો નિર્ણય કર્યો.

કથા આપણને શીખવી જાય છે કે કોઈપણ કર્મ કરતાં પહેલાં એના સારાસારનો વિચાર કરવો. બધા જ સંજોગોમાં ક્રોધ કે ઉશ્કેરાટનો ત્યાગ કરવો ને જીવનના મંગલને માટે મહેનત કરવી, કે જેથી જીવનમાં શાંતિ તો મેળવી જ શકાય, પરંતુ મૃત્યુને પણ મહોત્સવરૂપ કરી શકાય. જે થવાનું છે તે અન્યથા નથી થવાનું, છતાં પણ જીવનને સુધારવાની કે સર્વોત્તમ બનાવવાની તક તો આપણી પાસે છે જ. ફક્ત તે તકનો લાભ લેતાં આપણને આવડવું જોઈએ.

ઋષિપુત્રનો શાપ સાંભળીને પરીક્ષિત રાજાને દુઃખ તો થયું જ. કેમ ના થાય ? મૃત્યુ કોને ગમે છે ? મૃત્યુના સાચા કે ખોટા સમાચાર પણ કોને ગમે છે ? દરેક વ્યક્તિ અમરત્વની આકાંક્ષા રાખે છે અને અમરત્વને માટે તલસે છે. અમીર કે ગરીબ, સાક્ષર કે નિરક્ષર, રાજા કે રંક, મૃત્યુ કોઈને પણ પ્રિય નથી હોતું. ન છૂટકે નિરુપાય થઈને મરવું પડે એ જુદી વાત છે પરંતુ પોતાનાથી થાય એટલા બધા પ્રયાસો તો તે મૃત્યુ અથવા તો મૃત્યુના સંભવિત ભયમાંથી મુક્તિ મેળવવા માટે કરી છૂટે છે. રાજા પરીક્ષિત પણ એમાં અપવાદરૂપ કેવી રીતે હોઈ શકે ? એને થયું કે મૃત્યુને હવે તો સાત જ દિવસ બાકી રહ્યા. રાજપાટનો ત્યાગ કરીને ભગવતી ભાગીરથીના તટ પર રહેતા કોઈ સંતપુરૂષને શરણે શાંતિ તથા મુક્તિનો માર્ગ મેળવવા માટે જવાનો એણે સંકલ્પ કર્યો.

પ્રજા પરીક્ષિતને ચાહતી હતી. એટલે શાપના સમાચાર સાંભળીને લોકો હાહાકાર કરી ઊઠ્યા. આવા ધર્મપરાયણ રાજાને બચાવી લેવાને માટે સૌ પ્રાર્થના કરવા લાગ્યા.

પરંતુ શાપની સામે પ્રાર્થના કરવાથી થોડું બચી શકાય છે ? એને માટે તો કોઈ બીજો કીમિયો કરવો જોઈએ. સાપની અસરને પોતાની દૈવી શક્તિથી અન્યથા કરી શકવાની કોઈનામાં વિદ્યા હોય તો તેવી વિદ્યાવાળો માણસ અત્યારે કામ લાગી શકે. એ રાજાને જરૂર બચાવી શકે. પરંતુ એવો અસાધારણ વિદ્યાવાળો માનવી પણ ક્યાં હોય ને કેવી રીતે મળે ?

પરીક્ષિતના રાજ્યમાં એવો એક માનવી હતો. એ મૃતસંજીવની વિદ્યામાં કુશળ હતો. એને થયું કે મારી વિદ્યાથી હું પરીક્ષિત રાજાને જીવતો કરી દઈશ. ઋષિપુત્રનો શાપ પ્રમાણે રાજા તક્ષકના કરડવાથી મૃત્યુ તો પામશે જ. પરંતુ પછી હું રાજાને જીવંત કરીશ એટલે રાજા મને બદલીમાં અઢળક સંપતિ આપશે ને હું ન્યાલ બની જઈશ. એવા વિચારથી પ્રેરાઈને એ મૃતસંજીવની વિદ્યા જાણનારો બ્રાહ્મણ ચાલી નીકળ્યો.

તક્ષક નાગને એ વાતની ખબર પડી. એને થયું કે જો બ્રાહ્મણ પોતાના પરિશ્રમમાં સફળ થશે તો ઋષિપુત્રનો શાપ નિરર્થક જશે. એટલે એ વેશપલટો કરીને બ્રાહ્મણને મળવા માટે નીકળી પડ્યો.

બ્રાહ્મણ ઉત્સાહમાં ને ઉત્સાહમાં રાજમાર્ગ તરફ જઈ રહ્યો હતો. ત્યાં એના માર્ગની વચ્ચે આવીને તક્ષક ઊભો રહ્યો, ને કહેવા લાગ્યો 'બ્રાહ્મણ દેવતા, નમસ્કાર.'

બ્રાહ્મણ ઊભો રહ્યો એટલે તક્ષકે પૂછ્યું : આમ ઉમંગમાં ને ઉમંગમાં કઈ બાજુ જઈ રહ્યા છો ?

'અમસ્તો જ જઈ રહ્યો છું, ખાસ ક્યાંય નહિ,' બ્રાહ્મણે ઉત્તર આપ્યો.

'બ્રાહ્મણ થઈને ખોટું ન બોલો. તમે આવો સરસ વેશ ધારણ કરીને કાંઈ અમસ્તા નહિ જતા હો.'

'રાજા પરીક્ષિતને ત્યાં જઉં છું.' બ્રાહ્મણથી કહેવાઈ ગયું,

'રાજા પરીક્ષિતને ત્યાં ? કેમ ?'

'તમને ખબર નથી ? રાજા પરીક્ષિતને તક્ષક નાગ કરડવાનો શાપ છે.'

તે તમે ત્યાં જઈને શું કરશો ?

બીજુ શું કરવાનું હોય ? રાજાને હું જીવતો કરી દઈશ.'

'કેવી રીતે ?'

'કેવી રીતે તે મારી વિદ્યાથી.'

'તમે એવી વિદ્યા જાણો છો ?'

'હા જાણું છું.'

'બને નહિ.'

તો પછી તમારે માનવું હોય એમ માનો. આ તો તમે પૂછ્યું એથી મેં કહી બતાવ્યું.'

પરંતુ એવી વાતો કેવી રીતે માની શકાય ? આ સૂકા ઝાડને ફરીવાર લીલુંછમ બનાવી દો તો હું તમારી વાત સાચી માની શકું.

તક્ષક પરીક્ષા લેવા માંગતો હતો. પણ બ્રાહ્મણ સાચો ઠર્યો. મંત્ર બોલીને એણે ઝાડ પર છાંટ્યું તો તરત જ ઝાડ લીલુંછમ બની ગું.

તક્ષક બધું સમજી ગયો. એણે કહ્યું તમારી વિદ્યાથી બ્રાહ્મણનો શાપ મિથ્યા થશે તે જાણો છો ? એ તો તમારા જ કુળને અન્યાય કરવા જેવું છે. ધનભંડાર જોઈતો હોય તો હું તમને એમને એમ જ આપી દઉં.

તક્ષકે આપેલા ધનથી ચલિત થઈને બ્રાહ્મણ ઘર તરફ પાછો વળ્યો.

તક્ષક પણ પ્રસન્નચિત્ત થઈને પાછો વાળ્યો.

ધનની લિપ્સાવાળો માણસ ગમે તેટલો વિદ્યાવાન હોવા છતાં કેવો પરતંત્ર હોય છે એ પાઠ શીખવવાની સાથે સાથે, આ કથા પ્રારબ્ધ કેટલું બધું બળવાન છે તે વાત પણ કહી જાય છે. મૃત્યુ

અવશ્યંભાવિ હતું તો વિદ્યા જાણનારો બ્રાહ્મણ પણ અધવચ્ચેથી પાછો વળી ગયો. એના પરથી સમજાય છે કે મનુષ્યની નહિ પરંતુ દૈવની ઈચ્છા જ વિજયી થાય છે કે સર્વોપરી ઠરે છે.

* * * * *

# [૪૧] ગાફેલ રહેવું ના પાલવે

પરીક્ષિત રાજાની ઉંમર કાંઈ બહુ મોટી ન હતી. હજી તે યુવાવસ્થામાં હતા, છતાં પણ અનશનવ્રત ધારણ કરીને એ ગંગાકિનારે જ્ઞાનીશિરોમણી શુકદેવની પાસે જ્ઞાનનો સંદેશો સાંભળવા બેઠા. એ જોઈને ત્યાં એકત્ર થયેલા ઋષિઓને નવાઈ તો લાગી. પરંતુ બધી હકીકત સાંભળ્યા પછી એમને પરીક્ષિત પ્રત્યે સહાનુભૂતિ ઉત્પન્ન થઈ.

યુવાવસ્થામાં મૃત્યુના જ્ઞાનથી પરીક્ષિત રાજાને મોક્ષનો માર્ગ મેળવવાની લગની લાગી. અને રાજપાટનો ત્યાગ કરીને જીવનનું સાચું સાર્થક્ય કરી લેવા માટે એમણે સંતશિરોમણી શુકદેવનું શરણ લીધું, એ કાંઈ સાધારણ વાત ન હતી. એ એમની ઉત્તમોઉત્તમ વૈરાગ્યવૃત્તિ તથા વિવેકશક્તિની પરિચાયક હતી. મૃત્યુનો વિચાર કરીને અથવા તો મૃત્યુની માહિતી મેળવીને જરૂરી તૈયારી કરવા માટે તત્પર થવાની એમાં સૂચના હતી. એવી યોગ્યતા કાંઈ સૌ કોઈમાં ન હોય. પરીક્ષિત એવી લોકોત્તર યોગ્યતાને લીધે, ત્યાં એકત્ર થયેલા સન્માનનીય મહાપુરૂષોને માટે આદરભાવના અધિકારી બન્યા. સૌના દિલમાં લાગણી થઈ કે પરીક્ષિતનું પરિત્રાણ અવશ્ય થવું જોઈએ.

મૃત્યુનો વિચાર કરીને અથવા તો મૃત્યુને સમીપ જાણીને, એવી રીતે ભારતમાં પ્રાચીન કાળના કેટલાય રાજાઓ જીવનનું શ્રેય કરવાની અભિપ્સાથી, લૌકિક કાર્યોમાંથી નિવૃત્તિ લઈ એકાંત પવિત્ર સ્થાનોમાં આસન વાળતા હતા. રાજાઓ જ નહીં પરંતુ બીજા સર્વસાધારણ પુરૂષોને માટે પણ એ પરિપાટી હતી. જીવનની ઉત્તરાવસ્થામાં લૌકિક પ્રવૃત્તિઓમાંથી મન પાછું વાળી લઈને, પરમાત્માના શ્રીચરણોમાં લગાડવાનો ક્રમ સમાજનાં સર્વે સ્તરોને માટે લગભગ સ્વાભાવિક હતો. વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યસ્તાશ્રમની રચના એને જ અનુલક્ષીને કરવામાં આવી હતી.

મૃત્યુનો વિચાર કરીને રાજાઓ પોતાના મનને રાજપાટમાંથી પાછું વાળી લેતા.

રામાયણમાં એવા જ એક પ્રસંગનો સંકેત છે. જો કે પરીક્ષિતના પ્રસંગ કરતાં તેનો બાહ્ય પ્રકાર જુદો છે, પરંતુ એનો આંતરિક મર્મ એક જ છે કે માણસે મૃત્યુનો સહેજ પણ સંકેત મળતાં ગાફેલ ન રહેવું, ને પોતાના જીવનનું શ્રેય કરવા માટે તૈયાર થઈ જવું.

એ પ્રસંગની સ્મૃતિ રાજા પરીક્ષિતના પ્રસંગ પરથી સહેજે થઈ ગઈ.

એ પ્રસંગ કોનો છે તેની કલ્પના કરી શકો છો ?

રાજા દશરથનો.

રાજા દશરથ મોટી ઉંમરના થયા ત્યાં સુધી તેમને સંતતિ ન હતી. તેથી તે સ્વાભાવિક રીતે જ ઉદાસ કે ગમગીન રહેતા. સંતતિ વિનાનું જીવન એમને નીરસ લાગતું હતું. પોતાના પછી રાજ્યની ધૂરા કોણ સંભાળે એ પણ એમની ચિંતા હતી.

પોતાના દિલનું દર્દ એમણે એક દિવસ ગુરૂ વશિષ્ઠ પાસે ઠાલવ્યું.

વશિષ્ઠ મુનિએ પુત્રેષ્ટિ યજ્ઞ કરાવ્યો અને યજ્ઞનો પ્રસાદ આપ્યો.

પરિણામે રાજા દશરથને ત્યાં રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નનો જન્મ થયો.

રાજા દશરથને પોતાનું શરીરધારણ સફળ થયું લાગ્યું. એમના અંતરમાં આનંદ આનંદ થઈ રહ્યો.

કૌશલ્યા, કૈકેયી ને સુમિત્રાને પણ શાંતિ થઈ.

એ પછી કેટલેય વખતે રાજા જનકને ત્યાં થયેલા સીતાના સ્વયંવરમાં ભગવાન શંકરના ધનુષ્યનો ભંગ કરીને તથા સીતાને વરીને શ્રીરામ પાછા પધાર્યા ત્યારે, કેટલોક કાળ શાંતિપૂર્વક નિર્ગમન કર્યા પછી એક દિવસ રાજા દશરથે દર્પણમાં જોયું. પોતાના મસ્તકમાં એક ધોળો વાળ જોતાં જ એમને થયું કે હવે વૃદ્ધાવસ્થાનો આરંભ થઈ ચૂક્યો અને ધોળો વાળ એ બીજું કાંઈ નહીં પણ કાળની કંકોતરી છે. હવે મારે ચેતી જવું જોઈએ, કેમ કે કાળ ક્યારે આવે તે કાંઈ જ કહેવાય નહીં. જીવનનો ભરોસો નહીં.

બસ, પછી તો શું ?

રાજા દશરથે રામનો રાજ્યાભિષેક કરવાનો અને સ્વયં ઈશ્વરના ચિંતનમનનમાં વખત વિતાવવાનો નિર્ણય કર્યો. મૃત્યુ આવે તે પહેલાં એને માટેની પૂર્વતૈયારી કરી લેવાનો મનસૂબો એમણે કરી લીધો.

આ આખોય પ્રસંગ શું બતાવે છે ? રામાયણના રચયિતા લોકહિતૈષી કળાકાર એ સનાતન, પ્રેરક સંદેશ તરફ અંગુલિનિર્દેશ કરવા માગે છે કે વૃદ્ધાવસ્થા જીવનની અંતિમ અવસ્થા છે. મૃત્યુના રહસ્યમય નાટકનો પ્રવેશક છે. માટે એ અવસ્થા દરમિયાન તો માણસે ચેતવું જ તથા આત્મશાંતિ માટેનું જરૂરી ભાથું તૈયાર કરી લેવું. અને વૃદ્ધાવસ્થા દરમિયાન જ શા માટે ? જીવનની પ્રત્યેક અવસ્થા દરમિયાન, વિવેકી, માણસે પોતાના શ્રેયનું સાધન સાધી લેવાની અનિવાર્ય આવશ્યકતા છે. કેમ કે કાળનો કશો જ ભરોસો નથી. તે ક્યારે આવશે તે વિશે કશું જ ચોક્કસ નથી કહી શકાતું. માટે આવા અચોક્કસ જીવનમાં આત્મકલ્યાણને માટે ગાફેલ રહેવાનું કોઈને પણ ના પાલવે. ભૂલેચૂકે પણ નહીં જ.

* * * * *

# [૪૨] અધિકારનો જ આદર

ડાહ્યા માણસો કહે છે કે જે થવાનું છે તે તો થવાનું જ છે. કરોડો ઉપાય કરો તો પણ તે અન્યથા નથી થઈ શકતું. એનું નામ જ દૈવ કે પ્રારબ્ધ. એનો છૂટકારો ભોગવવાથી જ થઈ શકે છે. માટે જે થાય છે તેને કોઈપણ પ્રકારના બડબડાટ વિના, શાંતિથી સહન કરવું એ જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય જ નથી. હા, તેમાંથી છૂટવા માટેના પ્રયાસો કરવામાં કોઈ જાતની હરકત નથી. પરંતુ એ પ્રયાસો ભાગ્યે જ સફળ થાય છે. અને સફળ ન થાય તો નિરાશ કે નાસીપાસ થવાની જરૂર નથી. પ્રાપ્ત પરિસ્થિતિમાં રહીને પોતાના વિકાસ, હિત કે મંગલને માટેનો માર્ગ કાઢી લેવો એ જ કામ શેષ રહે છે અને એ જ કામને કરી લેવાની જરૂર છે.

તક્ષક નાગના દંશને પરિણામે જે મૃત્યુ થવાનું હતું તેમાંથી છૂટવાનો કોઈ રસ્તો રહ્યો નહિ ત્યારે રાજા પરીક્ષિતે પોતાના શેષ જીવનને પરમાત્માપરાયણ કરવાનો અને એવી રીતે મૃત્યુ પહેલાં શાંતિની પ્રાપ્તિ કરી લેવાનો સંકલ્પ કર્યો. રાજમહેલમાં રહીને એ સંકલ્પની પૂર્તિ કરવાની કોઈ શક્યતા ન દેખાઈ. એટલા માટે એમણે રાજમહેલનો પરિત્યાગ કર્યો અને ગંગાતટનો માર્ગ લીધો. ગંગાના પુનિત તટ પર વિતરાગ તથા સમર્થ પરમાત્માપરાયણ ઋષિમુનિના શાંત આશ્રમ હતા. રાજાઓએ જીવનની ઉત્તરાવસ્થામાં રાજપાટનો ત્યાગ કરીને મોક્ષની સાધના માટે એ પુનિત તટપ્રદેશનો આશ્રય લીધો હતો. ભક્તો, સાધકો, ને તપસ્વીઓએ ત્યાં તપ કરેલાં એટલે એ પ્રદેશનાં પરમાણુ એક પ્રકારની અલૌકિક શક્તિસામગ્રીથી ભરપૂર છે. એ પરમાણુ ત્યાં પ્રવેશ કરનારના પ્રાણને સ્પર્શી જાય છે.

રાજા પરીક્ષિતને પણ એ સ્પર્શ્યાં.

ગંગાના પવિત્રતમ તટપ્રદેશના દર્શનથી એનું હૃદય પુલકિત બની ગયું.

પરંતુ એને તો કોઈ પરમાત્માદર્શી મહાપુરુષની આવશ્યકતા હતી, જેની શીતળ છાયામાં એ શાંતિ મેળવી શકે, જેના સદુપદેશ પ્રમાણે ચાલીને એ જીવનનું કલ્યાણ કરી શકે અને એ જીવનને ઈશ્વરના અનુગ્રહથી અમૃતમય બનાવી શકે. એને તક્ષક નાગનો તેમ જ મૃત્યુનો ભય હતો. એ ભયમાંથી મુક્ત કરનારા લોકોત્તર જીવનમુક્ત મહાપુરૂષની એને આવશ્યકતા હતી. એવા મહાપુરૂષને માટે એનું અંતર તલસી રહ્યું હતું.

પરંતુ એવા મહાપુરૂષ કાંઈ સહેલાઈથી થોડા મળી શકે છે ? એ માટે તો આકાશપાતાળ એક કરવાં પડે અથવા તો ભાગ્ય હોય તો તે મળે. પરીક્ષિતની પાસે હવે વધારે વખત જ ક્યાં હતો ? જે ગણ્યોગાંઠ્યો કાળ હતો તે પણ વહી રહ્યો હતો.

પોતાની ચિંતા એણે ગંગાના પ્રશાંત તટ પર એકઠા થયેલા ઋષિમુનિઓની આગળ કહી બતાવી. ઋષિમુનિઓને એને માટે સહાનુભૂતિ થઈ. આવા પ્રજાપાલક રાજાનું આવી રીતે મૃત્યુ થાય તે કોઈને રુચ્યું પણ નહિ. પરંતુ રુચે કે ન રુચે, બીજો કોઈ ઉપાય થોડો જ હતો ? એમની પાસે અફસોસ વ્યક્ત કરવા સિવાય બીજું શું હતું ? બહુ બહુ તો એ પ્રાર્થના કરી શકે. પરંતુ એથી વિશેષ કશું નહિ. પરીક્ષિતની ચિંતા

એટલાથી કેવી રીતે મટે ? એને તો સાત દિવસમાં મોક્ષ જોઈતો હતો, શાંતિ જોઈતી હતી અને જીવનનું સાર્થક્ય કરી લેવું હતું.

બરાબર એ જ વખતે, એક કૌપીનધારી મહાપુરૂષે ગંગાના એ પુનિત પ્રદેશમાં પ્રવેશ કર્યો. અઢારેક વરસની વયના એ મહાપુરૂષને બાળકો વીંટળાઈ વળેલ, અને એમનો ઉપહાસ કરતા. પરંતુ એથી અલિપ્ત રહીને એ મહાપુરૂષ આગળ વધતા. તપ, ત્યાગ તથા જ્ઞાનની પ્રત્યક્ષ મૂર્તિ જેવા એ મહાપુરૂષ બીજા કોઈ નહિ પરંતુ સંતશિરોમણી શુકદેવ હતા.

એમને જોઈને ઋષિમુનિઓ ઊભા થઈ ગયા. ઋષિમુનિઓના એ સમૂહમાં શુકદેવના પિતા વ્યાસ તથા તેમના પિતા પરાશર પણ હતા. એમણે પણ શુકદેવનો સત્કાર કર્યો.

શુકદેવને સૌથી ઉચ્ચ આસન પર બેસાડીને ઋષિઓએ કહ્યું કે પરીક્ષિત, આખી સભામાં શુકદેવ જ એક એવા છે જે તને શાંતિ અથવા તો મુક્તિ આપી શકે. જીવનનું આત્યંતિક શ્રેય સાધવાની શક્તિ એકમાત્ર એમની પાસે જ છે, બીજા કોઈની પાસે નથી. પરીક્ષિતને પ્રસન્નતા થઈ. શુકદેવના દર્શનનો લાભ મળવા બદલ એણે ઈશ્વરનો આભાર માન્યો.

વ્યાસ ને પરાશર જેવા વયોવૃદ્ધ, ઋષિવરોએ પણ શુકદેવનું સન્માન કર્યું એ શું બતાવે છે ? એ જ કે આ દેશમાં પ્રાચીન અથવા તો પૌરાણિક કાળથી જ વય નહિ પરંતુ વિદ્યાનું સન્માન કરવામાં આવતું. અવસ્થા નહિ પરંતુ અધિકારને આદર આપવામાં આવતો, અને ભોગ નહિ પરંતુ યોગ જ પૂજ્ય મનાતો. દેશ એ વખતે કેટલો બધો સુંદર ને સમુન્નત હશે તેની કલ્પના કરી શકો છો ?

* * * * *

# [૪૩] બ્રહ્મજ્ઞાની શુકદેવ

પરીક્ષિત રાજાને શ્રીમદ્‌ભાગવત કથામૃતનું પાન કરાવનાર જ્ઞાની-શિરોમણી શુકદેવ કોઈ સામાન્ય વિદ્વાન પંડિત, તપસ્વી, ભક્ત, કે સંત ન હતા. એ તો એક કૃતકૃત્યતાના પરમ શિખર પર પહોંચી ચૂકેલા, પ્રશાંતિપ્રાપ્ત, ઈશ્વરદર્શી મહાપુરૂષ હતા. એમને પરમાત્માનો સાક્ષાત્કાર થઈ ચૂક્યો હતો, અને એમની દૃષ્ટિ પરમાત્મામયી બની ચૂકી હતી. તત્વજ્ઞાન કે યોગ ને ભક્તિ એમને માટે કોઈ બૌદ્ધિક વસ્તુ ન હતી, પરંતુ જીવનમાં ઊતરી ચૂકેલી અથવા તો અનુવાદ પામેલી સામગ્રી હતી. એ સ્વયં મૃત્યુંજ્ય હોવાથી કોઈને પણ મૃત્યુના ભયમાંથી મુક્ત કરી શકે તેમ હતા. એટલા માટે જ, ગંગાના તટપ્રદેશ પર આટ-આટલા જ્ઞાની, ભક્ત, ને તપસ્વી પુરૂષો ભેગા થયા હતા તે છતાં, પરીક્ષિતનું મૃત્યુના ભયમાંથી પરિત્રાણ કરવા માટે સોળ વરસના શુકદેવની જ પસંદગી થઈ. આટલી નાની ઉંમરના તત્વદર્શી પુરૂષો ભારતવર્ષ સિવાયના બીજા કોઈ દેશે ભાગ્યે જ પેદા કર્યા છે. બીજા દેશોએ સમાજ સુધારકો, રાજનીતિજ્ઞો, અર્થશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો, પેદા કર્યા છે. પરંતુ સંસારના રહસ્યને આત્મસાત કરવા માટે આકાશપાતાળ એક કરનારા અને પરમાત્માને પ્રત્યક્ષ કરવા માટે પુરૂષાર્થ કરનારા પુરૂષસિંહો તો ભારતમાં જ જન્મ્યા છે. એ એની વિશેષતા છે.

શુકદેવ એવા જ પુરૂષસિંહ હતા. એમની યોગ્યતા શરૂઆતથી જ ઊંચી હતી. એ વિશે એક પ્રસંગ જાણવા જેવો છે.

કહે છે કે શુકદેવના પિતા મહર્ષિ વ્યાસે શુકદેવને રાજા જનકની પાસે જ્ઞાન લેવા માટે મોકલ્યા. રાજા જનક તે વખતે રાજા હોવા છતાં, પણ જ્ઞાનીઓને માટે પૂજ્ય અથવા તો આદરપાત્ર મનાતા. મોટામોટા સંતપુરૂષો પણ એમને સન્માનના અધિકારી સમજતા. એમનું શરીર સંસારમાં રહેતું પરંતુ મન પરમાત્મામાં વાસ કરતું. એટલા માટે તો એ વિદેહી કહેવાતા. જનકવિદેહી તરીકે એમની પ્રસિદ્ધિ હતી.

શુકદેવજી જનક રાજાના મહેલ પાસે આવી પહોંચ્યા. પરંતુ એમનું કોઈએ સન્માન ન કર્યું. દ્વારપાળોએ એમને અંદર જવા ના દીધા ને અટકાવ્યા. જનક રાજા કે બીજું કોઈપણ એમનો સત્કાર કરવા માટે ન આવ્યું. છતાં પણ શુકદેવજી રાજદ્વાર પાસે શાંતિપૂર્વક ઊભા રહ્યા. બીજો કોઈ સાધારણ સંત કે વિદ્વાન પુરૂષ હોત તો રાજા જનક પર રોષે ભરાત અથવા તો એમના દ્વારપાળને શાપ આપવા માટે તૈયાર થાત. પરંતુ શુકદેવ તો પરમાત્મદર્શી પુરૂષ હતા. એમણે કોઈપણ પ્રકારનો વિરોધ ન નોંધાવ્યો કે બડબડાટ પણ ના કર્યો.

એવી અવસ્થામાં પૂરા ત્રણ દિવસ વીતી ગયા ત્યારે જનક રાજાના પરિચારકો એમને અંદર લઈ ગયા. અંદર લઈ જઈને એમને એક ખંડમાં બેસાડ્યા પછી પરિચારકો ચાલ્યા ગયા. એ જ વખતે, બધું પૂર્વયોજિત હોય તેમ, કેટલીક રૂપરૂપના અંબાર જેવી કન્યાઓએ ખંડમાં પ્રવેશ કર્યો. શુકદેવ તો એમને જોઈને શાંત જ રહ્યા. પરંતુ કન્યાઓમાંની કેટલીક એમને શરીરે સુવાસિત દ્રવ્યોનું મર્દન કરવા લાગી, તો કેટલીક એમને સ્નાન કરાવવા, વસ્ત્રો પહેરાવવા, ને પંખા નાખવા લાગી. બધી જ કન્યાઓ એમના ચિત્તને હરવાના ઉદ્દેશથી જુદી જુદી જાતના અભિનય કરવા માંડી. પરંતુ શુકદેવ તો એવા જ નિર્વિકાર અને શાંત

રહ્યા. ભલભલાની કસોટી કરે એવું મોહક વાતાવરણ હતું. પરંતુ જો મોહ પામે તો એ શુકદેવ શેના ? એમને એ લેશમાત્ર પણ ચલાયમાન ન કરી શક્યું.

પછી તો એમને ભોજન કરાવીને કન્યાઓ ચાલી ગઈ.

ત્યારે રાજા જનક આવી પહોંચ્યા.

શિષ્ટાચારની વિધિ પતાવીને જનકે શુકદેવને એમના આગમનનું કારણ પૂછ્યું, તો શુકદેવે કહ્યું કે, મારા પિતાજીના કહેવાથી હું જ્ઞાન લેવા આવ્યો છું.

'જ્ઞાન લેવા ?' જનકે સસ્મિત કહેવા માંડ્યું. 'જ્ઞાન તો તમને પ્રાપ્ત છે જ. એટલું જ નહીં પરંતુ બ્રહ્મજ્ઞાનમાં તમારી સ્થિતિ છે, એટલે તો ત્રણ દિવસ સુધી રાજમહેલના દ્વાર પાસે આદરહીન દશામાં ઊભા રહ્યા તો પણ તમને ક્રોધ ના થયો અને કામવાસનાને પ્રજ્વલિત કરનારી કુમારિકાઓના પ્રયાસો પણ તમારા મનને મોહિત ના કરી શક્યા. તમે પરમજ્ઞાનની મૂર્તિરૂપ છો. જ્ઞાનની આવશ્યકતા તમારે હવે નથી રહી. તમારી કસોટી કરવા માટે જ એ બધા પ્રસંગો મેં ઊભા કર્યા હતા. તમે એ કસોટીમાંથી પાર ઊતર્યા છો. આથી વિશેષ જ્ઞાન મારી પાસે બીજું કશું જ નથી.'

એ પછી શુકદેવ ત્યાંથી પાછા વળ્યા.

બ્રહ્મજ્ઞાની પુરૂષનું મન હવા વિનાના સ્થાનમાં રાખેલા દીપક જેવું અચળ હોય છે. સંયમ એને માટે સહજ હોય છે. કોઈ કાળે એ ચલાયમાન નથી થતું. શુકદેવના પ્રસંગમાંથી એ પદાર્થપાઠ મળે છે. એ પાઠને લઈને બેસી રહેવાને બદલે, એને જીવનમાં ઉતારીએ તો જીવન ધન્ય બની જાય, એમાં સંશય નથી. ઈશ્વર સૌને એ માટેની સમજ આપો ને શક્તિ પૂરી પાડો !

* * * * *

# [૪૪] ભાગવતની શક્તિ

ગંગાના પાવન ને પ્રશાંત તટ પર, ઋષિમુનિ અને વિદ્વાનોની વચ્ચે બેઠેલા પરીક્ષિતને જ્ઞાનીશિરોમણિ શુકદેવે પૂછ્યું : 'રાજપાટ છોડીને અહીં આવવાનું કારણ ?'

પરીક્ષિતે ઋષિપુત્રના શાપની વાત કહી સંભળાવીને કહ્યું: 'ઋષિપુત્રનો શાપ કદી મિથ્યા ન થાય. એટલે તક્ષક નાગ મને કરડશે, અને મારું મૃત્યુ જરૂર થશે. પણ એ પહેલાં જો હું પરમાત્મામાં મારા મનને સ્થિર કરી શકું ને શાંતિ મેળવી લઉં તો ઘણું. મારું જીવન સફળ ને ધન્ય બની જાય. તમારા સિવાય મને એવી શાંતિ બીજું કોઈ જ નથી આપી શકે તેમ. માટે જ હું તમારે શરણે આવ્યો છું. મારા પર કૃપા કરો, અને મને યોગ્ય માર્ગ બતાવીને કૃતાર્થ કરો. એ જ મારી પ્રાર્થના છે.'

શુકદેવે સ્મિત કરીને પરીક્ષિત પ્રત્યે અનુકંપા ભરેલો દૃષ્ટિપાત કર્યો. કેટલો મધુર અને દૈવી દૃષ્ટિપાત ! પરીક્ષિતને એથી પ્રસન્નતા થઈ.

પરીક્ષિતની પ્રાર્થનાથી શુકદેવ એને શાંતિ તથા મુક્તિનો માર્ગ બતાવવા તૈયાર થયા.

સાત જ દિવસમાં મુક્તિ !

કામ કાંઈ ધાર્યા જેટલું સહેલું નથી. ભગીરથ છે.

શુકદેવ જેવા સમર્થ પુરૂષ જ એ કરી શકે.

એટલે તો એ તૈયાર થયા.

અનુકંપાથી પ્રેરાઈને એમણે પરીક્ષિતની આગળ પોતાની વાણી વહેતી મૂકી.

કેટલી બધી મધુમયી અને સરસ વાણી !

પરીક્ષિતનો પ્રાણ એનું રસપાન કરતાં થાકતો ન હતો. જેમ જેમ એ વાણીપ્રવાહ વહેતો જતો, તેમ તેમ એનો આસ્વાદ લેવાની અભિલાષા વધતી જતી. સર્વોત્તમ સદ્‌ગુરૂ અને આદર્શ શિષ્ય બંને ભેગા મળ્યા. પછી બાકી શું રહ્યું ? એ બંનેના સુભગ સંમિલન આગળ કયી વસ્તુ પ્રકટ ના થાય ?

ભક્તો, યોગીઓ, સંતો, મહાપુરૂષો, અને ઈશ્વરના અવતારોની કથાઓ કહેવાયે જતી, ને પરીક્ષિત એમને એકાગ્ર ચિત્તે, ભારે પ્રસન્નતાપૂર્વક શ્રવણ કર્યે જતા.

શુકદેવના શ્રીમુખેથી કથાનું રસપાન કરવું એ પણ એક લહાવો હતો.

પરીક્ષિત સાંભળતાં ન થાકતા, અને શુકદેવ કહેતાં કંટાળતા નહિ. વચ્ચે વચ્ચે જ્યાં શંકા જેવું લાગે ત્યાં પરીક્ષિત પ્રશ્નો પણ પૂછતા ને શુકદેવ એ પ્રશ્નોનો શાંતિ તથા ઉત્સાહપૂર્વક ઉત્તર આપતા. પ્રશ્નોની પરંપરાથી એ રોષે ન ભરાતા.

એ જ્ઞાની શિરોમણીના મુખમાંથી નીકળેલી જ્ઞાનમયી, રસભરપૂર વાણી એટલે જ ભાગવત. વિદ્વાનો અને ભક્તોમાં એ અત્યંત આદરપાત્ર મનાય છે.

ભાગવતની પૂર્ણાહુતિ વખતે, છેલ્લે દિવસે, શુકદેવે પરીક્ષિતને કહ્યું: 'હવે તને શાંતિ મળી ? મુક્તિનો અનુભવ થયો ? હવે તને તક્ષક નાગના કરડવાનો ભય છે ?'

પરીક્ષિતે ઉત્તર આપ્યો: 'પ્રભુ ! હવે મને શાંતિ મળી છે. મને સમજાયું કે હું પરમાત્મસ્વરૂપ હોવાથી મુક્ત જ છું. જન્મ ને મરણ તો મારાં નહિ પરંતુ શરીરનાં છે. હવે મને તક્ષક નાગનો ભય નથી રહ્યો. એક તો શું પરંતુ હજારો તક્ષક આવે તો પણ હું તેમનાથી નથી ડરતો. મને તે નથી કરડી શકે તેમ. હું હવે નિર્ભય છું.'

ભાગવતનું કથન અને શ્રવણ સફળ થયું.

શુકદેવ તથા પરીક્ષિતને તો આનંદ થયો જ, પરંતુ ઋષિમુનિ પણ પ્રસન્ન થયા.

પરીક્ષિતે દેહત્યાગ પહેલાંની જરૂરી તૈયારી કરી લીધી.

ભાગવતને કહેવાયે કે રચાયે તો વરસો વીતી ગયાં છે, પરંતુ એનો આનંદ આજે પણ અમર છે. એનો સંદેશ સનાતન છે. માનવજાતિને માટે એની સામગ્રી અણમોલ અને આશીર્વાદરૂપ છે. મુખ્ય કથા ભારે સારવાહી છે. એનો સાર એ જ છે કે પરીક્ષિત જીવ છે. તક્ષક નાગ એટલે અવિદ્યા, અથવા સંસાર છે. શુકદેવ સદ્‌ગુરૂ છે. જીવ જો એ પ્રશાંતિ પ્રાપ્ત, પરમાનંદમય, જ્ઞાનભંડાર પરમાત્મા રૂપી સદ્‌ગુરૂનું શરણ લે, તો જ સંસારના ભયથી બચી શકે. એ જ માર્ગ છે અને અકસીર માર્ગ છે. જીવ એ માર્ગનું આલંબન લે તેમજ ધન્ય બને એટલી જ વાર છે.

* * * * *

# [૪૫] ભગવાનની કૃપાની ઘટના

વાત કદાચ નહિ માનવામાં આવે, પરંતુ તદ્દન સાચી બનેલી છે. હજી હમણાં જ થોડાંક વરસો પહેલાં તેને પ્રકટ કરવામાં આવી છે.

ભગવાનના એકનિષ્ઠ અથવા તો અનન્ય ભક્તોની ભગવાન પોતે કેવી રીતે સંભાળ લે છે, અને એમની સર્વ પ્રકારના સંજોગોમાં કેવી રીતે રક્ષા કરે છે, તેની પ્રતીતિ આપણને એ વાત પરથી સહેજે થઈ રહે છે, અને એના પરિણામરૂપે, ભગવાનમાં અને ભગવાનની કૃપામાં આપણી શ્રદ્ધા વધે છે.

વાત બદરીનાથની યાત્રા દરમિયાન બનેલી છે.

બદરીનાથની વરસોવરસ થતી યાત્રામાં કેટલાય ભક્તો, ભાવિકો, જિજ્ઞાસુઓ ને પ્રવાસીઓ ભાગ લે છે. ગંગાના કિનારા પરના પર્વતોની અંદરથી કોરી કાઢેલા માર્ગ પરથી કેટલાય મુસાફરો જીવનને કૃતાર્થ કરનારી તથા શાંતિ આપનારી મુસાફરી કરતાં આગળ વધતા હોય છે. કેટલી સરસ મુસાફરી ! કેટલી બધી મંગલમય તેમ જ આનંદકારક ! એ પ્રદેશનું કુદરતી સૌન્દર્ય અને એની ગહન શાંતિ જોઈને એ સ્તબ્ધ બને છે, પ્રેમપુલકિત બને છે, અને એવા અદ્‌ભુત પુણ્યપ્રદેશમાં પ્રવાસ કરવાનો અવસર આપવા બદલ ઈશ્વરનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

એવી જ રીતે ઈશ્વરનો અંતઃકરણપૂર્વક આભાર માનતા માનવોની એક નાનીસરખી મંડળી બદરીનાથની યાત્રા કરી રહી હતી. એ મંડળમાં એક સંન્યાસી મહારાજ પણ હતા. ઈશ્વરના ગુણાનુવાદ ગાતી એ મંડળી આગળ ને આગળ વધતી જતી હતી. કુદરતી સૌન્દર્યથી છવાયેલાં અદ્‌ભૂત દૃશ્યોને જોઈને સૌ ઈશ્વરના મહિમાનું જયગાન કરતા હતા.

યાત્રામંડળીના માણસોથી સંન્યાસી મહારાજ વિખૂટા પડી ગયા, ને યાત્રાના મૂળ માર્ગ ભૂલીને ભળતે માર્ગે જ ચઢી ગયા. ચાલતા ચાલતા જંગલમાં એ એક એવા સ્થાન પર આવી પહોંચ્યા કે જે સ્થાનમાંથી આગળ વધવાનો કોઈ રસ્તો જ ન દેખાયો. ચારે તરફ ઘોર જંગલ અને વચ્ચે એ એકલા. ક્યાંય જઈ શકાય તેમજ ન હતું. એમને થયું કે હવે શું કરવું ? જંગલમાંથી જવાનો રસ્તો તો ક્યાંય દેખાતો નથી. અંધારૂ થવા આવ્યું છે, અને થાક પણ લાગ્યો છે. કોણ જાણે કેટલો બધો ચાલી નીકળ્યો છું, થાક પણ એવો લાગ્યો છે કે હવે એક ડગલું પણ આગળ વધવાની હિંમત નથી. માટે હવે તો અહીં જ આરામ કરું.

સદ્‌ભાગ્યે સંન્યાસી મહારાજની નજર એક ગુફા પર પડી. ગુફા બાજુમાં જ હતી. એમણે એમાં પ્રવેશ કર્યો, પોતાનું આસન પાથર્યું, ને લાંબા થઈને સૂઈ ગયા. પરંતુ ઠંડી તથા થાકને લીધે એ થરથરવા લાગ્યા, અને એમને તાવ આવી ગયો.

આખી રાત એ તાવની પીડા સહન કરતા ભૂખેતરસે પડી રહ્યા.

સવારે થોડો તાપ નીકળ્યો ત્યારે એમની પાસે કોઈ પર્વતીય છોકરો આવ્યો ને કહેવા લાગ્યો :

'બાબા, આપ રાસ્તા ભૂલ ગયે હૈં ક્યા ?

સંન્યાસી મહારાજ એને જોઈને આનંદ પામ્યા. એમણે એ છોકરાને પોતાની આપવીતી કહી સંભળાવી એટલે છોકરાએ એમને હિંમત આપી ને કહ્યું : 'ફરકત નહિ, મેરા ગાંવ યહાં પહાડ કે ઉપર હૈ. મૈં

રોજ યહાં ગૌ ચરાનેકો આતા હું. આપકે લિયે મૈં દૂધ ઔર ભોજન લાયા કરુંગા. જબ આપ ઠીક હો જાયેંગે તો મૈં આપકો યાત્રા કા રાસ્તા ભી બતાઉંગા.'

થોડીવારમાં તો છોકરો દૂધ લઈને પાછો આવ્યો.

એ પછી બપોરે એ ભોજન લઈ આવ્યો, ને સાંજના પણ દૂધ લાવ્યો. એવી રીતે લાગલગાટ ત્રણ દિવસ સુધી એણે સંન્યાસી મહારાજની સેવા કરી.

ચોથે દિવસે સવારે સ્વસ્થ થયેલા સંન્યાસી મહારાજ બહાર નીકળીને ચારે તરફ જોવા લાગ્યા તો ક્યાંય કોઈ ગામનો રસ્તો જ ન દેખાયો. એમને થયું કે છોકરો ક્યાંથી આવતો હશે ? એમને શંકા થઈ.

રોજના ક્રમ પ્રમાણે પેલા પર્વતીય છોકરાએ ભોજન આણ્યું એટલે સંન્યાસી મહારાજ થોડી પૂછપરછ કરીને એના પગમાં પડ્યા ને કહેવા લાગ્યા : 'મુજે આપકા સચ્ચા પરિચય દો, નહિ તો ભોજન નહિ કરુંગા.

એ જ વખતે ગુફામાં પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો. છોકરાને બદલે ભગવાનને સામે ઊભેલા જોઈને સંન્યાસી મહારાજ અત્યંત પ્રસન્ન થયા તેમજ ગદ્‌ગદ બની ગયા. એમણે ભાવવિભોર બનીને કહ્યું : 'આપને મેરે લિયે બહુત તકલીફ ઉઠાઈ હૈ.'

ભગવાને કહ્યું : તકલીફ ક્યા ? ભક્તકી સેવા કરના મેરા ધર્મ હૈ. ભક્ત બસ્તી મેં હોતા હૈ તો કિસીકે દિલમેં પ્રેરણા કરકે મૈ ઉસકી સેવા કરતા હું, લેકિન અકેલા હોતા હૈ તો મૈં સ્વયં હી ઉસકી સેવામેં હાજર હોતા હું.

ભોજનની જરૂર રહી નહિ. દર્શન જ ભોજન બની ગયું.

પછી ભગવાને સંન્યાસી મહારાજના મસ્તક પર હાથ મૂકીને એમને એમના સામાન સાથે એમની મંડળીની બાજુમાં મૂકી દીધા. એમને જોઈને ને એમની વાત સાંભળીને બધા આશ્ચર્યચકિત બની ગયા.

ભક્તિ શું નથી કરતી ? બધું જ કરી શકે છે. પરંતુ એ જાણે તથા સ્થિર થાય તેમ જ ગાઢ બને ત્યારે ને ?

* * * * *

# [૪૬] ગુરૂમાં અખૂટ પ્રેમ ને વિશ્વાસ

જુદા જુદા ધર્મોના સનાતન તેમજ મૂળભૂત સિદ્ધાંતોનું સ્વાનુભવ દ્વારા સ્પષ્ટીકરણ કરીને તેનો ઉપદેશ કરવા માટે જ મારા ગુરૂદેવનું જીવન હતું. બીજા આચાર્યોએ એમનો પોતાનો ધર્મ શીખવ્યો છે, પરંતુ ઓગણીસમી સદીના આ મહાપુરૂષે કોઈ એક ચોક્કસ ધર્મ કે સંપ્રદાય પર ભાર મૂકવાને બદલે, સર્વધર્મ સમભાવ તથા ધર્મોની અંતરંગ એકતાનો મહાન સંદેશ પૂરો પાડ્યો છે.

પોતાના ગુરૂ શ્રી રામકૃષ્ણ પરમહંસને અમેરિકામાં એવી અનુરાગપૂર્ણ અંજલિ આપનાર સ્વામી વિવેકાનંદના એ શબ્દો છે.

પ્રથમ મુલાકાત વખતે જ રામકૃષ્ણદેવને 'તમે ઈશ્વરને જોયો છે કે કેમ?' એવો પ્રશ્ન પૂછનાર વિવેકાનંદના હૃદયમાં એ મહાપુરૂષ પ્રત્યે પાછળના વરસોમાં કેટલો બધો અસીમ અનુરાગ અને આદરભાવ પેદા થયેલો એનો એ દસ્તાવેજી પુરાવો છે. એ પ્રેમ કાંઈ એમને એમ પ્રકટ નહોતો થયો. એની પાછળ વરસોનો અનુભવભંડાર હતો.

વિવેકાનંદને પોતાના ગુરૂ રામકૃષ્ણદેવ પર જેવો પ્રેમ હતો, તેથીયે વધારે પ્રેમ રામકૃષ્ણદેવને વિવેકાનંદ માટે હતો. શરૂશરૂમાં વિવેકાનંદ લાંબા વખત સુધી પોતાની પાસે ના આવતા, તો રામકૃષ્ણદેવની દશા ભારે કરૂણ બની જતી. એ અધીરા બની જતા ને ભક્તોને કહેતા કે નરેન્દ્રને કહેજો કે મારી પાસે આવે. એના વિના મારાથી નથી રહેવાતું. મારા હૃદયની દશા કપડાંને નીચોવતા હોઈએ એવી કરૂણ થઈ જાય છે. અને જ્યારે વિવેકાનંદ આવતા ત્યારે એમને એ વળગી પડતા, પોતાની પાસે બેસાડતા, ને પોતાને હાથે પ્રસાદ ખવડાવતા. વિવેકાનંદ કેટલીય આનાકાની કરતા, પરંતુ વ્યર્થ જતી. ભક્તો એ પ્રેમને પેખીને વિસ્મય પામતા, મોંમાં આંગળાં ઘાલતા તથા વિવેકાનંદના સદ્‌ભાગ્યની પ્રસંશા કરતા. વિવેકાનંદ પણ કહેતા કે તમે ઈશ્વરપ્રેમી છો છતાં મારે માટે આટલો પ્રેમ શા માટે રાખો છો ? આમ કરશો તો હરણમાં આસક્ત થઈને દુર્ગતિ પામેલા ભરતઋષિની પેઠે દુર્ગતિ પામશો. રામકૃષ્ણદેવ એ સાંભળીને માત્ર હસતા.

કેટલાક ઈર્ષાળુ લોકોએ એવી વાત પણ ફેલાવી કે નરેન્દ્ર તો કુસંગે ચઢી ગયો છે ને દારૂ પીતો તથા વેશ્યાગમન કરતો થયો છે. પરંતુ રામકૃષ્ણદેવે એ વાત માની નહિ. એ ભારે રોષે ભરાઈને બોલી ઊઠ્યા કે નરેન્દ્ર એવું કરે જ નહિ. એનો આત્મા કેટલો બધો ઊંચો છે તે હું જાણું છું. મારી આગળ તમે આવી વાતો ના કરશો. વિવેકાનંદે જ્યારે એ વાત સાંભળી ત્યારે એમનું હૃદય ગદ્‌ગદ્ બની ગયું. ઘણા વખતથી એ ગુરૂની પાસે નહોતા આવ્યા, પરંતુ હવે આવવા માંડ્યા.

પરંતુ થોડા વખત પછી જોયું તો પરિસ્થિતિ જૂદી જ હતી. જે રામકૃષ્ણદેવ એને દૂરથી આવતો જોઈને ગાંડાઘેલા બની જતા ને કેટલીકવાર નાચવા પણ માંડતા, તે એને ઓળખતા પણ ના હોય એમ, એને જોઈને કશું જ ના બોલતા. બીજા ભક્તો તથા દર્શનાર્થીઓ સાથે વાતો કરતાં, પણ વિવેકાનંદને બોલાવતા નહીં. એક દિવસ, બે દિવસ નહીં, પરંતુ લાગલગાટ ત્રણ દિવસ સુધી એવું ચાલ્યું. ભક્તોને આશ્ચર્ય થયું. છતાં પણ વિવેકાનંદે રામકૃષ્ણદેવ પાસે આવવાનું ચાલુ રાખ્યું.

ચોથે દિવસે રામકૃષ્ણદેવે વિવેકાનંદને કહ્યું : ભાઈ, હું તારી સાથે કશું બોલતો નથી છતાં તું રોજરોજ મારી પાસે શા માટે આવે છે ? તને ખોટું નથી લાગતું ?

વિવેકાનંદે ઉત્તર આપ્યો : પ્રભુ, મને ખોટું શા માટે, લાગે ? હું ક્યાં તમારે માટે ને તમારી વાતો સાંભળવા આવું છું ? હું તો મને શાંતિ મળે છે એટલા માટે, મારા સ્વાર્થ ખાતર, માત્ર તમારું દર્શન કરવા માટે જ આવ્યા કરું છું. તમે બોલો કે ન બોલો તેથી મારે શું ?

રામકૃષ્ણદેવ એના શબ્દો સાંભળીને પ્રસન્ન થયા ને કહેવા માંડ્યા : તારા જેવો ઉત્તમ કોટિનો વીરપુરૂષ જ આવા શબ્દો બોલી શકે. હું તારા પ્રેમ ને વિશ્વાસની કસોટી કરી રહ્યો હતો. તું તેમાંથી પાર ઉતર્યો.

પછી તો રામકૃષ્ણદેવે વિવેકાનંદ પર પોતાની કૃપા વરસાવવા માંડી. શરીરનો ત્યાગ કરતી વખતે એમને સર્વ પ્રકારની શક્તિ પ્રદાન કરી.

વિવેકાનંદનો એ ગુરૂપ્રેમ બીજાને માટે આદર્શરૂપ થઈ પડ્યો.

વિવેકાનંદ પણ ગુરૂના અપાર પ્રેમને હંમેશાં યાદ કરતા. એ પ્રેમ જ એમને માટે શક્તિના સાધનરૂપ હતો.

એ પ્રેમને યાદ કરીને જ, અમેરિકામાં એમણે પ્રસિદ્ધિ મેળવી ત્યારે પેલાં નમ્રતાથી ભરેલાં વચન કહેલા કે મારા મુખમાંથી એક શબ્દ પણ સાચો ને સારો બોલાયો હોય તો તેનો યશ મારા ગુરૂને ઘટે છે. જે અશુભ અથવા અસત્ય છે તે જ મારું છે.

ધન્ય એ ગુરૂપ્રેમ !

અને શિષ્યને માટેના ગુરૂના પ્રેમને પણ ધન્યવાદ !

એ બંનેના પારસ્પરિક પ્રેમે સંસારના આધ્યાત્મિક ઈતિહાસમાં અમર અધ્યાયનું નિર્માણ કર્યું.

ગુરૂને શિષ્ય પ્રત્યે પ્રેમ નહિ હોય તો ચાલશે, પરંતુ શિષ્યને તો ગુરૂમાં પ્રેમ ને વિશ્વાસ જોઈએ જ. એ વિના આગળ વધવાનું અશક્ય છે. અને જો શિષ્યનો પ્રેમ સાચો હશે તો, ગુરૂના દિલમાં પણ એને માટેની અનુકંપાનો આવિર્ભાવ થશે જ.

બંનેના પ્રેમ જો પારસ્પરિક હશે તો તો કહેવું જ શું ?

સોનામાં સુગંધ.

* * * * *

# [૪૭] એકાગ્રતાનો ઉપદેશ

શ્રીમદ્‌ભાગવતને રસના આલય અથવા તો જ્ઞાનના ભંડારરૂપ કહેવામાં આવે છે તે સાચું જ છે. રસનો સાગર તો એમાં છલકાયલો છે જ, પરંતુ સાથે સાથે જ્ઞાનવિજ્ઞાનની એવી અનેકાનેક અસાધારણ વાતોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે જે માનવજીવનના ઘડતરમાં ભારે મહત્વનો ભાગ ભજવે છે. એટલું જ નહિ, પરંતુ માનવવમનમાં પેદા થતી અને એને સતાવતી કે વિક્ષુબ્ધ કરતી કેટલીક સાધનાત્મક સમસ્યાઓનો સંતોષકારક ઉકેલ કરી આપવાની ક્ષમતા પણ ધરાવે છે.

માનવવમનને સીધા ઉપદેશ કરતાં વાર્તા, કથા કે દૃષ્ટાંત દ્વારા અપાતો ઉપદેશ વધારે પ્રમાણમાં ને સહેલાઈથી અસર કરે છે, એ આપણે જાણીએ છીએ. પુરાણોના રચયિતા મહર્ષિ વ્યાસ પણ માનવસ્વભાવના એ રહસ્યને જાણતા હતા. એથી પોતાના ગ્રંથોમાં એમણે ઠેકઠેકાણે દૃષ્ટાંત કે કથાનક દ્વારા ઉપદેશ આપવાની પદ્ધતિનો આધાર લીધો છે. તે પદ્ધતિ ભારે લોકપ્રિય તેમજ સફળ નીવડી છે એ સર્વવિદિત છે.

શ્રીમદ્‌ભાગવતમાં એ પદ્ધતિના પરિચારક એવા એક નાનકડા છતાં સરસ પ્રસંગનો ઉલ્લેખ આવે છે.

પ્રસંગ દત્તાત્રેયના જીવનનો અને એમણે કરેલા ચોવીસ ગુરૂઓની કથાનો છે એટલે અત્યંત રોચક છે. આ રહ્યો એ પ્રસંગ.

અવધૂતશિરોમણી દત્તાત્રેય કોઈ ઠેકાણે લાંબો વખત રહેતા નહિ. એમને પરિભ્રમણ પ્રિય હતું, એટલે એ નિરંતર વિચરણ જ કરતા રહેતા. એ માનતા કે જ્ઞાની પુરૂષે કોઈ એક ઠેકાણે રહેવાને બદલે આત્મામાં રત રહીને વિચરણ કરતા રહેવું. એથી સંસર્ગદોષથી બચાય છે, અસંગ અથવા તો અલિપ્ત રહેવાય છે, આસક્તિ તેમજ મમતાનો સંભવ નથી રહેતો, ને જુદે જુદે સ્થળે રહેલા પરમાત્માની લીલાની ઝાંખી થાય છે. જેવી રીતે ભ્રમર કોઈપણ ઉપવનમાં સ્થાયી નથી રહેતો, પરંતુ જુદાંજુદાં પુષ્પોની સુવાસ લઈને ઊડતો રહે છે અને નદી તથા પવન પણ કાયમ મુકામ નથી કરતાં, તેવી રીતે જીવનનું શ્રેય કરવાની ઈચ્છાવાળા જ્ઞાની પુરૂષે જગતમાં ક્યાંય કાયમી મુકામ ના કરવો, એવી એમની માન્યતા હતી. અને એ માન્યતા કે વિચારસરણીને વફાદાર એવું ત્યાગમય જીવન એ જીવતા હતા. એવા જીવનમાં એમને અતિશય આનંદ આવતો.

એક વખતની વાત છે.

દત્તાત્રેય એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં જઈ રહ્યા હતા.

કયા ગામમાં જવું છે તેનો કોઈ સંકલ્પ ન હતો. જે ગામ આવે તે ખરું એવી એમની ભાવના હતી.

ત્યાં તો કેટલુંક ચાલ્યા પછી એ એક એવી જગ્યા પર આવી પહોંચ્યા જ્યાં બે રસ્તા ફંટાતા હતા.

દત્તાત્રેય ત્યાં આગળ આવી ઊભા રહ્યા. કયે રસ્તે આગળ વધવું તેની તેમને સમજ ન પડી.

ત્યાં તો એમની નજર રસ્તાની બાજુ પર પડી.

ત્યાં એક તળાવ હતું. કોઈ માછીમાર જેવો માણસ ત્યાં બેસીને માછલાં પકડતો હતો. તેણે જાળને પાણીમાં પાથરી હતી અને માછલા પકડાય તેની તલ્લીન બનીને રાહ જોતો હતો.

દત્તાત્રેયે એની પાસે જઈને એને પૂછ્યું : 'ભાઈ, આગળના ગામે જવાને માટે આ બંને રસ્તામાંથી કયો રસ્તો વધારે સારો ને ટૂંકો છે ?'

પરંતુ માછીમાર માછલાં પકડવામાં એટલો બધો લીન હતો કે એણે દત્તાત્રેયની સામું જોયું જ નહિ અને કોઈ ઉત્તર પણ ન આપ્યો.

દત્તાત્રેયે એને બીજીવાર પૂછ્યું, ત્રીજીવાર પૂછ્યું, પણ કોઈ જવાબ જ ન મળ્યો. જાણે કે દત્તાત્રેયના શબ્દો એણે સાંભળ્યા જ નહિ !

દત્તાત્રેયને ભારે નવાઈ લાગી. એમને થયું કે આ માણસ બહેરો છે કે શું ? ત્યાં તો માછલાં પકડવાની જાળને સંકેલી લઈને પેલા માણસે એમની સામે જોઈને પ્રશ્ન કર્યો: 'તમે શું પૂછતા હતા ?'

દત્તાત્રેયે એને પ્રણામ કર્યા ને કહ્યું કે કાંઈ નહિ. તમે પણ મારા ગુરૂ છો. માટે હું તમને નમસ્કાર કરું છું. તમે માછલાં પકડવામાં એટલા બધા તલ્લીન હતા કે મારી વાતને તમે સાંભળી જ નહિ. અને સાંભળી તો તેના તરફ ધ્યાન જ ના દીધું. એવી રીતે હું જ્યારે ધ્યાન કરવા બેસું ત્યારે બીજી બધી જ વાતો કે વિષયોમાંથી મનને પાછું વાળી લઉં અને એક આત્મામાં જ લગાવી દઉં, તો મનની સ્થિરતા સહેલાઈથી સાધી શકાય અને શાંતિ મળે, સાધના માટેનો આ અમૂલ્ય બોધપાઠ તમે મને પૂરો પાડ્યો તે માટે તમારો આભાર. જેમાં રસ હોય છે તેમાં મન સહેલાઈથી લાગી જાય છે.

એમ કહીને દત્તાત્રેય ચાલી નીકળ્યા.

આ પ્રસંગ પરથી શીખવા મળે છે કે જેની આંખ ઉઘાડી છે તે બધેથી કાંઈ ને કાંઈ સાર ગ્રહણ કરે છે. જપ કે ધ્યાન માર્ગના પ્રવાસીઓને માટે તો તેમાં પ્રેરણાની સામગ્રી છે જ. સાધનામાં એકાગ્રતાને માટે સાધનામાં રસ કેળવવાની જરૂર છે, એ શાશ્વત સત્યનું આ પ્રસંગમાં પ્રતિપાદન કરેલું છે.

* * * * *

# [૪૮] ઈશુની ઉદારતા

ઈશુના જીવન પ્રસંગો કેટલા બધા સુંદર અને સારવાહી છે ?

શાંતિપૂર્વક વિચારનારને એ પ્રસંગોમાંથી કાંઈક ને કાંઈક જીવનપયોગી મહત્વનો મસાલો મળી રહે છે.

સંત પુરૂષોનાં જીવન એવાં જ સારગર્ભિત અને રહસ્મય હોય છે. એ જીવનમાં એવા એવા પ્રસંગો ભરેલા હોય છે, અથવા તો એ જીવનની સાથે એવી એવી ઘટનાઓ સંકળાયેલી હોય છે, જે સામાન્ય અથવા અસામાન્ય મનાતા માનવોને માટે પ્રેરણાસ્પદ થઈ પડે છે અને નવજીવનના ઘડતરની સામગ્રી પૂરી પાડે છે. એથી જ એ પ્રસંગો અથવા તો ઘટનાઓની વિચારણા હંમેશાં ઉપકારક ઠરે છે.

ઈશુના જીવનમાં ભાતભાતના કેટલાય પ્રસંગો છે. તેમાં એક નાનકડો દેખાતો, છતાં આગળ તરી આવતો, મહત્વનો જીવનોપયોગી સંદેશ આપનારો પ્રસંગ છે. દેખાવે નાનો હોવા છતાં, એ પ્રસંગની મૂલ્યવત્તા ઘણી મોટી છે. એ પ્રસંગમાં ઈશુના હૃદયની મહાનતા તેમ જ વિશાળતાનું દર્શન થાય છે. ઈશુની અસાધારણ અનુકંપા અથવા તો ક્ષમાશીલતાનો પણ એથી પરિચય મળે છે. એ પ્રસંગ ભારે મનનીય અને સંદેશવાહક છે.

આ રહ્યો એ સુંદર પ્રસંગ.

કહે છે કે એક સ્ત્રી ભારે દુરાચારિણી હતી. પોતાનાં ભાતભાતનાં ને જાતજાતનાં કુકર્મોને માટે તે મશહૂર હતી. કેટલાક લોકોએ એક વાર એ સ્ત્રીને સજા કરવાનો વિચાર કર્યો. એણે અપરાધ કર્યો હતો.

એકઠા થયેલા લોકો એ સ્ત્રીને ઈશુ પાસે લઈ આવ્યા.

ઈશુએ બધી પરિસ્તિથિનો તાગ મેળવી લીધો.

એમણે લોકોને કુતૂહલપૂર્વક પૂછ્યું કે શી હકીકત છે.

લોકોએ ઉત્તરમાં ઉહાપોહ કરીને કહેવા માંડ્યું કે આ સ્ત્રી ભારે દુરાચારિણી છે. એણે મોટો અપરાધ કરેલો છે. તમે અમને આજ્ઞા આપો એટલે એને પથ્થર મારીને મારી નાખીએ. એ જ એને માટે દંડ અથવા તો પ્રાયશ્ચિત છે. હવે એને જીવતી રાખવી બરાબર નથી. એને મારી નાખવામાં આવે એ જ યોગ્ય છે. આવી અધમાઅધમ સ્ત્રીનું મોઢું જોવું એ પણ પાપરૂપ અથવા તો અમંગલકારક છે. તમે કૃપા કરીને અમને આદેશ આપો એટલે અમારું કર્તવ્ય અમે પૂરું કરીએ.

ઈશુએ સમજી લીધું કે એકઠા થયેલા લોકો ભાન ભૂલી ગયા છે, અથવા તો બેકાબૂ બની ગયા છે. જો તેમને તેમની ઈચ્છા પ્રમાણે કરવા દેવામાં આવશે તો વાત બગડી જશે ને સ્ત્રીનું મૃત્યુ થશે.

એમણે પેલી પાપી સ્ત્રીના તરફ દૃષ્ટિપાત કર્યો.

એ તો મહાત્મા હતા. સાચા મહાત્મા. પૃથ્વી પર પરમપિતા પરમાત્માના પવિત્ર રાજ્યને પ્રસ્થાપિત કરવા માટે પ્રકટેલા પયગંબર. એમના પ્રાણમાં પ્રત્યેક જીવને માટે પ્રેમ હતો. એમના અંતરમાં આખી અવનીને માટે અનુકંપાનો અનેરો અર્ણવ ઉછાળો મારતો હતો. એવા અંતરમાં બીજાને માટે વિદ્વેષનો ભાવ કેવી રીતે હોઈ શકે ? એવા લોકોત્તર મહાપુરૂષ બીજાને તિરસ્કારની નજરે કેવી રીતે જુએ ? એમના અંતરમાં

તો પાપીમાં પાપી, અથવા તો અધમમાં અધમ વ્યક્તિને માટે પણ સ્થાન હોય. ગમે તેવા દુરાચારીને માટે પણ સ્નેહ અથવા તો સહાનુભૂતિ હોય. એ તો સૌ કોઈને મીઠી નજરે જ જોતા હોય. સૌ કોઈને સહાય કરવા માટે તૈયાર હોય. એમનામાં સંકુચિતતા, કટુતા અથવા તો અનુદારતાનો અંશ પણ ન હોય. એને લીધે તો એ બીજાના પ્રકાશદાતા ને પ્રેરણાપ્રદાતા થઈને બીજાને તારી શકે છે અથવા તો બીજાના જીવનને ઉજાળી શકે છે. નહિ તો જો એવું ન હોય તો, વિપથગામી કે કુકર્મી માનવોને માટે આશા જ ક્યાંથી રહે ? એમનો ઉદ્ધાર જ કોણ કરે ?

સ્ત્રીને જોઈને ઈશુનો પ્રાણ પ્રેમથી પરિપ્લાવિત બની પીગળી ગયો.

લોકોએ કહ્યું : અમને આદેશ આપો. અમે પથ્થર મારવા તૈયાર છીએ. હવે વિલંબ ના કરો.

ઈશુએ શાંતિપૂર્વક કહ્યું : બરાબર છે. તમે બધા જ પથ્થર મારીને આ સ્ત્રીનું મૃત્યુ નીપજાવવા તૈયાર છો. પરંતુ તમારામાંથી પહેલો પથ્થર એ મારે જેણે જીવન દરમિયાન કોઈપણ પાપ ન કર્યું હોય !

ખલાસ. ઈશુની વાણી સાંભળીને સૌ સ્તબ્ધ બની ગયા. બધા એકમેકના મોઢા તરફ જોવા લાગ્યા. પહેલો પથ્થર કોણ મારે ? કોઈ નિર્દોષ હોય તો ને ? દરેકે કોઈને કોઈ અપરાધ તો કર્યો જ હતો.

ઈશુએ કહ્યું, આ સ્ત્રીને સુધરવાની તક આપો. એનો તિરસ્કાર ન કરો. દંડ દેનાર તમે કોણ ? તમે જ દોષિત છો.

લોકો સમજીને વિખેરાઈ ગયા.

પેલી સ્ત્રીએ ઈશુનું શરણ લીધું. એનું જીવન પલટાઈ ગયું.

એટલે ગમે તેવી દુરાચારી પ્રત્યે પણ સદા અનુકંપા રાખો. દંડ દેવાનું કામ ઈશ્વરનું છે. તે તેને કરવા દો. તમે તમારું સંભાળો, ને બીજાને દોષ દેવાને બદલે, આત્મનિરીક્ષણ કરીને તમારા પોતાના જીવનને સુધારો. એ જ ઉચિત છે. એથી જ લાભ થાય તેમ છે. આ પ્રસંગ એ અગત્યની વાત તરફ અંગુલિનિર્દેશ કરી જાય છે.

* * * * *

# [૪૯] આતંકકારીનો સામનો કરનારી સ્ત્રીશક્તિ

या देवी सर्वभूतेषु शक्ति रूपेण तिष्ठति ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमोनमः ॥
या देवी सर्वभूतेषु, मातृ रूपेण तिष्ठति ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमोनमः ॥

જે દેવી સર્વ જીવોમાં, શક્તિરૂપે રમી રહી,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું તેને.
જે દેવી સર્વ જીવોમાં, માતા રૂપે વસી રહી,
નમું તેને, નમું તેને, નમું તેને, નમું તેને.

બ્રહ્માંડની સ્ત્રીશક્તિ.

શક્તિ, માતા, અંબા, અને જગદંબા તથા પ્રકૃતિ કે માયાનાં ભિન્ન ભિન્ન નામે સંબોધાયેલી એ શક્તિના મહિમાનું જયગાન દુર્ગાસપ્તશતીમાં કરવામાં આવ્યું છે. પ્રાચીન ભારતમાં સ્ત્રીશક્તિને કેટલા બધા માનાર્હ પદ પર પ્રતિષ્ઠિત કરવામાં આવેલી, કેટલા બધા આદરભાવથી જોવામાં આવતી, અને કેટલી બધી પૂજ્યા કે પ્રશસ્તિયોગ્ય માનવમાં આવતી, એનો એ એક નાનકડો છતાં અતિપ્રાચીન દસ્તાવેજી પુરાવો છે. ભારતવર્ષે યોગ્યતામાં સ્ત્રીને પુરૂષ સમોવડી જ કહીને સંતોષ નહોતો વાળ્યો, પરંતુ પુરૂષ કરતાં પણ વધારે શક્તિશાળી કહી બતાવેલી. એ વાતની પ્રતીતિ આપણને દુર્ગાસપ્તશતી પરથી સહેજ થઈ રહે છે.

સ્ત્રીઓ ત્યારે કેવળ વિદ્યાની અધિષ્ઠાત્રી જ ના મનાતી, લક્ષ્મીના સ્વામીની કે સૌન્દર્યની દૈદીપ્યમાન દેવી જ ના ગણાતી, જાતીય આકર્ષણની મૂર્તિના સુખદ કે સર્વોત્તમ સાધનરૂપ પણ ના સમજાતી, પરંતુ શક્તિના સમુચ્ચય સમી ગણાતી. સમાજ કે રાષ્ટ્રની સંરક્ષિકા જેવી મનાતી. લોકો પર જ્યારે આફત આવતી ત્યારે રણચંડીનું રૌદ્ર રૂપ ધારણ કરીને એ આગળ વધતી, અને પોતાના પ્રાણને પાથરતાં કે કાયાને કુરબાન કરતાં પણ ના અચકાતી. એ જેટલી કોમળ કે નાજુક હતી એટલી જ કઠોર થઈ શકતી. પ્રેમાળ હતી એટલી જ પ્રતિશોધની ભાવનાથી ભરપૂર બની શકતી. અને સુંદર હતી એટલી જ સંગ્રામમાં શસ્ત્રો ધારણ કરીને શઠનો સામનો કરવા માટે શૂરવીર પણ થઈ શકતી. દુર્ગાસપ્તશતીમાં નારીના એ વીર રૂપનો જ ઈતિહાસ છે, અને અત્યંત જાજવલ્યમાન મહામહિમાવંતો ઈતિહાસ છે.

આવો, એના પર આછોપાતળો દૃષ્ટિપાત કરી જઈએ.

પુરાણકાળમાં ચંડ, મુંડ, ને મહિષાસુર જેવા માનવરાક્ષસો પૃથ્વી પર પેદા થઈને આતંક ફેલાવતા'તા ત્યારે દેવતાઓએ એમનો નાશ કરવા માટે, પોતાના વ્યક્તિગત તેજને એકત્રિત કરીને, એક દૈવી સ્ત્રીશક્તિને પ્રગટ કરી. એ સ્ત્રીશક્તિ અથવા તો મહાદેવીએ દાનવોની સામે લલકાર કર્યો, અને એમને નિર્મૂળ કરવાનું વ્રત લીધું. એમનું નિકંદન કાઢીને ધરાને દુઃખમુક્ત કરવા માટે એણે નિર્ણય કર્યો. આમ જે કામ દેવતાઓથી ના થઈ શક્યું તે દેવીએ, સંસારની આદ્યશક્તિએ કરવાનો મનોરથ કર્યો.

અને એ મનોરથ પૂરો પણ થયો.

દાનવોનો સંહાર કરીને દેવીએ ધરતીને ભયમાંથી મુક્તિ આપી.

દાનવોની સાથે દેવીએ ઘોર સંગ્રામ કર્યો. દાનવો ભયંકર શસ્ત્રોથી સંપન્ન હતા, જુદી જુદી જાતની માયાવી વિદ્યાઓ જાણતા હતા તથા અતિશય બળવાન હતા. તો પણ દેવીએ એમનો સફળતાપૂર્વક સામનો કર્યો, અને એમનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો.

રાક્ષસોના રાજા શુંભે દેવીને કહેવડાવ્યું કે હે કોમલાંગી ! હે સૌન્દર્યના સંપુટ સરખી સ્ત્રી ! તારા હાથમાં હથિયાર નથી શોભતાં, તું લડવા માટે નહિ પરંતુ મનુષ્યના હૃદય પર રાજ્ય કરવા માટે જન્મી છે. તારું સુંદરતમ સ્વરૂપ દેવતાઓને પણ મોહિત કરી શકે એમ છે તો તું મારી પત્ની બની જા. હું તને મારી મહારાણી બનાવીશ. ત્યારે દેવીએ એના દૂતને ઉત્તર આપ્યો કે મારો પતિ તો તે જ બની શકે કે જે મને યુદ્ધના મેદાનમાં જીતી લેશે, અને મારી સમકક્ષ બનીને જે મારી સાથે લડીને મારા અહંકારને ચૂર્ણ કરશે.

આ રહ્યો એ પ્રખ્યાત શ્લોક :

यो मां ज्योति संग्रामे, यो मे दंर्पव्यपोहति ।
यो मे प्रतिखलो लोके, स मे भर्ता भविष्यति ॥

કેટલું બધું મજબૂત મનોબળ ! અને કેટલો બધો દૃઢ કે ઉત્કટ સંકલ્પ ! વાહ રે સ્ત્રીશક્તિ ! દેવોએ તને સર્વોત્તમ કહીને નમસ્કાર કર્યા છે, તથા તારી પ્રેમપ્રશસ્તિ કરી છે તે યોગ્ય જ છે. આવા દૃઢ નિરધાર તથા મજબૂત મનોબળ વિના રાક્ષસોનો સંહાર ભાગ્યે જ કરી શકાત.

ચંડ, મુંડ ને મહિષાસુર તથા શુંભ ને નિશુંભ દેવીની સામે લડ્યા અને અતિશય ઉગ્રતાથી લડ્યા, છતાં પણ દેવીનો વાળ પણ વાંકો ના થઈ શક્યો. દેવીએ એટલી જ બલકે એથી પણ વિશેષ ઉગ્રતાથી લડીને એમને ધરાશાયી કરી દીધા. જગતને બતાવી દીધું કે સ્ત્રીશક્તિ જરાય પછાત નથી. સમાજ પર આફત આવે છે અને સમાજની હસ્તી ભયમાં મુકાય છે, ત્યારે શસ્ત્રસજ્જ બનીને સ્વ ને પરની રક્ષા માટે એ આગળ આવે છે અને પોતાની ફરજ અદા કરે છે.

આજની અને ભવિષ્યની સ્ત્રીઓને માટે આ હકીકતમાં કેટલી બધી પ્રેરણા સમાયેલી છે ? સ્ત્રી ગમે તે રીતે પણ આતંકકારીનો સામનો કરી શકે છે, એ વાતને યાદ રાખવાની જરૂર છે.

* * * * *

# [૫૦] કાલિકા દેવીની કથા

કાલિકા માતાનાં મંદિરો ઘણે ઠેકાણે જોવા મળે છે. લોકો કાલિકાને કાળકા કહે છે. એની મૂર્તિમાં જે વિશેષતા છે તે જોઈ છે ? એની જીભ બહાર હોય છે. તેનું કારણ જાણો છો ! કદાચ નહિ જાણતા હો. એ મૂર્તિની પાછળ જે ભાવના છે તે પણ છેક દુર્ગાસપ્તશતી જેટલી જૂની છે. એની ખબર પણ કદાચ તમને નહિ હોય. દુર્ગાસપ્તશતીની સાથે એ હકીકત કેવી રીતે સંકળાયેલી છે તે તમને કહી બતાવું.

દેવતાઓના સમ્મિલિત તેજમાંથી આવિર્ભાવ પામેલી મહાદેવીએ મોટા ભાગના દાનવોનો નાશ કરી દીધો એટલે દેવતાઓ આનંદ પામ્યા. છતાં પણ શેષ રહેલા રાક્ષસોએ શરણાગતિ ના સ્વીકારી. ગમે તે ઉપાયે, દેવીનો સંહાર કરવા, અથવા તો દેવીને પરાસ્ત કરવા, તે કૃતનિશ્ચય હતા. દંભ, કપટ, હિંસા, અને અભિમાનના મૂર્ત સ્વરૂપ જેવા એ રાક્ષસોએ રક્તબીજને પોતાનો સરદાર અથવા તો સર્વસત્તાધીશ કર્યો અને યુદ્ધ શરૂ કર્યું.

દેવી તથા દાનવો વચ્ચે એકવાર ફરીથી યુદ્ધની જ્વાલા જાગી ઊઠી.

એક બાજુ વિશ્વના મૂલાધાર જેવી સ્ત્રીશક્તિ, અને બીજી બાજુ દાનવોનું દરિયા જેવું દળ. બંનેની વચ્ચે શસ્ત્ર અને અસ્ત્રની વર્ષા વરસવા માંડી. ભયંકર સંગ્રામ ફાટી નીકળ્યો.

દેવીનું સામર્થ્ય રક્તબીજ કરતાં અધિક હતું. રક્તબીજને રણમાં રોળી નાખવો એ દેવીને માટે રમત વાત હતી. પરંતુ રક્તબીજ ભારે માયાવી હતો. એવા એવા પ્રયોગ કરતો અને એવી એવી ઈન્દ્રજાળ ફેલાવતો, કે દેવીને એની સાથે કામ લેવામાં ભારે મુશ્કેલી પડતી. દેવતાઓ એ દેખીને નિરાશ થતા.

રક્તબીજના વજ્ર જેવા શરીર પર દેવી ઘા કરતી; એ શરીર ઘવાતું અને એમાંથી લોહીની ધારા પણ નીકળતી, પરંતુ એ લોહીનાં બિંદુ નીચે પડતાં જ એકેક બિંદુમાંથી હજાર હજાર રાક્ષસો ઉત્પન્ન થતા. એ શસ્ત્રધારી રાક્ષસો પાછા દેવીની સામે લડવા તૈયાર થતા. એવી રીતે દેવીનું કામ કઠિન બની જતું. રક્તબીજ જો એકલો હોત, તો તો એનો સંહાર કરવાનું કામ કપરું નહોતું પરંતુ એની આ માયામાંથી માર્ગ કાઢવાનું કામ અશક્ય નહિ તો મુશ્કેલ તો જરૂર હતું.

છતાં પણ એનો નાશ તો કરવો જ જોઈએને ? એમ કાંઈ હતાશ થયે થોડું જ ચાલે ? દેવીએ એને માટેનો એક માર્ગ શોધી કાઢ્યો. પોતાના તેજમાંથી એણે એક બીજી દેવીને ઉત્પન્ન કરી. એ દેવીને એણે રક્તબીજના શરીરમાંથી ટપકતા લોહીને ચાટી જવાની આજ્ઞા કરી. રક્તબીજના શરીરમાંથી ટપકતા લોહીને જો અધવચ્ચે જ ચાટી જવામાં આવે તો, એ લોહીનાં બિંદુ ધરતી પર ન પડે, તથા તેમાંથી રાક્ષસો પણ ઉત્પન્ન ન થાય. એ રીતે રાક્ષસોની સમસ્યાનો અંત આવે. અને પછી રક્તબીજનો વધ તો ચપટી વગાડતાંમાં જ કરી શકાય.

એવી રીતે દેવી અને રક્તબીજ વચ્ચેનું યુદ્ધ ફરી ચાલવા માંડ્યું.

પરંતુ આ વખતે રક્તબીજ ના ફાવ્યો.

એના શરીરમાંથી પડતા લોહીને ધરતી પર પડતાં પહેલાં જ ઝીલી લેવા તૈયાર થઈને ઊભેલી દેવીએ એના પરિશ્રમને નિષ્ફળ બનાવ્યો. એની માયા મિથ્યા થઈ. મહાદેવીએ બીજી દેવીની સહાયતાથી એને ધરાશાયી કરી દીધો.

દેવતાઓ આનંદ પામ્યા. એમણે દેવીનો જયજયકાર કર્યો. દેવીની પ્રશસ્તિ કરી.

સ્ત્રીશક્તિનો મહામહિમાવંતો વિજયધ્વજ બધે ફરકવા માંડ્યો. દિશાપ્રદિશામાં સ્ત્રીશક્તિની સર્વોપરિતાના પડછંદા પડવા માંડ્યાં. ભક્તો અને ભાવિકોને વરસો કે યુગો સુધી પ્રેરણા આપે એવી કથા મળી.

એ કથા અદ્યાપિપર્યંત ચાલુ છે. ભારતવર્ષને ખૂણેખૂણે એ કથા ફેલાયેલી છે. પૂર્વ ને પશ્ચિમ, તથા ઉત્તર ને દક્ષિણ, એને રંગે રંગાયેલ, છે. કાશ્મીરથી માંડીને કન્યાકુમારી ને દ્વારકાથી માંડીને જગન્નાથપુરી સુધી બધે જ એનો જયઘોષ ફેલાયેલો છે. નાત ને જાત તથા ભાષા તથા પ્રાંતના ભેદભાવ વિના બધા જ એનો એકસરખો આદર કરે છે. સાક્ષર તથા નિરક્ષર, ગરીબ ને અમીર, તથા વૃદ્ધ ને યુવાન, સૌ એને સન્માનથી જુએ છે ને સાંભળે છે. ભારતવર્ષની સાંસ્કૃતિક એકતાને બલવત્તર બનાવવામાં એણે અત્યંત અગત્યનો ફાળો આપ્યો છે. નવરાત્રીના દિવસોમાં તો એનું ખાસ સ્મરણ થાય છે, અને એનું પારાયણ પણ કરવામાં આવે છે. બાકીના દિવસોમાં પણ એનો પાઠ નથી થતો એમ નહિ.

કાલિકા માતાં મંદિરોની રચના એ કથા પરથી થયેલી છે. રક્તબીજના રક્તને ચાટી જનારી દેવી કાળા રંગની હતી, અને જીભને બહાર કાઢીને ઊભી હતી. કાળની સ્વામિની જેવી એ દેવીને મંદિરોમાં એવી રીતે જ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

ભારતવર્ષના ભવ્ય તથા પરાક્રમશાળી પૌરાણિક કાળની આ કથા તથા એને અનુરૂપ કળાકૃતિમાંથી પ્રજા પાર વિનાની પ્રેરણા મેળવી શકે તેમ છે. પ્રસંગો પુરાતન થતા જાય છે, પરંતુ પ્રેરણા હમેશાં નવી જ રહે છે. નિત્યનવી. ફક્ત એ ઝીલાતી રહેવી જોઈએ.

* * * * *

# [૫૧] કયામતને દિવસે કાંકરા પાછા આપજો

શીખ ધર્મના મહાન સંસ્થાપક ગુરૂ નાનકની બીજાને ઉપદેશ આપવાની પદ્ધતિ કેટલી બધી વિલક્ષણ અથવા તો અસરકારક હતી ? જે તત્વોનો એ ઉપદેશ આપતા તે તત્વો કે સિદ્ધાંતો એમનાં પોતાના જીવનમાં મૂર્ત થયેલાં કે વણાઈ ગયેલા હતા, એટલે જ એ બીજાનાં હૃદય સોંસરા ઊતરી જતા, અને બીજાની કાયાપલટ કરવાની શક્તિ ધરાવતાં. એમનો ઉપદેશ કોઈ વિદ્વાનનો વિદ્વતાભર્યો વાણીવિલાસ અથવા વ્યાપાર નહોતો. પંડિત કે ઉપદેશકની પેઠે લોકરંજન કરીને કોઈ લૌકિક વસ્તુ મેળવવા માટેની એની પાછળ કોઈ લાલસાયે નહોતી. એની પાછળ તો એમની નિઃસ્વાર્થ લોકહિતની ભાવના અને એમના વિશાળ અનુભવનું પીઠબળ હતું. એટલે જ એ ઉપદેશ આટલો બધો પ્રાણવાન પુરવાર થતો હતો.

નાનકદેવની ઉપદેશ આપવાની પદ્ધતિમાં એક બીજી પણ નોંધપાત્ર વિશેષતા હતી. એ અત્યંત સરળ રીતે, સહજતાપૂર્વક અને એકસરખું સામ્ય ધરાવતાં ઉદાહરણોનો આધાર લઈને ઉપદેશ આપતા. એને લીધે એમની ઉપદેશપદ્ધતિ ધાર્યા કરતાં બહુ જ રોચક તો થતી જ પરંતુ ધાર્યું પરિણામ પણ લાવી શકતી. અને એ પણ ધાર્યા કરતાં થોડા સમયમાં ને અત્યંત સહેલાઈથી.

એ બાબતમાં એમને ભગવાન બુદ્ધની સાથે સરખાવી શકાય.

નાનકદેવે ચારથી પાંચ વાર સમસ્ત ભારતનો પ્રવાસ કર્યો હતો. એ પ્રવાસ દરમિયાન એમને ભિન્નભિન્ન રૂચિ ને પ્રકૃતિના લોકોનો મેળાપ થયો હતો. એમાંના કેટલાયના જીવન પર એમણે ઉંડી અસર પહોંચાડી હતી અને કેટલાયને પ્રકાશ પૂરો પાડી, કેટલાયના જીવનપ્રવાહને પલટાવવામાં અમૂલ્ય ભાગ ભજવ્યો હતો.

એ હકીકતની પૃષ્ટિ માટે એક નાનકડો પ્રસંગ કહું છું.

પોતાની ભારતયાત્રા દરમિયાન, ભારતીય પ્રજાનાં અંતર સાથે એકતાનો અનુભવ કરતા ગુરૂ નાનક એક વાર ફરતાં ફરતાં મદીના થઈને બગદાદ ગયા. તે વખતે બગદાદ ખલીફાની રાજધાની હતું.

તે વખતે જે ખલીફા હતો તે ભારે દુરાચારી, અન્યાયી અને ક્રૂર હતો. અધર્મ અથવા અનીતિ અને જોરજુલમથી ગરીબ પ્રજાને રંજાડીને તે ધન ભેગું કરતો.

નાનકદેવ બગદાદમાં આવ્યા છે એવું જાણીને એ એમનાં દર્શન માટે ગયો.

નાનકદેવે ખલીફા પોતાને મળવા માટે આવી રહ્યો છે એવી માહિતી મળતાં પહેલાંથી પોતાની પાસે સો કાંકરા એકઠાં કરી રાખ્યાં.

ખલીફે કાંકરા જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું, ને પૂછ્યું, 'આ કાંકરા શા માટે ભેગા કર્યા છે ?'

નાનકે સ્મિત કરીને ઉત્તર આપ્યો, 'એ તો તમને અનામત આપવા માટે એકઠા કર્યા છે.'

ખલીફને થયું કે નાનક મશ્કરી કરે છે એટલે એણે પણ મશ્કરીમાં જ કહ્યું : 'તમારી અનામત પાછી ક્યારે લઈ જશો ?'

'મારે એને પાછી લેવાની કશી ઉતાવળ નથી. જુઓ કયામતને દિવસે હું તમે હશો ત્યાં જ હોઈશ. તે વખતે આ કાંકરા લેતા આવજો. હું પાછા લઈ લઈશ. નાનકે કહ્યું.

ખલીફને હવે ખાતરી થઈ કે નાનક મશ્કરી નથી કરતા. એટલે એ ગંભીર થઈને બોલ્યો : 'કયામતને દિવસે આને સાથે લઈ જવાય ?'

ગુરૂ નાનક બોલ્યા, 'ખલીફસાહેબ ! એ તો મને ય ખબર છે કે કયામતને દિવસે કોઈ કશું નથી લઈ ગયું, ને નથી લઈ જતું, બધા ખાલી હાથે જ જાય છે. પરંતુ તમે આટલો બધો પરિશ્રમ કરીને આટલું બધું ધન ભેગું કરી રહ્યાં છો તે કાંઈ અહીં જ થોડું છોડી દેવાના છો ? તે તો તમારી સાથે જ લઈ જશો ને ? એટલે મને થયું કે આ સો જેટલા કાંકરા પણ તમારે ત્યાં જમે રાખું, તો તમારું બધું ધન જ્યારે તમે મૃત્યુ પછી તમારી સાથે લઈ જાવ ત્યારે આ કાંકરા પણ તેની સાથે ચાલ્યા જાય. તમારા આટલાં બધાં ધનની સાથે આટલા કાંકરા તો સહેલાઈથી ચાલ્યા જશે. તે તમને કાંઈ ભાર નહિ કરે. કારણ કે તે છે પણ ખૂબ જ હલકા.

ખલીફ સમજી ગયા કે નાનક સાચું કહે છે. મેં અત્યાર સુધી જૂઠ, કાવાદાવા, છળકપટ, અનીતિ અને અત્યાચારથી જે ધનભંડાર એકઠો કર્યો છે, તે તો અહીં ને અહીં જ પડ્યો રહેવાનો છે. એમાંથી એક કોડી પણ સાથે નથી આવવાની.

એના હૃદયમાં પ્રકાશ પ્રકટ્યો અને એનું જીવન ફરી ગયું.

એ ચેતી ગયો. જાગ્રત થયો.

પોતાની તમામ લક્ષ્મી એણે ગરીબોમાં વહેંચી દીધી, અને પોતે પરમાત્માનું સ્મરણ કરતો, પ્રમાણિકતાથી જીવન જીવવા માંડ્યો.

ગમે તેવાં સાધનોથી ધનનો સંગ્રહ કરનારા આ પ્રસંગથી ચેતશે ખરા ? પુરાણી રીતરસમનો ત્યાગ કરીને તે ધનને બીજાની સેવાના કામમાં લગાડશે ? તો તે તેમને તથા બીજાને માટે લાભકારક થશે, નહિ તો...તેની કલ્પના કરી લેજો.

* * * * *

# [૫૨] રત્નાકરમાંથી વાલ્મિકી

સંસારના મહાન કવિ વાલ્મિકી ! એકલા મહાન કવિ નહિ પરંતુ આદિકવિ.

ભારતવર્ષના જ નહિ પરંતુ સમસ્ત સંસારના.

મહીમંડળના પ્રાતઃસ્મરણીય આર્ષદૃષ્ટા ઋષિવર.

એ પરમાત્મદર્શી આપ્તકામ ઋષિવર કેવી રીતે બન્યા તેની પાછળ નાનકડો છતાં મહામૂલ્યવાન અને ચિરસ્મરણીય ઈતિહાસ છે. આજે પણ એ એટલો જ અનોખો અને પ્રેરક છે.

સત્સંગનો અદ્‌ભૂત પરિચય આપનારો એ ઈતિહાસ સનાતન સંદેશથી સભર હોઈને, આજે પણ એવો જ અનેરો અને આકર્ષક લાગે છે તથા આત્માને અનુપ્રાણિત કરે છે. જે ઈતિહાસે રત્નાકરમાંથી મહર્ષિ વાલ્મિકીનું સર્જન કર્યું એ ઈતિહાસ અસાધારણ તથા ચિરંજીવ જ હોય ને ?

કહે છે કે વાલ્મિકી પોતાના પૂર્વ જીવનમાં રત્નાકર હતા અને સંગદોષથી લૂંટફાટના ધંધામાં પડી ગયેલા. પેલા સંસ્કૃત શ્લોકમાં ઠીક જ કહ્યું છે કે સત્સંગથી માણસના જીવનમાં શું નથી થતું ? (सत्संगति कथमपि न करोति पुंसाम ।) તેવી રીતે એના અનુસંધાનમાં કહેવું હોય તો કહી શકાય કે કુસંગથી પણ જીવનમાં શું નથી થતું ? જીવનને તે પતનની ગર્તામાં લઈ જાય છે, તેમજ પીડાના અથવા તો પશુતાના પારાવારમાં ધકેલી દે છે. વાલ્મિકી રત્નાકર હતા ત્યારે એમના સંબંધમાં પણ એવું જ બનેલું. લૂંટફાટ કરીને અન્યાય અને અધર્મથી પોતાનું જીવન ચલાવતાં.

પરંતુ એમના સદ્‌ભાગ્યે એક દિવસ એમને દેવર્ષિ નારદનો સમાગમ થયો. પૂર્વનાં પૂણ્યનો ઉદય થાય તો જ આવા પરમાત્માપરાયણ સંતપુરૂષનો સમાગમ થઈ શકે. પરંતુ રત્નાકરે તો એમને પણ રસ્તામાં ઊભા રાખ્યા, અને જે હોય તે આપી દેવાની આજ્ઞા કરી. જે જડ કે અજ્ઞ હોય એને વળી સંત શું, મહંત શું, કે ભગવંત શું ? એને મન તો સૌ સમાન હોય.

નારદજીએ કહ્યું કે મારી પાસે તો વીણા વિના બીજું કાંઈ જ નથી. તેને લઈને હરિના ગુણાનુવાદ ગાતો હું પૃથ્વી પર ફર્યા કરું છું: પણ આવી રીતે કુકર્મ કરીને આજીવિકા ચલાવવી એ ભયંકર પાપ છે સમાજની સ્થિરતા ને શાંતિ આવી રીતે ન ટકી શકે.

રત્નાકરે કહ્યું કે સમાજની સ્થિરતાની મને નથી પડી. મને તો મારી ને મારા પરિવારની પડી છે.

'પરંતુ તું જે કુકર્મ કરે છે તેનું ફળ તો તારે જ ભોગવવું પડવાનું. જે કરે તે ભોગવે. તેમાં તારા પરિવારના સભ્યો ભાગ નહિ પડાવવાના. મારી વાતમાં વિશ્વાસ ના હોય તો ઘેર જઈને પૂછી આવ.'

નારદજીના શબ્દો સાંભળીને રત્નાકરે કહ્યું કે મને ઘેર પૂછવા મોકલીને તમારે નાસી જવું લાગે છે!

છેવટે નારદજીને એક વૃક્ષના થડ સાથે બાંધીને રત્નાકરે ઘર તરફ પ્રયાણ કર્યું.

ઘેર આવીને પૂછ્યું તો સૌ કોઈએ કહ્યું કે તમારા કુકર્મના ફળમાં અમે કાંઈ ભાગ પડાવીએ? એ તો જે કરે તે જ ભોગવે.

રત્નાકરની આંખ ઉઘડી ગઈ. એના પ્રાણમાં પ્રકાશ પ્રકટ્યો.

નારદજીને બંધનમુક્ત કરીને એણે કહ્યું : 'મારા જીવનમાં મેં કેટલાંયે પાપ કરેલાં છે. હું એમાંથી કેવી રીતે છૂટી શકાશ ? એમનું પ્રાયશ્ચિત શું ?'

નારદે કહ્યું : 'સર્વ પ્રકારનાં પાપોની નિવૃત્તિનો એકમાત્ર રામબાણ ઉપાય ફરીવાર પાપ ન કરવાનો સંકલ્પ કરવો તથા ઈશ્વરના નામનો આધાર લેવો તે છે. પાપ ગમે તેટલાં પ્રબળ હોય પરંતુ ઈશ્વરનું નામ એથી વિશેષ પ્રબળ છે. એનો આધાર લઈ લે એટલે થયું. પાપની ચિંતા કરવાની જરૂર નહિ રહે.'

નારદજીએ એને રામનામની દીક્ષા આપી.

અને પછી તો રત્નાકરે એ જ સ્થળે પલાંઠી મારી. રામનામનું નિરંતર ને સ્નેહપૂર્વકનું રટણ કર્યું.

કહે છે કે કીડીઓએ એની આજુબાજુ ઘર કર્યાં, તો પણ એની તલ્લીનતા ન તૂટી.

એમ કરતાં કરતાં એક ધન્ય દિવસે રત્નાકરને ભગવાન શ્રી રામનું દર્શન થયું, અને રત્નાકરમાંથી વાલ્મિકીનો આવિર્ભાવ થયો. મહર્ષિ વાલ્મિકી !

સંસારના આધ્યાત્મિક ઈતિહાસમાં, સત્યસંગતિના પ્રભાવના એક અસાધારણ ઉદાહરણનો ઉમેરો થયો.

પરમાત્માપરાયણ મહાપુરૂષોના સમાગમથી શું ન થઈ શકે ? એવો કયો ચમત્કાર છે જેનું સર્જન ન થાય ? સૌથી મોટો ચમત્કાર જીવનના પરિવર્તન કે સુધારનો છે. એ ચમત્કાર પણ સહેજે સધાઈ જાય છે. તુલસીદાસ રામાયણમાં કહે છે કે કાગડા જેવી વૃત્તિવાળા માણસો સત્સંગથી કોયલ જેવા અને બગલા જેવી મનોવૃત્તિવાળા માણસો હંસ જેવા ડાહ્યા બની જાય છે, તે સાચું જ છે. લૂંટારામાંથી સંત અથવા તો રત્નાકરમાંથી વાલ્મિકી બનાવવાની સત્સંગમાં શક્તિ છે. ફક્ત તેનો જીવનસુધારને માટે સચ્ચાઈથી લાભ લેવાય એટલી જ વાર છે. સત્સંગ શોખ, દેખાદેખી કે રૂઢીરૂપ બનવાને બદલે જીવનની આવશ્યકતા, જીવનવિકાસનું સાધન થાય તે જરૂરી છે. તો જ તે લાભ પહોંચાડી શકે.

ભારતવર્ષમાં રત્નાકર ને નારદના સમાગમની આ વાત ચારે તરફ કહેવાય છે ને સંભળાય છે, પરંતુ તેમાંથી સાર ગ્રહણ કરીને અધર્મ, અનીતિ કે અન્યાયની સાથે છૂટાછોડા લેવાનું, કુકર્મનો ત્યાગ કરવાનું, પવિત્ર આજીવિકા ચલાવવાનું, અને સંકલ્પ કરવાનું વ્રત કેટલાકે લીધું ? કેટલાકે જીવનને નિર્મળ કર્યું ? કથા જીવનના ઉત્કર્ષને માટે છે એ વાત યાદ રહે તો જ લાભ થાય. નહિ તો કથા કથારૂપે જ વહેતી થાય. જીવનનું પ્રેરણાદાયક, પરિવર્તનકારક, તત્વ મટી જાય. આપણે ત્યાં વધારે ભાગે એવું જ બનતું રહ્યું છે. એ આવકારદાયક નથી જ.

* * * * *

# [૫૩] બેનોએ પોતાની રક્ષા પોતે જ કરવાની છે

ચરોતરના ભાદરણ ગામમાં કન્યાશાળા હતી.

તેમાં એક કુંવારા શિક્ષિકાબેન કામ કરે.

એ શિક્ષિકાબેન બહારગામનાં વતની હતાં ને ભાદરણમાં નોકરી કરવા આવેલાં.

ભાદરણ એ વખતે એટલે કે આજથી પચીસેક વરસ પહેલાં પણ, ચરોતરનું આગળ પડતું ગામ ગણાતું. ત્યાંના લોકો એકંદરે સુખી તથા સંપત્તિશાળી હતા. દેશપ્રેમથી પ્રેરાઈને સત્યાગ્રહની જુદી જુદી પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતા અને ગામની ઉન્નતિને માટે જુદી જુદી લોકોપયોગી સંસ્થાઓનું નિર્માણ કરતા. ખાદી તથા વ્યાયામશાળાની પ્રવૃત્તિ તો ત્યાં ચાલતી જ હતી, પરંતુ વધુમાં કેળવણીના વિકાસને પણ ભારે મહત્વ આપવામાં આવતું. કન્યાશાળાની સ્થાપના એના જ પ્રતીકરૂપ હતી.

પરંતુ સમાજનું કાંઈ એક રૂપ થોડું છે ? એ તો બહુરંગી અને બહુરૂપી છે. એમાં જેમ શુભ તત્વો રહે છે તેમ અશુભ તત્વોનો પણ વાસ છે. સત્વગુણ, રજોગુણ તથા તમોગુણ ત્રણ ગુણોનું એમાં સંમિશ્રણ તેમજ પ્રતિનિધિત્વ છે. ભાદરણમાં પણ એવું જ હતું. સારાં ને નરસાં બંને પ્રકારનાં તત્વો ત્યાં ફેલાયલાં હતા. કન્યાશાળા થઈ એટલે અશુભ તત્વોને આડકતરી રીતે ઉત્તેજન મળ્યું.

કેટલાંક છેલબટાઉ શ્રીમંતોના નબીરાઓએ કન્યાશાળાની આજુબાજુ પોતાની પ્રવૃત્તિ શરૂ કરી. કેટલાક તો ફાલતુ સમય કાઢીને કન્યાશાળાની સામેની સડક પર જ બેસી રહેવા માંડ્યા. જતી આવતી છોકરીઓનું નિરીક્ષણ કરવું, તેમની વિવિધ પ્રકારે મશ્કરી કરવી, એમની સામે અશ્લિલ હાવભાવ કરવા તથા બને તો થોડેક સુધી એમનો પીછો કરવો એ એમનો એકમાત્ર વ્યવસાય બની ગયો. કેટલાક ચારિત્ર્યહીન યુવકોનો પણ એમને સાથ મળતો.

એ યુવકો કન્યાશાળાની આજુબાજુ તો ભમતા જ હતા, પરંતુ કન્યાશાળામાં નોકરી કરવા માટે આવેલાં આ નવાં શિક્ષિકાબેન પર એમની ખાસ નજર હતી. શિક્ષિકાબેનને ગમે તેમ કરીને સપડાવવાની અથવા તો એમની એકલતા અને અસહાયતાનો લાભ ઉઠાવવાની મેલી મુરાદ એ સેવવા લાગ્યા, અને એ મુરાદ બર આવે તેને માટેની કોશિશ પણ કરવા લાગ્યા. પરંતુ તેમની એકે યુક્તિપ્રયુક્તિ કામ ના લાગી.

શિક્ષિકાબેન ભારે હિંમતવાળાં, નીડર અને બહાદુર હતાં. તે ચારિત્ર્યશીલ હોવાથી એમ સહેલાઈથી કોઈના સાણસામાં સપડાય તેવાં ન હતા. કન્યાશાળાની છોકરીઓને પણ તે ચારિત્ર્યશીલ, બહાદુર અને હિંમતવાન બનવાનો તથા અનિષ્ટને તાબે થવાને બદલે તેનો બધી રીતે સામનો કરવાનો જ ઉપદેશ આપતાં. તેથી છોકરીઓના વર્તનમાં પણ ફેર પડ્યો હતો. પેલા શ્રીમંતોના નબીરાઓ એ વાત જાણતા. એટલે ગમે તેમ કરીને પણ એ શિક્ષિકાબેનને ચારિત્ર્યભ્રષ્ટ કરીને વગોવવાનો એમણે નિર્ણય કર્યો.

એમણે એક નવી યુક્તિ શોધી કાઢી. એક નવા કાર્યક્રમનો અમલ કરવા માંડ્યો.

શિક્ષિકાબેન રોજ સાંજે નિયમિત રીતે ફરવા જતાં, અને એ પણ છેક સ્ટેશન તરફ એટલે એમણે વિચાર્યું કે આ લાગ સારો છે. સ્ટેશન હતું પણ વસતિથી થોડેક દૂર એટલે ગમે તેવા વર્તનની શક્યતા તેમજ સ્વતંત્રતા હતી.

એમણે શિક્ષિકાબેનની પાછળ પાછળ ફરવા જવાનું શરૂ કર્યું.

પરંતુ ફરવા જવાનું તો માત્ર બહાનું જ હતું. મુખ્ય ઉદ્દેશ તો એ બેનની છેડતી કરવાનો અને શક્ય હોય તો આબરૂ લૂંટવાનો હતો. એમને કેવળ ફરવાને ખાતર ફરવા જવાનો રસ થોડો જ હતો ?

શિક્ષિકાબેનની પાછળ પાછળ એ ફાવે તેવાં ગીતો ગાતા ને વાક્યો બોલતાં ચાલી નીકળ્યા.

શિક્ષિકાબેન એમની મનોવૃત્તિ સમજી ગયાં. એ સમજી ચૂકેલાં જ હતા.

ફરતાં ફરતાં સ્ટેશન પર આવી પહેંચ્યાં. એમની સાથે એક બીજી બેન પણ હતી.

પેલા નવયુવકોએ સ્ટેશન પર પહોંચીને મર્યાદા મૂકી દીધી ને ફાવે તેમ બોલવા માંડ્યું.

એમના આગેવાન જેવો એક શ્રીમંત યુવક એ બેનની આગળ આવીને હીન અભિનય કે હાવભાવ કરવા લાગ્યો.

તે જ વખતે શિક્ષિકાબેનના અંતરમાં અગ્નિ સળગી ઊઠ્યો. એમની આંખમાં ક્રોધ વ્યાપ્યો.

'અરે ક્રોધે શું ભરાય છે, મારી રાણી ?' યુવકે કહેવા માંડ્યું : 'હું તો તારા પર મોહિત થઈને તને આનંદ આપવા આવ્યો છું.'

શિક્ષિકાબેનનું સ્વરૂપ રણચંડી જેવું બની ગયું. 'ઊભો રહે હું તને આનંદ આપું.' કહીને પગમાંથી ચંપલ કાઢીને એમણે યુવકના ગાલ પર ચોડી દીધું

અવાજ સાંભળીને સ્ટેશનના કર્મચારીઓ ભેગા થઈ ગયા, અને યુવક તેના બિરાદરો સાથે નાસી ગયો.

એ ઘટના પછીથી પેલા યુવકો ઠંડા પડી ગયા. શિક્ષિકાબેનની છેડતી કરવાનો વિચાર એમણે મૂકી દીધો. શિક્ષિકાબેનની આજુબાજુનું વાતાવરણ પણ સુધરવા માંડ્યું. એક બેનની હિંમત તથા બહાદુરીએ અનેક બેનોને લાભ કરી દીધો.

આજે સમાજમાં તોફાની તથા ચારિત્ર્યહીન તત્વો વધી રહ્યાં છે, અને બેનોની સલામતી ભયમાં મુકાવાના બનાવો બની રહ્યા છે, ત્યારે બેનો એ વાતને સમજી લે કે એમણે ચારિત્ર્યની દૃષ્ટિએ શુદ્ધ, નિર્ભિક ને બહાદુર બનવાની જરૂર છે. પોલીસ તથા બીજી વ્યવસ્થાઓ એમને મદદ જરૂરી કરી શકશે, પરંતુ અંતિમ આધાર તો એમના પોતાના પર છે. એ મક્કમ બને, ચારિત્ર્યની કીંમત સમજે, અને સમય આવ્યે સામનો કરી શકે એવું સુદૃઢ શરીર અને આત્મબળ કેળવે એ જરૂરી છે. અમર્યાદ પોશાક તથા ફેશન પરતાનો ત્યાગ કરવાની ને ભયને છોડી દેવાની શિખામણ વરસો પહેલાં ગાંધીજીએ પણ આપી છે તે હજુ જુની નથી થઈ. એ શિખામણને એ અપનાવે. સાથે સાથે સમાજની લાગતી વળગતી વ્યક્તિઓ ને સંસ્થાઓ એમની સુરક્ષા માટેના વાતાવરણને ઊભું કરવામાં સક્રિય સાથ આપે તો તોફાની તત્વોને જરૂર ડામી શકાય.

બેનોની સુરક્ષા મોટેભાગે ને છેવટે તો બેનોએ પોતે જ કરવાની છે એ વાતને બેનો યાદ રાખે, ને આવશ્યક તાકાત ઉભી કરે. કોમળતા, શોભા ને નાજુકતામાં જ સર્વસ્વ માનીને બેસી રહેવાને બદલે થોડીક વધારે સ્વસ્થ, સુદૃઢ કે ખડતલ બને.

* * * * *

# [૫૪] ગાંધીજીની અખૂટ આત્મશ્રદ્ધા

એ વખતે ગાંધીજી સેવાગ્રામમાં રહેતા હતા.

એક અંગ્રેજ પત્રકારે એમની મુલાકાત માગેલી.

ગાંધીજીએ એને પાંચ મિનિટનો સમય આપેલો.

નક્કી કર્યા પ્રમાણે પત્રકારે ગાંધીજીની સેવાગ્રામની એ સાદી, સ્વચ્છ તથા સુંદર કુટિરમાં પ્રવેશ કર્યો.

પત્રકારે પ્રશ્ન પૂછ્યો, તમે માનો છો કે ભારતને સ્વતંત્રતાની પ્રાપ્તિ થઈ શકશે ?

'અવશ્ય,' ગાંધીજીએ ઉત્તર આપ્યો : 'હું એવું અવશ્ય માનું છું. મને એમાં શંકા નથી.'

'તમારી માન્યતાનું કારણ ?' પત્રકારે ફરી પૂછ્યું.

'કારણ ?' ગાંધીજી કહેવા માંડ્યા, 'કારણ કે મને ઈશ્વરમાં શ્રદ્ધા છે. એ જો ન્યાયી ને દયાળુ હોય તો અમારી ઈચ્છા એણે પૂરી કરવી જ જોઈએ. અમારી માગણી ન્યાયી છે.'

પત્રકારે સંપૂર્ણ સંતોષ સાથે પ્રભાવિત થઈને કહ્યું : 'મારા દેશના અખબારમાં તમારા આ શબ્દો હું મોટા અક્ષરે છપાવીશ. અને લોકોને કહીશ કે સાચા ધાર્મિક તો તમે જ છો, અમે નથી.'

ગાંધીજી નિરુત્તર રહ્યા.

એટલામાં પાંચ મિનિટ પૂરી થઈ.

**નિઃસ્વાર્થ સેવાની ભાવના**

ભારતને આઝાદી મળી એટલે સાબરમતી આશ્રમમાંથી ગાંધીજીને સંદેશો મોકલવામાં આવ્યો કે તમારી પ્રતિજ્ઞા હવે પૂરી થઈ ગઈ છે માટે આશ્રમમાં પાછા આવો.

એ વખતે નોઆખલીમાં ફાટી નીકળેલી અશાંતિને લક્ષ્ય કરીને એ મહાન માનવતાપ્રેમીએ સંદેશાનો ઉત્તર આપ્યો કે સાબરમતી મારે મન દૂર છે, નોઆખલી નજીક છે.'

એમના વિના આવો ઉત્તર બીજું કોણ આપી શકે ?

અને દુઃખી મનુષ્યોના પોકાર સાંભળીને એમને મદદરૂપ થવા માટે એ નોઆખલી તરફ વિદાય થયા.

નિઃસ્વાર્થ સેવાની કેટલી બધી ઉદાત્ત ભાવના !

* * * * *

# [૫૫] નારદજીના પૂર્વજન્મની કથા

દેવર્ષિ નારદ !

ભગવાનના મહાન અને પરમ ભક્ત !

પ્રાગૈતિહાસિક કાળથી એમનું નામ ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં ચાલ્યું આવે છે.

ભક્તો અને સંતોના શિરોમણી નારદજીનું આસન લોકહૃદયમાં આજે પણ અમર છે.

અને એવા જ અમર છે નારદજી. કાળની એમને અસર નથી. દેશ અને કાળ અથવા તો સંજોગોનાં બંધનથી એ મુક્ત છે. કહે છે કે આજે પણ કોઈક નિર્મળ હૃદયના ભાવિક ભક્તોને એ દર્શન આપે છે, પ્રેરણા પૂરી પાડે છે, પથપ્રદર્શન કરે છે, દીક્ષા કે મંત્ર પ્રદાન કરે છે, અને એવી રીતે કૃતાર્થ કરે છે. એમાં કાંઈ શંકા જેવું પણ નથી કેમ કે મહાન પુરૂષો મૃત્યુંજય હોય છે. ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને એ ઈશ્વરસદૃશ થયા હોય છે. એટલે સામાન્ય માનવને જે નિયમો લાગુ પડે છે તે એમને નથી લાગુ પડતા. સામાન્ય માનવ પ્રકૃતિના પાશમાં સપડાયેલા તેમ જ પ્રકૃતિના દાસ હોય છે. પરંતુ મહાપુરૂષો પ્રકૃતિના સ્વામી કે અધીશ્વર હોય છે. એથી એ પ્રકૃતિની ઉપરવટ પણ જઈ શકે છે. પ્રકૃતિ એમને કશી જ અસર નથી કરી શકતી.

હાથમાં વીણા ને કરતાલ સાથે પરમાત્માના ગુણાનુવાદ ગાતા દેવર્ષિ નારદ આજે પણ લોકલોકાંતરમાં પોતાની અપ્રતિહત ગતિને લીધે ફર્યા કરે છે, એવો લોકોનો વિશ્વાસ છે. એ વિશ્વાસ નિરાધાર નથી જ.

પરંતુ ભક્તિના આવા સર્વોચ્ચ શિખર પર દેવર્ષિ નારદ પહોંચ્યા કેવી રીતે ? એ પ્રશ્ન સામાન્ય જનના મનમાં પેદા થાય એવો સંપૂર્ણ સંભવ છે. એના ઉત્તર માટે આપણે મહાન ધર્મગ્રંથ શ્રીમદ્‌ભાગવત તરફ વળવું પડશે. કેમકે એ ગ્રંથના માહાત્મ્યમાં નારદજીએ પોતાના પૂર્વજન્મની કથા કહી છે. તેમાં એ પ્રશ્ન અને એનો ઉત્તર સહજ રીતે જ સમાવી લીધો છે. એનો સાર એટલો જ છે કે સંત સમાગમ.

સંતસમાગમ ? હા. પેલા સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે તે પ્રમાણે નારદજી પણ કહે છે કે સત્સંગતિ શું નથી કરતી ? તુલસીદાસ રામાયણમાં કહે છે તેમ, સત્સંગતિના સુધામય સરોવરમાં સ્નાન કરીને કાગડા જેવા માણસો કોયલ જેવા સુમધુર સંભાષણ કરતા થઈ જાય છે અને બગલા જેવા માણસો હંસ જેવા બની જાય છે. એટલે કે બગલાની જેમ મલિન વિષયપરાયણ વૃત્તિવાળા લોકો હંસની જેમ સદ્‌વિચારના સરોવરમાં વિહાર કરતા તેમજ મુક્તિરૂપી મુક્તાફળને ચરતા થઈ જાય છે. સત્સંગનો એ પ્રભાવ છે. અને એ જ પ્રભાવને લીધે નારદજી આટલી ઉચ્ચોચ્ચ કોટિએ પહોંચી શક્યા.

નારદજી પોતાના સ્વમુખે કહે છે કે પૂર્વજન્મમાં હું દાસીપુત્ર હતો. મારી માતા સંતોના આશ્રમમાં રહીને સંતપુરૂષોની સેવા કરતી હતી. ત્યાં હું બાલપણથી જ સંતપુરૂષો તથા ભગવદ્ ભક્તોનું દર્શન કરતો, એમની શક્ય એટલી સુશ્રુષા કરતો, અને એમના સદુપદેશ સાંભળતો. સંતપુરૂષોનો સમાગમ પૂર્વના પુણ્યના કોઈ યોગે મને આપોઆપ જ મળી ગયો હતો.

એ સમાગમ ઉપરાંત એક બીજી વસ્તુ પણ હતી. અને એ મહત્વની વસ્તુ તરફ નારદજી આપણું ધ્યાન ખેંચે છે. એ કહે છે કે ઋષિના આશ્રમમાં અમે રહેતાં ત્યારે અમારી આજીવિકા કેવી રીતે ચાલતી તે

ખબર છે ? લો ત્યારે સાંભળો. આશ્રમમાં જે જુદા જુદા ભક્તો ને સંતો આવતા અને નિવાસ કરતા, તે ભક્તો ને સંતપુરૂષો ભોજન કરતા પછી જે ઉચ્છિષ્ટ અન્ન રહેતું તેને અમે પ્રસાદ માનીને આરોગી જતાં. પછી તો મારી માતાનું એક દિવસે મૃત્યુ થયું. પરંતુ સંતપુરૂષોના એ પ્રસાદ, આશીર્વાદ અને સમાગમને પરિણામે મારું હૃદય નિર્મળ બની ગયું.

કાળક્રમે શું થયું તે જાણો છો ?

મારામાં અજબ પ્રકારનું, અકલ્પનીય, પરિવર્તન થઈ ગયું.

મારા હૃદયની જડતા જતી રહી. અંતરના રહ્યાસહ્યા અજ્ઞાન પડદા તૂટી ગયા. મારી દૃષ્ટિ દૈવી બની ગઈ અને મારા પ્રાણમાં પરમાત્માના પરમ પ્રેમનો પ્રાદુર્ભાવ થયો. મારું પ્રત્યેક પરમાણુ એથી પુલકિત થઈને ફાલીને નાચી ઊઠ્યું. પરમાત્માના પવિત્ર પ્રેમના ફૂવારા મારા અંગેઅંગમાં ઊડવા માંડ્યા. અજ્ઞાનરૂપી અંધકારનો અંત આવ્યો અને પરમ પ્રકાશની પ્રાપ્તિ થઈ. મને જાણે કે નવજીવનની પ્રાપ્તિ થઈ. નવો અવતાર મળ્યો.

મને થયું કે ઈશ્વર વિના બધું વ્યર્થ છે, નકામું છે, નીરસ છે અથવા તો અધૂરું છે. ઈશ્વરની પ્રાપ્તિમાં જ જીવનની શાંતિ ને જીવનનું સાફલ્ય સમાયેલું છે. મનુષ્ય જીવન એટલા માટે જ છે, અને એટલા માટે જ વપરાવું જોઈએ.

બસ. પછી તો શું ?

અત્યંત ઉત્કટતાથી, પરમ પ્રેમપૂર્વક, પરમાત્માના દર્શન માટે મેં રડવા, ઝંખવા, પ્રાર્થવા તથા તલસવામાં માંડ્યું. વ્યાકુળ હૃદયે હું પરમાત્માના ગુણાનુવાદ ગાતો ને વિશ્વમાં વિચરણ કરતો.

એમ કરતાં કરતાં મને એક ધન્ય દિવસે પરમાત્માની પ્રાપ્તિ થઈ ગઈ. જીવન ધન્ય બન્યું ને કાયા કૃતાર્થ થઈ. એ પરમાત્માની દૈવી કૃપાથી જ હું પરમ શાંતિથી સંપન્ન અને એવો ઉત્તમ કોટિનો બની શક્યો છું.

નારદજીની આ કથામાં સાધકો, ભક્તો, જિજ્ઞાસુઓ, અને ઉત્તમ ઈશ્વરપરાયણ જીવન જીવવા માગતા સૌને માટે કેટલો કિંમતી સંદેશ સમાયેલો છે ? એને જીવનમાં ઉતારીએ તો જીવન ધન્ય બને એમાં શંકા નથી.

* * * * *

# [૫૬] જન્મમરણની ભૂલ

મહારાષ્ટ્રના ચાર મહાન ખ્યાતનામ લોકોત્તર શક્તિથી સંપન્ન સંતપુરૂષો. ચારેચાર ઈશ્વરદર્શી અને પરમ શાંતિની પ્રાપ્તિ કરી ચૂકેલા. જ્ઞાનેશ્વર, તુકારામ, સમર્થ રામદાસ અને એકનાથ.

એ ચારે સંતપુરૂષોમાં એકનાથનું સ્થાન એકદમ અનેરું અને અજોડ હતું.

પચીસ વરસની અંદર તો એમણે ઈશ્વરનું દર્શન કરી લીધું, અને પછી આદર્શ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ પોતાના ચિત્તની વૃત્તિ કેવી સતત રીતે ઈશ્વરમાં જોડીને ઈશ્વરપરાયણ બની શકાય, તે બતાવવા માટે જ જાણે જન્મ ધારણ કર્યો હોય તેમ એમણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. પત્ની તરીકે ગિરજાબાઈ પણ એમને બધી જ રીતે અનુકૂળ મળ્યા. તે પણ ભક્તિશાળી તથા ઈશ્વરપ્રેમી હતાં, એટલે અંતઃકરણપૂર્વક એકનાથજીની સેવા કરતાં ને એમને મદદરૂપ બનતાં. સંતસમાગમ, હરિકથા તેમજ અતિથિ, અભ્યાગત ને દીનદુઃખીની સેવાસુશ્રષામાં એમનો સઘળો સમય પસાર થતો. એવો આદર્શ અને આનંદકારક હતો એમનો ગૃહસ્થાશ્રમ.

એની પાછળ એમના ગુરૂદેવનો આશીર્વાદ હતો. એમના ગુરૂદેવ કોણ તેની ખબર છે ?

જનાર્દન સ્વામી.

એ એક ઈશ્વરી કૃપાપાત્ર, પૂર્ણ, મુક્ત કે કૃતકૃત્ય મહાપુરૂષ હતા. દક્ષિણમાં આવેલા દોલતાબાદના કિલ્લામાં એ નિવાસ કરતા. એ કિલ્લાની સુરક્ષાની જવાબદારી એમના પર હતી. ભગવાન દત્તાત્રેયના એ ઉપાસક હતા અને દત્તાત્રેયના અનુગ્રહથી એમના સાક્ષાત દર્શનનો લાભ મેળવીને સિદ્ધાવસ્થાએ આરૂઢ થઈને ધન્ય બન્યા હતા. એ મહાસમર્થ સંતપુરૂષના આદેશથી જ એકનાથે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો હતો. એમની પોતાની આટલી બધી ઈચ્છા ન હતી તો પણ પોતાના ઈશ્વરસદૃશ દેવદુલર્ભ ગુરૂદેવ પર એમને એવો અસાધારણ અને અખૂટ વિશ્વાસ હતો. એમનું વાક્ય એમને મન વેદવાક્ય બરાબર હતું.

એ મહાપુરૂષનો મેળાપ પણ એમને એકદમ અણધાર્યા સંજોગોમાં જ થયો હતો.

તે વખતે એકનાથની ઉંમર નાની હતી. પોતાના નિત્યક્રમ પ્રમાણે પોતાના ગામ પૈઠણમાં આવેલા નાનકડાં મંદિરમાં એ પ્રાર્થના કરતા બેઠા હતા ત્યારે તેમને એકાએક પ્રેરણા થઈ કે દોલતાબાદના કિલ્લામાં જનાર્દન સ્વામી નામે મહાપુરૂષ છે. તેમની પાસે જવાથી તમને શાંતિ મળશે, લાભ થશે, ને તમારી ઈશ્વરના અનુગ્રહની ઈચ્છા પણ પૂરી થશે.

એ પ્રેરણા અથવા તો આદેશથી એકનાથ અતિશય આનંદમાં આવી ગયા. એ એવા કોઈ મહાપુરૂષની શોધમાં જ હતા. એવા મહાપુરૂષના મેળાપને માટે એમનું અંતર તલસી રહ્યું હતું. એવા સંતપુરૂષના સાન્નિધ્યમાં રહીને, જીવનને એમના પથપ્રદર્શન પ્રમાણે આધ્યાત્મિક ઓપ આપીને એ એનું કલ્યાણ કરવા ઈચ્છતા હતા. આત્માનુભવી કે ઈશ્વરદર્શી મહાપુરૂષની કૃપા વિના એ ક્યાંથી બની શકે ?

અપૂર્વ ઉત્સાહથી ઉભરાઈને એ જનાર્દન સ્વામી પાસે પહોંચી ગયા. જનાર્દન સ્વામીએ પોતાની દૈવીશક્તિથી બધું જાણી લઈને એકનાથનો સ્નેહપૂર્વક સત્કાર કર્યો.

એકનાથજી એમની છત્રછાયામાં રહેવા લાગ્યા એટલું જ નહિ, પરંતુ એમની તનમનથી અડગ નિષ્ઠાપૂર્વક સેવા પણ કરવા લાગ્યા.

ગુરૂની કૃપા મેળવવી હોય તો એમની સેવા કરવી જ જોઈએ. સેવા વિના મેવા ભાગ્યે જ મળે. જે સેવા વિના જ મેવા મેળવવાની ઈચ્છા રાખે તેની ઈચ્છા સફળ ન જ થઈ શકે. સેવા દ્વારા સ્વાનુભવસંપન્ન સંતપુરૂષોને પ્રસન્ન કરવાથી તે પોતાની કૃપા વરસાવી દે છે અને ઈચ્છિત મનોરથ પૂરા કરે છે. એટલે તો ગીતાએ પણ મહાપુરૂષોની પાસેથી આત્મજ્ઞાનની ઉપલબ્ધિ કરવા માટે પ્રણિપાત, પરિપ્રશ્ન ને સેવાનો ઉલ્લેખ કરેલો છે.

એકનાથની સેવામાં કોઈયે જાતની કચાશ ન હતી. એમની સેવા જોઈને જનાર્દન સ્વામી પ્રસન્ન થતા અને એમની પ્રશંસા કરતા.

એક દિવસની વાત છે. જનાર્દન સ્વામીએ એકનાથને હિસાબ કરવાનું કામ સોંપ્યું. પૈસાની લેવડદેવડનો હિસાબ મેળવવાનો હતો. એકનાથજી ચોપડો લઈને હિસાબ કરવા બેઠા.

હિસાબ કરતાં કરતાં એક ભૂલ એવી નીકળી કે વાત નહિ.

એકનાથજી કેટલોય પરિશ્રમ કરે, પરંતુ ભૂલ સુધરે જ નહિ. પકડાય જ નહિ.

મધરાત વીતી ગઈ તો પણ ભૂલ ન પકડાઈ.

એકનાથજી એમ કંટાળે, થાકે કે નિરાશ થાય તેમ ન હતા. ભૂલને શોધી કાઢીને હિસાબ મેળવવા માટે એ કૃતસંકલ્પ હતા.

પરંતુ એમનો સંકલ્પ સિદ્ધ ન થયો તે ન જ થયો.

છેવટે એમના ગુરૂ જનાર્દન સ્વામી આવી પહોંચ્યા અને એમને પરિશ્રમ કરતા જોઈને બોલ્યા : 'આટલી બધી રાત વીતી ગઈ છે તો પણ હજુ સુધી કામ પૂરું નથી થયું ?'

એકનાથે ઉત્તર આપ્યો : 'ગુરૂદેવ ! હિસાબમાં કોઈ ભૂલ થઈ ગઈ છે તે પકડી જ નથી શકાતી, પણ હું એને શોધી કાઢીશ ત્યારે જ આરામ કરીશ.'

ગુરૂદેવે સસ્મિત કહેવા માંડ્યું : 'એકનાથ ! હિસાબની આટલી નાની ભૂલ માટે આટલો બધો ઉજાગરો કર્યો, પરંતુ જીવનમાં જે મોટી ભૂલ થઈ ગઈ છે તેનું શું ? તેને લીધે તો જન્મ ને મરણના ચક્રમાં ફર્યા કરે છે. એ ભૂલને શોધી કાઢવા માટે શું કર્યું ? તે ભૂલને શોધી કાઢવાની જરૂર છે. તે ભૂલ પરમાત્માની પ્રાપ્તિ થશે ત્યારે જ પકડી શકાશે. હવે ચોપડો બંધ કરી આરામ કર. તને હું ઈશ્વરનો મેળાપ કરાવી આપીશ. તારી નિષ્ઠા ને સેવા જોઈને હું પ્રસન્ન થયો છું.'

એકનાથની આંખ ઊઘડી ગઈ. પોતાની આંખ ઉઘાડવા માટે જ ગુરૂદેવે આ પ્રસંગ ગોઠવ્યો છે તેની તેમને ખાતરી થઈ. સાથે સાથે ઈશ્વરનો મેળાપ કરાવી આપવા માટેની ગુરૂદેવની બાંયધરીથી એમને અત્યંત આનંદ થયો. ગુરૂની કૃપા થતાં ઈશ્વરકૃપા પણ સહેલાઈથી થઈ શકશે એવો એમને વિશ્વાસ થયો. એમનું હૈયું થનગની ઊઠ્યું. જીવનના શ્રેયનો દિવસ હવે તદ્દન પાસે છે એવો એમને સંતોષ થયા. ગુરૂની કૃપાથી શું નથી થઈ શકતું ?

* * * * *

# [૫૭] શંકરાચાર્ય પર વ્યાસનો અનુગ્રહ

ભારતવર્ષને અને એ દ્વારા સમસ્ત જગતને, અદ્વૈતવાદનો અમર સંદેશો સંભળાવનાર શ્રી આદ્ય શંકરાચાર્યને કોણ નથી જાણતું ? એમના થોડા ઘણા જીવનકાળ દરમિયાન એમણે જે અસાધારણ કામ કર્યું છે, તેણે ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં અમીટ છાપ પાડી છે. એને લીધે એ આજે પણ અમર છે. ઉત્તમોત્તમ બૌદ્ધિક પ્રતિભાથી ભરેલું મગજ, અને એવું જ લાગણીભર, સંવેદનશીલ, ઉત્તમોત્તમ હૃદય, એ એમની વિશેષતા હતી. એ વિશેષતાથી અલંકૃત બનીને, દેશના ચારે ખૂણામાં ફરી વળીને, એમણે ધર્મસિદ્ધાંતોની સંસ્થાપના કરી, અને ધર્મને નામે ચાલતા અધર્મ, વહેમ, જડ ક્રિયાકાંડો, ને વાદો કે સંપ્રદાયોનો વિરોધ કર્યો. ઈશ્વરની સંપૂર્ણ કૃપા વિના આવું અસાધારણ કાર્ય ભાગ્યે જ બની શકે, અને એ પણ આટલા ટૂંકા કે અલ્પ જીવનગાળામાં. શંકરાચાર્ય જો કે સમર્થ જ્ઞાની પુરૂષ હતા છતાં પણ ઈશ્વરકૃપાના એવા પ્રસંગો એમના જીવનમાં અવારનવાર બનતા. એવા જ એક પ્રસંગની આજે આપણે સ્મૃતિ કરીએ છીએ.

એ વખતે શંકરાચાર્ય કાશીનગરીમાં વાસ કરતા. કાશી તો પંડિતો તથા વિદ્વાનોનું ધામ ગણાય. ભારતવર્ષના પ્રકાંડ અને પ્રતિષ્ઠિત પંડિતો ત્યાં વાસ કરે.

ત્યાં રહીને શંકરાચાર્ય બ્રહ્મસૂત્ર પર ભાષ્ય કરે.

બ્રહ્મસૂત્ર તો અત્યંત કઠિન ગ્રંથ. વિદ્વાનોની પણ કસોટી કરનારો, અને મોટા મોટા પંડિતોને પણ મહાત કરનારો. ઉપનિષદોનો સંપૂર્ણ, તલસ્પર્શી અભ્યાસ હોય, તે જ એ અસાધારણ તત્વજ્ઞાનથી ભરેલા ગ્રંથને સમજી પણ શકે. તો પછી તેના પર વિવેચન કરવાની તો વાત જ ક્યાં રહી ?

શંકરાચાર્ય એવી મેધાથી સંપન્ન હતા. એટલે જ એ કઠિન ગ્રંથ પર આલોચના લખી રહ્યા હતા.

કહે છે કે એ આલોચના પૂરી થઈ ત્યારે, એક દિવસ એક બનાવ બન્યો. કોઈ વૃદ્ધા બ્રાહ્મણે શંકરાચાર્યની મુલાકાત લીધી, ને કહ્યું, 'સાંભળ્યું છે કે તમે બ્રહ્મસૂત્રનું ભાષ્ય લખી રહ્યા છો.'

વાતને છૂપી રાખવાનું કોઈ કારણ નહોતું એટલે શંકરાચાર્યે તરત જ ઉત્તર આપ્યો કે વાત સાચી છે. હું એ મહાન ગ્રંથ પર ભાષ્ય લખી રહ્યો છું.

એ સાંભળીને પેલા વૃદ્ધ પુરૂષે કહ્યું કે બ્રહ્મસૂત્ર પર તો મને પણ પ્રેમ છે. તો તમારું લખેલું ભાષ્ય મને જોવા માટે આપી શકશો ?

શંકરાચાર્યે લખેલા ભાષ્યને રજૂ કર્યું.

વૃદ્ધ પુરૂષે એ વાંચવા માંડ્યું.

પરંતુ વાંચતા એમની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

શંકરાચાર્યને ભારે નવાઈ લાગી. એમણે કહ્યું. 'તમે કેમ રડવા લાગ્યાં ? મારું લખાણ તમને ના ગમ્યું ?

'લખાણ છે તો ઘણું જ સરસ.' વૃદ્ધે ઉત્તર આપ્યો : 'પરંતુ રડવું મને એટલા માટે આવ્યું કે આવી અપ્રતિમ બૌદ્ધિક પ્રતિભાવાળા પુરૂષની ઉંમર માત્ર સોળ જ વરસની છે.'

'એમાં શું ? ' શંકરાચાર્યે કહ્યું : 'એ તો પ્રારબ્ધની વાત છે. એમાં ફેરફાર થોડો જ થઈ શકે એવો છે ?'

'ફેરફાર કેમ ન થઈ શકે? મહાપુરૂષો તો લેખ પર પણ મેખ મારી શકે છે. તમારા જેવા પુરૂષ વધારે વરસ જીવે, તો સંસારને લાભ તો થાય જ ને ?'

'પણ એવા મહાપુરૂષ ક્યાં મળે ?'

'ઈશ્વરનો અનુગ્રહ હોય તો જરૂર મળે. હું મહર્ષિ વ્યાસ છું અને તમારા પર અનુગ્રહ કરવા માટે જ આવી પહોંચ્યો છું.'

એટલું કહેતામાં તો વૃદ્ધ પુરૂષનું આખું સ્વરૂપ જ બદલાઈ ગયું. એમનું શરીર તેજોમય બની ગયું.

શંકરાચાર્યે એમને નમન કર્યું એટલે એમણે કહ્યું, તમારી ઉંમર સોળ જ વરસની છે, પરંતુ મારા આશીર્વાદથી તમે બત્રીસ વરસનું આયુષ્ય ભોગવશો. તમારું જ્ઞાન અપ્રતિમ બનશે, અને એ દ્વારા તમે લોકોનું કલ્યાણ કરશો.'

એ પછી એ મહાપુરૂષ અંતર્ધાન થઈ ગયા.

શંકરાચાર્ય બત્રીસ વરસનું આયુષ્ય ભોગવીને ભૂતલ પરથી વિદાય થયા હતા એ વાત વિદ્વાનો સારી પેઠે જાણે છે.

લેખ પર મેખ મારી શકાય કે કેમ ? એ વિશે લોકોમાં વિવાદ ચાલે છે. આપણે કહીશું કે જે ઈશ્વરી કૃપાપાત્ર, ઈશ્વરતુલ્ય, સમર્થ, મહાપુરૂષો છે, તે લેખ પર મેખ મારી શકે છે અથવા તો પ્રારબ્ધને પણ પલટાવી શકે છે. જોઈએ છે માત્ર એમની કૃપા, અને એ કૃપાની ઉપલબ્ધિ માટેનો અનવરત, અખૂટ પ્રયાસ. પ્રેમ શ્રદ્ધા, ધીરજ, અને હિંમતપૂર્વકનો પ્રયાસ.

* * * * *

# [૫૮] વાલ્મિકીનો સંસ્કાર-વારસો

રત્નાકર લૂંટારામાંથી મહર્ષિનો નવો અવતાર પામેલા વાલ્મિકી, પોતાના આશ્રમમાંથી એક વાર તમસા નદીના તટપ્રદેશ પર જઈ રહ્યા હતા. તે વખતે એમની નજરે એક કરૂણ અને અદૃષ્ટપૂર્વ દૃશ્ય પડ્યું. કામક્રીડા કરનારાં બે સારસ પક્ષી પર એક પારધિએ બાણ છોડ્યું, અને જોતજોતામાં તો સારસ પક્ષી ઢળી પડ્યું. બીજું પક્ષી પણ એના આઘાતથી ત્યાં જ મરણ પામ્યું.

મહર્ષિનો પ્રશાંત આત્મા આ નિષ્ઠુરતાને નિહાળીને કકળી ઊઠ્યો. એમના અનુકંપા ભરેલા અંતરમાં જાણે કે ઉલ્કાપાત થયો. દેવી સરસ્વતી એમની જીહ્વા પર પ્રકટીને, કરૂણ છતાં નિર્ભય સ્વરે બોલી ઊઠી :

मा निषाद प्रतिष्ठां त्वं अगमः शाश्वतीस्समाः।

यत्कौचमिश्रुनोद कम वधीः काममोहितम् ॥

હે નિષાદ ! અનંત કાળ સુધી તને સ્થિરતા કે શાંતિ ના મળો. કેમ કે કામમાં મગ્ન બનેલા સારસ પક્ષીના જોડામાંથી તે એકને હણી નાખ્યું છે.

મહર્ષિ વાલ્મિકી ત્યારથી મહાકવિ બની ગયા. સંસારના આદિ કવિ. કવિતા એમના વદન અને એમની કલમમાંથી, ગંગાના પુનિત પ્રવાહની પેઠે, પૃથ્વીના પ્રાણને પ્રસન્ન કરતી, અસ્ખલિત રીતે વહેવા માંડી. જાણે કે અમૃતનો કોઈક અનેરો આગાર. આરાધનાનો અક્ષર સ્વરૂપે આવિર્ભાવ પામતો અક્ષય ભંડાર. ભાવો અને વિચારોની વસંતઋતુ. જગતને નવજીવન દેનારી એ કવિતાકળા, સોળે કળાએ ખીલેલા કમળની પેઠે વિસ્તાર પામીને, સૌ કોઈને પરિમલપ્રસન્ન ને પાવન કરી રહી. વાલ્મિકી તો અમર બની ગયા, પરંતુ એમની કવિતા યે અમર બની ગઈ.

એ કવિતા કળાનો સનાતન સંપુટ એટલે વાલ્મિકી રામાયણ. જગતના શાબ્દિક ઈતિહાસમાં જેનો જોટો નથી એવું એક મહાકાવ્ય. આવો, એ મહાકાવ્યના એક સાધારણ દેખાતા છતાં અસાધારણ અને નાના લાગતા છતાં મહાન પ્રસંગનો રસાસ્વાદ લઈએ. એ અમર પ્રસંગ આપણને જરૂર આનંદ આપશે.

પંચવટીના શાંત ગોદાવરી તટ પરના પ્રદેશમાંથી, રાવણ સીતાનું હરણ કરી ગયો તે પછી રામ ભારે શોકિત બની ગયા છે. અત્યંત આકુળવ્યાકુળ બનીને એ અરણ્યમાં લક્ષ્મણની સાથે ફરી રહ્યાં છે. સીતાની શોધ કરવાનો એમનો ઉદ્દેશ છે. આંખમાં અશ્રુ છે, પ્રાણમાં પોકારના પ્રતિધ્વનિ, અને કાળજામાં કંપ. ધીરજની ભૂમિમાં ધરતીકંપ થયો હોય એવી એમની અવસ્થા છે.

અરણ્યમાં ફરતાં ફરતાં કેટલો ય વખત વીતી જાય છે. હૃદયમાં સીતાને માટેનો જે પ્રેમ છે, તેનો પ્રવાહ એવો જ અક્ષય છે. સીતાને માટેના એમના અનુરાગમાં ઓટ નથી આવતી. લક્ષ્મણ રામચંદ્રજીની આ કરૂણ દશા પ્રત્યે અપાર સહાનુભૂતિ ધરાવી રહ્યો છે.

બંને એક વનમાંથી બીજા વનમાં પસાર થઈ રહ્યા છે. સંસારમાં બધું જ બદલાય છે, ઋતુના પરિવર્તનને લીધે વનની સુંદરતા ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરતી જાય છે.

વનની એવી સુંદરતાને લક્ષ્ય કરીને, રામ એક દિવસ લક્ષ્મણને કહે છે : લક્ષ્મણ ! જો તો ખરો આ વન ! એ કેટલું બધું સુંદર અને રસમય લાગે છે ? કામદેવતાના આધિપત્યવાળું વન આજે જુદું જ લાગે છે.

કામદેવતાની અબાધિત અસર નીચે આવ્યાં હોય એવાં પ્રાણી ને પંખી, જુદી જુદી રીતે કેલિ કરે છે; આખાયે વનને આનંદમય બનાવે છે, અને પોતાની જાતને આનંદથી ભરે છે. લક્ષ્મણ, આવા સુંદર વનને નિહાળીને કોનું મન ચલિત ના થાય ? અથવા તો કોના મનમાં વિકારો ના પ્રકટે ?

લક્ષ્મણને થયું કે રામ મારી પરીક્ષા કરી રહ્યા છે કે શું ? રામને તો વિકારો પ્રકટે નહિ તો પછી એ કોને માટે આ પ્રશ્નો પૂછી રહ્યા છે ? મારે માટે ?

એણે તરત કહ્યું : રામ ! એમાં પૂછવા જેવું જ શું છે ? જેના પિતા મન, વચન, કાયાથી પવિત્ર હોય, અને માતા પણ જેની પતિવ્રતા હોય, તેના સંતાનનું મન આવા કે ગમે તેવા વાતાવરણમાં પણ ચંચલ ન થાય, વિકારી ન બને, કે વિપથગામી પણ ના થઈ શકે.

આ રહ્યા લક્ષ્મણના એ શબ્દો :

पिता यस्यं शचि जति, माता यस्य पतिव्रता ।

तयोः सुनु र्यो जातः तस्य नोच्चलते मनः ॥

રામનું અંતર એ ઉત્તરથી આનંદથી ઉભરાઈ ઊઠ્યું. ધન્ય લક્ષ્મણ! તારા વિના આવા શબ્દો બીજું કોણ બોલી શકે ? લક્ષ્મણને એમણે શાબાશી આપી.

કેટલો સુંદર પ્રસંગ છે ? આ પ્રસંગ દ્વારા વાલ્મિકી રામાયણના લોકોત્તર મહાકવિ આપણને કહી જાય છે કે જે દેશમાં ચારિત્ર્યશીલ માતાપિતા હોય છે, તે દેશમાં જ ચારિત્ર્યશીલ સંતાનો પાકી શકે છે. સંતાનો સંસ્કારી બનશે કે અસંસ્કારી, વિકારી બનશે કે અવિકારી, ડરપોક થશે કે બહાદુર, અને જ્ઞાની કે અજ્ઞાની, એનો મોટો આધાર માતાપિતા પર રહે છે. એમનું જીવન કેવું છે એ ખાસ મહત્વનું છે. ઉત્તમ બાળકોની જેમ માતાપિતા પણ, દેશની અમુલખ મૂડી કે થાપણ છે. દેશની સમૃદ્ધિ અને બાળકોની સમુન્નતિમાં રસ લેનારા માતાપિતા આ પાયાની વાતનું ધ્યાન રાખશે ખરાં ?

* * * * *

# [૫૯] યશોધરાની મહાનતા

વૈશાખી પુનમની રાતે કપિલવસ્તુના રાજપ્રસાદમાંથી મહાભિનિષ્ક્રમણ કરીને સિદ્ધાર્થે વનનો માર્ગ લીધો. યશોધરા જેવી અત્યંત રૂપવતી પ્રેમાળ પત્ની તથા પુત્ર રાહુલનો ત્યાગ કરીને, જીવનના કલ્યાણને માટે તીવ્ર તપશ્ચર્યામાં એ પ્રવૃત્ત થયા. રાજમહેલના રંગરાગ અને ભોગવિલાસમાંથી મનને પાછું વાળીને, વનના કષ્ટો તથા એકાંતવાસની પ્રતિકુળતાઓને હસતાં હસતાં એમણે વધાવી લીધી.

શા માટે ?

કારણ કે, એની પાછળ એક ભવ્ય, અતિભવ્ય, કલ્યાણકારક આદર્શ હતો. પરમ સત્યના સાક્ષાત્કારનો અને એના પરિણામરૂપે પ્રગટનારી પરમ શાંતિની પ્રાપ્તિનો. એ આદર્શ જ એમને રાજભવનમાંથી વનમાં ખેંચી ગયો હતો. જીવનમાં કોઈપણ કર્મની પાછળ ઉદાત્ત પ્રેરક બળ હોય છે, ત્યારે એ કર્મ માનવની દૃષ્ટિએ મહામૂલ્યવાન બની જાય છે. અને એ કર્મની સિદ્ધિ માટેના પુરૂષાર્થમાં ગમે તેટલી પ્રતિકૂળતાઓ અથવા ગમે તેવા અવરોધો આવે તો પણ તે તેમને સ્મિતની સાથે સહન કરે છે.

સિદ્ધાર્થના સંબંધમાં પણ એવું જ હતું.

જીવનનો સર્વોત્તમ આદર્શ તેમને આકર્ષી રહ્યો હતો અને એમનામાં પ્રાણસંચાર કરતો હતો.

એ જ એમનું પ્રેરક બળ હતું.

અને જીવનમાં જે કૃતસંકલ્પ કે દૃઢપ્રતિજ્ઞા બને છે, અને પોતાના સંકલ્પની પ્રાપ્તિ માટેના શક્ય એટલા બધા જ પ્રયાસ કરે છે, તેને સિદ્ધિ નથી મળતી શું ? જે ચાહે છે તેને મળે છે એ નિયમ છે.

સિદ્ધાર્થના જીવનમાં પણ એ નિયમ સાકાર બન્યો. એક ધન્ય ક્ષણે એમને શાંતિ મળી. બોધિની પ્રાપ્તિ થઈ. જીવન સફળ થયું. સિદ્ધાર્થ બુદ્ધ બન્યા.

અને પછી તો જે પરમ પ્રકાશની પ્રાપ્તિ પોતાને થઈ, તે પ્રકાશનાં કિરણોથી બીજાનો પથ અલોકિત કરવા એ પ્રવૃત્ત થયા. ભારતના પૂર્વોત્તર ભાગોમાં એમણે પોતાની ઉપદેશગંગા વહેતી કરી. એ ગંગાના નિર્મળ વારિમાં સ્નાન કરીને હજારો જીવોએ પોતાનાં જીવનને કૃતાર્થ કર્યા. દિશા તથા પ્રદિશાઓ પેલા ધન્ય જયઘોષથી ગાજી ઊઠી: बुद्धं शरणं गच्छामि । संघं शरणं गच्छामि । धर्मं शरणं गच्छामि ।

ભગવાન બુદ્ધની એ વખતની પદયાત્રાઓ અને એમને સઉત્સાહ વધાવતી લોકોની મેદનીઓને તમે કલ્પી શકો છો ? ભારતના આધ્યાત્મિક અભ્યુત્થાનના એ વખતના અભિનવ તથા વિશાળ પ્રવાહના રેખાચિત્રોને તમે અંતરની આગળ અંકિત કરી શકો છો ? આજથી બરાબર અઢી હજાર વરસો પહેલાંના ભારતના ધાર્મિક ઈતિહાસની એ કથા દેશની એક અવિસ્મરણીય કથા છે.

પરંતુ એ કથાના એક નાનકડા અધ્યાય પર ઘણાંનું ધ્યાન નથી ગયું. આવો, એ અધ્યાયનો વિચાર કરીએ.

સમસ્ત સંસારને જ્ઞાનનો પવિત્રતમ પ્રકાશ પૂરો પાડવા માટે પ્રવૃત્ત થયેલા ભગવાન બુદ્ધ, પોતાના પરિવારને કેવી રીતે ભૂલી શકે ? યશોધરાની પાસે પોતે ભિક્ષા માગવા માટે આવી પહોંચ્યા. એક પતિ તરીકે નહિ, પરંતુ પ્રશાંતિપ્રાપ્ત મહાપુરૂષ તરીકે.

યશોધરાએ બુદ્ધના ચરણોમાં પ્રણિપાત કર્યા, ને બુદ્ધને મહેલમાં રહેવાની વિનંતી કરી.

બુદ્ધે કહ્યું : યશોધરા ! સમસ્ત સંસાર મારા માટે મહેલ બરાબર છે. હું મહેલમાં રહેવા માટે નથી આવ્યો. હું તો ભિક્ષા લેવા માટે આવ્યો છે.

યશોધરાએ કહ્યું : પ્રભુ ! તમે ભિક્ષા માગવા માટે આવ્યા છો તો ભિક્ષામાં હું તમને શું આપું ? હું પણ પરમ શાંતિ ઈચ્છું છું, અને એ માટે તમારી શિષ્યા તરીકે મારો સ્વીકાર કરો. વળી તમે જે માર્ગે ચાલીને જીવનશ્રેય કર્યું છે તે માર્ગે રાહુલને પણ લઈ જાવ. જેથી એ પણ પોતાના જીવનને ઉજ્જવળ બનાવી શકે. મારી એટલી જ પ્રાર્થના છે.

ઈતિહાસ કહે છે કે, બુદ્ધે યશોધરા તથા રાહુલનો સ્વીકાર કર્યો. યશોધરા બુદ્ધ ધર્મના ભિક્ષુણી સંઘની પ્રથમ સદસ્યા બની, રાહુલને ભિક્ષુક ગણવામાં આવ્યો.

યશોધરાની ભિક્ષા અત્યંત અનોખી હતી.

બુદ્ધ તો મહાન હતા જ, પરંતુ યશોધરા પણ કંઈ ઓછી મહાન ન હતી. આ પ્રસંગ એની સાક્ષી પૂરે છે. ધન્ય યશોધરા ! તારા જેવી પત્ની ને માતાઓ સંસારે બહુ ઓછી જોઈ છે. અત્યંત ઓછી.

* * * * *

# [૬૦] તુલસીદાસની પ્રેરક : રત્નાવલી

સ્ત્રીઓએ પડદા પાછળ રહીને પુરૂષોને મહાન કાર્યો કરવાની પ્રેરણા પૂરી પાડી છે, તે તમે જાણો છો ? કદાચ નહિ જાણતા હો. અને જાણતા હશો તો જેટલી ગંભીરતાથી જાણવું જોઈએ એટલી ગંભીરતાથી નહિ જાણતા હો. સંસારે પુરૂષોને જાણ્યા છે, પૂજ્યા છે, અથવા એમની પ્રશસ્તિ પણ કરી છે, પરંતુ એમના ઘડતરમાં અગ્રભાગ ભજવનારી સન્નારીઓની સ્મૃતિઓ ભાગ્યે જ કરી છે. અને એ વાતની નોંધ પણ ભાગ્યે જ લીધી છે કે એમનો હિસ્સો એમનાથી અધિક હતો. ક્યાંક મદાલસા બનીને તો ક્યાંક ધ્રુવની માતા સુનીતિ થઈને, ક્યાંક જીજાબાઈ બનીને તો ક્યાંક કસ્તુરબા થઈને, અને ક્યાંક શારદામણિદેવીનાં રૂપમાં પ્રકટીને ક્યાંક ગોપીચંદની માતા મેનાવતી થઈને, એણે જે ઈતિહાસ સર્જ્યા છે, એ અમુલખ છે, અસાધારણ છે, અવર્ણનીય છે, અનુપમ છે અને અમર છે. એ ઈતિહાસને યાદ કરીને આપણને આનંદ થાય છે, તેમ જ સ્ત્રીશક્તિના ચરણોમાં નમસ્કાર કરવાનું મન થઈ આવે છે.

ભારતના સ્ત્રીચરિત્રના અખૂટ રત્નભંડારમાંથી આજે એક એવી જ પ્રતાપી સ્ત્રીનું આપણને સ્મરણ થાય છે. એ સાચેસાચ એક અણમોલ રત્ન છે. અને એનું નામ રત્નાવલી છે.

રત્નાવલી ? હા. રત્નાવલી.

પરંતુ કયી રત્નાવલી તે જાણો છો ? તુલસીકૃત રામાયણના રચયિતા સંત તુલસીદાસની ધર્મપત્નિ રત્નાવલી. તમારામાંના કેટલાક તો એ સન્નારીના નામથી પણ અનાભિજ્ઞ હશે.

લો ત્યારે એની કથા કહું. સંક્ષિપ્ત કથા.

કહે છે કે તુલસીદાસે કાશીમાં રહીને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. એમના વિદ્યાગુરૂ સ્વામી નરહરાનંદ પાસેથી. પછી તીર્થયાત્રાની પૂર્ણાહુતિ કરીને પોતાના ગામમાં આવ્યા અને એ નાના સરખા રાજાપુર ગામમાં રહેવા માંડ્યા. ત્યાં એમનું લગ્ન થયું. લગ્ન પછી એ એમની પત્ની રત્નાવલીના એવા તો મોહમાં પડ્યા કે વાત નહિ. એ મોહિનીમાં એ શાસ્ત્રોને, વિધિવિધાનને, તથા કર્મધર્મને પણ ભૂલવા માંડ્યા. રત્નાવલીનું મુખ જોઈને વધારે ભાગે એની પાસે જ રહેવા લાગ્યા. રત્નાવલીના વિરહને વેઠવાનું એમને માટે મુશ્કેલ બન્યું. રત્નાવલીનો એક ક્ષણનો વિયોગ પણ એ ના વેઠી શકતા. કોઈ કામ પ્રસંગે ક્યાંક બહારગામ જવાનું થતું તો પણ વહેલા પાછા આવી જતા. કામની મોહિની એવી અજબ છે. એણે મોટા મુનિવરોને પણ મહાત કર્યા છે. તો એની પાસે સંત તુલસીદાસનો શો હિસાબ ? અલબત્ત, એ વખતે તુલસીદાસ સંતશિરોમણી નહોતા બન્યા. એમની શક્તિઓ હજુ સુષુપ્ત દશામાં હતી. એ માત્ર વિદ્વાન કે પંડિત જ હતા.

એકવાર તુલસીદાસ કામ પ્રસંગે બહારગામ ગયેલા ત્યારે રત્નાવલીનો ભાઈ એને તેડવા આવ્યો, ને રત્નાવલી એની સાથે પોતાને પિયર જવા વિદાય થઈ. તુલસીદાસ કામકાજથી નિવૃત્ત થઈને ઘેર આવ્યા ત્યારે એમણે પોતાની પ્રાણપ્રિયા રત્નાવલીને ના જોઈ. બસ પછી તો કહેવું જ શું ? એ ભારે વિષાદમગ્ન બની ગયા. જે ઘર નંદનવન જેવું લાગતું હતું તે એમને માટે સ્મશાન સમું થઈ પડ્યું. એમાં રહેવાનું તો શું, શ્વાસ લેવાનું પણ એમને અકારું લાગ્યું. એ તો રત્નાવલીની પાછળ પાછળ એને ઘેર જવા ઊપડ્યા.

રત્નાવલી જમી-કરીને ઘરના સભ્યો સાથે વાર્તાલાપ કરતી બેઠી'તી ત્યાં તો તુલસીદાસે બારણું ખખડાવ્યું. રત્નાવલી તુલસીદાસને જોઈને બધું સમજી ગઈ. બીજાં બધાં પણ સમજી ગયાં. સૌએ યથાયોગ્ય સત્કાર કર્યો.

રાતે રત્નાવલી એકલી પડી ત્યારે એણે તુલસીદાસને પૂછ્યું, આજે જ મારી પાછળ આવવાનું કારણ ?

તુલસીદાસે ઉત્તરમાં કહ્યું, તારો મોહ, તારી સુંદરતા, તારી મધુરતા. તારા શરીરનો આસ્વાદ એવો અજબ છે કે હું એના વિના રહી જ નથી શકતો. તું જાણે છે

ધિક્કાર છે તમને, રત્નાવલીએ કહ્યું: મારા શરીરમાં એવું શું છે કે તમે પંડિત થઈને આટલા બધા મોહાયા છો ? આ શરીર હાડમાંસનું પૂતળું છે, ગંદકીનું ઘર છે. તેમાં રહેલા આત્માને લીધે જ એ આકર્ષક લાગે છે. એ આત્માને બદલે તમે શરીરમાં જ આસક્ત થયા છો તે ભારે દુઃખદ છે, ભારે શરમજનક. મારા શરીરની પ્રીતિ કરવાને બદલે એ પરમાત્મામાં તમે સો મા કે હજારમા ભાગની પણ પ્રીતિ કરી હોત, તો તમારું જીવન ધન્ય બની જાત. હજુ પણ જાગો, ને આ પંચમહાભૂતના શરીરના મોહનો પરિત્યાગ કરીને, પરમાત્મામાં પ્રીતિ કરો. ક્યાં ગઈ તમારી પંડિતાઈ ?'

બીજાને આ જાતનો ઉપદેશ આપનારા, અને ઉપદેશ સાંભળીને રીઢા થઈ ગયેલા, બધા જ કાંઈ એને જીવનમાં ઉતારે છે એવું થોડું છે ? પરંતુ તુલસીદાસના પૂર્વસંસ્કાર પ્રબળ હતા. વાલ્મિકી જેમ નારદના સદુપદેશથી જાગી ઊઠ્યા હતા, તેમ રત્નાવલીના શબ્દોથી એમનો અંતરાત્મા જાગી ઊઠ્યો. પ્રભાતનો પ્રકાશ થતાં જ એમણે રત્નાવલીને પ્રણામ કર્યા ને કહ્યું, 'હવે હું પરમાત્મામાં પ્રીતિ કરવા માટે વિદાય લઉં છું.'

સ્ત્રી તો આભી જ બની ગઈ. છતાં પ્રસન્ન થઈ. ઘરના માણસોનો આગ્રહ નકામો ગયો. તુલસીદાસ વાલ્મિકી રામાયણની પોથી લઈને નીકળી પડ્યા.

પછી તો ચિત્રકૂટમાં રહીને એમણે શ્રીરામનાં દર્શન કર્યાં ને શાંતિ મેળવી.

રત્નાવલીએ પણ ઘરમાં રહીને ઈશ્વરભક્તિમાં મન જોડી દીધું. તુલસીદાસની જેમ રત્નાવલીએ પણ દોહા ને પદ લખ્યાં છે. એ જાણવા જેવું છે.

ધન્ય નારી ! તેં આવા કેટકેટલા પુરૂષોને મહાપદ પર પ્રતિષ્ઠિત કર્યા ? એમનાં સ્મારક થાય છે. પરંતુ તારાં સ્મારક કોઈ કરશે ખરું ? તને અનુરાગની અંજલિ પણ ધરશે ? યાદ કરશે ?

* * * * *

# [૬૧] સિદ્ધબાબા સુંદરનાથજી

બદરીનાથના મંદિરની બરાબર સામે, તપ્તકુંડની સીધી દિશામાં અલકનંદા નદીની પેલી પાર, એક નાનકડી શિલા પર આજથી થોડાંક વરસ પહેલાં એક વિતરાગ, કૃતકામ, જીવનમુક્ત, મહાપુરૂષ બેસતા. તેમનું નામ સિદ્ધ બાબા સુંદરનાથજી. જમીનને અડે એવી લાંબી જટા, નાનકડી દાઢી, કાળુ મેશ જેવું છતાં દૈદીપ્યમાન શરીર અને તદ્દન નગ્ન વેશ, એ એમની વિશેષતા હતી. બદરીનાથની ભીષણ ઠંડીમાં એ એક પણ કપડું ન પહેરતાં, લંગોટ પણ નહિ. વરસાદની ઝડીઓ વરસતી હોય કે હિમવર્ષા થતી હોય તો પણ એક જ સ્થાને બેસી રહેતા. કોઈએ એમને ઊઠતા નથી જોયા, ચાલતા નથી જોયા, કે સૂતા નથી જોયા. બદરીનાથનું મંદિર ઊઘડે ત્યારે એ એજ શિલા પર અર્ધપદ્માસનમાં બેઠેલા દેખાતા, તે મંદિર બંધ થતાં લગી દિવસે કે રાતે ત્યાંથી ઊઠતા જ નહિ.

જાણે કે મંદિરની અંદરના નરનારાયણ ભગવાન પોતે જ એ સિદ્ધ યોગીનું સ્વરૂપ ધારણ કરીને ન બેઠા હોય ? કે પછી ભારતવર્ષની ભવ્ય યોગીપરંપરાના શ્રેષ્ઠ સ્મૃતિચિહ્ન સમા કોઈ પૂર્ણકામ એ અલૌકિક ધામમાં પ્રકટ ન થયા હોય ? કોઈ ધન્ય ક્ષણે એકાએક આંખ ઉઘાડતા. બાકી આંખ બંધ કરીને દિવસો સુધી ઊંડી સમાધિ દશામાં લીન થઈને બેસી રહેતા. લોકો એમના દર્શનથી ધન્ય થતા. જિજ્ઞાસુ ને ભાવિક જનો એમની ઝાંખી કરીને જીવનની કૃતાર્થતાનો અનુભવ કરતા ને હિમાલયના પાવન પ્રદેશની કષ્ટમય યાત્રાને સફળ સમજતા. કેટલાક સાધકો એમની સંનિધિમાં કલાકો લગી બેસી રહીને ધ્યાનધારણા જેવી અંતરંગ સાધનાનો પણ આધાર લેતા.

ખાવાપીવાની પરવા પણ એ મહાપુરૂષને ક્યાં હતી ? ભક્તો એમની આગળ ફળ, મીઠાઈ તથા ભોજનના ભાતભાતના પદાર્થો ધરતા, પરંતુ સુંદરનાથને એમની સામે જોવાની પણ ક્યાં ફુરસદ હતી ? એમની સામે એ દૃષ્ટિપાત પણ ન કરતા. બદરીનાથના પંડાઓ ને ભક્તો એને પ્રસાદ માનીને લઈ જતા. એમને રોજની ઉજાણી થતી. એટલા માટે તો ભક્તોનાં ટોળેટોળાં ત્યાં બેસી રહેતાં. કોઈ વાર સુંદરનાથજી એકાએક આંખ ઉઘાડતા ત્યારે ભક્તો આનંદમાં આવી જઈને ભોજન કરાવતા. એવે વખતે એ જેટલું અર્પણ કરવામાં આવે એટલું બધું જ ભોજન આરોગી જતા. અને પછી ઈચ્છાનુસાર આંખ મીંચી દેતા. કદી શૌચાદ પણ જતા નહિ. કોઈ કોઈ યાત્રીઓ ભીષણ ઠંડીમાં એમના શરીરની સુરક્ષા માટે એમને શાલ ઓઢાડતા. એ પણ પાછળથી પંડાઓ જ લઈ જતા, સુંદરનાથજી તો એને સ્પર્શ પણ ન કરતા.

### નિશ્ચલ અને સમાધિમગ્ન

એવા નિશ્ચલ ને સમાધિમગ્ન હતા એ યોગીશ્રેષ્ઠ મહાપુરૂષ. બ્રહ્માનંદના પરમ રસનું પાન કરીને પ્રશાંતિની પ્રતિમા બનીને બેઠેલા એ મહાયોગી બદરીનાથના અમુલખ આકર્ષણરૂપ હતા. લોકો એમની પાસે સાશંક દૃષ્ટિથી પણ આવતા, અને એમની અલૌકિક અવસ્થાને ન સમજી શકવાથી એમના સંબંધી જુદી જુદી વાતો પણ ફેલાવતા. તો પણ મોટા ભાગના લોકો તો એમને દેવતાતુલ્ય ને પૂજ્ય જ માનતા.

એકવાર નેપાલના રાજકુટુંબની એક સ્ત્રીએ બદરીનાથની યાત્રા દરમિયાન એમની મુલાકાત લીધી. એને એ મહાપુરૂષની કસોટી કરવાનું મન થયું. એથી એણે એમના સાથળ પર એક બળતું છાણું મૂકી દીધું. છાણું પોતાના કામ કરવા લાગ્યું. પરંતુ સુંદરનાથજી શાંત જ રહ્યા. થોડી વારમાં તો કેટલાક પંડાઓ ત્યાં ભેગા થઈ ગયા. એમણે શોરબકોર કરી મુક્યો, ને છાણું હઠાવી દીધું. સુંદરનાથની દશા જોઈને પેલી સ્ત્રી સમજી ગઈ કે સુંદરનાથજી એક અલૌકિક મહાપુરૂષ છે. એને પોતાના દુષ્કર્મને માટે અફસોસ થયો.

એટલી વારમાં તો સુંદરનાથજીએ આંખ ઉઘાડી. સ્ત્રીએ પગે પડીને માફી માગી. એના અંતરમાં પશ્ચાતાપનો અગ્નિ ભભૂકી ઊઠ્યો હતો, પરંતુ સુંદરનાથજી તો એવા જ નિર્વિકાર ને શાંત રહ્યા. નિમિષ માત્રમાં તો એમણે આંખ બંધ પણ કરી દીધી. પાછા સમાધિમાં ડૂબી ગયા.

સમાધિ પર સુંદરનાથજીનો સંપૂર્ણ કાબૂ હતો. કહો કે એમને માટે એ સહજ હતી. યોગની સિદ્ધિઓના એ સ્વામી બની ચૂક્યા હતા. એવા મહાપુરૂષ ધારે તો શું ન કરી શકે ? કોઈપણ પ્રકારની વિશેષ બાહ્ય પ્રવૃત્તિ વિના કેવળ સંકલ્પથી જ એ વ્યક્તિ તથા સમષ્ટિના જીવનક્રમમાં પરિવર્તન લાવી શકે, એક ઠેકાણે શાંતિપૂર્વક બેસીને કેટલેય ઠેકાણે ઈચ્છાનુસાર વિચરણ કે વ્યવહાર કરી શકે. એમની દૃષ્ટિ કરોડોને કાજે કલ્યાણકારક થાય. નરમાંથી નારાયણ બની ચૂકેલા એવા સમર્થ મહાપુરૂષના એક જ સંકેતથી કાયાપલટ થઈ જાય.

**એ ક્યાં ગયા ?**

બદરીનાથના ધામમાં સુંદરનાથજી પ્રતિવર્ષ દેખાતા. પરંતુ એક વરસ રાબેતા મુજબ જ્યારે મંદિર ઊઘડ્યું ત્યારે લોકોએ એમને જોયા જ નહિ. એ ક્યાં ગયા તેની કોઈને ખબર જ ન પડી. બદરીનાથની બહાર વસુધારા ને સ્વર્ગારોહણ સુધી તપાસ કરી, પરંતુ એ દેખાયા જ નહિ. છેવટે લોકોએ માન્યું કે એ ક્યાંક અદૃશ્ય થઈ ગયા છે.

જે જગ્યાએ એ બેસતા ત્યાં એમના અદૃશ્ય થયા પછી એક નાનું સરખું ઝાડ થઈ ગયું છે. બદરીનાથની ભૂમિમાં બીજે ક્યાંય ઝાડ નથી ત્યારે એ ઝાડની ઉપસ્થિતિ ભારે વિસ્મયકારક લાગે છે. કોઈક વાર બદરીનાથની યાત્રા કરો તો એ ઝાડનું દર્શન કરજો. પંડાઓ તમને સુંદરનાથજીની સ્મૃતિકથાઓ પણ કહી સંભળાવશે.

* * * * *

# [૬૨] રાજ્યલક્ષ્મી પર પ્રજાનો અધિકાર

તુલસીકૃત રામાયણમાં એક સુંદર પ્રસંગ છે.

ઉપર ઉપરથી જોનારને એની વિશેષતા કદાચ નહિ સમજાય. પરંતુ શાંતિપૂર્વક વિચારનારને એની અંદરનું હાર્દ સમજાયા વિના રહેશે નહિ.

એ પ્રસંગની અંદર અત્યંત ઉચ્ચ કોટિના સિદ્ધાંતનો સમાવેશ કરવામાં આવ્યો છે. એની ઝાંખી કરીને આપણને ખરેખર આનંદ થાય છે.

આ રહ્યો એ પ્રસંગ.

રામ અને રાવણની વચ્ચેનું ભીષણ યુદ્ધ, સમાપ્તિ પર પહોંચ્યું છે અને એમાં રાવણનો પરાજય થયો છે. પરાજય તો થયો જ છે, પરંતુ રાવણનું મરણ પણ થઈ ચૂક્યું છે. દશરથનંદન શ્રીરામે રાવણને રણમાં રોળી નાખ્યો છે. મંદોદરી કલ્પાંત કરી રહી છે. રાવણને એણે કેટલો બધો સમજાવેલો ? હનુમાને, અંગદે, વિભીષણે, સીતાએ અને કુંભકર્ણે પણ સમજાવેલો કે શ્રીરામ કોઈ સામાન્ય માનવી નથી. એમની સાથે વેર બાંધવામાં સાર નથી. રામની સાથે વેર બાંધવું એટલે પોતાના વિનાશની સાથે સાથે પોતાની સાથે સંકળાયેલાં સૌ કોઈના સર્વનાશને નોંતરવો. માટે જો સુખની, શાંતિની, સલામતીની, સંપત્તિના ઉપભોગની, ને શ્રેયની ઈચ્છા હોય તો જનકનંદિની સીતાને સન્માનપૂર્વક પાછી સોંપી દે અને શ્રીરામનો શરણાગત બનીને એમનાં શ્રીચરણોમાં મસ્તક મૂક, તો રામચંદ્રજી તારી બધી જ ભૂલોને ભૂલી જશે, તારા પર્વત કરતાં પણ મોટા દુર્ગુણો તથા દુષ્કૃત્યોને દરગુજર કરશે, અને તને આપનાવી લેશે.

પરંતુ રાવણ સમજાવ્યો સમજે ત્યારે ને ?

એણે કોઈનુંય કહેવું કાને ના ધર્યું. રામની સાથેનો વિરોધ વધાર્યે જ રાખ્યો. સીતાને પણ વિવિધ પ્રકારે પીડા પહોંચાડી. અને આખરે અહંકારનો જે અગ્નિ એણે પોતાના અંતરમાં પ્રજ્વલિત કરેલો, એ અગ્નિમાં એ સ્વાહા થઈ ગયો. એની એક કણિકા પણ હાથ ના લાગી.

મંદોદરી હવે કલ્પાંત કરે એથી શું વળે ? રાવણને પહેલેથી જ જો સદ્‌બુદ્ધિ સૂઝી હોત તો આવા અમંગલ ભાવિને ટાળી શકાયું હોત. હવે તો કોઈ ઉપાય જ ન રહ્યો.

શ્રીરામે લક્ષ્મણને કહીને વિભીષણને લંકાનો સ્વામી બનાવ્યો. એ રીતે એમણે પોતાની પ્રતિજ્ઞા પાળી બતાવી.

લંકાનું રાજ્ય પ્રાપ્ત થવાથી થયેલા અનહદ આનંદ તથા ઊંડી કૃતજ્ઞતાને વ્યક્ત કરવા માટે, વિભિષણે શ્રીરામને કહ્યું, 'પ્રભુ ! હવે તો તમારા અનુગ્રહથી હું સર્વસત્તાધીશ બની ગયો છું. લંકાની રાજ્યધૂરા મારા હાથમાં આવી છે. રાવણનો સર્વનાશ થયો છે. આ અમુલખ અવસરના ઉત્સવરૂપે તમે લંકામાં પધારો, ને જેટલી જોઈએ તેટલી સંપત્તિ લઈ લો. લંકાનો રાજ્યખજાનો હવે મારો એટલે કે તમારો જ છે. એ ખજાનો એટલો બધો વિશાળ છે કે વાત નહિ. એમાં ભાતભાતના હીરા, માણેક, મોતી, સુવર્ણ અને બીજા મૂલ્યવાન પદાર્થોનો સમાવેશ થાય છે. એ પદાર્થો તમારે જ માટે છે.

શ્રીરામે વિભીષણ પ્રત્યે પ્રેમપૂર્વક દૃષ્ટિપાત કરીને પ્રત્યુત્તર આપ્યો : 'વિભીષણ ! લંકાનું સામ્રાજ્ય તને મળ્યું છે એ સાચું છે. પરંતુ લંકાની સંપત્તિ તારી નથી. એના પર તારો નહિ પરંતુ પ્રજાનો અધિકાર છે. પ્રજાના હિત માટે એનો ઉપયોગ કરવાનો છે. માટે એની લૂંટ ના થઈ શકે. એનો દુરૂપયોગ પણ ન કરી શકાય. તારી બહુ ઈચ્છા હોય તો, થોડાં વસ્ત્રો ને થોડું ધન લઈને આપણા સૈન્યમંડળમાં વહેંચી દે. બાકી મારે તો એ સંપત્તિ ભંડારમાંથી કશું ય જોઈતું નથી. ના, એક કોડી કે ફૂટી બદામ પણ નહિ. હું એને સ્પર્શ પણ નહીં કરું. મારે માટે એ પરધન છે. એ મને નહીં લલચાવી શકે.'

વિભીષણે કેટલાય અનુનય વિનય કર્યા, પરંતુ બધાય વ્યર્થ. શ્રીરામ પોતાની નિષ્ઠામાંથી ના ડગ્યા. ડગે તો તે રામ શાના ?

છેવટે વિભીષણે થોડાંક મૂલ્યવાન વસ્ત્રો ને ઘરેણાં વિમાનમાં ભરીને વાનરસેના પર વરસાવ્યાં અને એવી રીતે આત્મસંતોષનો અનુભવ કર્યો.

રામાયણ અને એના રચયિતા તુલસીદાસ આ પ્રસંગના સંદર્ભમાં એ મહાન સિદ્ધાંતને સમજાવવા માગે છે કે રાજ્યની લક્ષ્મી પર રાજાનો અધિકાર નથી; પરંતુ પ્રજાનો અધિકાર છે. રાજકર્તા કે શાસક તો તેનો સંરક્ષક માત્ર છે. તેણે તેનો સદુપયોગ કરવાનો છે. એ લક્ષ્મી કે સંપત્તિ એના અંગત સુખોપભોગ કે પ્રમોદને માટે નથી. એને વેડફી નાખવાનો કે લૂંટવાનો હક્ક એને કદી પણ, અને કોઈયે કારણે પ્રાપ્ત નથી થતો. ઈતિહાસમાં શત્રુને જીત્યા પછી કે પહેલાં, એની રાજ્યલક્ષ્મીને લૂંટ્યાના બનાવો ઘણા બન્યા છે, પરંતુ લોકહિતૈષી રામ એવું ના કરી શકે. રામ જ શું કામ ? લોકહિતૈષી કોઈપણ રાજા કે નેતા એવું વિચારી શકે જ કેવી રીતે ?

લોકશાહીના આ જમાનામાં, અને આટલાં બધાં વરસો પછી પણ આ વાત કેટલી બધી સાચી છે ? કેટલી બધી સારગર્ભિત છે ?

* * * * *

# [૬૩] વિવેકાનંદની વીરતા

જેનામાં નિર્ભયતા છે, પ્રેમ છે, પવિત્રતા છે, ને નિઃસ્વાર્થતા છે, તેને ડરાવી કે ડગાવી શકે એવી એકપણ શક્તિ આ સંસારમાં નથી. એ ઉત્તમ ગુણો વડે વિભૂષિત થયેલો એક જ આત્મા, સમસ્ત બ્રહ્માંડને પણ ડોલાવી શકે છે. માટે પવિત્ર બનો, સેવાભાવી થાવ, અને બહાદુર બનો. અને પછી જુઓ કે જગત તમારાં ચરણોમાં ઝૂકે છે કે નહિ. તમારા વેદો અને તમારા ઉપનિષદો પણ પોકારી પોકારીને કહે છે કે, मा भी અર્થાત ભય ના રાખશો. નિર્ભય બનીને આ સંસારમાં વિચરણ કરજો. પરંતુ નિર્ભય બનવું એ કાંઈ રમતવાત છે કે ? ડરપોક કદી નિર્ભય બની શકે છે ? નિર્ભય બનવા માટે બલ જોઈએ, આત્મબલ જોઈએ, અને એટલા માટે જ જે શાસ્ત્રો ભય ના રાખવાનો ઉપદેશ આપે છે, તે જ શાસ્ત્રો બળવાન બનવાની પણ ભલામણ કરે છે. बलं उपास्व બળની ઉપાસના કરો, અથવા તો બધી જાતની નબળાઈઓને ખંખેરી કાઢીને આત્મબળની મૂર્તિ બનો.

એ શબ્દોનો ઉદ્‌ઘોષ કરનાર વેદાંતકેસરી વીર વિવેકાનંદ પહેલેથી જ એ ઉપદેશની મૂર્તિરૂપ હતા. લગભગ છ વરસ સુધી એમણે દેશમાં એક અજ્ઞાત પ્રવાસી તરીકે પરિભ્રમણ કર્યું. એ વખતનો એક પ્રસંગ એમની અંદર રહેલા એ ગુણોને પ્રકટ કરવા માટે પૂરતો થશે.

એ વખતે વિવેકાનંદ રેલવેમાં મુસાફરી કરી રહ્યા હતા. ડબામાં એમની સાથે બીજા ત્રણ અંગ્રેજ યુવાનો બેઠા હતા. વિવેકાનંદને જોઈને એ યુવાનો હસતા ને મશ્કરી કરતા હતા. વિવેકાનંદ એમની ભાષાને સમજતા. છતાં પણ જાણે કે ન સમજતા હોય તેમ, કોઈ પણ પ્રકારનો ઉત્તર આપ્યા વિના, શાંતિથી બેસી રહેલા. વિવેકાનંદના ભગવાં વસ્ત્રો અને એમના ઊતરી ગયેલા વદનને જોઈને ઠઠ્ઠામશ્કરી કરનારા એ અંગ્રેજોને જોઈને સ્વામીજીને કાંઈનું કાંઈ થઈ ગયું. અંગ્રેજીમાં ઉત્તર આપવાનું એમને માટે મુશ્કેલ ન હતું. છતાં પણ એ ઉત્તર નહોતા આપતા. પેલા અંગ્રેજ યુવાનોને એમ હતું કે સ્વામીજી અંગ્રેજી નથી જાણતા. એટલે એ વિવેકાનંદની ને ભારતની આધ્યાત્મિકતાની ઠેકડી ઉડાવ્યે જતા'તા.

રેલવે આગળ ને આગળ દોડ્યે જતી હતી.

એમ કરતાં કોઈક સ્ટેશન આવી પહોંચ્યું.

ટ્રેન ઊભી રહી એટલે વિવેકાનંદે સ્ટેશન માસ્ટર પાસે પાણી માગ્યું.

સ્ટેશન માસ્ટરે પાણી આપ્યું. વિવેકાનંદે પાણી પીધું અને ટ્રેન ફરી ઉપડી.

પરંતુ વિવેકાનંદની સ્ટેશન માસ્ટર સાથેની વાતચીત સાંભળીને, પેલા અંગ્રેજ યુવાનોને થયું કે સ્વામીજી તો અંગ્રેજી જાણે છે.

બસ. પછી તો કહેવું જ શું ?

એમને ભારે દિલગીરી થઈ.

છેવટે એમણે કહેવા માંડ્યું : સ્વામીજી ! અમે તમારી આટલી બધી મશ્કરી કરી તે છતાં પણ તમે કેમ કશું ન બોલ્યા ? અને મૂંગા રહ્યા ?

વિવેકાનંદ હવે બોલી ઊઠ્યા : 'છોકરાઓ ! તમારા જેવા મૂર્ખશિરોમણીઓને મળવાનો અવસર મારા જીવનમાં આ કાંઈ પહેલો નથી. એટલે હું તમારા જેવાથી ટેવાઈ ગયો છું. પછી શું બોલું ?'

પેલા અંગ્રેજો તો ધૂંઆપૂંઆ થઈ ગયા. વિવેકાનંદને મારવાને માટે તૈયાર થયા.

પરંતુ વિવેકાનંદ પણ ક્યાં પાછા પડે એવા હતા ?

ઝબ્બાની બાંયને ઊંચી ચડાવીને એ પણ સામનો કરવા માટે તૈયાર થયા. અને પછી તો શું ? એમનું માંસલ, તેજોમય શરીર જોઈને, પેલા યુવાનો સામનો કરવાનો વિચાર માંડી વાળીને, પોતપોતાની સીટ પર બેસી ગયા.

નિર્ભયતા અને બળનો વિજય થયો. પશુબળનો નહિ, પરંતુ આત્મબળનો.

આગળના સ્ટેશને વિવેકાનંદ ઊતરી પડ્યા.

એ જ મહાપુરૂષે પોતાની પ્રતાપી વાણીમાં આગળ પર કહેલું : ઊઠો. કમર કસો. અને બધી પ્રકારની નિર્વીર્યતાને ફગાવી દઈને આત્મોન્નતિના માર્ગમાં આગળ વધો. તમારી ઉન્નતિના માર્ગમાં આવતા મહંતો, ભટ્ટાચોર સાધુઓ, અને વહેમો તથા કુરિવાજોને ઊખેડી ફેંકી દો.

એવા મહાપુરૂષના મુખમાંથી જ એવી વાણી નીકળી શકે અને લોકોના પર અસર પણ તે જ કરી શકે. નિર્ભયતા ને પવિત્રતા એ વિવેકાનંદનો જીવનમંત્ર હતો. આજે એ મંત્રની જરૂર છે. પહેલા કરતાં જરાય ઓછી નહિ, પરંતુ વધારે પ્રમાણમાં.

* * * * *

# [૬૪] સમર્થ યોગી હરિદાસજી

પંજાબમાં એ વખત રાજા રણજીતસિંહ રાજ્ય કરતા. એ વખતની વાત છે.

મહાન સંત અને સમર્થ યોગી હરિદાસ, રણજીતસિંહના ખાસ અનુનય-વિનયથી એમના દરબારમાં આવ્યા હતા. દરબારના સભ્યો તથા રાજા એ મહાન યોગીને પ્રસન્ન નેત્રે નિહાળી રહ્યા હતા.

રણજીતસિંહે કહ્યું : 'મેં સાંભળ્યું છે કે તમે એક મહાન યોગી છો. તમારી પ્રશસ્તિ મેં કેટલીય વાર સાંભળી છે. તમે દિવસો સુધી સમાધિમાં રહી શકો છો તેવું પણ જાણ્યું છે. માટે જ મેં તમને બોલાવ્યા છે. સમાધિનું દર્શન કરાવીને મને કૃતાર્થ કરો એ મારી અભિલાષા છે. સમાધિના પ્રયોગને માટે જેવી કહો તેવી વ્યવસ્થા કરી દઉં.'

હરિદાસે કહ્યું : 'રાજા ! યોગની સાધના, પ્રક્રિયા કે સમાધિનાં કાંઈ પ્રદર્શન ન હોય. એ કાંઈ જાદુગરીનો ખેલ કે તમાશો નથી, કે ચૌટે અને ચોરે, જ્યાં કહેવામાં આવે ત્યાં એનું પ્રદર્શન કરવાનું હોય. એ તો યોગીની પોતાની વસ્તુ છે અને આત્મકલ્યાણને માટે જ એનો વિનિયોગ કરવાનો છે. છતાં પણ, તમે રાજા છો ને ધર્મપ્રેમી તથા સંતોના સેવક છો એટલે તમારા સંતોષને ખાતર, તમારો આગ્રહ હશે તો, હું સમાધિનો પ્રયોગ જરૂર બતાવીશ.'

પછી તો યોગી હરિદાસના કહ્યા પ્રમાણે રાજા રણજીતસિંહે બધી તૈયારી કરી. રાજમહેલના વિશાળ ઉપવનમાં જ એક ઊંડો ખાડો ખોદાવ્યો. અને એના અંદરની બેઠકને પાકી કરાવી. યોગીના કહ્યા પ્રમાણે એક પેટી પણ કરાવી.

વિશાળ લોકમેદનીની વચ્ચે, એક નક્કી કરેલા દિવસે, હરિદાસે એ પેટીમાં સમાધિ લીધી. એ પેટીને બંધ કરવામાં આવી. અને પછી એને ઉપવનના પેલા ખાડામાં મુકાવી, રણજીતસિંહે ખાડો પુરાવી દીધો. ઉપર માટી બીછાવી દીધી.

પહેરેગીરોને ત્યાં રાતદિવસ ચોકીપહેરો કરવા માટે મૂકી દીધા. પહેરેગીરોએ એ જગ્યાની ચોકી કરી. હરિદાસે બરાબર ૪૦ દિવસે ખાડો ખોદવાની ને પેટી ઉઘાડવાની આજ્ઞા કરી હતી. તે પ્રમાણે એમના શિષ્યોની હાજરીમાં રાજાએ ખાડો સાફ કરાવીને પેટી ઉઘડાવી, તો બધાના આશ્ચર્યની વચ્ચે, હરિદાસ એમાં બેઠા હતા. શિષ્યોએ એમના પગ તથા મસ્તક પર ગાયનું ઘી ઘસ્યું, અને એમના કાનમાં ભગવાનના નામનો ધ્વનિ કર્યો, એટલે હરિદાસે ધીમેથી આંખ ઉઘાડી.

રાજા રણજીતસિંહ તથા બધા દર્શકોને આનંદ થયો. બધા બોલી કે પોકારી ઊઠ્યા : મહાત્મા હરિદાસની જે ! યોગી હરિદાસની જે !

પછી તો રાજા રણજીતસિંહે દરબાર ભર્યો, ને યોગી હરિદાસનું સન્માન કર્યું.

હરિદાસની યોગવિદ્યાથી સૌ પ્રભાવિત થયા હતા.

રાજાએ હરિદાસને કહ્યું : 'હું તમારી શી સેવા કરું ?'

હરિદાસે ઉત્તર આપ્યો : પ્રેમ એ જ સેવા છે. અમારે યોગીઓને બીજું શું જોઈએ. ઈશ્વર મને બધું આપે છે. મે કાંઈ લેવા માટે આ પ્રયોગ નથી કર્યો.

તો પણ મારે કોઈ ભેટ તો આપવી જોઈએ ને ?

કશું જ આપવાની જરૂર નથી. ભારતવર્ષની સાધના કે યોગક્રિયામાં તમારી શ્રદ્ધા થઈ એટલે થયું. એથી વિશેષ મારે કાંઈ જ જોઈતું નથી.

પરંતુ રાજા એમ માને ખરા કે ? અતિશય આગ્રહ કરીને હરિદાસને એમણે એક કાશ્મીરી શાલ ભેટ આપી ને કહ્યું : રાજમહેલમાં રહીને હવે જ્યાં લગી જીવો ત્યાં લગી, મારું આતિથ્ય સ્વીકારો.

હરિદાસે હસીને કહ્યું : યોગી કાયમને માટે ઈશ્વરની દુનિયાનાં વિશાળ રાજમહેલમાં જ રહેતો હોય છે. બીજા રાજમહેલની એને જરૂર નથી.

અને એ ચાલી નીકળ્યા

રસ્તામાં કોઈ ઠંડીથી થરથરતો દીન માણસ મળ્યો. એને એમણે એ શાલ આપી દીધી.

હરિદાસની એ અદ્‌ભૂત યોગવિદ્યાનો એ અદ્‌ભૂત પ્રયોગ, રાજા રણજીતસિંહના વખતના એક અંગ્રેજ અમલદારે પોતાની નજરે નિહાળ્યો હતો. અને ભારે તાજ્જુબ થઈને તેણે એ પ્રસંગને લિપિબદ્ધ પણ કરેલો. ભારતની ભૂતકાલિન યોગસાધનાના ગૌરવસમો એ પ્રસંગ સંશોધકોએ થોડાં વરસો પહેલાં જ બહાર પાડેલો. આજે પણ એ પ્રસંગની સ્મૃતિથી આપણને આનંદ થાય છે. ભારતમાં હરિદાસ જેવા મહાન યોગીઓ વસતા હતા. હરિદાસ જાણીતા થયા. બાકી કાળના વિશાળ પ્રવાહમાં એવા તો કેટલાય સમર્થ અને અજ્ઞાત યોગીપુરૂષો આ દેશમાં પ્રગટ થયા ને મરી ગયા, તે કોણ કહી શકે ? એનો હિસાબ એક કાળદેવતા વિના બીજા કોણે રાખ્યો છે ? ભારતવર્ષ મહાન છે અથવા અમર છે, તે એવા યોગીપુરૂષોને લીધે જ. એમણે જ ભારતની સાધના અને સંસ્કૃતિનું રક્ષણ કર્યું છે. એમને પગલે ચાલીને દેશનાં ગૌરવને આપણે અક્ષય રાખી શકીએ, અને એના સાંસ્કૃતિક ધનમાં ઉમેરો કરી શકીએ, તો પણ ઘણું. એને કલંકિત તો ન જ કરીએ.

* * * * *

# [૬૫] પ્રેમ અને કર્તવ્ય સાથે રહેવાં જોઈએ

મહાકવિ કાલીદાસના સુપ્રસિદ્ધ નાટક અભિજ્ઞાન શાકુંતલમને કોણ નથી જાણતું ? ભારતમાં અને ભારતની બહાર એની કીર્તિપતાકા ફેલાયેલી છે. કાલીદાસની એ કૃતિ વિશ્વસાહિત્યની એક અમર કૃતિ છે. ભારતના પૌરાણિક ઈતિહાસમાં નાનકડા બીજરૂપે રહેલી વાર્તાને કવિએ પોતાની એ કૃતિમાં વિશાળ અને સુંદર વૃક્ષના રૂપમાં રજૂ કરી છે. વરસો થયા છતાં એ વૃક્ષ હજુ એવું ને એવું જ લીલુંછમ અથવા તાજું છે. કાલીદાસની પ્રતિભા એમાં પરિપૂર્ણ પણે પ્રકાશી ઊઠી છે.

આવો, એ પ્રતિભાના આસ્વાદનો થોડોઘણો આનંદ લઈએ. જેવી રીતે વિશાળ સાગરના એક સાધારણ ભાગનો સ્પર્શ કરવાથી પણ પંખીને સમસ્ત સાગરમાં સ્નાન કરવા જેટલો આનંદ મળે છે, પુષ્પની પરિમલ ભરેલી એકાદ પાંખડીને સૂંઘવાથી પણ આખાય પુષ્પને સૂંઘવા જેટલો સંતોષ પ્રાપ્ત થાય છે અને મધના ભંડારમાં રહેલી મીઠાશ મધનાં બેચાર બિંદુ પણ પૂરી પાડે છે, તેવી રીતે એનો થોડોઘણો આસ્વાદ પણ આપણને આનંદ આપશે, રસ પૂરો પાડશે અને એક જાતના સ્વર્ગીય સંતોષથી ભરી દેશે.

ચાલો ત્યારે, કણ્વ મુનિના આશ્રમમાં શકુંતલા પોતાની સખીઓની સાથે બેઠી છે ત્યાં કલ્પનાની કદી ના કરમાનારી પાંખ પર બેસીને પહોંચી જઈએ, એ પવિત્ર ભૂમિની મુલાકાત લઈએ.

દુષ્યંતની વિદાય પછી શકુંતલા મંત્રમુગ્ધ જેવી બની ગઈ છે. દિવસ ને રાત એ દુષ્યંતને જ યાદ કર્યા કરે છે. દુષ્યંત સિવાય એની દુનિયામાં જાણે કોઈ રહ્યું જ નથી. આશ્રમનાં કાર્યોમાં એ જરૂરી ધ્યાન નથી આપી શકતી. તન એનું આશ્રમમાં, પણ મન દુષ્યંતની સાથે છે, દુષ્યંતની આજુબાજુ જ ભમ્યા કરે છે. ઘડીમાં એ દુષ્યંતની સ્મૃતિ પરથી એનું ચિત્ર દોરે છે તો ઘડીમાં દુષ્યંત સંબંધી પ્રલાપો કરે છે. એનું હૃદય સંપૂર્ણપણે હરાઈ ગયું છે. પ્રેમના બાણથી આરપાર વિંધાયેલી હરણીના જેવી એની દશા છે.

એ દશામાં એ શૂન્યમનસ્ક સમી બનીને બેઠી છે. ત્યાં આશ્રમમાં એકાએક દુર્વાસા મુનિનું આગમન થયું. દુર્વાસા મુનિને તો જાણો છો ને ? ભારતના મહાન યોગી ને તપસ્વી. મોટામોટા રાજાઓ ને ઋષિઓ પણ એમને માન આપે. એમનું દર્શન દેવોને પણ દુર્લભ કહેવાય. પુણ્યોનો પરિપાક થયો હોય, સૌભાગ્યનો સુરજ ઊગ્યો હોય, તો જ એમનું દર્શન પામી શકાય.

શકુંતલા કણ્વ ઋષિની માનીતી હતી. કણ્વ ઋષિ આશ્રમની બહાર ગયા ત્યારે એને અતિથિસત્કારનો ભાર તથા બીજી કેટલીક પ્રવૃત્તિઓ સોંપી ગયેલા. એટલે અને આશ્રમની એક સામાન્ય કે અસામાન્ય સદસ્યા તરીકે પણ, દુર્વાસા મુનિનો સત્કાર કરવાની એની ફરજ હતી. પરંતુ દુષ્યંતના ધ્યાનમાં લીન હોવાથી એ ફરજ એ ચૂકી. દુર્વાસાનો સત્કાર કરવાની વાત તો બાજુએ રહી, પરંતુ દુર્વાસા જોઈને એ સવિનય ઊભી પણ ન થઈ. કેટલું બધું ખરાબ કહેવાય ?

દુર્વાસાને થયું કે આ છોકરી ભવિષ્યમાં દુષ્યંતના મહેલમાં મહારાણી થઈને રહેવાનાં સ્વપ્નાં સેવે છે, પણ શિષ્ટાચારને ભૂલી ગઈ છે. સંતોના સત્કારના ધર્મથી વંચિત થઈને દુષ્યંતના ધ્યાનમાં એ ગળાબૂડ ડૂબેલી છે. તો દુષ્યંતના મહેલમાં ગયા પછી તો એ કેટલી બધી પ્રમાદી બનશે ? ધર્મ ને નીતિની મર્યાદાને કેવી રીતે પાળશે ? આ છોકરીની આંખ ઉઘાડવી જોઈએ અથવા એને પાઠ શીખવવો જોઈએ.

એવો વિચાર કરીને દુર્વાસાએ તરત જ એને શાપ આપ્યો.

विचिंतचंती यमनन्यमानसा, तपोधन वेत्सि ने मामुपस्थितम ! ।

स्मरिष्यसित्वां न संबोधितोऽपिसन कथां प्रमतै प्रथमकृतामिव. ।

'હે શકુંતલા ! હું આશ્રમમાં આવીને ઊભો રહ્યો છું છતાં તું મારો સત્કાર કરતી નથી, ને બીજાનું અતિશય પ્રેમમાં ડૂબીને ચિંતન કર્યા કરે છે. તેથી હું તને શાપ આપું છું કે જેવી રીતે ગાંડો માણસ પહેલાં કહેલી વાતને ભૂલી જાય, તેવી રીતે તું તેને યાદ કરતી રહીશ તો પણ તે તને ભૂલી જશે.'

શાપ સાંભળીને શકુંતલાના હૈયામાં હાહાકાર થઈ રહ્યો. દુર્વાસાનો શાપ મિથ્યા થાય નહીં. હવે શું કરવું ? દુર્વાસાને પ્રસન્ન કરવાનો એણે પ્રયાસ કર્યો. પરિણામે થોડી છૂટછાટ મળી. પરંતુ શાપ રહ્યો તો ખરો જ.

કાલીદાસે આ પ્રસંગ દ્વારા સંદેશ આપ્યો છે, બતાવ્યું છે કે પ્રેમ અને કર્તવ્ય બંને સાથે સાથે રહેવા જોઈએ. પ્રેમ અથવા તો રાગ અને આસક્તિને નામે જરૂરી ધર્મ, વ્યવહાર કે ફરજ પ્રત્યે આંખમીંચામણા કરવાનાં ના હોય. બંનેનું જીવનમાં પોતપોતાનું અનિવાર્ય સ્થાન છે, એ સમજી લેવું જોઈએ. બીજા સામાન્ય જનો નહીં સમજે તો ચાલશે, પરંતુ જેમના હાથમાં શ્રી કે સત્તા આવવાની છે, અથવા તો છે, તેમણે તો તે સમજી લેવું જ પડશે. તો જ જીવન ઉન્નત બની શકશે. પ્રેમ આશીર્વાદરૂપ છે, પરંતુ કર્તવ્યથી વિમુખ કરે એવો અંધ કે જડ નથી. એ વાત હૃદયમાં લખી રાખવાની જરૂર છે. ભારતીય સંસ્કૃતિ અને એના સૂત્રધારોની આ શિક્ષા છે.

* * * * *

## [૬૬] રામચંદ્રજી ભગવાન શા માટે ?

ગયા વરસની રામનવમીની વાત છે. મારી મુલાકાતે એક જિજ્ઞાસુ અમેરિકન ભાઈ આવ્યા. તેમણે મને પ્રશ્ન કર્યો, રામચંદ્રજીને ભગવાન શા માટે કહે છે ? સાહિત્યનો શોખ હોવાથી હું તુલસીદાસનું રામાયણ વાંચું છું. તુલસીદાસ એમને ભગવાન કહે છે પરંતુ તુલસીદાસનું રામને ઈશ્વર માનવાનું એ વિધાન મારે ગળે નથી ઊતરતું.

મે કહ્યું : તમારે ગળે ન ઊતરતું હોય તો તુલસીદાસ તમને ક્યાં કોઈ જાતની બળજબરી કરે છે ? પોતાની ભાવના કે માન્યતાને માટેનો દુરાગ્રહ એ નથી રાખતા. તમને ઠીક લાગે તો એનો સ્વીકાર કરો. નહીં તો કાંઈ નહીં. એ તો પ્રેમથી પ્રેરાઈને, તટસ્થતાપૂર્વક, પોતાના અનુરાગપૂર્ણ અંતરને એ રીતે અભિવ્યક્ત કરી રહ્યા છે એટલું જ.

એ તો બરાબર છે. એમણે કહ્યું, પરંતુ તુલસીદાસના અંતરમાં એટલો બધો અપાર અનુરાગ કેમ ઉત્પન્ન થયો, અને રામને એ ઈશ્વર માનવા માટે કેમ પ્રેરાયા ?

એ તે કાંઈ પ્રશ્ન છે ? મેં કહ્યું, એ તો મહાત્મા તુલસીદાસની અંગત કે વ્યક્તિગત વાત છે. એ માન્યતાના મૂળમાં એક સાચા ને પ્રમાણિક ભક્ત તરીકેનો એમનો અનુભવ હશે. અને એમના ભક્તિભાવથી ભરેલા સૂક્ષ્મ હૃદયની સંવેદના હશે. એ સ્વાનુભૂતિ અને સંવેદનાના છાંટા રામાયણમાં ઠેરઠેર પડેલા છે. અથવા કહો કે તુલસીદાસે એ છાંટા પાડેલા છે. એ છાંટા એમનાં અંતરનું આછુંપાતળું દિગ્દર્શન કરાવી જાય છે.''

કેવી રીતે ?

તમે જો રામાયણ પર બરાબર દૃષ્ટિ ફેરવશો, તો આ વાતને સહેલાઈથી સમજી શકશો. અયોધ્યાકાંડનો જ વિચાર કરો. રાજા દશરથ રામનો રાજ્યાભિષેક કરવા કૃતનિશ્ચય થયા છે. મુનિ વશિષ્ઠ સાથે પરામર્શ કરીને એ માટેની જરૂરી તૈયારી કરવાની પણ આજ્ઞા કરે છે. રામને એ વાતની ખબર પડે છે. રાજ્યાભિષેકના સમાચારથી કોને આનંદ ન થાય ? છતાં પણ રામચંદ્રજીના વદન પર એવી જ શાંતિ છે, સ્વસ્થતા કે સૌમ્યતા છે. કોઈ વિશેષ ઉલ્લાસ કે અહંભાવ નથી. કોઈ સામાન્ય માણસને માટે આ શક્ય છે ખરૂં ? એ તો સમૃદ્ધિ કે સમુન્નતિના સમાચાર સાંભળીને જ છકી જાય. આનંદમગ્ન તો બને જ. રામચંદ્રજી સ્વસ્થ રહ્યા, કેમ કે એ સમજતા હતા કે શરીર ધારણ કર્યું એટલે સંપત્તિ ને વિપત્તિ તથા સુખ ને દુઃખ તો આવવાનાં જ. એ તો બધી દૈવની કે પ્રકૃતિની લીલા છે. એનો વળી હર્ષશોક શું ? અને બીજા જ દિવસનો વિચાર કરો. બધો પ્રસંગ જ પલટાઈ ગયો.

કૈકેયીએ રામને વનમાં જવાની આજ્ઞા કરી. ત્યારે પણ શું થયું ? કોઈ સાધારણ માણસ હોત તો રડત, કલ્પાંત કરત, ગાળો દેત અને વનમાં પણ ન જાત. પરંતુ રામ કાંઈ સાધારણ ન હતા. સંપત્તિ ને વિપત્તિને સમાન માનનાર એ મહાપુરૂષે કૈકેયીને ઠપકો પણ ન આપ્યો, કે કટુ વચન પણ ન કહ્યું. એ વખતે પણ એ એવા જ સ્વસ્થ ને શાંત રહ્યા. તમે એવા સ્વસ્થ ને શાંત રહી શકશો ? વનમાં રહ્યા તે વખતે અને વનવાસ પૂરો થયા પછી એમનો રાજ્યાભિષેક થયો તે વખતે પણ એ એવા જ એકરસ ને શાંત રહ્યા. કોઈ

દૃશ્ય, પ્રસંગ, પરિસ્થિતિ, અભિનય, કે વાતાવરણમાં રંગાયા કે ભાન ભૂલ્યા નહીં પરંતુ દરેક વખતે અનાસક્ત અથવા અલિપ્ત રહ્યા. માટે જ તુલસીદાસને થયું કે આમને માનવ કેમ કહી શકાય ? માનવમાં આવી યોગ્યતા ભાગ્યે જ હોય. તે તો પ્રકૃતિનો દાસ કે સંજોગોનો શિકાર બને છે. અલિપ્ત રહીને અભિનય કરવાની કળા તેને હસ્તગત નથી જ, તો પછી રામને દેવ કહેવા ? દેવતામાં પણ આવી શાંતિ, સ્વસ્થતા, જિતેન્દ્રિયતા, ને ભોગો પ્રત્યેની વિરક્તિ ક્યાં હોય છે ? તે તો ભોગમાં ફસાયલા હોય છે. રામની સરખામણી તેમની સાથે પણ ના થઈ શકે.

તો પછી કોની સાથે થઈ શકે ?

તુલસીદાસને થયું કે આવી લોકોત્તર યોગ્યતા કે ગુણવત્તા તો માત્ર ઈશ્વરમાં જ હોઈ શકે. એકાદ અવતારી પુરૂષમાં જ હોઈ શકે. એટલે રામને ઈશ્વર કહીને એમણે સંતોષ વાળ્યો. પોતાની સ્વાનુભવપૂર્ણ લાગણીને એમણે એવી રીતે વાચા આપી. એ લાગણીને વ્યક્ત કરતો શ્લોક પણ એમણે લખી કાઢ્યો અને એવા તો બીજા કેટલાય શ્લોકો, કેટલીય આરતિ, સ્તુતિ, ને પ્રાર્થનાઓ લખી કાઢી. પોતાને જે સમજાયું તે એમણે સંસાર સમક્ષ રજૂ કર્યું. એમાં તમને, મને કે કોઈને શી આપત્તિ હોઈ શકે ?

આ રહ્યો એમનો એ અમર શ્લોક.

प्रसन्नतायां न गताभिषेकतः तथा न मम्लौं वनवास दुःखत ।
मुखांबुजश्री रघुनंदस्य मे, सदास्तु सा मंजुलमंगलप्रदा ॥

અભિષેકથી જેના પર પ્રસન્નતા નથી પ્રકટી ને વનવાસનાં દુઃખોથી જે કરમાઈ નથી તે શ્રી રામચંદ્રજીનાં વદનકમળની શોભા મારે માટે કાયમ કાજે કલ્યાણકારક હો !

મારી વાત સમજ્યા કે ન સમજ્યા ?

પેલા અમેરિકન ભાઈએ ઉત્તર આપ્યો, ના કેમ સમજુ ? આટલી બધી વિશદ રીતે સમજાવ્યું તો પણ ન સમજું તે બને જ કેમ ? હવે મને તુલસીદાસે રામને ઈશ્વર કેમ કહ્યા છે તે સમજાયું. તુલસીદાસની જ નહીં પરંતુ સારાયે દેશની, ભારતવર્ષની, ભાવના સમજાઈ ગઈ.

બસ ત્યારે.

એ પ્રેમપૂર્વક થોડી વાતચીત કરીને વિદાય થયા.

* * * * *

## [૬૭] શઠ બળની જ ભાષા સમજે છે.

તુલસીકૃત રામાયણના સુંદરકાંડમાં એક પ્રસંગ આવે છે. પ્રસંગ નાનો છે, પરંતુ મર્મની દૃષ્ટિએ મોટો છે એટલે એને રજૂ કરીએ છીએ. આજના સંજોગોમાં અને બીજા બધા જ સંજોગોમાં એ પ્રસંગ ઘણો ઉપયોગી થાય એવો છે.

વિભીષણ રામચંદ્રજીનો શરણાગત બન્યો, અને રામચંદ્રજીએ પ્રસન્નતાના પારાવારમાં વિભીષણને સત્કારવા સારું સમીપવર્તી સમુદ્રનું સલિલ મંગાવીને અત્યંત પ્રેમપૂર્વક રાજતિલક કર્યું.

એ પછી સુગ્રીવ અને વિભીષણને પૂછ્યું કે વિશાળ વારિથી ભરેલા સમુદ્રને કેવી રીતે તરવો ? જુદી જુદી જાતના મગર, સાપ તથા માછલાં અને બીજાં જલચર, જીવોથી ભરપૂર સમુદ્રને પાર કરવાનું કામ કોઈ રમત વાત નથી. અને જ્યાં સુધી સમુદ્રને પાર ન કરાય ત્યાં સુધી સામે કાંઠે પહોંચાય નહીં. અને સામે કાંઠે ન પહોંચાય ત્યા સુધી લંકાની અશોક વાટિકામાં રહેતી સીતાને પાછી પણ કેવી રીતે મેળવાય ? એ પ્રમાણે બધી જ યોજના પડી ભાંગે, કોઈ પણ કામમાં સફળ ન થવાય. માટે સૌથી પહેલાં તો સમુદ્રને તરવા માટેનો માર્ગ શોધવો જોઈએ.

વિભીષણે રામચંદ્રજીને કહ્યું કે જો તમે ધારો તો તમારા એક જ બાણથી કરોડો સિંધુને પણ સૂકવી શકો એમ છો, એટલે સિંધુને પાર કરવાની તમારે ચિંતા કરવાની જરૂર નથી. છતાં પણ શાસ્ત્રોમાં એવી નીતિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે જો શાંતિથી પતતું હોય તો શસ્ત્રોનો આધાર ન લેવો. શાંતિપૂર્વકની વાટાઘાટોથી જે સમાધાન થાય છે તે ઉત્તમ હોય છે. માટે તમે સિંધુની પાસે જઈને પ્રાર્થના કરો, તેમ જ પ્રાર્થના દ્વારા એને સમજાવવાનો પ્રયાસ કરો, કે એ તમને માર્ગ કરી આપે. સાગર આમ પણ શાંતિવાદી, મર્યાદામાં રહેનારો, ને મિત્રતાની ભાવનાવાળો છે, એટલે તમારી વાતને જરૂર માનશે, એવો મને તો વિશ્વાસ છે. છેવટે તે કોઈ ઉપાય તો બતાવશે જ કે જેનું આલંબન લઈને આપણે તેને તરી જઈશું.

રામચંદ્રજીને વિભીષણની સલાહ ગમી.

એમણે કહ્યું : પ્રારબ્ધ જો અનુકૂળ હોય તો રસ્તો નીકળી પણ જાય.

પરંતુ લક્ષ્મણને વિભીષણની વાત ના રુચી. એટલે એ બોલી ઊઠ્યો : પ્રારબ્ધનો શો ભરોસો ? દૈવ કે પ્રારબ્ધને આધારે કાંઈ બેસી ન રહેવાય. ધનુષ્ય પર બાણ ધારણ કરો એટલે સમુદ્ર આપોઆપ સીધો થઈ જશે. સમુદ્રને સૂકવી નાખો એટલે રસ્તો આપોઆપ મળી જશે.

પણ રામચંદ્રજી આરંભમાં જ એવું ઉગ્ર પગલું ભરે તો તે રામચંદ્રજી શેના ? એ તો મૈત્રીભાવથી ભરેલા ને વસુધૈવ કુટુંબકમની ભાવનામાં માનનારા હતા. કોઈક શાંતિવાદી કરે એવી રીતે એમણે સાગરની સામે અહિંસક સત્યાગ્રહ કરવાનો વિચાર કર્યો. સત્યાગ્રહ ? હા, સત્યાગ્રહ. રામાયણ વાંચશો તો તમને જણાશે કે સત્યાગ્રહ જમાના જૂનો છે અને અહિંસક પ્રતિકારના સંબંધમાં પણ એવું જ છે. તે પણ પ્રાગૈતિહાસિક કાળથી ચાલ્યા આવે છે. પછી તે વ્યક્તિગત હોય કે સમષ્ટિગત તેની વાત જુદી છે. રામચંદ્રજીએ તો સમુદ્રના તટ પર દર્ભાસન બિછાવ્યું, અને એના પર આસીન થઈને સમુદ્રને વિનવવાની શરૂઆત કરી. સમુદ્રનો હૃદયપલટો કરવાની એમની ઈચ્છા હતી. એ ઈચ્છાથી પ્રેરાઈને પૂરા ત્રણ દિવસ સુધી એ ભૂખે ને

તરસે એક જ આસન પર બેસી રહ્યા. પરંતુ સમુદ્રનું રુંવાડુંય ન હાલ્યું. બધો જ પરિશ્રમ માથે પડ્યો કે નકામો ગયો ત્યારે એમની ધીરજ ખૂટી, અને હાથમાં ધનુષ્ય ધારણ કરીને એ બોલ્યા કે ત્રણ ત્રણ દિવસના અનુભવને અંતે મને પદાર્થપાઠ મળ્યો છે કે નિર્માલ્ય માણસોને કશું જ નથી મળતું. જ્યાં સુધી ભય કે બહાદુરી ન બતાવો ત્યાં સુધી જે જડ છે તે તમારી સાથે પ્રીતિ કરતા જ નથી. તે શાંતિની ભાષાને નથી સમજતા. મિત્રતા ને સ્વાર્થની સિદ્ધિ પૂરતી જ મહત્વની માને છે તથા તમારી ભલમનસાઈનો ગેરલાભ લેવા સદાય તૈયાર રહે છે. તે તમારી શાંતિને તમારી નબળાઈ માને છે અને વાટાઘાટોને કે સમાધાન કરવાની વૃત્તિને ખુશામત સમજે છે, તેમજ એમના પગ મજબૂત કરવાની ને એને વિસ્તારવાની તક ગણે છે. શઠની સામે સત્યનો આગ્રહ ભલે હોય, પરંતુ શસ્ત્રનો સંન્યાસ કે શરણે થવાની વૃત્તિ ન હોય. એનો તો વીરને છાજે એવી રીતે હિંમતપૂર્વક મુકાબલો કરવાનો હોય. ત્યારે જ એ નમે, આપણી ગણતરી કરે, સામે ચઢીને વાટાઘાટો કરવા આવે, અને શાંતિના કોલકરાર કરે. ત્યારે જ એ બધાને માટે બાધ્ય બને તે સિવાય તો એ આપણને લેખામાં પણ ના ગણે તેમજ ડગલે ને પગલે પદદલિત કે અપમાનિત કરે. આપણને તો ઠીક પરંતુ આપણી સાથે સંકળાયેલા બીજા બધાની જિંદગીને, સ્વતંત્રતાને, સુખાકારીને, સમૃદ્ધિ કે સંપત્તિને અને સંસ્કૃતિને જોખમમાં મૂકી દે. એવા જડ ને શઠનો વિશ્વાસ ન કરાય. એમના વચન ને વર્તનમાં વધારે પડતો ભરોસો ન મૂકાય. તેમજ એમની સાથેના વ્યવહારમાં ગાફેલ પણ ન રહેવાય. ધીમે ધીમે ને ક્રમેક્રમે એ પોતાનો અધિકાર વધારતા જાય, અને આખરે એક દિવસ જો એવા ને એવા જ અતિ ભલા ને ગાફેલ રહીએ તો આપણા સર્વ સત્તાધીશ બની જાય. ગુલામી ને લાચારીની કિંકર્તવ્ય વિમૂઢતાની બેડીમાં આપણે એવા તો જકડાઈ જઈએ કે વાત નહીં. એમાંથી મુક્તિ મેળવવાનું તો શું પરંતુ મુક્તિ મેળવવાના પ્રયાસો કરવાનું પણ આપણને ભારે થઈ પડે. રામચંદ્રજીની વિચારસરણી કે નીતિનું એ પરિવર્તન લક્ષ્મણને રુચ્યું, ખૂબ જ રુચ્યું. રામચંદ્રજીના વચન સાથે એ સંમત થયો.

રામચંદ્રજીએ કહ્યું : લક્ષ્મણ ! અગ્નિની વર્ષા કરનારું બાણ મારીને, સિંધુને હું ઘડીના છઠ્ઠા ભાગમાં જ સૂકવી નાખું છું. શઠની સામે વિનય, કુટિલની સાથે પ્રીતિ, કંજૂસની સાથે ઉદારતા, મમતા કે આસક્તિવાળાની સાથે જ્ઞાનની વાર્તા, લોભી પાસે વૈરાગ્ય અને ક્રોધી તથા કામીની પાસે શાંતિનો ઉપદેશ કે શ્રીહરિની કથા જેમ નિરર્થક થાય છે, તેમ સિંધુની પાસે પ્રાર્થના ને તપ વ્યર્થ છે.

બસ પછી તો શું ?

રામચંદ્રજીએ ધનુષ્ય ચઢાવ્યું.

એના પ્રભાવથી જલ શોષાવા લાગ્યું, ને જલચરોનો સમૂહ આકુળવ્યાકુળ બની ગયો.

પછી તો સમુદ્ર ગભરાયો.

પરિસ્થિતિ સમજી જઈને તેણે બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું, અને સોનાના થાળમાં ભાતભાતનાં રત્નો, માણેક, મોતી, વગેરે લઈને અભિમાનને તિલાંજલિ આપીને એ રામચંદ્રજીની આગળ ઉપસ્થિત થયો. પોતાના અવિનય તથા પોતાની જડતાને માટે એણે માફી માગી.

પછી તો વાનરોની સેના પાર ઊતરે તેવો ઉપાય એણે તરત જ બતાવી દીધો. એણે કહ્યું કે તમારી સેનામાં નલ અને નીલ નામના બે ભાઈઓ છે. તેમણે બાલ્યાવસ્થામાં ઋષિનો આશીર્વાદ મેળવ્યો છે. એ

આશીર્વાદને લીધે, તેમના સ્પર્શ કરેલા પથ્થરો પાણીમાં તરશે. એ રીતે સમસ્ત સમુદ્રને સેતુ બાંધીને પાર કરી શકાશે. એ કાર્યમાં હું પણ મારાથી બનતી સહાય કરીશ.

શ્રી રામનાં શ્રીચરણોમાં પ્રણામ કરીને, એ પછી, સમુદ્રે વિદાય લીધી.

રામચંદ્રજીએ નલ તથા નીલની મદદથી સમુદ્ર પર સેતુને બાંધ્યો અને વાનરોની સેના સાથે સામે કિનારે મુકામ કર્યો.

રામાયણની આ કથાનો સાર શાંતિથી સમજવા જેવો છે. કથાને રચાયે તો વરસો વીતી ગયાં છે, પરંતુ એનું રહસ્ય હજુ પણ જૂનું નથી થયું. જીવન જીવવાની કળાનું એમાં સરવૈયું છે. હૃદયમાં જડ, શઠ, અપરાધીને માટે સહેજ પણ દ્વેષ કે તિરસ્કારનો ભાવ રાખ્યા વિના, તેની સામે કેવી હિંમત ને બહાદુરીપૂર્વક મોરચો માંડી શકાય છે, એ વાત પણ શ્રીરામચંદ્રજીએ પોતાના વર્તન દ્વારા સિદ્ધ કરી બતાવી છે. એને આપણે જીવનમાં વણી લઈએ તો જરૂર લાગે ત્યાં ને ત્યારે પ્રતિકાર કરીએ, પરંતુ જેનો પ્રતિકાર કરીએ છીએ તેને માટે સદ્‌ભાવની લાગણી પણ જાળવી રાખીએ.

* * * * *

# [૬૮] યોગી રામૈયાની મહાનતા

કાદવમાં કમળ નથી પ્રકટતાં એવું થોડું છે ? કાંટાની આજુબાજુ થઈને જ ગુલાબની કોમળ પાંખડીઓ પોતાનું પ્રસન્ન ને પ્રેરક સ્મિત વેરતી પ્રકટી કે ખીલી ઊઠે છે.

આકાશના અસીમ, અગાધ અંધકારમાં, ચંદ્ર તથા તારાગણ પોતાની પરમ દીપ્તિથી પ્રકાશી ઊઠે છે.

રણમાં વનસ્થલી, અને ક્ષારથી ભરેલી મહોદધિમાં મોતીની સૃષ્ટિ થાય છે, એ પણ સર્વવિદિત છે.

એવી રીતે ઘોર કહેવાતા કલિકાળમાં પણ, ભારતમાં એવા એવા મહામહિમાવાન, સાચા સંતપુરૂષોનો ઉદય થઈ રહ્યા છે, જેમના દર્શન શ્રવણથી આપણને અત્યંત આનંદ થાય છે. ધર્મને સંસ્કૃતિના એ સૂત્રધારો, ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં જ્યોતિર્ધર બનીને જીવી રહ્યા છે. દેશને માટે એ ગૌરવરૂપ છે.

છેલ્લાં સો વરસોમાં એવા જે કેટલાક વિરલ જ્યોતિર્ધરો થયા, એમાંના એક શ્રી રમણ મહર્ષિ.

એ તો મહાન હતાં જ. પરંતુ એમના જીવનકાળ દરમિયાન, એમના આશ્રમમાં એક બીજા મહાપુરૂષ આવતા - યોગી રામૈયા. એ પણ સાધનાની સિદ્ધિની ઊંચી કોટિએ પહોંચ્યા હતા. રમણાશ્રમમાં એ અવારનવાર આવીને દિવસો સુધી નિવાસ કરતા. સાધારણ રીતે સૌના તરફ નિર્વિકાર કે નિશ્ચલ ભાવે જોનારા મહર્ષિ, યોગી રામૈયા પ્રત્યે અત્યંત પ્રેમ રાખતા ને રામૈયા હોલમાં પ્રવેશતા ત્યારે એમને નિહાળીને સ્મિત કરતા.

પોલ બ્રન્ટન નામે ભારતના યોગીપુરૂષોની શોધમાં આવેલા પરદેશી જિજ્ઞાસુને, યોગી રામૈયાનું પ્રથમ દર્શન ત્યાં જ થયું. શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં રામૈયાને જોઈને એ ખૂબ જ પ્રભાવિત થયા. એ આવેલા તો રમણ મહર્ષિના સાન્નિધ્યમાં થોડોક વખત રહીને શાંતિ મેળવવા માટે પરંતુ રામૈયાના દર્શનથી એમને થયું કે આ પણ કોઈ સામાન્ય પુરૂષ નહિ, પણ પુરૂષરત્ન કે સાધકદશાને વટાવીને સિદ્ધાવસ્થાએ આરૂઢ થયેલા કૃતકામ સંતપુરૂષ છે. એમના દર્શનને એમણે પોતાનું પરમ સૌભાગ્ય માન્યું, અને મનમાં એમનો વિશેષ સંપર્ક સાધવાનો સંકલ્પ કર્યો.

રામૈયા પણ એમની તરફ ટકટકી લગાવીને જોઈ રહ્યા.

એક દિવસ સવારે ભોજનાદિથી નિવૃત્ત થઈને, પોલ બ્રન્ટન પોતાના ઉતારા પર આવ્યા, ને બારણું ઉઘાડીને ઉતારામાં પ્રવેશ કરવા પ્રવૃત્ત થયાં ત્યાં તો ભયભીત બની ગયા. એમની છાતીના ધબકારા વધી ગયા. અંદર જવાની એમની હિંમત ના ચાલી અને બહાર આવીને બારણાં પાસે જ ઊભા રહ્યા. શું કરવું એ ના સમજાવાથી, કિંકર્તવ્યવિમૂઢ બનીને એ આમ તેમ જોવા લાગ્યા.

એટલી વારમાં ત્યાંથી યોગી રામૈયા પસાર થયા. રમણ મહર્ષિની પાસેથી વિદાય થઈને, એ બાજુના અરૂણાચલ પર્વત પરની વિરૂપાક્ષી ગુફામાં જવા તૈયાર થયા હતા.

પોલ બ્રન્ટનને બહાર ઊભેલા જોઈને એ એમની પાસે આવ્યા. પોલ બ્રન્ટનની ઓરડીમાં દૃષ્ટિપાત કરીને એ બધી વાત સમજી ગયા. એ ડર્યા વિના સીધા જ આગળ વધ્યા, એટલે બ્રન્ટને કહ્યું કે અંદર ક્યાં જાવ છો ? અંદર તો સાપ છે !

ખરેખર, ઓરડીમાં પડેલા બ્રન્ટનના બિસ્તરા પર કાળો ભમ્મર જેવો સાપ પડ્યો હતો. એટલે જ બ્રન્ટનની હિંમત પડી ભાંગી હતી. સાપ જેવા ઝેરીલા પ્રાણીનો એમને વિશ્વાસ નહોતો આવતો. કદાચ કરડી પડે તો ?

પણ યોગી રામૈયાને સાપનો કે કશાનો ક્યાં ભય હતો ?

એ તો સીધા અંદર ચાલ્યા. સાપે એમને દેખીને મસ્તક ઊંચું કર્યું રામૈયાએ કમંડલમાંથી પાણી લઈને એના પર છાંટ્યું. અને પછી જાણે કોઈ આજ્ઞાંકિત સેવક હોય તેમ, સાપ સડસડાટ કરતો બહાર નીકળ્યો, તથા પર્વત તરફ ચાલ્યો ગયો.

સાપ ગયો ત્યારે બ્રન્ટનને નિરાંત થઈ.

પરંતુ યોગી રામૈયાની અસાધારણ શક્તિએ એમને આશ્ચર્યચકિત કરી દીધા.

એક મનુષ્યની અંદર શું આટલી બધી શક્તિ હોઈ શકે ? પોતે એ શક્તિનું વર્ણન શાસ્ત્રોમાં વાંચ્યું હતું છતાં પણ એમાં શ્રદ્ધા ન હતી થઈ. આજે એ શક્તિથી સંપન્ન મહાપુરૂષો પણ છે! એવા મહાપુરૂષોના દર્શનની ઈચ્છાથી જ પોતે આ વિશાળ દેશનું પરિભ્રમણ આરંભ્યું હતું ને ? એ મહાપુરૂષોની સ્મૃતિ કરાવનાર શ્રી રમણ મહર્ષિના દર્શનથી તો એમને આનંદ થયો હતો, પરંતુ યોગી રામૈયાનું દર્શન પણ એમને માટે ઓછું આનંદદાયક ના થયું. આવા મહાપુરૂષોની માતૃભૂમિ ભારત માટે એમને માન ઉત્પન્ન થયું.

આ બધું કેવી રીતે શક્ય બન્યું તે વિશે એમણે રામૈયાને પ્રશ્ન કર્યો, તો ઉત્તરમાં રામૈયાએ સ્મિત કર્યું. રામૈયા મૌનવ્રત્ત પાળતા હતા. છતાં પણ એમણે આંગળીથી નીચે જમીન પર લખ્યું. વાસુદેવઃ સર્વમ્ ઈતિ

એટલે કે સંસારમાં જે છે તે બધું પરમાત્મા જ છે. એ ભાવનાના પ્રતીકરૂપે જીવન જીવવાથી ભેદભાવનો અંત આવે છે, ભય ભાંગી જાય છે, રાગદ્વેષ થતા નથી, ને નિર્વેરતા સહજ બને છે.

ભારતના પ્રાચીન યોગસામર્થ્યના અર્વાચીન સંસ્કરણ સમા એ મહાપુરૂષની વાતને સાનમાં સમજી બ્રન્ટનને અત્યંત આનંદ થયો. યોગી રામૈયા તો અરૂણાચલ પર્વત તરફ જવા માંડ્યા, પરંતુ પોલ બ્રન્ટન પણ એમના સાન્નિધ્યની ઈચ્છાથી એમની પાછળ પાછળ ચાલી નીકળ્યા.

* * * * *

# [૬૯] વાસનાની તૃપ્તિ શક્ય નથી

સાંસારિક સુખોપભોગની લાલસા, અને એ લાલસાની પૂર્તિ માટેના ભરચક પ્રયાસ, આ યુગમાં જોવા મળે છે એવું નથી. રામાયણ, મહાભારત અને ભાગવત કાળમાં પણ એવી લાલસા અને એ લાલસાની પરિતૃપ્તિ માટેના પ્રયાસો દૃષ્ટિગોચર થતા હતા. એની ઝાંખી આપણને એ કાળની પરંપરાગત કથાઓ પરથી સહેજે થઈ રહે છે.

એ કથાઓ છે જૂની, પરંતુ એમનું રહસ્ય આજે પણ એટલું જ ઉપયોગી છે. એ દૃષ્ટિબિંદુથી જોઈએ તો એ નિત્યનવી છે. એમની અંદર જે પદાર્થપાઠ ભર્યો છે, તે પહેલાની જેમ આજે પણ એટલો જ કિંમતી છે. એમની અંદર એવી પ્રાણદાયક પ્રેરણાસ્પદ સામગ્રી ભરેલી છે જે પ્રત્યેક દેશ, કાળ, કે વ્યક્તિને કામ લાગે. એટલા માટે જ એ કથાગ્રંથોને નિત્યનૂતન, ચિરંજીવ અને સનાતન કહેવામાં આવે છે. યુગો બદલાય છે, પરંતુ એમનું આકર્ષણ નથી ઓસરતું. એમનું જીવનઉપયોગી તત્વ જર્જરિત પણ નથી બનતું અને એના પ્રત્યે અરુચિ પણ નથી થતી.

ભાગવતમાં એવી જ એક જીવનોપયોગી રહસ્યથી ભરપૂર કથા છે.

યયાતિ રાજાએ ગૃહસ્થાશ્રમમાં રહીને પોતાની સુંદર અને પ્રાણપ્રિયા પત્ની સાથે અનેક પ્રકારના ભોગવિલાસ કર્યા. એ ઉપરાંત અનેક પ્રકારના સુખોપભોગનો આસ્વાદ લીધો. રાજા યુવાન હતો, અને યુવાનીને આંધળી કહે છે એ સાચું હોય કે નહિ, પરંતુ રાજાને માટે તો એ સાચું ઠર્યું. કારણ કે કોઈપણ પ્રકારના ઊંડા વિવેક કે વિચાર વિના એ સંસાર૨સના પ્રમત્ત પ્રવાહમાં તણાવા માંડ્યાં. યુવાની અને સુખોપભોગ વિના સંસારમાં બીજું કાંઈ હોય જ નહિ એવી રીતે વર્તવા લાગ્યા.

પરંતુ યુવાની કાંઈ સ્થાયી થોડી છે ?

જીવનની કોઈ યે અવસ્થા અને સમસ્ત જીવન પણ સ્થાયી નથી. માણસ એથી ભરમાઈને ભાન ભૂલે છે, એ એનું અજ્ઞાન છે. ચોમાસાના દિવસો દરમિયાન નદીમાં આવતાં ઘોડાપૂર જેવી માદક, આકસ્મિક અને તોફાની યુવાનીના પૂર આખરે ઓસરી જાય છે. યુવાનીનો ભાન ભૂલાવનારો કે ભ્રાંત કરનારો કામચલાઉ ચળકાટ શમી જાય છે અને વૃદ્ધાવસ્થાના ઓળા જીવનમાં ઊતરી પડે છે.

સમસ્ત સૃષ્ટિ જ જ્યાં એ ક્રમનું અનુકરણ કરતી હોય ત્યાં રાજા યયાતિ એમાંથી કેવી રીતે બાકાત રહી શકે ? કુદરત એને બાકાત રાખી શકે જ કેવી રીતે ? રાજા હોય કે રંક હોય. અને વિદ્વાન હોય કે અવિદ્વાન, કુદરતના કાનૂન તો સૌને લાગુ પડે છે. દરિદ્ર કે અમીર કોઈપણ એની અસરમાંથી છૂટી શકતા નથી.

યયાતિ રાજા વૃદ્ધાવસ્થાનો શિકાર બન્યા. એટલે એમના શરીરની તથા એમની ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઈ. તો પણ એમની ભોગલાલસા નહોતી મટી. એ તો હજી અતૃપ્ત જ હતી, ને દિવસે દિવસે વધતી જતી હતી. વૃદ્ધાવસ્થા પણ બે જાતની હોય છે, ને ? શરીરની તથા મનની. શરીર વૃદ્ધ થાય પણ મન ન થાય તો ઉપાધિ કરે કે આફત આણે છે, યયાતિને માટે એ જ સમસ્યા ઊભી થઈ. એને થયું કે મારી વૃદ્ધાવસ્થા લઈને કોઈ મને બદલામાં યુવાવસ્થા આપી શકે તો હું લાંબો વખત લગી સંસારના ભોગો ભોગવી શકું.

પરંતુ એવી રીતે પોતાની યુવાવસ્થાનો વિનિમય બીજું કોણ કરી શકે ?

રાજાના મોટા તથા વચલા પુત્રે તો એ માટે ઘસીને ના પાડી. પરંતુ સૌથી નાનો પુત્ર માની ગયો. એણે રાજાની વૃદ્ધાવસ્થા સ્વીકારીને પોતાની યુવાની સમર્પિત કરી.

બસ. પછી તો શું કહેવું ?

રાજા યયાતિ એ નવપ્રાપ્ત યૌવનને લઈને ફરી પાછા ભોગવિલાસમાં ડૂબી ગયા.

પરંતુ લાંબા વખતના ઈન્દ્રિયોપભોગ પછી પણ એને તૃપ્તિ ન થઈ ત્યારે એને વિષયો પરથી કંટાળો આવ્યો. એનું મન ઉપરામ થઈ ગયું. એને થયું કે ઈન્દ્રિયોની વિશાળ વાસનાભૂખને શાંત કરી શકાય એમ છે જ નહિ. એની લાલસા વધતી જાય છે. એટલે એનો ત્યાગ કરવો એ જ બહેતર છે. કામનાઓના ઉપભોગથી શાંતિ મળતી નથી, પરંતુ અગ્નિમાં ઘી હોમવાથી અગ્નિ વધતો જ જાય છે, તેમ કામના વધતી જાય છે. એવો વિવેકરૂપી સૂર્યોદય એના અંતરઆકાશમાં પ્રગટ થયો. આ રહ્યો એ વિવેકને વ્યક્ત કરતો શ્લોક -

न कामः कामभोगानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवत्मै व भूय एवाभिवर्धते ॥

યયાતિએ પુત્રને બોલાવીને એની યુવાવસ્થા પાછી સોંપી ને વૃદ્ધાવસ્થા લઈ લીધી.

ભોગોમાં દોષબુદ્ધિ, જોઈને એમની અંદરથી મનને ઉપરામ કરવું એ જ માત્ર આત્યંતિક શાંતિનો સાધનામાર્ગ છે. ભાગવતની આ કથા આપણને એ રહસ્યમંત્રનો ઉપદેશ આપે છે. એ કથા વરસોથી વહેતી આવે છે. પરંતુ કેટલાકે એ મંત્રને જીવનમાં ઉતાર્યો છે તે પ્રશ્ન છે. જે ઉતારશે તે શાંતિ મેળવશે એ ચોક્કસ છે. ભોગની પણ ત્યાગથી જ શાંતિ મળે છે એ શાસ્ત્રોનો આદેશ છે.

* * * * *

# [૭૦] ખંડિત મૂર્તિ પૂજી શકાય ?

શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ પહેલેથી જ કુશાગ્ર બુદ્ધિવાળા હતા. કલકત્તાના ગંગાતટ પરના, રાણી રાસમણીએ બંધાવેલા, સુંદર ને શાંત મંદિર દક્ષિણેશ્વરમાં, તે પોતાના મોટા ભાઈ રામકુમાર સાથે રહેવા આવ્યા. ત્યારથી જ તેમની લોકોત્તર બુદ્ધિશક્તિનો પરિચય મળવા લાગ્યો હતો.

આજુબાજુના લોકો એ શક્તિની ઝાંખી કરીને એમને માનની નજરે જોતા.

એકવાર એવું બન્યું કે દક્ષિણેશ્વરના મંદિરમાં રામની મૂર્તિ હતી. પૂજા કરતી વખતે રામકુમારના હાથમાંથી તે પડી ગઈ. પરિણામે મૂર્તિના હાથ ભાંગી ગયો ને મૂર્તિ ખંડિત થઈ.

ખંડિત મૂર્તિની પૂજા કરવી કે તેની જગ્યાએ બીજી નવી મૂર્તિની પ્રતિષ્ઠા કરવી તે સવાલ થઈ પડ્યો.

એ વાતનો નિર્ણય કરવા રાણી રાસમણીએ પંડિતોની પરિષદ ભરી.

પંડિત શાસ્ત્રવચનોના આધાર પર ચર્ચા કરવા માંડ્યા. વાદવિવાદ વધી પડ્યો પરંતુ સર્વસંમત એક નિર્ણય પર ન પહોંચી શક્યા.

રાસમણીને ખબર ન પડી કે શું કરવું ! એમની મૂંઝવણનો પાર ન રહ્યો.

તે વખતે શ્રી રામકૃષ્ણદેવ પણ ત્યાં બેઠા હતા. તે સૌને વાદવિવાદ કરતા જોઈને કહેવા માંડ્યા : મારી બુદ્ધિ એટલી બધી ઊંડી નથી. છતાં પણ આ બાબતમાં મારે થોડુંક કહેવાનું છે. મૂર્તિ ખંડિત થઈ છે એ સાચું, પરંતુ ધારો કે રાણી રાસમણીના જમાઈ મથુરબાબુનો હાથ તૂટી જાય તો રાણી એના એ જ જમાઈને રાખે કે જમાઈને બદલી નાખે ?'

બધા પંડિતો સ્તબ્ધ થઈ ગયા. રાણી રાસમણી પણ એ તર્કથી પ્રભાવિત થયાં.

રામકૃષ્ણદેવે કહ્યું : એવી રીતે મૂર્તિને બદલવી ન જોઈએ. ખંડિત મૂર્તિ સાજી થઈ શકે છે. એને સાજી કરીને પૂજવી જોઈએ.

સૌના મનનું સમાધાન થઈ ગયું.

રામકૃષ્ણદેવે તે પછી કહે છે કે પોતાને હાથે જ એ ખંડિત મૂર્તિને ઠીક કરી. તે ખંડિત થઈ છે એવું લાગ્યું પણ નહિ.

મૂર્તિ નવી હશે કે ખંડિત એ વાત એટલું મહત્વ નથી ધરાવતી. મહત્વની વાત તો એ છે પૂજા કે સેવા કરનારનું હૃદય કેવું છે - સાજું છે કે ખંડિત, એના પર ઉપાસનાની સફળતા કે નિષ્ફળતાનો આધાર છે. મૂર્તિ કદાચ ખંડિત હશે તો ચાલી શકશે, પણ હૃદય ખંડિત હશે તો નહિ ચાલે; જરા પણ નહિ ચાલે.

* * * * *

# [૭૧] પ્રલોભનનો પ્રસંગ

અધ્યાત્મપંથના પ્રવાસીઓના જીવનમાં કેવા કેવા પરીક્ષા-પ્રસંગો આવે છે ? એમને પરીક્ષા-પ્રસંગો કહો કે પ્રલોભન-પ્રસંગો કહો, કે બીજું ગમે તે નામ આપો, પણ તે એમના મનોબળની કસોટી કરનારા પુરવાર થાય છે. અસાધારણ આત્મબળ અથવા ઈશ્વરકૃપા વિના એ પ્રસંગોમાંથી પાર થવાનું કામ કઠિન હોય છે. કેટલીકવાર તો પ્રશંસકો કે ભક્તો દ્વારા જ એવા અવનવા પ્રસંગો ઉપસ્થિત કરાતા હોય છે, ને કાચાપોચા માણસને એમાં પડીને પથભ્રાંત થતાં વાર નથી લાગતી.

એવા જ એક પ્રસંગનો ઈતિહાસ અહીં આલેખી રહ્યો છું.

અમૃતસરમાં ગીતાભવનમાં મારાં પ્રવચનો ચાલતાં. પ્રવચનોનો વિષય ભક્તિયોગનો હતો. પ્રવચનોની પૂર્ણાહુતિનો સમય પાસે આવ્યો ત્યારે એક દિવસ વહેલી સવારે એક ભાઈ અગાઉથી નક્કી કર્યા વિના એકાએક મને મળવા આવ્યા.

મેં તેમને આવવાનું કારણ પૂછ્યું તો તેમણે કહ્યું કે કારણ ઘણું મોટું છે.

શું ?

છેલ્લા ત્રણચાર દિવસથી હું મારા મિત્ર સાથે અમૃતસર આવ્યો છું, ને તમારાં પ્રવચનોનો લાભ લઉં છું. એ પ્રવચનોએ મને તથા મારા મિત્ર બંનેને મંત્રમુગ્ધ કર્યા છે.

તે તો તમારા પ્રેમભાવ તથા તમારી ગુણગ્રાહકતાની વાત છે.

થોડીવાર સુધી શાંતિ પથરાઈ રહી. પછી મેં કહ્યું : આવવાનું કારણ એટલું જ હોય તો હવે આપણે છૂટા પડીએ. હું મારે કામે લાગું.

ના, બીજી વાત પણ કહેવાની છે.

શી ?

મારા મિત્રને ને મને તમારી વિદ્વતા તથા ત્યાગવૃત્તિ જોઈને એક વિચાર આવ્યો છે. મારા મિત્ર તમારા જેવા જ વિદ્વાન તથા ત્યાગી પુરૂષની શોધમાં હતા. તેમને એક પુત્રી છે. તે ભારે વિદ્વાન, ધર્મપરાયણ ને સુશીલ છે. તે પણ તમારા જેવા પુરૂષને જ વરવા માગે છે. તમે કહેતા હો તો તે કન્યા તમને બતાવીએ અને કૃષ્ણાર્પણ કરીએ. તમારે લીધે એનું જીવન પણ સુખી બની જશે. એ પંજાબી છે ને બાજુના ગામમાં જ વાસ કરે છે. એના પિતા મોટા જમીનદાર છે. પોતાની બધી જ જમીન અને બીજી સંપત્તિ એ તમને આપી દેશે, અને તમે એમની પાસે રહેશો તે એમને ગમશે. અત્યારે ને અત્યારે તમારો નિર્ણય ના જણાવવો હોય તો એક બે દિવસ પછી નિરાંતે કહેજો. તમે બોલાવશો ત્યારે હું આવી જઈશ. બાકી કન્યા રત્ન જેવી છે ને આવો અવસર ફરીફરી નહિ મળે.

હું એમનું સાહસ જોઈને સ્મિત કરવા માંડ્યો. મેં કહ્યું : તમારે આ જ કામ માટે આવવાની ઈચ્છા હોય તો ફરીવાર ના આવતા.

કેમ ?

મારે એવી કોઈયે કન્યાની જરૂર નથી. હું કોઈનોય સ્વીકાર નથી કરી શકું તેમ. તમે વગર પરિચયે ઘણું મોટું સાહસ કર્યું છે, એ જોઈને મને નવાઈ લાગે છે.

પરંતુ જરા વિચાર તો કરી જુઓ !

વિચાર કરેલો છે એથી જ આવું કહી બતાવું છું. કન્યાને માટે તપાસ કરશો તો એના ભાગ્ય મુજબ એને લાયક કોઈ પુરૂષ મળી રહેશે. મેં તો ઈશ્વર સાથે જ લગ્ન કરેલું છે, અને બીજા કોઈની સાથે લગ્ન કરવાની ઈચ્છા નથી રાખી. આવી રીતે ગમે તેવા સંત મહાત્મા કે વિદ્વાન દેખાતા પુરૂષ પાસે જઈને કન્યાને અર્પણ કરવાની વાત ના કરતા. નહિ તો પરિણામ ખરાબ આવવાનો સંભવ છે.

છેવટે તે ભાઈ વિદાય થયા. પણ જતાં જતાં કહેતા ગયા કે એક વાર પાછો આવીશ ખરો.

પરંતુ તે પછી તે આવ્યા જ નહિ. કદાચ મારી સાથેની વાતચીત પર શાંતિથી વિચાર કરતાં, આશાનું કોઈયે કિરણ તેમને નહિ દેખાયું હોય.

* * * * *

# [૭૨] સત્સંગનો પ્રભાવ

બારડોલી પાસેનું નાનું ગામ ટીંબા.

ત્યાં ગામ બહાર એકાંતમાં આશ્રમશાળા છે.

વાત ત્યાંની અને તાજેતરની છે.

એ આશ્રમશાળાના આચાર્યના આમંત્રણને માન આપીને આ ઉનાળામાં અમે એની મુલાકાતે ગયા.

આશ્રમશાળા જોઈને અમને સંતોષ થયો. એ શાળામાં પછાત વર્ગનાં બાળકોને માટે રહેવા તથા ભણવાની મફત સગવડ હતી. એ સગવડનો લાભ કેટલાંય નાનાંમોટાં બાળકો લઈ રહ્યાં હતાં.

એનો યશ એના આચાર્યને ફાળે જતો હતો. એમણે જ એ સંસ્થાના સ્વપ્નને સાકાર કરવા પ્રયત્ન કરેલો.

આશ્રમશાળાનાં બાળકોની આગળ મારો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો. એમાં બાળકોની રુચિ પ્રમાણે નાનામોટા અનેક વિષયોને આવરી લેવામાં આવ્યા.

દોઢેક કલાકના એ આનંદદાયક વાર્તાલાપ પછી મારા નિત્યનિયમ પ્રમાણે સાંજનો સમય થતાં હું ખુલ્લા ખેતરમાં જઈને પ્રાર્થના કરવા બેઠો.

તે દરમિયાન બે નાના વિદ્યાર્થીઓ મને મળવા આવ્યા ને મારાથી થોડેક દૂર બેસી ગયા.

પ્રાર્થના પૂરી થયે હું ઊભો થયો એટલે તે બંને વિદ્યાર્થીઓ મારી પાસે આવીને પગે લાગ્યા, અને મારા હાથમાં એમણે એક કાગળ મૂક્યો.

કાગળ વાંચીને મારા વિસ્મયનો પાર ના રહ્યો. એમાં લખેલું કે અમે બાજુના ગામના હળપતિના છોકરાઓ છીએ. હું આ કાગળ લખીને જણાવું છું કે હું કેટલાય વખતથી માંસ ખાઉં છું, દારૂ-તાડી પીઉં છું. ધૂમ્રપાન કરું છું, જુઠું બોલું છું, જુગાર રમું છું, ને ચોરી કરું છું. આજે તમારો ઉપદેશ સાંભળીને મને દુઃખ થયું. મને સુધરવાની તક મળી છે, ને મારી બધીયે કુટેવો તથા મારાં વ્યસનોને કાયમ માટે છોડી દેવાની હું પ્રતિજ્ઞા લઉં છું.

મેં પૂછ્યું : આટલી નાની ઉમરમાં આવી કુટેવો ક્યાંથી પડી ?

એણે કહ્યું : ઘરમાંથી.

તો પછી ઘેર જવાનું થશે ત્યારે આ પ્રતિજ્ઞાને વળગી રહેવાશે ?

મારાં માતપિતાને પણ તેમની કુટેવો છોડવાની પ્રતિજ્ઞા લેવડાવવા હું સમજાવી જોઈશ.

પણ તે નહિ માને તો ?

તો પણ હું મારી પ્રતિજ્ઞાને વળગી જ રહીશ. તેનો ભંગ નહિ જ કરું. અત્યાર સુધી મને જ્ઞાન ન હતું, આજે તમે મારી આંખ ઉઘાડી નાખી છે.

એ વિદ્યાર્થીને મેં શાબાશી આપી તથા હિંમત પૂરી પાડી. એની આંખ પશ્ચાતાપના પાણીથી પલળેલી હતી.

આશ્રમના આચાર્યને મેં એ વિદ્યાર્થીની હકીકત પૂરી પાડીને એનું ધ્યાન રાખવા કહ્યું.

એ વિદ્યાર્થીની વાત યાદ કરીને મને થાય છે કે ક્ષણ, બે ક્ષણ, કે વધારે વખતના સત્સંગનો પ્રભાવ કેવો પ્રબળ હોય છે ? તે ક્યારે, કોને, કેવી ને કેટલી અસર કરે છે ને કરશે તે કોઈ જ નથી કહી શકતું. પરંતુ એની અસર થાય છે અને કેટલીકવાર તો ભારે ક્રાંતિકારી રીતે થાય છે એ ચોક્કસ છે. સત્સંગ છે જ જીવનમાં ક્રાંતિ કરી સુખદ પરિવર્તન લાવવા માટે. પરિવર્તનની એ પળો અનેરી અને અમર બની જાય છે. એ પણ સાચું છે કે બાળકો પર એની અસર બહુ પ્રબળ પડે છે. દેવર્ષિ નારદના સમાગમે રત્નાકર લૂંટારાને મહર્ષિ વાલ્મિકી બનાવ્યો એ વાત કેટલાકને અતિશયોક્તિ જેવી લાગે છે, પણ તેમાં અતિશયોક્તિ જેવું કશું જ નથી, એની આ પ્રસંગ પરથી પ્રતીતિ થશે. હળપતિનો એ બાળક પોતાની પ્રતિજ્ઞાને વળગી રહેશે તો કેવો ઉત્તમ બનશે એ વિચાર મને અવારનવાર આવ્યા કરે છે. પ્રભુ એને, એની પ્રતિજ્ઞાને વળગી રહેવાનું બળ આપો !

* * * * *

# [૭૩] ગણપતિએ પૂરી કરેલી પૃથ્વીની પ્રદક્ષિણા

શિવપુરાણના પાંત્રીસમા તથા છત્રીસમા, એમ બે અધ્યાયમાં ગણપતિ અને કાર્તિક સ્વામીની કથા છે. એ કથા અત્યંત રોચક અને સારવાહી છે.

શંકરના પુત્ર ગણપતિ અને કાર્તિક સ્વામીને લગ્ન કરવાની ઈચ્છા થઈ. એ ઈચ્છા એમણે શંકર અને પાર્વતીની પાસે પ્રદર્શિત કરી.

શંકર તથા પાર્વતીને પણ બંને પુત્રો પર પ્રેમ હતો. બંનેનું લગ્ન કરવાની એમને પણ ઈચ્છા તો હતી જ. છતાં પણ બંનેની કસોટી કરીને બંનેની યોગ્યતા જાણવાનો એમણે વિચાર કર્યો.

એ વિચારથી પ્રેરાઈને એમણે કહ્યું કે તમારા બંનેમાંથી જે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને સૌથી પહેલો પાછો આવશે તેનુ લગ્ન પહેલું કરીશું.

એ પ્રસ્તાવ સાંભળીને કાર્તિક સ્વામી તો પૃથ્વીની પરિક્રમા કરવાને માટે તરત જ નીકળી પડ્યા. પરંતુ ગણપતિ ત્યાં જ બેસી રહ્યા. એમણે વિચાર કર્યો કે મારું શરીર શ્થૂલ હોવાથી પૃથ્વીની પરિક્રમા તો શું, પણ લાંબુ ચાલી પણ નહિ શકાય.

એમણે તો એક બીજું જ કામ કર્યું. સ્નાનાદિથી નિવૃત્ત થઈને પોતાનાં માતાપિતાને એમણે આસન પર બેસાડ્યાં, અને એમની પૂજા કરીને સાત વાર પ્રદક્ષિણા કરી, પોતાના લગ્નને માટે પ્રાર્થના કરી.

માતાપિતાએ ગણપતિને કાર્તિક સ્વામીની પેઠે પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની સૂચના કરી તો એમણે સ્પષ્ટીકરણ કર્યું કે મેં એક વાર નહિ પરંતુ સાત વાર પૃથ્વીની પ્રદક્ષિણા કરી લીધી. શાસ્ત્રોમાં કહ્યું છે કે માતાપિતામાં સર્વે તીર્થો વાસ કરે છે, અને એમની પૂજા તથા પ્રદક્ષિણા કરનારને સમસ્ત પૃથ્વીની પ્રદક્ષિણાનું ફળ મળે છે, એ વચનનો મેં અમલ કર્યો છે. એટલે મારે સ્થૂલ પૃથ્વીની પ્રદક્ષિણાની આવશ્યકતા નથી રહેતી.

એવા સ્પષ્ટીકરણથી શિવપાર્વતી પ્રસન્ન થયાં. ગણપતિની સૂક્ષ્મ સમજશક્તિની એમણે પ્રશંસા કરી અને એમના લગ્નની તૈયારી કરી. વિશ્વરૂપની સિદ્ધિ તથા બુદ્ધિ નામની બે કન્યાઓ સાથે ગણપતિનો વિવાહ થયો.

શિવપુરાણની એ કથાનું હાર્દ સમજવા જેવું છે. मातृदेवो भव, पितृदेवो भव અર્થાત્ માતાને દેવતા બરાબર માનો, પિતાને દેવતા બરાબર જાણો, એમ કહીને વેદ તથા ઉપનિષદકાળના ભારતીય મહાપુરૂષોએ માતાપિતાની સેવાનો સનાતન સંદેશ પૂરો પાડ્યો જ છે. પરંતુ પાછળથી પુરાણકાળમાં પણ એ ઉપદેશના આધાર પર કહેવાયેલી આવી કેટલીક નાનીમોટી કથાઓ દ્વારા એની પ્રેરણા પૂરી પાડવામાં આવી છે. એ પ્રેરણાને ઝીલીને સૌએ માતાપિતાની સેવા કરવાની છે. માતા ને પિતાને મહાન તીર્થરૂપ કહ્યાં છે. એમનો મહિમા ઘણો મોટો છે. એમનો ત્યાગ, ઉપકાર અને બાળકોના જીવનઘડતરમાં અપાયેલો એમનો ફાળો ઘણો કીમતી છે. એ હકીકતને યાદ રાખવાની જરૂર છે. એમની સ્થૂલ પૂજા કરીને બેસી નથી રહેવાનું પરંતુ એમના સદુપદેશ પ્રમાણે ચાલીને એમને સુખશાંતિ આપવા પ્રયાસ કરવાનો છે. માતાપિતાના પરમભક્ત ગણપતિને એમની પ્રસન્નતાના પરિણામરૂપે સિદ્ધિ ને બુદ્ધિ જેવી સહચરી મળી, તેમ માતાપિતાની સેવાથી સદ્બુદ્ધિ તો

સાંપડે જ છે પણ સાથેસાથે સિદ્ધિ, સંપત્તિ, શાંતિ તથા સુખાકારી ને સમુન્નતિનો રસ્તો પણ ખુલ્લો થાય છે. એવો સંકેત પણ આ નાની સરખી કથા પરથી સહેજે મળી રહે છે. એ સંકેત આપણે સમજીશું ખરા !

* * * * *

# [૭૪] રામ હોય છે ત્યાં કામ નથી રહી શકતો

પુરાણોમાં શિવના કામદહનની વાત છે.

તારકાસુરે પોતાના બાહુબળના પ્રભાવથી પૃથ્વી તથા સ્વર્ગમાં ત્રાસ ફેલાવેલો. દેવતાઓએ એને હરાવવા માટે એની સાથે વારંવાર યુદ્ધ કર્યું છતાં પણ એ હાર્યો નહિ અને એનો આતંક વધતો જ ગયો.

તારકાસુરથી ત્રાસેલા દેવતાઓ છેવટે બ્રહ્માની પાસે ગયા.

બ્રહ્માએ એમને કહ્યું કે તારકાસુર અતિશય પરાક્રમી તથા અજરામર છે. એનો નાશ શંકરના પુત્ર સાથેના ભીષણ યુદ્ધ દ્વારા જ થઈ શકશે.

પરંતુ શંકર તો સર્વસંગપરિત્યાગી બનીને સમાધિ ધારણ કરીને બેઠા હતા. એમને સમાધિમાંથી જાગ્રત કેવી રીતે કરવા ? એ જ્યાં સુધી જાગ્રત ના થાય ત્યાં સુધી એમની સાથે લગ્ન માટેની વાતચીત કેવી રીતે કરી શકાય ?

બ્રહ્માએ દેવતાઓને ઉપાય બતાવ્યો કે શંકરની સમાધિ સહેલાઈથી તૂટે એવી નથી. એમની સુદીર્ઘ સમાધિનો અંત આણવા માટે જો કામદેવને મોકલવામાં આવે તો ધાર્યું કામ થઈ શકે.

દેવતાઓએ કામદેવ પાસે પહોંચીને શંકરની સમાધિમાં ભંગ પાડવાની વિજ્ઞપ્તિ કરી ત્યારે શરૂઆતમાં તો કામદેવે અનિચ્છા પ્રદર્શિત કરી પરંતુ પછી દેવતાઓના તથા સમસ્ત સંસારના હિતસાધનમાં સહાયક થઈ શકાશે એ વિચારથી પ્રેરાઈને દેવતાઓને મદદ કરવા એ તૈયાર થયો.

પુષ્પોના ધનુષ્ય સાથે એણે શંકર ભગવાન જ્યાં સમાધિમાં રત હતા તે એકાંત વનમાં પ્રવેશ કર્યો.

પોતાનો પ્રભાવ ફેલાવીને એણે સમસ્ત સંસારને મંત્રમુગ્ધ ને મોહિત કર્યો. એ વખતે સંસારની દશા કેવી બની ગઈ ? બ્રહ્મચર્ય, વ્રત, સંયમ, ધીરજ, ધર્મ, જ્ઞાન ને વિજ્ઞાન, જપતપ, વિવેક, વૈરાગ્ય ને સદાચાર, બધું જ જાણે કે પલાયન થઈ ગયું. સિદ્ધ, વિરક્ત, મહામુનિ તથા યોગી પણ કામવશ બની ગયા તો પછી સાધારણ માણસનું તો કહેવું જ શું ?

પોતાના બાણમાંથી એણે ઉપરાઉપરી અનેક બાણ માર્યાં. તેને લીધે શંકરની સમાધિ તૂટી તો ખરી, પરંતુ ક્ષુબ્ધ થયેલા શંકરે કામદેવતા તરફ દૃષ્ટિ ફેંકીને પોતાનું ત્રીજું નેત્ર ઉઘાડ્યું કે તરત જ કામદેવ ભસ્મિભૂત થઈ ગયો. એના ભસ્મિભૂત થવાથી સંપુર્ણ સૃષ્ટિ કામમુક્ત બની ગઈ.

કામના નાશથી તેની સ્ત્રી રતિ વિલાપ કરવા લાગી. તે જોઈને શંકરે તેને કહ્યું કે હવેથી કામદેવતાનું નામ અનંગ રહેશે અને શરીર રહિત હોવા છતાં તે સૌને વ્યાપશે. વળી યદુકૂળમાં કૃષ્ણાવતાર થશે ત્યારે કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન તારો પતિ થશે.

શંકરે ત્રીજું નેત્ર ઉઘાડીને કામદેવને ભસ્મ કર્યો તે ત્રીજું નેત્ર શું છે તે જાણો છો ? એની કલ્પના કરી શકો છો ? એ નેત્ર એટલે સદ્‌બુદ્ધિનું, સંયમનું, પ્રજ્ઞાનું, અથવા પરમાત્માને માટેના પ્રેમનું નિર્મળ નેત્ર. આત્માનુસંધાન સાધવાથી, અંદરની દુનિયામાં ડૂબકી મારવાથી, પરમાત્માનો પ્રેમ વધારવાથી ને પરમાત્માનો પરિચય કરવાથી એ નેત્ર ઉઘડે છે, અને વધારે ને વધારે નિર્મળ બને છે. એવા નેત્રથી સંપન્ન માનવ શંકર એટલે કે કલ્યાણકારક દેવતા જેવો બને છે. એને કામવાસના વ્યાપી કે વિચલિત નથી કરી

શકતી. આત્મજ્ઞાન અથવા પરમાત્માનો પ્રેમ જ્યાં જાગે છે ત્યાં કામ નથી રહી શકતો. એટલે જ કહ્યું છે કે જ્યાં રામ હોય છે ત્યાં કામની સત્તા નથી રહેતી. એટલે કામવાસનામાંથી મુક્તિ મેળવવા માટે પરમાત્માનું શરણ લઈને જીવનને રામમય, પરમાત્મપરાયણ, કરવાની જરૂર છે. એ ઉપાય જ સર્વોત્તમ છે સૌથી અકસીર ઠરે છે.

* * * * *

# [૭૫] બળની મૂર્તિ મહર્ષિ દયાનંદ

મહર્ષિ દયાનંદ સરસ્વતીનું બુદ્ધિબળ તો ઊંચું હતું જ, પરંતુ શરીરબળ પણ ઉત્તમ હતું. એ વેદોના પારદર્શી પ્રકાંડ પંડિત હતા અને વેદમંત્રોના રહસ્યને સારી પેઠે સમજતા હતા. એ તો ખરું જ, પરંતુ શરીરે પણ એ એવા જ સુદૃઢ ને સ્વસ્થ હતા. नायमात्मा बलहीनेन लभ्यः । આત્માની પ્રાપ્તિ નિર્બળ માણસને નથી થતી એ ઉપનિષદ વચનના અનુસંધાનમાં એ કહેતા કે શરીરબળ અને આત્મબળ બંનેની આવશ્યક્તા છે. બેમાંથી એકની ઉપેક્ષા કર્યે ના ચાલે.

અને એવું કહીને એ બેસી ના રહ્યા, પરંતુ એ કથનની જીવંત મૂર્તિ બન્યા હતા. નિયમિત વ્યાયામ તથા બ્રહ્મચર્યના પાલનથી એમણે ઉત્તમ પ્રકારની શરીરસંપત્તિ એકઠી કરેલી, જે એમને કેટલીયવાર કામ લાગેલી. એ કહેતા કે નિર્બળ શરીર ને નિર્બળ મન બંને આદર્શ જીવન જીવવા માગનારા મનુષ્યને માટે કલંકરૂપ છે, અને ખાસ કરીને યુવાનોએ તો એમાંથી મુક્તિ મેળવવી જ જોઈએ. યુવાનો અને યુવતીઓએ એમના શબ્દોમાંથી ઘણું શીખવા જેવું છે.

એમના શરીરબળની ઉત્તમતાનો એક પ્રસંગ યાદ આવે છે.

એ વખતે એ કાશીમાં નિવાસ કરતા, ને ધર્મોપદેશ પણ કરતા રહેતા.

એ વખતે એમના કેટલાક વિરોધી લોકોએ એમને મારી નાખવાનો વિચાર કર્યો, અને બેત્રણ કુસ્તી કરનારા પહેલવાનોને એમની સાથે કુસ્તી કરવા તૈયાર કર્યા.

દયાનંદ સરસ્વતી ગંગાકિનારે સ્નાનાદિ કરી રહ્યા હતા ત્યાં પેલા પહેલવાનો આવી પહોંચ્યા.

દયાનંદ પાસે એમણે કુસ્તી કરવાની માગણી કરી.

મહર્ષિ દયાનંદ એમના આવવાનું કારણ સમજી ગયા. એમની બૂરી દાનતથી વાકેફ થતાં એમને વાર ના લાગી. છતાં પણ એમણે શાંતિ રાખી.

થોડીવાર પછી પોતાના ભીના વસ્ત્રને નીચોવીને એમણે કહેવા માંડ્યું : 'તમે મને કુસ્તી કરવાનું આમંત્રણ આપો છો પરંતુ પહેલાં મારે તમારી યોગ્યતા તો જોવી જોઈએ ! તમારામાંથી જે કોઈ આ કપડાંને નીચોવીને એમાંથી પાણી કાઢી આપે એની સાથે હું કુસ્તી કરવાની તૈયારી કરું.'

પહેલવાનોને પોતાનો દાવ સફળ થયેલો લાગ્યો. એમને થયું કે કપડાને નીચોવીને પાણી કાઢવું એમાં શું ? એ તો હમણાં જ જોતજોતામાં કરી નાખીશું. અને એ પછી....

એમાંના એક પહેલવાને કપડાને નીચોવવા માંડ્યું પરંતુ એના આશ્ચર્ય વચ્ચે પાણીનું ટીપું પણ ના નીકળ્યું.

બીજા પહેલવાનોએ પ્રયત્ન કરી જોયો, પરંતુ તેમના પ્રયત્નની પણ એ જ દશા થઈ.

પહેલવાનો વીલે મોઢે એક બાજુ ઉભા રહ્યા.

ત્યારે મહર્ષિ દયાનંદે કપડાને લઈને નીચોવ્યું તો તેમાંથી પાણીની ધારા નીકળી પડી.

પહેલવાનો સ્તબ્ધ બની ગયા.

દયાનંદે કહ્યું : 'તમારામાં કપડાને નીચોવવાની જ શક્તિ નથી તો મારી સાથે કુસ્તી કેવી રીતે કરી શકશો ? કુસ્તી તો બરોબરિયાની સાથે જ હોય.'

પહેલવાનો નાહિંમત બનીને, કુસ્તી કરવાનો વિચાર માંડી વાળીને પાછા ફર્યા.

એવું જ અપ્રતિમ એમનું આત્મબળ હતું.

એકવાર રાતે એ પોતાના ખંડમાં સુવાની તૈયારી કરતા હતા ત્યારે વિપક્ષીઓના મોકલેલા બે માણસો તલવાર લઈને એમને મારવા આવી પહોંચ્યા.

એમને જોઈને દયાનંદે સહેજ પણ ડર્યા કે ગભરાયા વિના જોરથી હુંકાર કર્યો. એ સાંભળીને એક માણસ નાસી ગયો, ને બીજો ધ્રુજવા લાગ્યો. એની તલવાર નીચે પડી ગઈ.

દયાનંદે એ તલવાર લઈને કહ્યું : 'હવે તારૂં મસ્તક ઉડાવી દઉં તો તને કોણ બચાવી શકે તેમ છે ? પરંતુ હું સંન્યાસી છું એટલે તારા જેવો નહિ થઉં. જો તને જવા દઉં છું. હવેથી આવું કામ ના કરતો.'

પેલો માણસ વિદાય થયો ને દયાનંદનો ભક્ત બની ગયો. એણે આવા પ્રતાપી પુરૂષને આજ સુધી જોયા ન હતા.

એ મહાપુરૂષના જીવનમાંથી વર્તમાન પ્રજાએ ઘણું ઘણું શીખવા જેવું છે. દેશને બેઠો કરવા ને જીવનને સમૃદ્ધ ને સુખી કરવા એ બંને બળને કેળવવાની જરૂર છે: શરીરબળ અને આત્મબળ અથવા કહો કે ચારિત્ર્યબળ.

* * * * *

# [૭૬] હું તો ઊભેલો જ છું, પણ તું નથી ઉભો રહ્યો !

જે કામ શાસ્ત્રો ના કરી શકે તે કોઈક ધન્ય પળે બોલાયેલા મહાન પુરૂષોના થોડાક, ગણ્યાગાંઠ્યા શબ્દો કરી શકે છે. જીવનમાં એ પ્રકાશ ધરે છે, પ્રેરણા પહોંચાડે છે, અવનવો જીવનોપયોગી સંદેશો પૂરો પાડે છે, ને ક્રાંતિ કરે છે. એ શબ્દોમાં એવી શક્તિ હોય છે. એ શબ્દો નથી હોતા, પણ મંત્રો હોય છે. માટે તો જીવનને તારે છે, ઉદ્ધારે છે, અથવા જીવન બનાવે છે, પલટાવે છે, ને પુનિત કરે છે.

ભગવાન બુદ્ધના જ શબ્દોનો વિચાર કરોને ! એ શબ્દોમાં એટલી બધી અસરકારકતા હતી કે અંગુલિમાલના જીવનને એણે પલટાવી નાખ્યું. જેવી રીતે રત્નાકર લુંટારાના જીવનપ્રવાહને દેવર્ષિ નારદે પલટાવી નાખેલો, ધ્રુવના જીવનપ્રવાહને એની માતા સુનીતિએ પલટાવીને પરમાત્માભિમુખ બનાવેલો, ને તુલસીદાસના પ્રેમપ્રવાહને એની પત્નિ રત્નાવલીએ રામની દિશામાં વાળી દીધેલો : એ પરિવર્તનની પાછળ થોડાક શબ્દોએ જ કામ કર્યું હતું : તેવી રીતે અંગુલિમાલ લુંટારાના જીવનપરિવર્તનની પાછળ બેચાર શબ્દો અને વાક્યોએ જ કામ કર્યું. એ શબ્દો અને વાક્યોએ અંગુલિમાલનો ઉદ્ધાર કર્યો.

આ રહ્યો એમની મુલાકાતનો એ પ્રેરક ઐતિહાસિક પ્રસંગ !

પોતાને ગયાના સુપ્રસિદ્ધ બોધિવૃક્ષ નીચે શાંતિ પ્રાપ્ત થયા પછી બીજાને એ શાંતિનો લાભ આપવા માટે ભગવાન બુદ્ધ ઠેકઠેકાણે વિચરણ કરવા માંડ્યા. લોકોને સત્ય ધર્મનો સંદેશ આપતા અને એમના જીવનપંથને અજવાળતા એ ભારતવર્ષની પુણ્યભૂમિને વધારે પુણ્યવંતી કરવા લાગ્યા.

એ દિવસો દરમ્યાન એકવાર એ એક એકાંત ઘોર જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા.

એ જંગલમાં અંગુલિમાલ રહેતો હતો.

એ લોકોને લૂંટતો, ત્રાસ આપતો, ને મારી પણ નાખતો. એવી રીતે મારી નાખેલા કેટલાય લોકોની આંગળીઓ કાપી લઈને એણે માળા બનાવી હતી. એ માળાને એ કંઠમાં ધારણ કરતો. એટલા માટે લોકો એનું નામ સાંભળતાં જ ત્રાસ પામતા, ડરતા, ને ગભરાતા.

બુદ્ધને એમણે એ ભયંકર જંગલમાંથી જવાની ના પાડી. પરંતુ બુદ્ધ એમ ડરે શેના ! એ તો નિર્ભય હતા એટલે ચાલી નીકળ્યા.

થોડીવાર સુધી તો બુદ્ધ, સહીસલામત રીતે આગળ વધ્યા, પરંતુ પાછળથી અંગુલિમાલે એમને જોઈને, એમને ઓળખીને, બૂમ પાડી : 'અરે બુદ્ધ, ઉભો રહે !'

ભગવાન બુદ્ધ તો જાણે કશું સાંભળ્યું જ ના હોય તેમ શાંતિથી ચાલવા માંડ્યા.

અંગુલિમાલે ફરી કહ્યું : ' બુદ્ધ, ઉભો રહે !'

બુદ્ધ શાંતિપૂર્વક ચાલતા જ રહ્યા, પરંતુ ધીમેથી બોલ્યા : 'હું તો ઉભેલો જ છું. ઉભા રહેવાનું તો તારે છે. તું નથી ઉભો રહ્યો.'

'હું નથી ઉભો રહ્યો ?'

'હા. તું નથી રહ્યો. હું તો ઉભેલો જ છું.'

'તું ખોટું બોલે છે, હું પોતે તને ચાલતો જોઉં છું ને !'

'બુદ્ધ કદી ખોટું નથી બોલતો'

અંગુલિમાલ પર એ શબ્દોની જાદુઈ અસર પડી. એ દોડીને એકદમ આગળ આવ્યો ને કહેવા માંડ્યો : 'તમને હું પોતે ચાલતા જોઉં છું, તો તમે કેવી રીતે ઉભા રહ્યા છો ?'

બુદ્ધે સ્મિત કરીને કહ્યું : 'અંગુલિમાલ, હું જે કહું છું તે સાચું જ કહું છું. મારું શરીર ચાલે છે પરંતુ મારું મન ચંચળતાથી રહિત હોવાથી નથી ચાલતું. એ તદ્દન શાંત છે. અને મારો આત્મા પણ શાંત છે. એમાં સંકલ્પવિકલ્પોના પરપોટા નથી ફૂટતા. ત્યારે તું બહારથી જોતાં ઉભો છે છતાં તારું મન અને અંતર દોડાદોડ કરે છે. એમાં કામના છે, વાસના છે, તૃષ્ણા છે, ને સારાનરસા સંકલ્પ-વિકલ્પ છે. એમાંથી મુક્તિ મેળવીને તારા મૂળભૂત શુદ્ધ બુદ્ધ સ્વરૂપમાં સ્થિતિ કરવાની જરૂર છે. ત્યારે જ તારી ચંચળતા ને ભ્રમણા મટી શકશે તથા તને શાંતિ મળી શકશે. હું મારા મૂળ સ્વરૂપમાં કાયમને માટે સ્થિત છું તેવી રીતે તું પણ સ્થિતિ કરીને તારા જીવનનું સાર્થક્ય કર. પછી તું શાંત ને નિર્ભય બની જશે ને બીજાને પણ નિર્ભયતા ધરશે.'

અંગુલિમાલનો આત્મા સળવળી ને જાગી ઉઠ્યો. બુદ્ધના શબ્દોએ એના જીવનમાં ક્રાંતિ કરી અને એને નવી દિશા ધરી. આંગળીઓની માળાને કંઠમાંથી ફેંકી દઈને એ બુદ્ધને પગે લાગ્યો ને બુદ્ધનો શિષ્ય બન્યો. એનો આખોયે જીવનપ્રવાહ પલટાઈ ગયો, ને પ્રશસ્ય થયો.

* * * * *

# [૭૭] કામ અને ક્રોધ પર શાસન કરનાર જ શાંતિ પામે છે.

શ્રીમદ્ ભાગવતના મહાન શિલ્પી મહર્ષિ વ્યાસે એમાં કેટલાક પ્રસંગો એવી ખૂબીપૂર્વક વણી લીધા છે કે વાત નહિ. એ પ્રસંગોને શાંતિથી વિચારીએ તો ઘણું ઘણું જાણવાનું મળે છે, હૃદય મુગ્ધ થાય છે, એ મહાન લોકહિતૈષી કળાકારની કળા પ્રત્યે આપણને આદર ઉત્પન્ન થાય છે, ને જીવનના ઘડતરની કેટલીય નવી તથા સનાતન સામગ્રી તરફ આપણું લક્ષ ખેંચાય છે.

આપણે ભાગવત વાંચીએ છીએ તથા સમયાનુસાર સાંભળીએ છીએ પણ ખરા, પરંતુ કેટલીક વાર એના મર્મનો વિચાર નથી કરતા, તેથી કેટલીક મહામૂલ્યવાન વસ્તુઓથી વંચિત રહી જઈએ છીએ.

એ મહાન ભક્તિરસભરપૂર ગ્રંથના ત્રીજા સ્કંધમાં દેખાવમાં નાનો પરંતુ ગુણમાં મોટો એક પ્રસંગ છે, તેનો વિચાર કરી જઈએ.

મરીચિ ઋષિના પુત્ર કશ્યપ એક મહાન ઋષિ હતા. દક્ષ પ્રજાપતિની પુત્રી દિતિ તેમની ધર્મપત્ની હતી. એ પોતાના પતિને તપ, વ્રત તથા ધર્માનુષ્ઠાનમાં મદદ કરતી.

એકવાર સૂર્યાસ્ત સમયે ઋષિ યજ્ઞશાળામાં બેઠા હતા ત્યાં આવીને દિતિએ કહ્યું કે હું કામવાસનાથી પીડાઈ રહી છું. તમારી બીજી પત્નીઓ સંતાનવાળી છે તેવી રીતે મને પણ સંતાન પ્રાપ્ત કરવાની ઈચ્છા છે. તો મારી કામવાસનાની તૃપ્તિ કરીને તમે મને શાંતિ આપો.

કશ્યપ ઋષિએ એની માગણી સાંભળીને ઉત્તર આપ્યો કે તારી ઈચ્છાને હું સહાનુભૂતિપૂર્વક સમજી શકું છું. પતિ તરીકે તારા જેવી સેવાપરાયણ તથા સમજુ સ્ત્રીની ઈચ્છા મારે પૂરી કરવી જોઈએ એ વાતનો પણ સ્વીકાર કરું છું. છતાં પણ તું તારા મનને સમજાવીને સંયમમાં રાખ. કારણ કે અત્યારનો સમય શરીરના સુખોપભોગને માટે એકદમ અયોગ્ય છે. અત્યારે વાયુમંડળમાં ભયંકર પ્રાણીઓ ફરી રહ્યાં છે. વિખરાઈ ગયેલા કાંતીવાળા કેશવાળા, નિર્મળ સુવર્ણ સમાન શરીરવાળા, નિંદાસ્તુતિથી પર, અષ્ટ સિદ્ધિ નવ નિધિના સ્વામી શંકર પોતે અત્યારે પિશાચોની સાથે ફર્યા કરે છે. અત્યારે તો ઈન્દ્રિયોને શાંત કરીને મનને ઈશ્વરની આરાધનામાં લગાડવાનો વખત છે. આ વખતને વિષયી બનીને વેડફી નાખવો ના જોઈએ.

પરંતુ કશ્યપ ઋષિના ઉદ્‌ગારોની અસર દિતિના પર ના થઈ. એ અતિશય કામાતુર બની હોવાથી એણે પોતાનો આગ્રહ ચાલુ જ રાખ્યો.

કશ્યપે એને વારંવાર સમજાવી, પરંતુ પરિણામ શૂન્ય જ આવ્યું.

એની આંખમાં અને એના અંતરમાં મોહનાં મદોન્મત્ત પ્રચંડ મોજાં ફરી વળ્યાં હોવાથી એને કશી અસર જ ના થઈ.

પરિણામે ... ઋષિએ એની ઈચ્છા પૂરી કરી.

કચવાતે મને દિતિની ઈચ્છા પૂરી કરીને ઋષિએ સ્નાન કર્યું, અને પરમાત્માનું ધ્યાન ધરીને ગાયત્રી તથા પ્રણવમંત્રના જપ કરવા માંડ્યા.

કામવાસનાનો વેગ શાંત થવાથી દિતિનું મન સ્વસ્થ થયું ત્યારે તેને પોતાની ભૂલને માટે પશ્ચાતાપ થયો.

જપ તથા ધ્યાનની પરિસમાપ્તિ પછી કશ્યપે દિતિને કહ્યું કે તેં બહુ મોટી ભૂલ કરી છે. તેં મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. એને લીધે તને બે અધમ પુત્રોની પ્રાપ્તિ થશે. તે પુત્રો પૃથ્વી પર આતંક ફેલાવશે ત્યારે ભગવાન પોતે અવતાર ધારણ કરીને એમનો નાશ કરશે.

એ ભવિષ્યવાણી સાંભળીને દિતિ ધ્રુજવા માંડી. પોતાની ભૂલનું પરિણામ કેટલું બધું ભારે હતું !

પ્રસંગનો પૂર્વાર્ધ અહીં પૂરો થાય છે પરંતુ એનો સાર ઘણો ઊંડો છે. કશ્યપ ઋષિ કેટલા સંયમી, વિવેકી ને જાગ્રત હતા તેનો ખ્યાલ આ પ્રસંગ પરથી સહેજે આવી રહે છે. દિતિની દુર્બળતાનું ભાન પણ થઈ જાય છે. કામ અને ક્રોધના આવેગો ઘોડાપૂર કરતાં પણ વધારે બળવાન છે. જે એમને શાંત રાખે છે ને એમના પર શાસન કરી શકે છે, તે જ ઋષિપદને પામીને પરમાત્માને ઓળખી શકે છે. કામ ને ક્રોધના તોફાની પ્રવાહમાં વહેવાને બદલે જે એનો સંયમ કરે છે અને એનું તટસ્થ રીતે નિરીક્ષણ કરે છે, તે જ સુખી થઈ શકે છે એવું ગીતાએ પણ કહેલું છે. એ સદુપદેશ યાદ રાખીને એને સાર્થ કરવાની કોશિષ કરવામાં આવે તો જીવન અવનવું અને ઉજ્જવળ બને એમાં સંદેહ નથી. આજની ભોગપ્રધાન પ્રજા આ વાતને વિચારશે ?

* * * * *

# [૭૮] કુબ્જાની જેમ જીવ ખોડરહિત ક્યારે બની શકે ?

શ્રીમદ્ ભાગવતના દસમા સ્કંધમાં શ્રીકૃષ્ણ લીલાની અંતર્ગત કુબ્જાની સુંદર, રસમય, બોધપ્રદાયક કથા છે.

કુબ્જા એના નામ પ્રમાણે કૂબડી, ખૂંધવાળી, સ્ત્રી હતી. કંસને ત્યાં રોજ ઉખટન અથવા ચંદનાદિ શરીરલેપનની સામગ્રી પહોંચાડવાનું એનું કામ હતું.

એ પ્રમાણે એ કંસની પાસે જવા માટે રસ્તા પરથી પસાર થઈ રહી હતી ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામ એને માર્ગમાં મળ્યા. એમને જોઈને એમના અસાધારણ સૌન્દર્યરસનું પાન કરતી એ એમની આગળ ઊભી રહી, તો ભગવાન કૃષ્ણે એને સ્મિત સાથે કહ્યું : સુંદરી, તું ક્યાં જાય છે અને આ સામગ્રી ક્યાં લઈ જાય છે ?

કુબ્જાએ પોતાની કથની કહી બતાવી એટલે શ્રીકૃષ્ણ અને બલરામે એનું લેપન લઈ લીધું.

પોતાના શરીરને ચંદનાદિથી ચર્ચિત કરીને શ્રીકૃષ્ણ કુબ્જાની આગળ ઊભા રહ્યા અને એને ખિન્નવદના જોઈને કહેવા માંડ્યા : તું કોઈ પ્રકારની ચિંતા ના કર. તારું બધી રીતે મંગલ થશે.

એ પછી એમણે કુબ્જાના પગ પર પોતાનો પગ મૂકીને એની હડપચીએ હાથ લગાડીને એની હડપચીને ઊંચી કરી તો ઊંડા આશ્ચર્ય સાથે કુબ્જાનું શરીર સીધું થઈ ગયું. એને જન્મની ખોડ ટળી ગઈ, અને એ અત્યંત સૌન્દર્યવતી બની ગઈ.

વિસ્મિત બનેલી કુબ્જાએ પોતાને આવી આકસ્મિક રીતે અવનવો આકાર આપનારા ભગવાન શ્રીકૃષ્ણના વાસ્તવિક સ્વરૂપનો પરિચય પામીને પોતાની કૃતજ્ઞતાની અભિવ્યક્તિ કરી પ્રાર્થના કરતાં કહેવા માંડ્યું : મારી ઉત્કટ ઈચ્છા છે કે તમે મારા અતિથિ બનો, અને તમે કરેલા આ અદ્‌ભુત અનુગ્રહના બદલામાં તમારી સેવા કરવાનો મને અવસર આપો.

ભગવાને કહ્યું કે હાલ તો કંસના નાશનો જ વિચાર મારા મનમાં રમી રહ્યો છે. એ જ કર્તવ્યથી પ્રેરિત થઈને હું અહીં આવ્યો છું. પરંતુ તારા પ્રેમાગ્રહને માન આપીને કંસને માર્યા પછી હું તારો અતિથિ અવશ્ય બનીશ.

પ્રસન્ન તથા સંતુષ્ટ કુબ્જા એ પછી ચાલી નીકળી.

ભાગવતનો એ પ્રસંગ શું સૂચવે છે ? ઝીણવટથી વિચારતાં એની અંદર ઊંડો સાર દેખાયા વિના રહેશે નહિ.

એક સારાંશ તો એ છે કે જીવ જ્યાં લગી સંસારના વિષયોને લેપન લગાડે છે, એને માટે પોતાની સામગ્રી સમર્પિત કરે છે, ત્યાં સુધી કૂબડો, કંગાળ કે દુઃખી રહેવાનો. એણે સુખી થવું હોય ને બધી રીતે ધન્ય બનવું હોય તો ઈશ્વરવિમુખ થવાને બદલે ઈશ્વરાભિમુખ બનીને, પોતાના જીવનનું સમગ્ર ધન, પોતાની પૂજા, સેવા ને પ્રસન્નતાની સમસ્ત સામગ્રી, ઈશ્વરનાં શ્રીચરણોમાં સમર્પિત કરવી જોઈએ, અને ઈશ્વરની આરાધના કરવી જોઈએ. ત્રિગુણાત્મિકા પ્રકૃતિના પાશથી પરવશ થયેલો જીવ અહંતા, મમતા તથા આસક્તિનો શિકાર

થયો છે. એ જ એની ખૂંધ કે ખોડ છે. એ ખોડ ક્યારે દૂર થાય ? જીવમાત્રના મૂલાધાર, સૌને આકર્ષનારા, ઈશ્વરનું શરણ લેવામાં આવે અને અનુગ્રહના અધિકારી થવાય ત્યારે.

બીજો સારાંશ પણ સમજવા જેવો છે. કુબજાના આમંત્રણનો કામચલાઉ અસ્વીકાર કરીને ભગવાન શ્રીકૃષ્ણ પોતાના કર્તવ્યના અનુષ્ઠાન માટે તત્પર થયા એ શું બતાવે છે ? એજ કે તે વિષયી ન હતા, મોહાંધ ન હતા. લંપટ ન હતા, કામી ન હતા, અને પોતાના જીવનધ્યેય પ્રત્યે હમેશાં જાગ્રત હતા. અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિ એમને ગાફેલ કે પ્રમાદી નહોતી બનાવી શકતી. એ યોગીના પણ યોગી તથા જ્ઞાનીના પણ જ્ઞાની હતા. અનાસક્ત પુરૂષ આ જગતમાં જળમાંના કમલદળ જેમ અલિપ્ત રહે છે અને પોતાની વૃત્તિને આત્મકેન્દ્રિત રાખે છે એવા ગીતાસંદેશના એ સાકાર સ્વરૂપ સરખા હતા. જે શીખવ્યું તેવું જ જીવન એમણે જીવી બતાવ્યું હતું. સામાન્ય મનુષ્યોએ કર્તવ્યનિષ્ઠાથી ભરેલા એમના અનાસક્ત જીવનમાંથી ઘણું શીખવા જેવું છે.

* * * * *

# [૭૯] ઉત્તરાધિકારીની નિયુક્તિ

શીખ ધર્મના મહાન સંસ્થાપક ગુરૂ નાનકદેવે પોતાના ઉત્તરાધિકારીની પસંદગી કેવી રીતે કરી તે વાત ખાસ જાણવા જેવી છે. મનુષ્યોનું માપ કાઢવાની એમની શક્તિનો એથી પરિચય મળે છે.

જીવનના છેલ્લા દિવસોમાં કરતારપુરમાં રહીને એ ઈશ્વરપરાયણ શાંત જીવન વ્યતીત કરી રહ્યા હતા ત્યારે પોતાના મહાપ્રયાણનો સમય નિકટ જાણી કોઈક ઉત્તરાધિકારીની નિયુક્તિનો એમણે નિર્ણય કર્યો. પોતાનો નિર્ણય એમણે બીજાને જણાવ્યો તો બીજાએ એમના બે પુત્રોમાંથી એકને ઉત્તરાધિકારી બનાવવાની સલાહ આપી. પરંતુ એ સલાહ એમને એટલા માટે પસંદ ના પડી કે ગુરૂગાદીને એ વંશપરંપરાગત કરવા માગતા નહોતા. એમને તો સુયોગ્ય સત્પુરૂષના હાથમાં જ ગાદી સોંપવાની ઈચ્છા હતી.

એવા કોઈ સુયોગ્ય સૂત્રધારની શોધ એમણે શરૂ કરી.

થોડા વખતમાં તો એક બનાવ બન્યો. ગુરૂ નાનકદેવની પથારી પર મરેલો ઉંદર પડ્યો.

નાનકદેવે પોતાના પુત્રોને એ ઉંદરને ઉઠાવીને ફેંકી દેવાનો આદેશ આપ્યો તો તેમણે નોકરને બોલાવવા બૂમ પાડી. પરંતુ નાનકનો શિષ્ય લહનો તે વખતે ત્યાં પાસે જ હતો. તેણે નાનકનો આદેશ સાંભળીને તરત જ ઉંદરને ઉપાડીને દૂર ફેંકી દીધો.

એ વાતને થોડોક વખત વીતી ગયો ત્યાં તો એક બીજો પ્રસંગ બની ગયો. નાનકદેવનો પથ્થરનો પ્યાલો એક ખાબોચિયામાં પડી ગયો. પુત્રોએ તેને કાઢી આપવા માટે નોકરને સાદ પાડ્યો. એ પોતાની મેળે કશું જ કરવા તૈયાર ન થયા. પણ પાસે ઉભેલા લહનાએ કપડાં બગડવાની પરવા કર્યા સિવાય ખાબોચિયામાં તરત કૂદી પડીને પ્યાલાને બહાર કાઢ્યો.

એ પછી ત્રીજો બનાવ બન્યો. નાનકદેવે શિકારીનો વેશ લઈને પોતાના સાચા શિષ્યોને પોતાની સાથે આવવા કહ્યું.

બહુ જ થોડા શિષ્યોએ નાનકનો સાથ કર્યો.

બધા આગળ ચાલ્યા તો રસ્તામાં તાંબાના સિક્કા મળ્યા. કેટલાકનું મન એ જોઈને લલચાયું અને એ સિક્કા લઈને એ પાછા વળ્યા.

થોડેક આગળ જતાં ચાંદીના સિક્કા અને પછી સોનાના સિક્કા મળ્યા. થોડાક શિષ્યો એ લઈને પાછા વળ્યા. હવે નાનકદેવ તથા લહનાની સાથે બીજા ત્રણ જણ જ બાકી રહ્યા.

એ બધા આગળ ચાલ્યા ત્યાં ઘોર સ્મશાન આવ્યું. ત્યાં કોઈ મડદું પડેલું. નાનકે કહ્યું : જેને મારી સાથે આવવું હોય તે આમાંથી થોડુંક ભક્ષણ કરે.

બીજા કોઈની હિંમત ના ચાલી, પણ લહનો તૈયાર થયો. ગુરૂનું નામ લઈને એણે મડદાની ચાદર ખસેડી નાખી.

ત્યાં તો સૌના આશ્ચર્યનો પાર ના રહ્યો. મડદાની જગ્યાએ દૈવી ભોજન હતું.

નાનકદેવે તે ભોજન સૌને વહેંચી આપ્યું.

પાસે ઉભેલા સૌએ લહનાની ગુરૂભક્તિ તથા શ્રદ્ધા અને સમર્પણ ભાવનાની પ્રશંસા કરી. સૌએ એની સર્વોત્તમતાને માન્ય રાખી. સૌએ સ્વીકાર્યું કે સાચો શિષ્ય લહના જ છે.

નાનકદેવે કરેલી કસોટી પૂરી થઈ. નાનકદેવ લહનાને ભેટી પડ્યા.

લહનાને એમણે અંગદ નામ આપ્યું, અને એના મસ્તક પર છત્ર મૂકી એને ગુરૂ માનીને પ્રણામ કર્યાં.

નાનકદેવ પછી ગુરૂગાદીને સંભાળનાર બીજા ગુરૂ અંગદદેવ તરીકે એ લહનો જ અમર બન્યો છે.

* * * * *

# [૮૦] સમર્થ સંતપુરૂષ અને સિકંદર

ભારતવર્ષમાં પહેલાંના વખતમાં કેવા પ્રતાપી મહાત્મા પુરૂષો રહેતા હતા ? એમનો ત્યાગ કેવો ભવ્ય હતો અને એમની નિસ્પૃહતા પણ કેવી અનેરી હતી ? એવા વીતરાગ તપસ્વી મહાપુરૂષોને લીધે ભારત સદા ગૌરવાન્વિત ગણાતું અને એના તરફ માનની નજરે જોવાતું. દેશની સંસ્કૃતિના સંરક્ષક સમા એ સંતપુરૂષોના સમાગમમાં અંતર એક પ્રકારના અવર્ણનીય આનંદનો અનુભવ કરતું ને પ્રેરણા તથા શાંતિ મેળવતું. એ પ્રતાપી મહાત્મા પુરૂષોને લીધે ભારતની ભૂમિ સૌભાગ્યશાળી ને કૃતાર્થ હતી.

એ મહાપુરૂષોની પરંપરામાં પ્રકટ થયેલા એક ઉચ્ચ કોટિના મહાત્મા પુરૂષ સિંધુ નદીના તટ પ્રદેશમાં રહેતા હતા. આજુબાજુના પ્રદેશના લોકો એમના તરફ સન્માનની નજરે જોતા ને એમની પ્રશંસા કરતા.

એ વખતે ગ્રીસ દેશનો રાજા સિકંદર ભારત પર ચઢી આવેલો, અને સિંધુ નદીના તટ પ્રદેશ પર એણે પડાવ નાખેલો.

એને કોઈક પ્રતાપી સંત પુરૂષના દર્શનની ઈચ્છા હતી.

સિંધુ નદી પર વાસ કરતા પેલા પ્રતાપી મહાપુરૂષની માહિતી મળવાથી, પોતાના સેવકને એણે એ મહાપુરૂષ પાસે મોકલ્યો.

સેવકે આવીને જોયું તો એ મહાપુરૂષ સિંધુ નદીની વિશાળ રેતી પર નિશ્ચિંતપણે પડ્યા હતા.

'તમને સિકંદર બાદશાહ બોલાવી રહ્યા છે.' સેવકે કહ્યું.

જવાબમાં પેલા મહાપુરૂષે સ્મિત કર્યું ને કહેવા માંડ્યું : 'સિકંદર બાદશાહ ? એ વળી કોણ છે ? હું તો એક જ બાદશાહને ઓળખું છું. બાદશાહોના બાદશાહ ઈશ્વરને. બીજા બધા જ મારે મન ગૌણ છે. સિકંદરને ઈચ્છા હોય તો તે મને મળવા આવી શકે છે. હું કોઈની પાસે નથી જતો.'

સેવકે સિકંદર પાસે આવીને બધી વાત કરી એટલે સિકંદર મહાત્મા પુરૂષને મળવા માટે તૈયાર થયો. એની પાસે બેઠેલા વિદ્વાનોએ એને કહ્યું પણ ખરૂં : 'અમારા દેશમાં તો એવી પરિપાટી છે કે સંત પુરૂષના દર્શનની ઈચ્છાવાળા પોતે જ સંતપુરૂષની પાસે પહોંચી જાય છે. સંતપુરૂષો પ્રત્યેના સદ્‌ભાવ કે પૂજ્યભાવની એ જ નિશાની છે. સંતપુરૂષોને પ્રેમ હોય તો આપણી પાસે જરૂર આવે, પરંતુ સૌથી પહેલાં તો આપણે જ એમની પાસે પહોંચવું જોઈએ.'

સિંધુ નદી પરના સમર્થ સંતપુરૂષની પાસે આવીને સિકંદરે પ્રણામ કર્યા ને કહ્યું : હું તમારી શી સેવા કરું ?

'તું મારી શી સેવા કરવાનો હતો?' મહાપુરૂષે ખડખડાટ હસીને કહ્યું : 'તારે હજી તારી જ સેવા કરવાની છે.

સિકંદર બરાબર સમજ્યો નહિ એટલે બોલ્યો : કેમ ?

તું તારા દેશમાંથી આટલે બધે દૂર શા માટે આવ્યો છે?

પ્રદેશ જીતવા.

એટલે તારા મનમાં લાલસા છે. જે છે તેનાથી તને તૃપ્તિ નથી. તું પોતે ભિક્ષુક છે. તું તારી જ સેવા નથી કરી શક્યો તો મારી સેવા કેવી રીતે કરી શકીશ ? મારી સેવા તો સ્વતઃ જ થયા કરે છે. સિંધુ નદી મને પાણી પૂરું પાડે છે, વૃક્ષો છાયા આપે છે, ભક્તો ભિક્ષા પૂરી પાડે છે. આ રૂપેરી રેતી મારી પથારી બને છે, આકાશ ચંદરવો થાય છે, ને પવન પંખો કરે છે. અંદરની દુનિયાને જીતી ચૂકેલો હું શહેનશાહોનો શહેનશાહ છું. મારે કોઈની સેવાની જરૂર નથી.

સિકંદરે કહેવા માંડયું : પરંતુ તમને એમ નથી લાગતું કે અહીં તમારી જરા પણ કદર નથી ? મારી સાથે મારા દેશમાં આવો તો હું તમારી પુષ્કળ સેવા કરી શકું.

આ દેશના લોકો ખરેખર કદર કરનારા છે તેથી તો તે અમારી પાસે ઓછામાં ઓછા આવે છે અને અમારો વખત નથી બગાડતા. મારે બીજી કોઈયે સેવાની જરૂર નથી. તું જેને તારો દેશ કહે છે તે સાચું જોતાં તારો દેશ નથી. અહીંની એક તસુભર જમીન પણ તારી સાથે નથી આવવાની. મૃત્યુ વખતે તારે ખાલી હાથે વિદાય થવાનું છે. માટે સંસારના વિષયો ને સંસારની વાસનામાંથી મનને પાછું વાળીને આત્મામાં એકાગ્ર કર.

સિકંદર ઘડી બે ઘડી તો વિચારમાં પડયો. પરંતુ પછી એણે સેવાનો બહુ જ આગ્રહ કર્યો ત્યારે સંત પુરૂષે કહ્યું : 'તાજા ઉગેલા સૂર્યનો આ પ્રકાશ બધે ફેલાઈ રહ્યો છે. તું વચ્ચે ઉભો છે એટલે એ પ્રકાશનો સ્પર્શ મને નથી થતો. માટે મહેરબાની કરીને એક તરફ ખસી જા અને સૂર્યનાં કોમળ કિરણોને મારા શરીર પર પડવા દે. એટલી સેવા હાલ તો પૂરતી છે.'

એ વીતરાગ, નિસ્પૃહ, અકામહત, ત્યાગી, મહાપુરૂષના શબ્દો સાંભળીને સિકંદરને એમને માટે માન ઉત્પન્ન થયું. એને થયું કે આ એક સાચેસાચ મહાપુરૂષ છે. એમના સમાગમથી એણે પોતાની જાતને ધન્ય માની. એ મહાપુરૂષને માટેના અપાર આદરભાવથી ભરાઈને એણે આખરે વિદાય લીધી.

ધન્ય ભારત ! સંસારના વિષયોમાંથી મનને પાછું વાળીને આત્મામાં સ્થાપનારા અને એ દ્વારા પરમશાંતિની પ્રાપ્તિ કરનારા આવા આપ્તકામ મહાપુરૂષો તારી ધરતી પર જ પ્રકટી શકે ને વિશેષ પ્રમાણમાં પ્રકટી શકે. તારો ભૂતકાળનો આધ્યાત્મિક ઈતિહાસ આવા અસાધારણ સામર્થ્યવાળા પ્રતાપી મહાપુરૂષોને લીધે આજે પણ અમર છે અને કાયમને માટે અમર રહેશે.

* * * * *

# [૮૧] પ્રહ્લાદના હૃદયની વિશાળતા અને પવિત્રતા

ઈશ્વરના એકનિષ્ઠ અને આદર્શ ભક્તનું મન શરદ ઋતુના આકાશ જેવું નિર્મળ હોય છે. એમાં દુર્ગણ કે દુષ્કર્મનો ડાઘ નથી હોતો. એને ગંગાના પારદર્શક પાણી સાથે સરખાવી શકાય. એ સરસ, સુમધુર અથવા સુધામય બની ગયું હોય છે.

પ્રહ્લાદનું મન એવું જ નિર્મળ હતું એ વાતની પ્રતીતિ શ્રીમદ્ ભાગવત પરથી સહેજે થઈ રહે છે. ઈશ્વરના દર્શન પછી એમણે જે ઉદ્‌ગારો કાઢ્યા છે તે એમના મનની આદર્શ અને ઉચ્ચતમ અવસ્થાનું દર્શન કરાવે છે. ભગવતના સાતમા સ્કંધમાં એનો સ્પષ્ટપણે, પૂરેપૂરો, પરિચય થાય છે.

નૃસિંહ ભગવાને પ્રહ્લાદને ભાતભાતનાં વરદાન આપવાની ઈચ્છા પ્રદર્શિત કરી ત્યારે એ વરદાનોથી લેશ પણ પ્રભાવિત થયા વિના એમણે કહેવા માંડ્યું : 'પ્રભુ, હું તો ભોગાસક્ત જીવ છું. આવાં આવાં વરદાનો આપીને મને વધારે પ્રલોભનમાં ના નાખશો. ભોગોની આસક્તિથી ગભરાઈને તથા ભોગોથી વિમુખ થઈને મોક્ષપ્રાપ્તિની એકમાત્ર ઈચ્છાથી હું તમારી પાસે આવી પહોંચ્યો છું. મને તો એવું લાગે છે કે તમે મારી પરીક્ષા કરવા માટે જ મને સંસારના મૂળ કારણરૂપ સાંસારિક ભોગો તરફ ખેંચી રહ્યા છો. જે ભક્ત તમારી પાસેથી કોઈ કામના પૂરી કરવાની ઈચ્છા રાખે છે તે તો ભક્ત નથી પરંતુ વ્યાપારી છે. હું તો તમારો નિષ્કામ ભક્ત છું, તથા તમે મારા નિઃસ્વાર્થ સ્વામી છો. તમે મને જો વરદાન આપવા માગતા હોય તો હું એ જ માગું છું કે મારા અંતરમાં ઈચ્છાઓના અંકુરનો ઉદય જ ના થાય. કારણ કે કામનાનો અંકુર ઉગતાંવેંત જ ઈન્દ્રિય, મન, પ્રાણ, દેહ, ધર્મ, ધૈર્ય, બુદ્ધિ, લજ્જા, શ્રી, તેજ, સ્મૃતિ તથા સત્યનો નાશ થઈ જાય છે. મનુષ્ય જ્યારે પોતાના મનની કામનાઓને છોડી દે છે ત્યારે જ ભગવદ્ ભાવની પ્રાપ્તિનો અધિકારી થાય છે.'

પ્રહ્લાદનાં વિવેકી વચન સાંભળીને નૃસિંહ ભગવાને કહ્યું : 'તમારા જેવા મારા અનન્ય ભક્તો આલોક તથા પરલોકના કોઈ પણ ભોગની ઈચ્છા નથી રાખતા. તો પણ, મારી ઈચ્છા પ્રમાણે આ મન્વંતરની સમાપ્તિ પર્યંત તમે દૈત્યેશ્વરોના સમસ્ત ભોગોનો ઉપભોગ કરો. સૌ જીવોમાં મને હૃદયમાં ધારણ કરીને મારી કથા સાંભળતાં અને બધાં કર્મો મને અર્પણ કરતાં ભક્તિયોગનો આધાર લઈને મારી આરાધના કરતા રહો. એવી રીતે શરીર છૂટ્યા પછી તમારી પવિત્ર કીર્તિને સૃષ્ટિમાં ફેલાવીને, બધી જાતનાં કર્મબંધનમાંથી મુક્તિ મેળવીને છેવટે મને પ્રાપ્ત થઈ જશો.'

પરંતુ ભક્તની સાચી મહાનતા અને સહિષ્ણુતા તો હવે દેખાય છે. પોતાના પિતા હિરણ્યકશિપુને યાદ કરીને પ્રહ્લાદે કહેવા માંડ્યું : મારા પિતાએ અજ્ઞાનવશ થઈને તમારી નિંદા કરી છે તથા મારી સાથે ખરાબ વર્તન કર્યું છે. તેના દોષમાંથી એમને મુક્તિ આપો.'

ત્યારે ભગવાને ઉત્તર આપ્યો કે 'તમારા પિતા તો તમારા જેવા પવિત્ર પુત્રના પ્રકટવાથી પોતાની એકવીસ પેઢીઓના પિતૃઓ સાથે પવિત્ર થઈ ગયા. મારા શાંતચિત્ત, સમદર્શી સદાચારી ભક્તો કે સત્પુરૂષો જ્યાં નિવાસ કરે છે તે અપવિત્ર પ્રદેશ પણ એમને લીધે પવિત્ર થઈ જાય છે. મારા શરીરના સંસ્પર્શથી જ તમારા પિતા પવિત્ર થઈ ગયા છે. તમારા જેવા સુપુત્રના પિતા હોવાથી તે ઉત્તમ લોકોની પ્રાપ્તિ અવશ્ય

કરી લેશે. હવે તમે પિતાની ઉત્તરક્રિયા કરો, અને રાજસિંહાસન પર બેસી વેદવાદી મુનિઓની આજ્ઞાનું પાલન કરી, મારામાં મન લગાડી બધાં કર્તવ્યો પૂર્ણ કરો.'

આ પ્રસંગ પરથી પ્રહ્લાદના હૃદયની વિશાળતાનો ને પવિત્રતાનો પરિચય થાય છે. ભક્તોએ અને બીજા મનુષ્યોએ આ પ્રસંગમાંથી ઘણું શીખવા જેવું છે. હૃદયની વિશાળતા ને પવિત્રતા ભક્તિનો મૂળભૂત મંત્ર છે, કહો કે પ્રાણ છે.

* * * * *

# [૮૨] મૃત્યુએ માર્ગ કાઢ્યો

મૃત્યુના પ્રખર પાશમાંથી કોઈ છૂટી શકે છે ખરૂં ? સામાન્ય માનવ એમાંથી છૂટવાના ગમે તેટલા પ્રયાસ કરે તો પણ તે નિષ્ફળ જ જવાના. કાળ એક અથવા બીજી રીતે ગમે તેમ કરીને રસ્તો કરવાનો જ. ભૂતકાળમાં એને માટેના પ્રયાસનું પરિણામ ઘણું કરૂણ આવ્યું છે. તેની પ્રતીતિ માટે ભાગવતના સાતમા સ્કંધમાં આલેખવામાં આવેલો હિરણ્યકશિપુનો ઈતિહાસ જાણવા જેવો છે.

હિરણ્યકશિપુએ પોતાને અજર, અમર તથા સર્વોપરી સમ્રાટ બનાવવા ઉદ્દેશથી પ્રેરાઈને, મંદરાચલ પર્વતની કંદરામાં જઈને ભયંકર તપ કરવાનો આરંભ કર્યો. આકાશ તરફ દૃષ્ટિ લગાવી, હાથ ઊંચો કરી, પગના અંગુઠાના આધાર પર ઉભા રહીને અત્યંત ઉત્સાહ તથા લગનપૂર્વક પોતાનું તપ એણે ચાલુ રાખ્યું. વધી ગયેલી જટાને લીધે એ પ્રલયકાળના સૂર્ય જેવો દેદીપ્યમાન દેખાવા માંડ્યો.

એની તપશ્ચર્યાની પ્રખરતાના પરિણામ રૂપે, એના કપાળમાંથી ધૂમ્રયુક્ત તપોમય અગ્નિ ઉત્પન્ન થયો. એ અગ્નિ સમસ્ત સૃષ્ટિમાં ચારે તરફ ફેલાવા લાગ્યો. દિશાઓ એથી કંપવા લાગી, પૃથ્વી હાલવા માંડી, નદી અને સાગરમાં ખળભળાટ પેદા થયો, તથા ગ્રહનક્ષત્રો તૂટવા માંડ્યા. એવા બધા ઉત્પાતથી ચિંતાતુર બનીને દેવતાઓ બ્રહ્માની પાસે પહોંચ્યા અને કહેવા લાગ્યા કે હિરણ્યકશિપુના તપના પ્રભાવથી અમે સંતપ્ત થયા છીએ. એના તપથી સૃષ્ટિનો નાશ થશે. એના સંકલ્પને તમે જાણો છો. તપ તથા યોગબળ દ્વારા એ તમારી પેઠે સત્યલોકમાં નિવાસ કરવા અને અમર બનવા માંગે છે. વળી જગતમાં આતંક ફેલાવવાની પણ એની ઈચ્છા છે. માટે એ વિષયમાં તમને યોગ્ય લાગે તેમ કરો એવી અમારી પ્રાર્થના છે.

દેવતાઓની પ્રાર્થના સાંભળીને બ્રહ્માજી હિરણ્યકશિપુના આશ્રમ પર આવ્યા.

ઉધઈ, વાંસ તથા ઘાસને લીધે ઢંકાઈ ગયેલા હિરણ્યકશિપુને લાંબે વખતે શોધી કાઢીને બ્રહ્માએ કહ્યું : તારૂં તપ સફળ થયું. તારૂં કલ્યાણ હો. હું તને પ્રસન્ન થઈને વરદાન આપવા માટે આવી પહોંચ્યો છું, તો વરદાન માગી લે. સો દિવ્ય વરસો સુધી પાણીનો પણ ત્યાગ કરીને કરાયેલું આવું પ્રખર તપ ભૂતકાળમાં કોઈએ નથી કર્યું ને ભવિષ્યમાં કોઈ કરશે નહિ. મારા જેવા અમર દેવતાનું દર્શન કદાપિ વ્યર્થ નથી જતું.

એમ કહીને બ્રહ્માજીએ એના શરીર પર પોતાના કમંડલનું પવિત્ર પાણી છાંટ્યું કે તરત જ એનું આખું સ્વરૂપ બદલાઈ ગયું. હિરણ્યકશિપુ તન, મન ને ઈન્દ્રિયોની અસાધારણ શક્તિથી સંપન્ન વજ્ર જેવો દૃઢ તથા સંતપ્ત સુવર્ણ જેવો સુંદર નવયુવક બની ગયો. બ્રહ્માજીના દર્શનથી પરમ પ્રસન્ન બનીને પૃથ્વી પર મસ્તક મૂકીને એણે પ્રણામ કર્યા, અને સ્તુતિ કરવા માંડી.

સ્તુતિને સંપૂર્ણ કર્યા પછી એણે કહેવા માંડ્યું કે હે પ્રભુ, તમે મને ઈચ્છાનુસાર વરદાન આપવા ઈચ્છતા હો તો એ જ વરદાન આપો કે તમારા પેદા કરેલા કોઈ પણ પ્રાણી દ્વારા હું ના મરૂં. અંદર કે બહાર, દિવસે કે રાતે, તમે પેદા કરેલા પ્રાણી વિનાના બીજા કોઈ જીવથી, અસ્ત્રશસ્ત્રથી, પૃથ્વી પર કે આકાશમાં, માનવથી કે પશુથી, અને જીવંત કે મૃત કોઈયે જીવથી મારૂં મૃત્યુ ના થાય. દેવ, દાનવ કે નાગ કોઈયે મને ના મારી શકે. કોઈ મારી સામે યુદ્ધમાં ટકી જ ના શકે. હું સૌનો એકમાત્ર અધીશ્વર બનું. લોકપાલોમાં જેવો

મહિમા તમારો છે તેવો મહિમા મારો થાય, તથા તપ અને યોગાદિના પ્રભાવથી યોગીઓને જેવું અવિનાશી ઐશ્વર્ય મળે છે એવા અવિનાશી ઐશ્વર્યની પ્રાપ્તિ મને પણ થઈ જાય.

હિરણ્યકશિપુ પર બ્રહ્માજી અત્યંત પ્રસન્ન હોવાથી, એમણે એને એ બધાં જ વર આપી દીધાં.

હિરણ્યકશિપુ એ વરદાન મેળવીને પોતાના ભાઈના વધનું સ્મરણ કરીને ભગવાનનો દ્વેષ કરવા લાગ્યો. એણે અવનીમાં અધર્મ, અત્યાચાર અને આતંકનું વાતાવરણ ફેલાવી દીધું. પોતાના પુત્ર પ્રહલાદને હેરાન કરવામાં પણ બાકી ના રાખ્યું. પરંતુ મૃત્યુએ માર્ગ કાઢ્યો. ભગવાને નૃસિંહ રૂપ લઈને એનો નાશ કર્યો. એ વાત યાદ રાખીને માનવ નમ્રાતિનમ્ર બની, ઈશ્વરનું શરણ લઈ; સત્કર્મપરાયણ બને તો ? જીવન કેટલું સરસ અને સફળ બને ?

* * * * *

**સમાપ્ત**

* * * * *

## શ્રી યોગેશ્વરજી - એક પરિચય



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

# શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) ▪ ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*